કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

# श्री सिद्धहेम शब्दानुशासनम्

(લઘુવૃત્તિવિવરણ)

ભાગ-૧

(અધ્યાય-૧ : પાદ-૧ થી ૩)

સંજ્ઞાપ્રકરણ, સંધિપ્રકરણ

સંપાદિકા

પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન

તત્ત્વજ્ઞાન પાઠશાળા–અમદાવાદ



॥ શાસનપતિ શ્રીમહાવીરાય નમઃ ॥ ॥ શ્રીગૌતમસ્વામીને નમઃ ॥

॥ ૐ હ્રીં અર્હં શ્રીસીમંધરસ્વામિને નમઃ ॥

॥ કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રીનીતિસૂરયે ॥

શ્રીનીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

---

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

## ભાગ-૧

(અધ્યાય-૧ : પાદ-૧ થી ૩)

**સંજ્ઞાપ્રકરણ અને સંધિપ્રકરણ**

---

: દિવ્યકૃપાધારા :

ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.

**શ્રીમદ્‌વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.**

: આશીર્વાદધારા :

જીરાવલાતીર્થપ્રતિષ્ઠાચાર્ય – રાયણવૃક્ષક્ષીરાભિષિક્ત

ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીવિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**

પ્રેરક : **પ.પૂ.પં. શ્રીહેમનિલયવિજયજી મ.સા.**

સંપાદિકા : **પૂ.સા. શ્રીપરમયશાશ્રીજી**

: પ્રકાશક :

**આ. શ્રી વિજયનીતિસૂરિ**

**જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા**

અમદાવાદ

# પ્રાપ્તિસ્થાન

## સુરત

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત. મો. ૯૩૭૪૫૧૪૮૬૦
- **રાજુભાઈ બી. શેઠ**
  કલ્પવૃક્ષ જ્વેલર્સ
  ૧૭૬, કુબેરનગર-૧, કતારગામ દરવાજા, સુરત.
  ફોન : ૦૨૬૧-૨૫૩૪૮૬૩૧૬૪, મો. ૯૪૨૬૮૫૪૭૧૪

## અમદાવાદ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ.
  મો. ૯૩૭૪૦૫૧૦૮૦, પેઢી : ૦૭૯-૨૨૧૪૦૪૯૪
- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-૧૯, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, અમદાવાદ-૭.
  મો. ૯૩૨૭૦૧૩૮૧૪
- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-૧૦૪, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ.
  મો. ૯૩૭૪૦૫૧૦૮૦, (રહે) ૩૦૪૨૩૩૧૩

## પાટણ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  મો. વિક્રમભાઈ - ૯૪૨૭૦૬૦૬૦૩

## મુંબઈ

- **સંજયભાઈ શાહ**
  એસ.આર. ક્રીએશન્સ, ૨૨૭/જી, ઝવેરબાગ, પહેલે માળ,
  ઓફિસ નં. ૧૬, નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ,
  મુંબઈ-૪૦૦૦૦૨. મો. ૯૮૨૦૨૨૯૪૧૯





ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.



ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.





પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.



પ.પૂ.સા.
શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.



પ.પૂ.સા.
શ્રી નિરુપમાશ્રીજી મ.સા.



# સાદર સમર્પણ

જેના શાસનના કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ
થઈ તેવા કલિકાલસર્વજ્ઞ
**શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત**

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્
સમજી શક્યા તેવા ગચ્છાધિપતિ
**શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

જેમના વાત્સલ્યના સિંચનથી પલ્લવિત થઈ
અધ્યયનની શરૂઆત કરાવનાર સા.
**પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.**

જેમના સ્વાધ્યાયના અમૃત ઘૂંટડા
તૃપ્તિને કરાવનાર
**પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.ના ચરણોમાં**

**સાદર સમર્પણ**

**त्वदीयं तुभ्यं समर्पयामि**

## ગ્રંથલાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
**વિજય નીતિસૂરીશ્વરજી મ.સા.** દ્વારા
ગિરનાર તીર્થોદ્ધાર શતાબ્દિ વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્
**વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**ના
સદ્દુપદેશથી

**શ્રી આદિનાથ તપા. શ્વે. જૈન સંઘ**
**આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન**
**કતારગામ, સુરત**

તથા

**પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.,**
**પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.**ના
સદ્દુપદેશથી

**શ્રી લાવણ્યસો. જૈનસંઘ - શ્રાવિકા ઉપાશ્રય**
**અમદાવાદ**

જ્ઞાનદ્રવ્યમાંથી

## ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
## શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મ.સા.નું

# જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરુષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મ.સા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - પોથી, પંડિત અને પ્રતિમા.

**પોથી :** પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોના જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીના પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

**પંડિત :** દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનના બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિ. મ.સા.ના વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પં. ભગવાનદાસ હરખચંદ, પં. બેચરદાસ એવા મુર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

**પ્રતિમા :** આ મહાપુરુષે નવનિર્માણ કરતા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

- **જન્મ** : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
- **દીક્ષા** : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
- **વડીદીક્ષા** : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
- **ગણિપદ** : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
- **પંન્યાસપદ** : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
- **આચાર્યપદ** : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
- **કાળધર્મ** : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

– સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
– બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
– અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
– ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્ભૂત સેવા કરી.
– જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
– સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવીપ્રદાન કરી.
– વચનસિદ્ધપુરુષના વચનથી સિદ્ધિ મળતી.
– ૯ સ્થાનકવાસી સંપ્રદાયના ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

# સદ્ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું' નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્ગુરુના ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરુષો થયા છે. જેમણે 'ભવ્યજનહિતાય' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે સા. **શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.**ના શિષ્યા સા. **શ્રી આર્યયશા મ.સા.** એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તે છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો, જેમાં નિયમો, સાધનિકાઓ ને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, છપાઈ છે. તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાના વિદ્યાર્થિઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

**- હેમપ્રભસૂરિના ધર્મલાભ**

नमः श्री सिद्धहेमशब्दानुशासनाय

# प्रास्तविकम्

॥ नमस्तेभ्यः कलिकालसर्वज्ञश्रीहेमचन्द्रसूरिभ्यः,
यैर्महापुरुषैः सर्वविषयकःशास्त्रोद्घाटनकुञ्चिका सुनिर्मिता...॥

व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानम्, तत्त्वज्ञानात् परं श्रेयः ॥

વ્યાકરણથી સંસ્કૃતભાષાના પદોની સિદ્ધિ થાય છે, પદની સત્ય સિદ્ધિ થવાથી અર્થનો-પદાર્થનો નિર્ણય થાય છે. પદાર્થના યથાર્થ નિર્ણયથી-બોધથી તત્ત્વનું વિજ્ઞાન થાય છે અને તત્ત્વના વિજ્ઞાનથી પરમકલ્યાણ થાય છે.

एवं सति इदं व्याकरणं श्रेयोमूलकम्, तदाज्ञानिन एवं ब्रुवते व्याकरणं व्याधिमूलम् । अहङ्कथयामि इदं व्याकरणं व्याधिमूलं न, किन्तु सर्वव्याधिविनाशकम्, इत्यवधार्य सुजिज्ञासुभिरिदं व्याकरणमवश्यमध्येतव्यमादरणीयञ्च ।

આ વિશ્વમાં અનેક વિષયોવાળા ગ્રન્થો પ્રવર્ત્તમાન છે, જેમકે શિલ્પના વિષયનો બોધ કરાવનાર શિલ્પશાસ્ત્રો, કર્મના અતિગહન તથાપિ જીવનમાં સમાધિપ્રદાયક વિષય ઉપર પ્રકાશ પાડનારા કર્મસાહિત્યના ગ્રન્થો, વાસ્તુના વિષયને સમજાવનારા વાસ્તુગ્રન્થો, ન્યાય અને નીતિના પથદર્શક ન્યાય-નીતિના ગ્રન્થો, ધર્મક્રિયા-અનુષ્ઠાનોની વિધિનું સુંદર જ્ઞાન કરાવનાર વિધિદર્શક ગ્રન્થો, વિશ્વના વાસ્તવિક સ્વરૂપને બતાવનારા લોકપ્રકાશ, બૃહત્સંગ્રહણી-ક્ષેત્રસમાસ જેવા ભૂગોળ તથા ખગોળના ભાવો દર્શાવતા ગ્રન્થો... ઈત્યાદિ અનેક વિષયોનું વાસ્તવિક જ્ઞાન કરાવનાર સેંકડો-હજારો ગ્રન્થો વિશ્વની લાયબ્રેરીઓ તથા જ્ઞાનભંડારોમાં સુરક્ષિત છે. તે સર્વે ગ્રન્થો બનાવનાર મહાપુરુષોના હૃદયસુધી પહોંચવા તથા મહાપુરુષોએ રચેલા ગ્રન્થોના હાર્દને પામવા સંસ્કૃતભાષાનું તલસ્પર્શી તથા ઉંડાણથી વ્યાપ્ત એવું જ્ઞાન મેળવવું અતિ-આવશ્યક છે.

કોઈપણ ભાષાનું મૂલ તે તે ભાષાનું વ્યાકરણ (ગ્રામર) છે. તે તે ભાષાના વ્યાકરણના જ્ઞાતૃજનને તે તે ભાષામાં અવગાહના કરવામાં સુગમતા રહે છે. અતઃ જે વિદ્વાનને જે ભાષાના ગ્રન્થો ભણવા-ભણાવવા હોય, અથવા વાંચવા-વંચાવવા હોય તે તે વિદ્વાનને તે તે ભાષાના વ્યાકરણનું જ્ઞાન મેળવવું અનિવાર્ય ગણાય છે. આ ન્યાયમાર્ગ છે.

આપણો પ્રસ્તુત વિષય છે શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન-વ્યાકરણ.

કલિકાલસર્વજ્ઞરચિત વ્યાકરણના મૂલમાં છે શ્રી સિદ્ધરાજ મહારાજા... શ્રી સિદ્ધરાજ મહારાજાએ જાણ્યું કે ગુર્જર દેશ પાણિનીય, કાતન્ત્ર, ચાન્દ્ર કે શાકટાયન વિ. અન્યકૃત (પરાયા) વ્યાકરણ ઉપર જીવી રહેલ છે ત્યારે મહારાજાએ સ્વતંત્ર સંસ્કૃત વ્યાકરણ બનાવવા કલિકાલસર્વજ્ઞશ્રીને વિજ્ઞપ્તિ કરી, ભાવિમાં અનેક લાભો થશે તેમ વિચારી કલિકાલસર્વજ્ઞશ્રીએ મહારાજાની વિનંતિનો સ્વીકાર કરી સં. ૧૧૯૩ માં મૂળ સંસ્કૃત સૂત્રો ૩૫૬૬ + પ્રાકૃતભાષાના સૂત્ર ૧૧૧૯ ની રચના કરવા સ્વરૂપ અષ્ટાધ્યાયી શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન નામના વ્યાકરણની રચના કરી. પુનઃ આ વ્યાકરણ ઉપર ૬૦૦૦ શ્લોક પ્રમાણ લઘુવૃત્તિ, ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ તત્ત્વપ્રકાશિકા નામની બૃહદ્વૃત્તિ અને ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ બૃહન્ન્યાસની પણ રચના કરી. ૧ વર્ષ જેટલા અલ્પસમયમાં વ્યાકરણ વિષયક લક્ષાધિક શ્લોકોનું નિર્માણ કરી વિશ્વના પ્રાંગણમાં તરતા મૂક્યા.

આ મહાવ્યાકરણના અધ્યયનનો એ પ્રભાવ છે કે - આ વ્યાકરણનો સાંગોપાંગ-સમતાપૂર્વક-ધીરજતા કેળવી અભ્યાસ જે વિદ્વાન કરે છે. અને અભ્યાસ કર્યા પછી એ અભ્યાસ જીવંત રાખે છે તે અભ્યાસકને-વિદ્વાનને સંસ્કૃતભાષાબદ્ધ કોઈપણ વિષયના ગ્રન્થને વાંચવા-વંચાવવામાં મુંઝવણ થતી નથી. તે વિદ્વાન તે તે ગ્રન્થના રહસ્ય સુધી સરળતાથી તથા સહજતાથી નિર્વિઘ્ને પહોંચી શકે છે.

પાટણ મુકામે પ.પૂ.આ.ભ.શ્રીનીતિસૂરિજી સમુદાયના વર્ત્તમાન ગચ્છાધિપતિ શમરસનિમગ્ન પ.પૂ.શ્રીહેમપ્રભસૂરિ મ.સા.ના

આજ્ઞાનુવર્તિની વિદુષી સા.મ. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના શિષ્યા શ્રી અમીરત્નાશ્રીજી મ.સા., સા. શ્રી આર્યયશાશ્રીજી, સા. શ્રી સૌરભયશાશ્રીજી આદિ મ.સાહેબે વિ.સં. ૨૦૫૫ માં આ વ્યાકરણનો અભ્યાસ કરેલ. તે વખતે જે નોટબુકો બનાવેલ તેનું લખાણ સુંદર હતું. તલસ્પર્શી હતું. તેથી ભવિષ્યમાં અધ્યેતૃવર્ગને ઉપકારક થાય તેવું લાગવાથી તેને પુસ્તકારૂઢ કરવાનો વિચાર આવ્યો. તે વિચાર સદ્‌ગુરુઓના ચરણે મૂક્યો. સદ્‌ગુરુ દ્વારા શુભાશિષ અનુજ્ઞા મળી અને પ્રેસમેટર તૈયાર થયું અને પ્રિન્ટીંગકાર્ય પણ ચાલુ થઈ ગયું.

આ પુસ્તક ગ્રન્થનો પ્રથમ ભાગ છે. આ પ્રથમ ભાગમાં પ્રથમ અધ્યાયના ૩ પાદનું લખાણ છે. પ્રથમ પાદમાં સંજ્ઞાપ્રકરણ છે, બીજા પાદમાં સ્વરસંધિ, ત્રીજા પાદમાં વ્યંજન સંધિ છે.

પ્રાન્તે અનુવાદયુક્ત વ્યાકરણના આ પુસ્તકનો અભ્યાસુ વર્ગ ઉપયોગ કરી પોતાની અજ્ઞાનતાને દૂર કરી શાસ્ત્રોના કે પૂર્વના મહાપુરુષોએ રચેલા ગ્રન્થના હાર્દને પામી પ્રભુનિરૂપિત ભાવોને આત્મસાત્ કરી સ્વ-પરના કલ્યાણના સાધક બને એ જ મંગલ કામના...

**- ચંદ્રકાંતભાઈ સંઘવી**

# પ્રકાશકીય નિવેદન

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ.આ. શ્રી વિ. હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્ત્તિની સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા. આર્યયશાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા. શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતસ્સંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપા.શ્વે.જૈન સંઘ આ. શ્રી વિજય નીતિસૂરી આરાધના ભવન કતારગામ-સુરત તેમજ શ્રી લાવણ્યસો. જૈન સંઘ અમદાવાદ જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

**લિ.**

વિ.સં. ૨૦૭૮
કા.સુ. ૧૦

**આ. શ્રી વિજયનીતિસૂરિ**
**જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા**
**અમદાવાદ**

# સંપાદકીય નિવેદન

શબ્દના જ્ઞાન વિના શાસ્ત્રનું જ્ઞાન અસંભવપ્રાયઃ છે અને શબ્દનું સંપૂર્ણ જ્ઞાન વ્યાકરણ વિના અસંભવ છે. પણ વ્યાકરણનું અધ્યયન સરલ બાબત નથી. ખંત, ધૈર્ય, પરિશ્રમ અને ક્ષયોપશમની સાથે યોગ્ય અધ્યાપક વિના વ્યાકરણનું તલસ્પર્શી જ્ઞાન સંભવ નથી.

મારા દાદી ગુરુજી પૂ. આર્યયશાશ્રીજી મ.નું સદ્ભાગ્ય કે એમને પંડિતવર્ય શ્રી ચન્દ્રકાન્તભાઈ સંઘવી જેવા અધ્યાપકનો સુયોગ સાંપડ્યો. એમના શબ્દોમાં કહું તો પંડિતજીની પ્રેમાળ નિશ્રામાં વ્યાકરણ કંટાળાજનક વિષય બનવાની જગ્યાએ રસપ્રદ યાત્રા જેવું રમણીય બન્યું.

અભ્યાસના સમયે વ્યાકરણની નોટ્સ બનાવી. જે અમારા ગચ્છાધિપતિ પ.પૂ. હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ.પૂ. પંન્યાસજી હેમનિલયવિજયજી મ.સા.ના નજરમાં આવી. અભ્યાસ માટે ઉપયોગી જણાતાં એમણે એ નોટ્સને પ્રકાશિત કરાવવાની પ્રેરણા કરી.

પણ નોટ્સ બનાવવી જુદું કાર્ય છે અને પુસ્તક છાપવા માટેની સજ્જતા જુદી વાત છે. પુસ્તક રીતે મુદ્રિત કરવા માટે એમાં બહું બધા પરિમાર્જન અનિવાર્ય લાગ્યા. પણ હવે વ્યાકરણ ભણીને વર્ષો થઈ ગયા હતા, પરિમાર્જન કરે કોણ ?

મારા ગુરુજી પૂ. સૌરભયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી પરિમાર્જન કરવાનું કાર્ય મારા દ્વારા શરૂ થયું. સુરત મુકામે પંડિતવર્ય ચિરાગભાઈ પાસે અભ્યાસ શરૂ થયો. ધીમે-ધીમે રસ વધતાં બંને

પંડિતવર્યોની પ્રેરણાથી મધ્યમવૃત્તિ વિ. ટીકામાંથી જરૂરી લાગતાં પદાર્થોને સંગૃહીત કરવાના ભગીરથ કાર્યનો પ્રારંભ થયો. પંડિતવર્યોની સહાયતા અને ભિન્ન-ભિન્ન મહાત્માઓના શુભકામનાભર્યા સહકારથી આ કાર્ય ત્રણ વર્ષે સમાપ્તિના આરે ઉભું છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. એનું કારણ એ નથી કે કોઈપણ ટીકામાં ખામી અથવા ન્યૂનતા છે. પણ આ સૂત્ર એટલું ગહન છે કે એને હાથમાં લેનાર દરેકને નવા-નવા અર્થો સ્ફૂર્યા જ કરે છે.

આવું જ શ્રી સિદ્ધહેમનું છે. આના પૂર્વપ્રકાશિત વિવરણોમાં ખામી નથી પણ મારો આ ગ્રંથ પ્રત્યેનો પ્રેમ અને ગુરુકૃપાથી સ્ફુરાયમાન થતા કતિપય પદાર્થોની વ્યાખ્યા માટે આ વિવેચનનો પ્રારંભ કરેલ છે. વિશ્વાસ છે કે અભ્યાસુઓના ભાણામાં આ વિવેચન એક નવું વ્યંજન પુરવાર થશે. પ્રશમરતિ યાદ આવે :

**तद्भक्तिबलार्पितया, मयाप्यविमलाल्पया स्वमतिशक्त्या ।**
**प्रशमेष्टतयानुसृता, विरागमार्गैकपदिकेयम् ॥**

## ❁ પ્રસ્તુત વિવેચનની વિશેષતાઓ ❁

(૧) દરેક સૂત્રો સરળતાથી સમજી શકાય તે માટે સૂત્રોને પ્રાયઃ સાત વિભાગમાં વિભાજિત કરેલ છે.

(a) સૂત્ર
(b) સૂત્રોમાં જે-જે અનુવૃત્તિ આવે છે તેને તે સૂત્રોનાં પદો સાથે અન્વય કરીને બનાવેલ અન્વય-અનુવૃત્તિ સૂત્ર.
(c) લઘુવૃત્તિ પ્રમાણે શબ્દશઃ અર્થ.
(d) સૂત્રગત પદોનાં સમાસો.
(e) લઘુવૃત્તિમાં દર્શાવેલ પ્રત્યેક ઉદાહરણની અર્થસહિત સમજૂતી.
(f) પ્રત્યેક પ્રતિઉદાહરણની અર્થસહિત સમજૂતી.
(g) મધ્યમવૃત્તિ વિ. ટીકાના મહત્વપૂર્ણ પદાર્થોની સમજણ રૂપે વિશેષતા અને તદન્તર્ગત પ્રશ્નોત્તરી.

(૨) ગ્રન્થની શરૂઆતમાં સૂત્રને સમજવા માટે અર્થસહિત કેટલીક પરિભાષાઓ આપેલ છે.

(૩) પ્રાયઃ દરેક સંજ્ઞાની વ્યુત્પત્તિ અને તેમના પ્રદેશો તે-તે સૂત્રમાં દર્શાવેલ છે.

(૪) વિવેચનગત ન્યાયોના અર્થ પરિશિષ્ટ-૧માં સંક્ષેપથી આપેલ છે. તે ન્યાયો શ્રીવિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિરથી પ્રકાશિત બૃહન્ન્યાસ અધ્યાય-૨ની પાછળ સંગૃહીત કરાયેલ ન્યાય સંગ્રહના આધારે જાણવા.

(૫) આ વિવેચનમાં વ્યાકરણગત સંધિસૂત્રોના પ્રાયઃ તમામ સંધિસ્થાનો તે-તે સૂત્રમાં સ્વ ક્ષયોપશમ અનુસારે જણાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૬) વિવેચન બાદ પરિશિષ્ટ સ્વરૂપ સંગ્રહ સૌરભ નામની પુસ્તિકા પ્રાયઃ પ્રકાશિત થશે જેમાં પાણિની વિ. વ્યાકરણકારોએ આપેલી સંજ્ઞા, સ્વરસંધિ વિ. પ્રકરણ આધારિત કોષ્ટકો, ન્યાયસંગ્રહના વિશેષ અર્થ, અકારાદિ ક્રમે ધાતુપાઠ તથા ગણપાઠ તેમજ ગણ અન્તર્ગત શબ્દોના યથાક્ષયોપશમ અર્થ વિ. અત્યંત ઉપયોગી પદાર્થોનો સમાવેશ કરવામાં આવશે.

(૭) પઠન-પાઠન દ્વારા વ્યાકરણના પદાર્થોની દૃઢતા થાય એ હેતુથી પ્રત્યેક પાદની પાછળ અભ્યાસ રૂપે પ્રશ્નપત્ર મૂકેલ છે. તો દરેક વિદ્યાર્થીએ તે solve કરવા પ્રયત્ન કરવો એવી અમારી ખાસ ભલામણ છે.

(૮) અનેક પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરવા માટે ઉપયોગી અન્ય વ્યાકરણકારો વિ. ના મતોને પણ બૃહન્ન્યાસમાંથી ચૂંટીને મૂકવામાં આવ્યા છે.

## ❁ અભ્યાસુ માટે નોંધપાત્ર વિગત ❁

(૧) સૂત્રો, ઉદાહરણો, અન્ય લઘુવૃત્તિના પદાર્થો પ.પૂ. જંબૂવિજયજી મહારાજા દ્વારા સંપાદિત લઘુવૃત્તિના આધારે ગ્રહણ કરેલ છે.

(૨) સમજવામાં સરળતા રહે તે હેતુથી સમાસના વિગ્રહમાં અમુક સ્થાને સંધિ કરેલ નથી.

(૩) સાધનિકા, સમાસ, વિગ્રહ વિ. પદાર્થો માટે ઢુંઢિકાનો આશરો લીધેલ છે.

## ❁ ધન્યવાદ ❁

વારંવાર સુધારા-વધારા કરવા છતાં અત્યંત સહકાર આપી સુંદર રીતે મુદ્રણ કરી આપનાર ભરત ગ્રાફિક્સ (ભરતભાઈ તથા જિનેશભાઈ)ને ખૂબ-ખૂબ ધન્યવાદ.

વૈયાવચ્ચ આદિ દ્વારા સહયોગ આપનાર મારા વડિલજનો, ગુરુ મ.સા., સહવર્ત્તીઓ તથા પંડિતજી વિષ્ણુભાઈ, વિનોદભાઈ, બળવંતભાઈ આદિ શ્રાવક-શ્રાવિકાઓ, શ્રી મણિનગર જૈન સંઘના ઉપકારને પણ શેં ભૂલાય ?

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા) તેમજ સુરતના જ્ઞાનભંડારોના અમે ઋણી છીએ.

તે સાથે આ ગ્રન્થનું લખાણ કરતાં ખૂબ ધ્યાન રાખ્યું છે, છતાં પણ છદ્મસ્થતાનાં કારણે કોઈ પદાર્થની ભૂલ કે મુદ્રણમાં ભૂલી રહી ગયેલ હોય તો વિદ્વવજ્જનોને સુધારીને અમારું ધ્યાન દોરવા ખાસ વિનંતી છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો
"મિચ્છામિ દુક્કડમ્"

**દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ**
**સા. પરમયશાશ્રી**

# ઋણ સ્વીકાર

(૧) આ વિવેચન દરમ્યાન જેમનાં સતત આશીર્વાદ પ્રાપ્ત થયા છે એવા નિકટભવ મોક્ષગામી પરમોપકારી ગચ્છાધિપતિ **શ્રીમદ્ વિજયહેમપ્રભસૂરીશ્વરજી મહારાજા.**

(૨) સતત પ્રેરણા આદિ દ્વારા ઉલ્લાસ-ઉત્સાહનો સંચાર કરનારા –
પ.પૂ.આ.ભ. **શ્રી અનંતપ્રભસૂરીશ્વરજી મ.સા.,**
પ.પૂ.આ.ભ. **શ્રી મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.,**
પ.પૂ.આ.ભ. **શ્રી પ્રશમેશપ્રભસૂરીશ્વરજી મ.સા.,**
પ.પૂ.આ.ભ. **શ્રી લલિતપ્રભસૂરીશ્વરજી મ.સા.,**
પ.પૂ.આ.ભ. **શ્રી અર્હંપ્રભસૂરીશ્વરજી મ.સા.,**
પ.પૂ.પં. **શ્રી હેમનિલયવિજયજી મ.સા.,**
પ.પૂ. મુનિરાજ **શ્રી સોડહંપ્રભવિજયજી મ.સા.**
(સંસારીપક્ષે ભાઈ મ.સા.)

(૩) જેમનાં અતૂટ વાત્સલ્યને માણતાં-માણતાં આ સુદીર્ઘ જ્ઞાનયાત્રા સહેલાઈથી પૂર્ણતાને પામી એવા
માતૃહૃદયા-ગુરુમૈયા પ.પૂ.સા. **શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.,**
સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.સા. **શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.,**
પ.પૂ.સા. **શ્રી નંદીયશાશ્રીજી મ.સા.,**
પ.પૂ.સા. **શ્રી આર્યયશાશ્રીજી મ.સા.,**
પ.પૂ.સા. **શ્રી સૌરભયશાશ્રીજી મ.સા.**

(૪) જેમનાં દિવ્ય આશિષ દ્વારા આ જ્ઞાનસાધનાનો પ્રવાહ અસ્ખલિતપણે વહ્યો એવા
સમર્પણસાધિકા પ.પૂ.સા. **શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.,**
જ્ઞાનપિપાસુ પ.પૂ.સા. **શ્રી અમીરત્નાશ્રીજી મ.સા.**

(૫) જેમનાં સતત માર્ગદર્શનના કારણે આ વિવેચનકાર્ય લક્ષ્યસ્થાને પ્રાપ્ત કરી શક્યું એવા
સરળસ્વભાવી વિદ્વદ્વર્ય પ.પૂ. મુનિ. **શ્રી ત્રૈલોક્યમંડનવિજયજી મ.સા.,**
વરિષ્ઠ પંડિતવર્ય **શ્રી ચન્દ્રકાન્તભાઈ સંઘવી,**
પંડિતવર્ય **શ્રી ચિરાગભાઈ શાહ.**

(૬) પ્રસ્તુત વિવેચને સાદ્યન્ત વાંચીને તપાસીને મહત્ત્વના સુધારા-વધારા દ્વારા જેમનું અમૂલ્ય યોગદાન પ્રાપ્ત થયેલ છે એવા
પ.પૂ. મુનિરાજ **શ્રી વિમલચન્દ્રસાગરજી મ.સા.,**
પ.પૂ. મુનિરાજ **શ્રી અનંતચન્દ્રસાગરજી મ.સા.**
(પૂ. સાગરાનંદસૂરિ સમુદાય),
**પ.પૂ.સા. શ્રી જ્ઞાનરૂચિશ્રીજી મ.સા.,**
પંડિતવર્ય **શ્રી ચિરાગભાઈ શાહ,**
પંડિતવર્ય **શ્રી અક્ષયભાઈ શાહ** (પાલ)

(૭) સંધિપ્રકરણ, નામપ્રકરણ, સમાસ પ્રકરણ વિ. જેવા કેટલાક વિભાગોને વાંચીને યથાયોગ્ય શુદ્ધિ કરવા દ્વારા જેમનો વિશેષ સહકાર પ્રાપ્ત થયેલ છે એવા
પ.પૂ. મુનિ. **શ્રી નિર્ગ્રન્થચન્દ્રવિજયજી મ.સા.** (ડહેલાવાળા),
પ.પૂ. મુનિ. **શ્રી અર્હચન્દ્રસાગરજી મ.સા.**
(પૂ. સાગરાનંદસૂરી સમુદાયના)

પંડિતવર્ય **શ્રી અક્ષયભાઈ શાહ** (કૈલાશનગર)

# ❁ સંદર્ભ ગ્રન્થ સૂચિ ❁

| | ગ્રન્થ | ટીકાકાર/સંપાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| (૧) | શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન | | |
| | ૧. લઘુવૃત્તિ | પ.પૂ.મુ. જંબુવિજયજી મ.સા. | શ્રી જૈન આત્માનંદ સભા |
| | ૨. મધ્યમવૃત્તિ | પ.પૂ.પં. રત્નજ્યોતિવિ. મ.સા./<br>પ.પૂ. રાજશેખરસૂરિજી મ.સા. | શ્રી રંજનવિજયજી પુસ્તકાલય/<br>શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ |
| | ૩. બૃહદ્વૃત્તિ | પ.પૂ.મુ. વજ્રસેનવિ. મ.સા. | ભેરુલાલ કનૈયાલાલ રિલીજીયસ ટ્રસ્ટ |
| | ૪. બૃહન્ન્યાસ | પ.પૂ.આ. લાવણ્યસૂરિજી મ.સા. | શ્રી વિજય લાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર |
| | ૫. ઢુંઢિકા | પ.પૂ.આ. વિમલકીર્ત્તિસૂરિજી મ.સા. | કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ્ શતાબ્દી<br>સ્મૃતિ સંસ્કાર શિક્ષણનિધિ |
| | ૬. આનંદબોધિની | શ્રી ચન્દ્રસાગરગણિ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ |
| | ૭. ગુણરત્નાવૃત્તિ | પ.પૂ.આ. દર્શનરત્નસૂરિજી મ.સા. | શ્રી પુખરાજ કિસ્તુરચંદ - પિંડવાડા |
| | ૮. સ્યાદિ શબ્દસમુચ્ચય | પ.પૂ. શ્રી અમરચંદ્રસૂરિ મ.સા. | શ્રી હીરસૂરીશ્વર જગદ્‌ગુરુ સંઘ જૈન ટ્રસ્ટ |
| | ૯. લઘુવૃત્તિ વિવરણ | પંડિત બેચરદાસ જીવરાજ દોશી | યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ |
| | ૧૦. લઘુવૃત્તિ વિવરણ | પૂ.સા. મયૂરકલાશ્રીજી મ.સા. | શ્રી લાભ કંચન-લાવણ્ય આરાધના ભવન |
| | ૧૧. લઘુવૃત્તિ વિવરણ | પ.પૂ. ચંદ્રગુપ્તસૂરિજી મ.સા. | શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન |

| | | | |
|---|---|---|---|
| | ૧૨. બૃહન્ન્યાસ વિવરણ | પ.પૂ.મુ. સંયમપ્રભવિ. મ.સા. | સ્યાદ્વાદ પ્રકાશન |
| (૨) | ન્યાસ સંગ્રહ વિવરણ | પ.પૂ.મુ. રત્નવલ્લભવિ. મ.સા. | આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર |
| (૩) | હૈમપ્રકાશ મહાવ્યાકરણ | પ.પૂ.આ. ક્ષમાભપ્રસૂરિજી મ.સા. | શ્રી શ્રુતજ્ઞાન-અમીધારા જ્ઞાનમંદિર |
| (૪) | હેમ બૃહત્પ્રક્રિયા | પં. ગિરજાશંકર માયાશંકર શાસ્ત્રી | પં. ગિરજાશંકર માયાશંકર શાસ્ત્રી |
| (૫) | દ્વયાશ્રય મહાકાવ્યમ્ | પ.પૂ.આ. મુક્તિ-મુનિચંદ્રસૂરિજી મ.સા. | શ્રી શાંતિ-જિન-આરાધક મંડળ |
| (૬) | ક્રિયારત્ન સમુચ્ચય | પ્રેરક : પ.પૂ.આ. રામસૂરિજી મ.સા. | આ. શ્રી સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન શાળા |
| (૭) | ધાતુ રત્નાકર | પ.પૂ.આ. લાવણ્યસૂરીશ્વરજી મ.સા. | રાજકીય સંસ્કૃત સંસ્થા - ન્યુ દિલ્હી |
| (૮) | ધાતુ પારાયણ | પ.પૂ. મુનિચન્દ્રવિજયજી મ.સા. | શાહીબાગ ગિરધરનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ |
| (૯) | અભિધાન વ્યુત્પત્તિ ક્રિયાકોષ | પ.પૂ.મુ. પૂર્ણચન્દ્રવિજયજી મ.સા. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| (૧૦) | શબ્દરત્નમહોદધિ | પ.પૂ.પં. મુક્તિવિ. મ.સા. | શ્રી વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય |
| (૧૧) | સંસ્કૃત ધાતુકોષ | શ્રી સલોત અમૃતલાલ અમરચંદ | ભદ્રંકર પ્રકાશન |
| (૧૨) | કૃદંત-કાલ-તદ્ધિતાનિ | શ્રી યોગતિલકસૂરિજી મ.સા. | સંયમ સુવાસ |
| (૧૩) | હેમકૃદંત શ્રેણિ | પ.પૂ.સા. અમીરત્નાશ્રીજી મ.સા. | શ્રી વિજય નીતિસૂરિ જૈન પુસ્તકાલય |
| (૧૪) | કારક પ્રકરણ | પં. વસંત ભટ્ટ | શ્રી ગૂજરાત વિદ્યાપીઠ |
| (૧૫) | ગણરત્ન મહોદધિ | પ.પૂ.પં. પુણ્યકીર્તિવિ. મ.સા. | સન્માર્ગ પ્રકાશન |
| (૧૬) | લઘુ સિદ્ધાંતકૌમુદી (ભૈમી વ્યાખ્યા) | ભીમસેન શાસ્ત્રી | ભૈમી પ્રકાશન |

# વ્યાકરણ ભણવાના લાભ, ન ભણવાના ગેરલાભ

- પ.પૂ.આ. શીલચંદ્રસૂરિજી મ.સા.

વહી રહેલાં વર્ષો એ પરંપરાલોપનાં વર્ષો છે. સમાજ અને જીવનના તમામ સ્તરે પરંપરાનો ત્યાગ, ખરેખર તો હ્રાસ થઈ રહ્યો છે, એવું કોઈપણ પરંપરાનો ચાહક કે જાણકાર અવશ્ય કહી શકે. ધર્મના, જૈન સંઘના ક્ષેત્ર માટે પણ આ વિધાન કરી શકાય તેમ છે, અને અધ્યયન-અધ્યાપનની પરિપાટી પરત્વે પણ આ વાત અનુભવી શકાય તેમ છે.

શાસ્ત્રો, આગમો એ આપણો પ્રાણ છે. આપણું, આપણા ધર્મનું તેમજ ધર્મસંઘનું અસ્તિત્વ જ આ શાસ્ત્રગ્રંથોને આભારી છે. આ ગ્રંથો મુખ્યત્વે પ્રાકૃત અને પછી સંસ્કૃત ભાષામાં છે. એ ભાષાઓને સમજવા માટે અથવા એ ભાષામાં આલિખિત શાસ્ત્રોને સમજવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્યપણે આવશ્યક હોવાનું પરંપરાથી સ્વીકારાયું છે. વ્યુત્પત્તિ શીખવા માટે, કયું પદ કઈ રીતે બન્યું તે જાણવા માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી ગણાયું છે. વૃદ્ધોએ કહેલું સુભાષિત સમજાવે છે કે "વ્યાકરણથી પદની સિદ્ધિ-પદજ્ઞાન પ્રાપ્ત થાય છે. પદના જ્ઞાન થકી અર્થનો નિર્ણય થઈ શકે, સાચો અર્થનિર્ણય તત્ત્વજ્ઞાન તરફ આપણને દોરી જાય છે અને તત્ત્વજ્ઞાન પરમ કલ્યાણનું કારણ બને છે."

આવાં તો અનેક સુવચનો છે જે વ્યાકરણનો મહિમા તો ગાય છે જ, વ્યાકરણના જ્ઞાનની આવશ્યકતા પણ સમજાવે છે. આ બન્ને બાબતોને લક્ષ્યમાં રાખીને જ, આપણા પૂર્વ મહાજ્ઞાનીઓએ એક-બે નહિ, પણ ૧૮-૧૮ વ્યાકરણો રચ્યાં હતાં. અરે, ખુદ ભગવાન મહાવીરપ્રભુએ પ્રકાશેલા નિયમોને વર્ણવતું જૈનેન્દ્ર-વ્યાકરણ પણ આપણને ત્યાં હોવાનું આપણને જાણવા મળે છે.

વર્તમાનમાં આપણે ત્યાં બે વ્યાકરણોનો વિશેષ પ્રચાર છે, પાણિનિ તથા સિદ્ધહેમશબ્દાનુશાસન. તેમાં પણ આપણા જૈન વર્ગમાં સિદ્ધહેમ વ્યાકણનો વધુ પ્રચાર છે. કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્યે અઢારે વ્યાકરણોમાંથી સાર તત્ત્વ સારવીને રચેલ આ વ્યાકણ-સરળ છે, પ્રસાદમધુર છે, અને સર્વાંગીણ વ્યુત્પત્તિ-બોધ કરાવવામાં સક્ષમ છે. પરિભાષાઓ અને શાસ્ત્રાર્થોની જટિલતાથી મુક્ત આ વ્યાકરણનું અધ્યયન-અધ્યાપન આપણે ત્યાં ૮૫૦

વર્ષોથી નિરંતર અને વ્યાપક રૂપે ચાલતું રહ્યું છે. તેને વધુને વધુ સુગમ બનાવવા માટે સૈકે સૈકે વિવિધ વ્યાકરણવિદ્ મુનિવરો તથા વિદ્વાનો દ્વારા અનેકવિધ પ્રયત્નો પણ થયા છે. અવચૂરિ-ઢુંઢિકા, ચન્દ્રપ્રભા, હેમપ્રકાશ, હેમલઘુપ્રક્રિયા, ધર્મદીપિકા, હેમપ્રભા, સિદ્ધપ્રભા, હેમબૃહત્પ્રક્રિયા જેવા અનેક વ્યાકરણ-ગ્રંથો તથા હેમવિભ્રમ-ક્રિયારત્નસમુચ્ચય, ન્યાયસંગ્રહ, શબ્દમહાર્ણવન્યાસાનુસન્ધાન, હૈમધાતુમાલા, ધાતુરત્નાકર, ઉણાદિગણવિવૃતિ, દ્વયાશ્રયકાવ્ય, ધાતુપારાયણ જેવા વિવિધ સાધન ગ્રંથોની રચના તે આ પ્રયત્નોના ભાગરૂપ જ ગણાય.

પાછળના સમયમાં આ વ્યાકરણનાં ભાષાંતરો પણ ખંડશઃ કે સંપૂર્ણતઃ થયા છે. તો તેના આધારે ગુજરાતી બુક-હૈમસંસ્કૃત પ્રવેશિકા વગેરેની પણ રચના થઈ છે. આપણે ત્યાં સાધુ-સાધ્વી વર્ગમાં સેંકડો વર્ષોથી સિદ્ધહેમ વ્યાકરણ ભણવાની પરંપરા ચાલી આવે છે. ભણી શકે તેવી ક્ષમતા ધરાવતા કોઈપણ દીક્ષિત/દીક્ષાર્થીને વ્યાકરણ ભણાવવામાં આવે જ. વ્યાકરણનો પાયો પાકો નંખાય પછી જ અન્યાન્ય શાસ્ત્રોના અભ્યાસમાં તેને પ્રવેશ મળે, એ આપણી શિષ્ટ પ્રથા રહી છે.

છેલ્લાં કેટલાક દાયકાથી સીધો વ્યાકરણ-પ્રવેશ કરાવવાને બદલે પ્રથમ સંસ્કૃત પ્રવેશ કરાવવામાં આવતો થયો. તે માટે ઉપયુક્ત સાધન તરીકે ડૉ. ભાંડારકરની બે બુક-માર્ગોપદેશિકા તથા પ્રવેશિકા વ્યાપકરૂપે ચલણી બની. તે ભણ્યા પછી, ભણનારની ક્ષમતા, ક્ષયોપશમ તથા રૂચિ અનુસાર તેને વ્યાકરણમાં પ્રવેશ કરાવવામાં આવતો, સંસ્કૃતના સુદઢ અને સ્પષ્ટ બોધ માટે ભાંડારકરની બે બુક બહુ ઉપયોગી સાધન બની હતી.

પરંતુ થોડા વર્ષો અગાઉ એક નવો પ્રવાહ એવો શરૂ થયો કે આ તો અજૈન અને મિથ્યાત્વીની બનાવેલી ચોપડી છે. આ આપણે શા માટે ભણવી જોઈએ ? આપણું પોતાનું વ્યાકરણ છે, તેને આધારે જૈન બુકો બનાવી શકાય નહીં ? પરિણામે જૈન ચોપડીઓની રચના થઈ અને તેનું અધ્યયન વ્યાપક બનતા ભાંડરકરની બુકો વીસરાઈ ગઈ. ફલતઃ વિદ્યાર્થીને પાત્ર થવા જોઈતા બોધમાં પણ નોંધપાત્ર ફરક પડી જ ગયો ! અસંખ્ય નિયમોની ભરમારમાં વિદ્યાર્થી અટવાય; યાદ ન રાખી શકવાને કારણે આવડે નહિ તેથી કંટાળે, અને છેવટે કાં તો વ્યાકરણની દિશા ત્યજી દે, કાં ઉપેક્ષાપૂર્વક જ ભણે-આ

સ્થિતિ આજે વ્યાપક બની ગઈ છે. બુક ભણનારને વ્યાકરણ માટેની ઝંખના-જિજ્ઞાસા જાગવી જોઈએ. તેને બદલે અરૂચિ પેદા થતી રહે છે.

મહેસાણા પાઠશાળામાં સિદ્ધહેમ ભણવાની પરંપરા હજી જળવાઈ છે. શિષ્યવૃત્તિ આપીને પણ ત્યાં તેનું અધ્યાપન થાય છે. કેટલાક, ગણ્યાગાંઠ્યા જ કહીએ, અધ્યાપકો, જેઓ મહદંશે મહેસાણા પાઠશાળામાં તૈયાર થયેલા છે, તેઓ પણ યથામતિ સિદ્ધહેમનું અધ્યયન કરાવે છે. આવા અધ્યાપકો દ્વારા ચાલતી પાઠશાળામાં ખાનગી રાહે કેટલાક સાધુ-સાધ્વીઓ અને વિદ્યાર્થીઓ વ્યાકરણ ભણતા જોવા મળે છે. તેમાના ઘણાંક તો હૈમપ્રવેશિકા ભણીને અટકી જાય છે. તો કેટલાક આગળ પણ વધે છે. પરંતુ સંયમી વર્ગમાં ગુરુઓ દ્વારા જે વ્યાકરણનો અભ્યાસ કરાવાતો હતો તે લગભગ જૂજ-અપવાદોને બાદ કરતાં, નામશેષ થઈ ચૂક્યો છે. પંડિત કે અધ્યાપકનો જોગ મળે તો બુક કે વ્યાકરણ ભણવાના; અન્યથા તેવા જોગો મળવાની પ્રતીક્ષા કરતાં રહેવાનું. આથી, સંયમી વર્ગમાં વ્યાકરણનો સઘન કે સામાન્ય અભ્યાસ વિરલ બની ગયો છે.

ઘણા સાધ્વીજી તો પૂછે છે, અમારે વ્યાકરણ ભણીને શું કરવાનું ? અમારે કાંઈ વ્યાખ્યાનાદિ પ્રયોજન તો હોય નહિ, તો વૃથા સમય બગાડવાથી શો ફાયદો ?

જવાબ શો આપવો આવા પ્રશ્નનો ? મોટી મૂંઝવણ છે. ખરેખર તો વ્યાખ્યાનાદિ પ્રયોજન હોય તેવા લોકો પણ ક્યાં હવે વ્યાકરણ ભણે છે ? તેમના માટે પણ ગ્રંથોના ભાષાંતરોનો વિપુલ જત્થો ઉપલબ્ધ છે. તદુપરાંત આજના આપણે ત્યાં ચાલી રહેલા ભાષાંતરયુગમાં તેમજ વ્યાખ્યાનોપયોગી આલેખનોના ઢગલાબંધ 'રેડીમેડ' પ્રવચન-પુસ્તકોનાં યુગમાં વ્યાખ્યાનાદિ ખાતર પણ પ્રાકૃત-સંસ્કૃત વાંચવાની તથા વ્યાકરણ ભણવાની એમને શી ગરજ કે જરૂર હોય ?

ન ભણવાના નુકસાન પણ રોકડાં છે, જે ગ્રંથનું ભાષાંતર ન હોય તે વાંચી શકાય નહિ. ભાષાંતર પણ જેવું હોય તેવું-તેટલાં જ શબ્દો અને વાક્યોમાં સ્વીકારવાનું રહે, પોતાની રીતે ખરું કે ખોટું, તેનો નિર્ણય કરી ન શકાય, સુધારા કે ફેરફાર કરી ન શકાય. ખોટું હોય તોય ખબર ન પડે, અને તો કદીક જાણકારોની સામે ખોટા-ભોઠાં પડવાનું થાય. વળી, કાળના બદલાયે જતા પ્રવાહમાં અને ભાષાપરિવર્તનની સ્થિતિમાં ભાષાંતરો અપ્રસ્તુત અથવા કઠિન પણ થઈ જવાના. જેમ કે ૧૫મા-૧૬મા સૈકામાં થયેલ ભાષાંતરો, ટબા અને બાલાવબોધ આજે કોને વાંચવા ફાવે ? કોણ ઉકેલે તેમ છે ? તે જ રીતે છેલ્લાં

પચાસેક વર્ષોમાં થયેલ ભાષાંતરો આગામી દાયકાઓમાં ઉકેલવા-સમજવાનું અઘરું થવાનું જ. એવા સંજોગોમાં તે તે સમયે પ્રવર્તમાન દેશ-કાળને અનુરૂપ નૂતન ભાષાંતરો જરૂરી થવાનાં જ. તે કામ કોણ કરશે ? કેમ કે મૂળ ગ્રંથો સાથેનો અનુબંધ તો ક્યારનોય છૂટી ગયો હોવાનો ! વધુમાં, મૂળ ગ્રંથોના વાંચનમાં ગુરુગમની જરૂર પડે; તે રીતે વાંચવામાં આવે તો બે પંક્તિઓની વચ્ચેના અર્થો, રહસ્યો, સંદર્ભો પણ ગુરુગમ દ્વારા જાણવા મળી શકે. તેવો લાભ ભાષાંતર થકી તો નહિ જ થાય.

ભાષાંતરોનું વધતું ચલણ અને વ્યાકરણ ભણવાનું ઘટતું જતું મહત્ત્વ - આ બે ને લીધે એક આખી પરંપરા હવે લુપ્ત થવામાં છે. અત્યારે ભણાવનારા અધ્યાપકો છે, તે પણ આવતા સમયમાં નહિ જ હોય. નવા અધ્યાપકો નીપજવાની શક્યતા ઘટતી જાય છે અને જે નીપજે છે તે પણ નબળા જ, સક્ષમ કે સમર્થ નહિ જ હોય અને સંયમી વર્ગમાં તો ઉપર નિર્દેશ્યું તેમ, ગુરુપરંપરાપ્રાપ્ત અધ્યયન-પ્રથા લગભગ નામશેષ થવામાં છે. એ સ્થિતિમાં આપણે, ગઈ સદીના સ્થાનકમાર્ગી અને તેરાપંથી સમાજની માફક જ થોકડાયુગમાં અથવા ભાષાંતરયુગમાં પાછા પહોંચી જઈશું, અને આપણી મૂળભૂત ઘણી ઘણી બાબતોથી લગભગ વંચિત થઈ પડીશું.

વાસ્તવિકતાનું આ ચિત્રણ કોઈને અતિઉક્તિ જેવું લાગે, કોઈને નિરાશાવાદ લાગે તો એ બનવાજોગ છે. પરંતુ આવું ઉડાઉ અવલોકન કરી દઈને વસ્તુસ્થિતિની ઉપેક્ષા પણ ન જ કરી શકાય. બલ્કે, ખરેખર તો આપણે આજે જ ચેતી જવું પડે. અધ્યયનના, વિશેષતઃ વ્યાકરણના અધ્યયનના ફાયદા સંઘ અને સંયમી વર્ગની નવી પેઢીને ગળે ઊતારવા પડે. તે લોકોને પ્રેરણા આપીને એ ભણવા તરફ વાળવા-દોરવા પડે અને પરંપરા-અધ્યયનની પરંપરાથી અભિન્ન એવી પેઢીને જે થોડાક પણ સુજ્ઞજનો ઉપલબ્ધ છે તેમનો લાભ લઈને એ પરંપરા પાછી વિકસિત થાય, ચિરકાળજીવી બને તેવા પ્રયાસો આદરવા જ જોઈએ.

(મ.વૃ.માંથી સાભાર)

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પત્રક્રમ |
|---|---|---|
| ૧. | પરિભાષા સૂત્ર | ૧ |
| ૨. | સંજ્ઞા પ્રકરણ | ૪ |
| ૩. | અભ્યાસ-૧ | ૬૯ |
| ૪. | સ્વરસંધિ પ્રકરણ | ૭૧ |
| ૫. | અભ્યાસ-૨ | ૧૨૨ |
| ૬. | વ્યંજનસંધિ પ્રકરણ | ૧૨૪ |
| ૭. | અભ્યાસ-૩ | ૨૦૬ |
| ૮. | અભ્યાસ-૪ | ૨૦૯ |
| ૯. | પરિશિષ્ટ-૧ (ન્યાયનાં અર્થ) | ૨૧૨ |

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥

॥ શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ ॥

# आचार्यभगवत्कलिकालसर्वज्ञश्रीहेमचन्द्रसूरिप्रणीतं
## स्वोपज्ञलघुवृत्तिविभूषितं
# श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनम् ।

## કેટલાંક પરિભાષા સૂત્રો

સૂત્રગત વિભક્તિઓનો અર્થ કરવા માટે પૂ. ગ્રન્થકારશ્રીએ સાતમા અધ્યાયના ચોથા પાદ (૭.૪)માં કેટલીક પરિભાષાઓ દર્શાવી છે. મૂળ સૂત્રોના પદચ્છેદ આદિ દ્વારા અર્થો જાણવા માટે આ પરિભાષા અનિવાર્યપણે ઉપયોગી છે. માટે વિદ્યાર્થીઓએ તેનો અભ્યાસ પૂર્વે જ કરી લેવો.

(૧) **पञ्चम्या निर्दिष्टे परस्य** ૭.૪.૧૦૪ : સૂત્રમાં પંચમી વિભક્ત્યન્ત પદ વડે જે કાર્ય જણાવ્યું હોય તે કાર્ય પદથી **પર**(પછી) વ્યવધાન વિના થાય છે.

**ઉદા.** : एदोतः पदान्तेऽस्य लुक् ૧.૨.૨૭ માં પંચમ્યન્ત 'एदोतः' પદ દ્વારા ए-ओ થી **અનન્તર પર** રહેલા अ નો લોપ.

(૨) **सप्तम्या पूर्वस्य** ૭.૪.૧૦૫ : સૂત્રમાં સપ્તમી વિભક્ત્યન્ત પદ વડે જે કાર્ય જણાવ્યું હોય તે કાર્ય તે પદથી પૂર્વ (પહેલાં) વ્યવધાન વિના થાય છે.

**ઉદા.** : नाम सिदय्० ૧.૧.૨૧માં સપ્તમ્યન્ત 'व्यञ्जने' પદથી य् સિવાયના વ્યંજનાદિ પ્રત્યયની **પૂર્વે** રહેલાં નામને પદસંજ્ઞા.

(૩) **षष्ठ्याऽन्त्यस्य** ૭.૪.૧૦૬ : સૂત્રમાં ષષ્ઠી વિભક્તિ વડે જે પદ દર્શાવેલું હોય તે પદનાં અન્ત્યવર્ણનું ગ્રહણ કરવું. **ઉદા.** ऋणे प्रदशार्ण० ૧.૨.૭માં ષષ્ઠ્યન્ત 'वत्सरस्य' પદથી ऋ ની સાથે

મળીને प्र વિ.ના **અન્ત્યવર્ણનો** आर्

(૪) **अनेकवर्णः सर्वस्य ७.४.१०७ :** સૂત્રમાં કાર્ય જો અનેકવર્ણાત્મક હોય તો ષષ્ઠ્યન્ત પદથી જણાવેલ કાર્ય અન્ત્ય એક વર્ણનું ન કરતાં સમસ્ત શબ્દનું કરવું. **ઉદા.** : त्रेस्त्रयः ૧.૪.૩૪માં **સંપૂર્ણ त्रि** નો અનેકવર્ણી त्रय આદેશ.

(૫) **प्रत्ययस्य ७.४.१०८ :** સૂત્રમાં ષષ્ઠી વિભક્તિ દ્વારા બતાવેલ પ્રત્યયનો આદેશ અન્ત્યવર્ણનો ન કરતાં સમસ્ત પ્રત્યયનો કરવો. **ઉદા.** भिस ऐस् ૧.૪.૨માં **સંપૂર્ણ भिस्** પ્રત્યયનો ऐस् આદેશ.

(૬) **विशेषणमन्तः ७.४.११३ :** સૂત્રમાં દર્શાવેલ અભિન્ન વિશેષણ તે વિશેષ્ય દ્વારા સમુદાયના અન્ત તરીકે ગ્રહણ કરવું.
**ઉદા.** : नं क्ये ૧.૧.૨૨માં સૂત્રના વિશેષણ સ્વરૂપ 'नं' પદથી **नकारान्त** નામને પદસંજ્ઞા.

(૭) **सप्तम्या आदिः ७.४.११४ :** સૂત્રમાં દર્શાવેલ અભિન્ન વિશેષણ એવું સપ્તમ્યન્ત પદ વિશેષ્ય રૂપ સમુદાયના આદિ તરીકે ગ્રહણ કરવું.
**ઉદા.** : नाम सिदय्०૧.૧.૨૧માં સપ્તમ્યન્ત 'व्यञ्जने' પદથી य સિવાયના વ્યઞ્જના**દિ** પ્રત્યયોનું ગ્રહણ.

(૮) **परः ७.४.११८ :** સૂત્રમાં દર્શાવેલ પ્રત્યયો પ્રકૃતિથી પર જ થાય છે. **ઉદા.** नाम्नः प्रथमैक० ૨.૨.૩૧માં પ્રથમા એ.વ. વિ. પ્રત્યયોનું **નામથી પર** વિધાન.

• • •

## ★ સંકેતસૂચિ ★

| | | | |
|---|---|---|---|
| અ.અ.સૂ. | : અન્વય અનુવૃત્તિ સૂત્ર | સ. | : સપ્તમી વિભક્તિ |
| સ. | : સમાસ | સં. | : સંબોધન |
| ઉદા. | : ઉદાહરણ | એ.વ. | : એકવચન |
| પ્ર.ઉદા. | : પ્રતિઉદાહરણ | દ્વિ.વ. | : દ્વિવચન |
| વિ. | : વિશેષતા | બ.વ. | : બહુવચન |
| જિ. | : જિજ્ઞાસા | પરસ્મૈ. | : પરસ્મૈપદ |
| સમા. | : સમાધાન | આત્મને. | : આત્મનેપદ |
| શ્લો. | : શ્લોક | ન્યા. | : ન્યાય |
| પ્ર. | : પ્રથમા વિભક્તિ | સં.સૌ. | : સંગ્રહ સૌરભ (પરિશિષ્ટ પુસ્તિકા) |
| દ્વિ. | : દ્વિતીયા વિભક્તિ | | |
| તૃ. | : તૃતીયા વિભક્તિ | મ.વૃ. | : મધ્યમવૃત્તિ |
| ચ. | : ચતુર્થી વિભક્તિ | બૃ.વૃ. | : બૃહદ્વૃત્તિ |
| પં. | : પઞ્ચમી વિભક્તિ | બૃ.ન્યા. | : બૃહન્ન્યાસ |
| ષ. | : ષષ્ઠી વિભક્તિ | લ.ન્યા. | : લઘુન્યાસ |

अर्हँ

# प्रथमेऽध्याये प्रथमः पादः

## संज्ञा प्रकरणम् ।

**प्रणम्य परमात्मानं, श्रेयः शब्दानुशासनम् ।**
**आचार्यहेमचन्द्रेण, स्मृत्वा किञ्चित् प्रकाश्यते ॥१॥**

**અર્થ :** પરમાત્માને પ્રણામ કરીને, પૂર્વકથનોનું સ્મરણ કરીને આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજી વડે કલ્યાણકારી એવું શબ્દાનુશાસન કંઈક પ્રકાશાય છે.

★ **મંગલાચરણ:- [ माम् गालयति भवात् इति मङ्गलम् ।]**
**प्रणम्य परमात्मानम्**

(१) **प्रणम्य** →प्रणमनं पूर्वमिति । (णमं प्रह्वत्वे-३८८)
पाठे धात्वादे०२.३.९७थी णम् धातुनो **नम्**
प्राक्काले ५.४.४७ वि. थी क्त्वा वि. →प्र+नम्+**त्वा**
अनञः क्त्वो०३.२.१५४थी यप्→प्र+नम्+**य**
र-षृवर्णान्नो०२.३.६३थी न् नो ण्→**प्रणम्य** ।

(२) **परमात्मानम्** → परमश्चासौ आत्मा च इति परमात्मा तमिति।
**(a)** परमः →पृणाति/पूरयति तांस्तां भावानिति ।
તે-તે ભાવોને જે પૂર્ણ કરે છે તે.
(पृश् पालन-पूरणयोः-१५३२)
ઉણાદિ ૩૪૭થી अम→पृ+**अम**
नामिनो०४.३.१थी ગુણ→**पर्**+अम
પ્રથમા सि→परम+**स्**
तदन्तं०१.१.२०थी परमस् ने **પદસંજ્ઞા.**

सोरुः २.१.७२थी रु→परम+**र्**

रः पदान्ते०१.३.५३थी विसर्ग→परमः ।

**(b)** **आत्मा** → अतति सातत्येन गच्छति तांस्तां पर्यायानिति ।
[अत सातत्यगमने २७९] ते-ते पर्यायो तरફ જે નિરંતર ગતિ કરે તે.
ઉણાદિ-९१६થી मन् અને अ નો आ → **आत्मन्**
પ્રથમા सि→आत्मन्+**स्**
तदन्तं०१.१.२०थी आत्मन्स् ને **પદસંજ્ઞા.**
दीर्घङ्याब्०१.४.४५थी सि નો લોપ→आत्मन्
नि दीर्घः १.४.८५ થી દીર્ઘ→आत्मा**न्**
नाम्नो नो०२.१.९१थी न् નો લોપ→आत्मा ।

**જિ.** 'नत्वा'થી નમસ્કાર થઈ શકતો હતો છતાં 'प्रणम्य' આવો પ્રયોગ શા માટે કર્યો ?

**સમા.** **(a)** માનસિક નમસ્કાર=મનપૂર્વકનો નમસ્કાર કરવા.

**(b)** नम् ધાતુથી બનેલ શબ્દ નમસ્કારને જ જણાવે છે, પણ બીજા મશ્કરીમાં થતાં નમસ્કારનો વ્યવચ્છેદ કરવા માટે प्रणम्य નો પ્રયોગ છે.

**॥ नमस्यं तत्सखि ! ( प्रेमघण्टारसितसोदरम्**
**क्रमक्रशिमनिः सारमारम्भगुरुडम्बरम् ॥)**

→ (ઘંટના અવાજની જેમ શરૂઆતમાં અત્યન્ત આડંબરવાળા પણ ધીમે-ધીમે ક્ષીણ થતાં, તેમજ, સાર વગરના એવા તે પ્રેમને) હે સખી ! નમસ્કાર થાઓ. (આ ઉપહાસ અર્થક છે).

★ **વિષય** → **श्रेयः शब्दानुशासनम्** → शब्दानामनुशासनमिति ।
**अनुशासनम्** → अनुशिष्यन्ते व्युत्पाद्यन्ते शब्दाऽनेनेति ।
(शासूक् अनुशिष्टौ-१०९५) જેના વડે શબ્દોની ઉત્પત્તિ જણાય.
करणाऽधारे५.३.१२९ થી अनट् → अनु + शास् + **अन**

પ્રથમા सि→अनुशासन+**स्**
अतः स्यमो०१.४.५७थी अम्→अनुशासन+**अम्**
समानादमोऽ०१.४.४६थी अ નો લોપ→अनुशासनम् ।

**જિ.** શબ્દાનુશાસન એટલે શું ?

**સમા.** શબ્દોનું અનુશાસન જેના વડે થાય છે તે ગ્રન્થ. અર્થાત્ શબ્દો કેવી રીતે બન્યા ? કયા પ્રત્યયો લાગ્યા ? શું ફેરફાર થયા ? કોના કારણે થયા ? ઈત્યાદિ વિચારણા જેનાથી થાય તેને શબ્દાનુશાસન કહેવાય છે.

**જિ.** શબ્દાનુશાસનને કલ્યાણકારી (श्रेयः) કેમ કહ્યું ?

**સમા.** ગણિતજ્ઞ એવા શ્રીભાસ્કરાચાર્યે કહ્યું છે કે,
**व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति ।**
**अर्थात् तत्त्वज्ञानम्, तत्त्वज्ञानात् परं श्रेयः ॥**
**અર્થ :** વ્યાકરણથી પદોની સિદ્ધિ થાય છે. પદની સિદ્ધિથી અર્થનો નિર્ણય થાય છે. અર્થના નિર્ણયથી તત્ત્વનું સાચું જ્ઞાન=વાસ્તવિક સ્વરૂપ જણાય છે. આમ શબ્દાનુશાસન પરંપરાએ મોક્ષને અપાવનાર હોવાથી કલ્યાણકારી છે.

**જિ.** આ ગ્રન્થનું નામ '**सिद्धहेमशब्दानुशासनम्**' શા માટે ?

**સમા.** (a) સિદ્ધરાજથી પ્રેરાઈને પ.પૂ.હેમચન્દ્રાચાર્યજી વડે આની રચના થઈ છે માટે. (सिद्धेन प्रेरितः हेमचन्द्र इति ।)

(b) સુવર્ણ પરીક્ષામાં (સરોવરમાં ગ્રન્થને તરાવવા વડે થયેલ પરીક્ષામાં) સિદ્ધ થયેલું શબ્દાનુશાસન છે. (सिद्धं हेम्नि यद् तद्) માટે, આ ગ્રન્થનું નામ 'सिद्धहेमशब्दानुशासनम्' છે.

★ **સંબંધ** → **स्मृत्वा** → स्मरणं पूर्वमिति । [स्मृं चिन्तायाम् १८]
प्राक्काले ५.४.४७ થી क्त्वा → स्मृ+**त्वा**
સરસ્વતી માતા પાસેથી કાશ્મીરમાંથી લવાયેલ વ્યાકરણોનું

અવલોકન કરવા દ્વારા આ ગ્રન્થની રચના થઈ છે. આવો સંબંધ જાણવો.

★ **પ્રયોજન** → અનંતર તથા પરંપર.

(૧) **અનંતર પ્રયોજન :-**

**(a) ગ્રંથકારશ્રી :** વિદ્યાર્થીને બોધ કરાવવો.

**(b) ભણનાર :** અભિનવજ્ઞાનની પ્રાપ્તિ.

(૨) **પરંપર પ્રયોજન :-**

**(a) ગ્રંથકારશ્રી :** } ઘાતીકર્મનો ક્ષય કરી,

**(b) ભણનાર :** } પરમાનન્દની પ્રાપ્તિ.

★ **અધિકારી** → જિજ્ઞાસુ ભવ્યજીવો.

★ **કર્ત્તા** → **आचार्यहेमचन्द्रेण** → અહીં તૃતીયા વિભક્તિ દ્વારા કર્મણિ પ્રયોગ દર્શાવેલ છે અને કર્મણિ પ્રયોગમાં કર્મની પ્રધાનતા અને કર્ત્તાની ગૌણતા હોય છે. આમ, કર્મસ્વરૂપ ગ્રન્થનું પ્રાધાન્ય દર્શાવી ગ્રન્થની મહત્તા અને કર્ત્તાને ગૌણ બતાવી પોતાની લઘુતા બતાવે છે.

(૧) **आचार्यः** → आचर्यते सेव्यते विनयार्थं शिक्षाग्रहणार्थं वा शिष्यैरिति । [चर भक्षणे च ४१०] જે શિષ્યો વડે વિનય કે શિક્ષાનાં ગ્રહણ માટે સેવાય તે.

ऋवर्ण० ૫.૧.૧૭થી घ्यण् → आ+चर्+**य**

ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ → आ**चा**र्य ।

પ્રથમા सि → आचार्य+**स्**

तदन्तं पदम् ૧.૧.૨૦થી आचार्यस्ને **પદસંજ્ઞા**

सोरुः ૨.૧.૭૨થી **रु** → आचार्य**र्**

रः पदान्ते ૧.૩.૫૩થી વિસર્ગ → आचार्यः ।

(૨) **અથવા** आचरणमिति आचारः, आचारे साधुरिति आचार्यः । આચાર(પાલન)માં જે કુશળ છે તે.

तत्र साधौ ७.१.१५थी य → आचार+**य**

अवर्णेवर्ण० ७.४.६८थी अ नो લોપ → आचार्यः ।

પ્રથમા सि → आचार्य+**स्**

પદ સંજ્ઞા વિ. પૂર્વવત્ થતાં आचार्यः ।

★ **किञ्चित्** → किमपि (अल्पं) चिनोतीति **क्विप्**

[चिंगट् चयने - १२९०]

क्विप् ५.१.१४८थी क्विप् → किम्+चि+०

ह्रस्वस्य०४.४.११३थी त् આગમ → किम्+चि+**त्**

तौ मु-मो०१.३.१४थी म् नो ञ् → **किञ्चित्** ।

★ **प्रकाश्यते** → [काशृङ् दीप्तौ-८३०]

प्र+काश् → ધાતુ મૂળ અર્થમાં અકર્મક છે પણ અહીં પ્રેરક કર્મણિ પ્રયોગ છે. માટે સકર્મક છે.

(૧) **प्र+काश् કર્તરિ પ્રયોગ**

(a) **शब्दानुशासनं प्रकाशते** । → શબ્દાનુશાસન પ્રકાશે છે.

(b) **आचार्यहेमचन्द्रः शब्दानुशासनं प्रकाशयति** । → (પ્રેરક કર્ત્તરિ) શ્રીહેમચન્દ્રાચાર્યજી શબ્દાનુશાસનને પ્રકાશિત કરે છે.

(૨) **प्र+काश् ભાવે/કર્મણિ પ્રયોગ**

(a) **शब्दानुशासनेन प्रकाश्यते** । શબ્દાનુશાસન વડે પ્રકાશાય છે.

(b) **आचार्यहेमचन्द्रेण शब्दानुशासनं प्रकाश्यते** । → શ્રી હેમચન્દ્રાચાર્યજી વડે શબ્દાનુશાસન પ્રકાશાય છે.

## अर्हँ[१] १/१/१

**અર્થ : अर्हँ** એ પ્રમાણે અક્ષર(અવ્યય) પરમેષ્ઠી એવા પરમેશ્વરનો વાચક છે. મંગલને માટે શાસ્ત્રની આદિમાં અમે તેનું ધ્યાન ધરીએ છીએ.

---

१. अर्हँ ને स्वरा०१.१.३०थी અવ્યયસંજ્ઞક થાય છે.

વ્યુ. : अर्हँ તે વ્યુત્પન્ન અને અવ્યુત્પન્ન બન્ને પ્રકારે છે.

(a) **વ્યુત્પન્ન :** अर्हति शक्रादिकृतामष्टप्रातिहार्यपूजामिति । (अर्ह पूजायाम्-૫૬૪) - ઈન્દ્ર વડે કરાયેલ અષ્ટ પ્રાતિહાર્યસ્વરૂપ પૂજાને યોગ્ય.

लिहादिभ्यः ૫.૧.૫૦થી अच्
**અથવા** ઉણાદિ(૨)થી अ
} → अर्ह्+**अ**

पृषोदरादयः ૩.૨.૧૫૫થી અન્તે અનુનાસિક → अर्हँ।

(b) **અવ્યુત્પન્ન** - અખંડ म् અન્ત સુધીનો अर्हं અવ્યય પણ છે.

★ **अर्हँ ની વિશેષતાઓ :**

(A) अर्हँ તે અક્ષર છે = પોતાના સ્વરૂપથી ચલાયમાન થતો નથી.

(B) अर्हँ પરમેષ્ઠિ પરમેશ્વર એવા અરિહંતનો વાચક છે.

(C) શ્રીસિદ્ધચક્રમહાયંત્રના આદિ બીજભૂત છે.

(D) બધા આગમોનાં રહસ્યભૂત છે કારણકે, ગણધરભગવંત રૂપી ક્ષેત્રમાં અરિહંત પરમાત્મા દ્વારા ત્રિપદી રૂપ બીજનું આરોપણ થયું. તેમાંથી સમસ્ત આગમરૂપી વૃક્ષની ઉત્પત્તિ થઈ.

(E) अर्हँ સમસ્ત વિઘ્નોનો નાશ કરનાર છે.

(F) अर्हँ સઘળા દૃષ્ટ (રાજ્યાદિ)અને અદૃષ્ટ (સ્વર્ગ-મોક્ષ વિ.) ફળોની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષ સમાન છે.

જિ. अर्हँ તે અરિહંતનો વાચક હોવાથી લૌકિક આગમોના રહસ્યભૂત કેવી રીતે કહેવાશે ?

સમા. **अकारेणोच्यते विष्णू, रेफे ब्रह्मा व्यवस्थितः ।**
**हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥**

**અર્થ :** अકારથી વિષ્ણુ કહેવાય છે, રેફમાં બ્રહ્મા રહેલા છે, हકારથી મહેશ કહેવાયા અને '.' અનુસ્વાર પરમપદનું સૂચક છે.

આમ, अर्हँ તે લૌકિક આગમોનાં રહસ્યભૂત પણ થાય છે.

**જિ.** अर्हँमां પાંચ વર્ણ છે તો 'अक्षराणि' ન કહેતાં 'अक्षरम्' કેમ?

**સમા.** न क्षर इति अक्षरम् ।→જે પોતાના સ્વરૂપથી ચલાયમાન થતો નથી. આવો અર્થ 'अक्षरम्' થી ગ્રહણ કરેલ છે. માટે અહીં વર્ણ અર્થ ન હોવાથી એ.વ. છે, બ.વ. નથી.

**જિ.** अर्हँ નું ધ્યાન કરનાર ગ્રંથકારશ્રી એક જ છે છતાં 'वयम्' એમ બ.વ.નો નિર્દેશ કેમ કર્યો છે ?

**સમા.** अर्हँ તે વિશિષ્ટપ્રણિધેય(પ્રણિધાન કરવા યોગ્ય) છે. અને 'ધ્યાન કરનાર ધ્યેય સ્વરૂપ બને છે' આવા વિધાનથી ધ્યેય એવા અરિહંતના અનંત ગુણ સ્વરૂપ ગ્રન્થકારશ્રી બનતાં અનંત થાય છે. માટે 'वयम्' એ પ્રમાણે બ.વ.માં નિર્દેશ કર્યો છે.

## सिद्धिः स्याद्वादात् १/१/२

**અ.અ.સૂ. : वादात् सिद्धिः स्यात् / स्याद्वादात् सिद्धिः ।**

**અર્થ :** સ્યાદ્વાદ = અનેકાન્તવાદથી શબ્દોની સિદ્ધિ થાય છે. સિદ્ધિ = નિષ્પત્તિ+જ્ઞપ્તિ જાણવી.

★ **सिद्धिः** →सेधनमिति (षिधू गत्याम्-३२०)
षः सोऽष्टयै० २.३.९८थी **सिध्** ધાતુ
स्त्रियां० ५.३.९१थी क्ति→सिध्+**ति**
अधश्चतुर्थात्० २.१.७९थी धि→सिध्+**धि**
तृतीयस्तृतीय० १.३.४९थी ध् नो द्→**सिद्धि**
પ્રથમા सि→सिद्धि+**स्**
तदन्तं० १.१.२०થી सिद्धिस् ने **પદસંજ્ઞા**
सोरुः २.१.७२થી रु→**सिद्धिर्**
रःपदान्ते० १.३.५३થી વિસર્ગ →सिद्धिः ।
(a) **निष्पत्तिः** →મૂળથી સંપૂર્ણ પદ કેવી રીતે તૈયાર થયેલ છે

તેની વિચારણા = સાધનિકા.

(b) **ज्ञप्तिः** →તૈયાર થયેલ શબ્દ જેને જણાવે છે તે અર્થને જણાવવું તે.

★ **स्याद्वादः** →અનેકાન્તવાદ = જેમાં એક કથન વડે સમાપ્તિ ન થાય તે.

(૧) 'स्यात्' વિભક્ત્યન્ત જેવો છે માટે विभक्तिथमन्त॰ ૧.૧.૩૩થી અવ્યયસંજ્ઞા. આ અનેકાન્તનો દ્યોતક છે.

(૨) **वादः** →वदनमिति (वद व्यक्तायां वाचि-૯૯૮)

भावाऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→वद्+**अ**

ञ्णिति ૪.૩.૫૦થી वृद्धि→**वाद**

પ્રથમા सि वि. થતાં→वादः ।

★ સૂત્રના બે અર્થ થાય છે.

(૧) **स्याद्वादात् सिद्धिः स्यात्** । અનેકાન્તવાદથી શબ્દોની સિદ્ધિ થાય છે.

(૨) **वादात् सिद्धिः स्यात्** । વાદથી સિદ્ધિ થાય છે. અહીં स्यात् ક્રિયાપદ દર્શક છે. (પ્રવચનના ૮ પ્રભાવકમાં વાદી પણ એક પ્રભાવક છે).

વિ. **સિદ્ધિ બે પ્રકારે હોય છે - (૧) પરમાર્થ સિદ્ધિ** → નૈગમાદિ ૭ નયોનાં બોધથી જે શબ્દાદિ તત્ત્વનાં નિત્યાનિત્ય/ભેદાભેદ વગેરે સ્વરૂપની પ્રતિપત્તિ.

(૨) **વ્યવહારસિદ્ધિ** : શબ્દમાં કયો પ્રત્યય છે ? કઈ પ્રકૃતિ છે ? તેમનો અર્થ શું ? વિગેરેને સિદ્ધ કરી આપે તે.

## लोकात् ૧/૧/૩

**અ.અ.સૂ:- लोकात् सिद्धिः स्यात् ।**

**અર્થ:-** આ ગ્રંથમાં નહીં કહેલી સંજ્ઞા અને ન્યાયોની સિદ્ધિ લોક=

વ્યાકરણના જ્ઞાતા પાસેથી જાણવા યોગ્ય છે. તેમજ अ,आ વિ. વર્ણનો આમ્નાય પણ તેમની પાસેથી જ જાણવો.

★ **लोकः** → लोकतेऽवलोकते[१] निखिलव्यवहारानिति ।
સમગ્ર વ્યવહારોનું જે અવલોકન કરે છે તે વૈયાકરણ વિ. (लोकृङ् दर्शने-६१२) अच् ५.१.४९ થી अच्→लोक्+**अ** । પ્રથમા सि વિ.→लोकः ।

★ **ગ્રન્થમાં નહીં કહેલી સંજ્ઞા** = દ્રવ્ય, ગુણ, ક્રિયા, જાતિ, કાલ, લિંગ, સ્વાઙ્ગ, પરિમાણ વિ.

★ **ગ્રન્થમાં નહીં કહેલા ન્યાયો** = परान्नित्यम्, नित्यादन्तरङ्गम् વિ.

★ આ ગ્રન્થમાં ૧૦ પ્રકારના સૂત્રો છે.

(૧) **સંજ્ઞાસૂત્ર** → સંજ્ઞાનો નિર્દેશ કરનાર સૂત્રો. **ફળ :** લાઘવ માટે.
**ઉદા. औदन्ताः स्वराः १.१.४**

(૨) **પરિભાષા સૂત્ર :** ચારે બાજુનો વિચાર કરીને અર્થવ્યવસ્થાને જણાવનાર. **ફળ :** સમાન અર્થવ્યવસ્થા.
**ઉદા. सप्तम्या पूर्वस्य ७.४.१०५**

(૩) **અધિકાર સૂત્ર** → સળંગ ચાલતાં સૂત્રોમાં એક જ પદની અનુવૃત્તિ આવતી હોય તો દરેક સૂત્રોમાં તે પદ ન મૂકતાં જે એક જ પદની સૂત્રરૂપે અનુવૃત્તિ દર્શાવવામાં આવે તે સૂત્ર. **ફળ :** સૂત્રોનું લાઘવ. **ઉદા. घुटि १.४.६८**

(૪) **વિધિ સૂત્ર** → કાર્યનાં વિધાનને સૂચવતાં સૂત્રો.
**ઉદા. नाम्यन्तस्था०** ૨.૩.૧૫

(૫) **પ્રતિષેધ સૂત્ર** → તે તે કાર્યનાં નિષેધને સૂચવતાં સૂત્રો.
**ઉદા. न स्तं मत्वर्थे १.१.२३**

(૬) **નિયમ સૂત્ર** → કોઈક સૂત્રથી સિદ્ધ વિધિ પુનઃ વિધાનનાં સામર્થ્યથી

---

૧. મ.વૃ.માં 'लोक्यते तत्त्वनिश्चयाय' છે.

સંક્ષિપ્ત થાય છે તે પુનઃ વિધાન કરનારાં સૂત્રો. **ફળ :** વિધિનો સંક્ષેપ.

**ઉદા. नाम सिद्य्० ૧.૧.૨૧ નો सित् અંશ**

(૭) **વિકલ્પ સૂત્ર** → આદેશ, પ્રત્યય વિધાન, સંધિ, સંધિનો અભાવ વિ. કાર્યોમાં જે વિકલ્પ (ભજના)ને સૂચવનારાં સૂત્રો.

**ઉદા. सौ नवेतौ ૧.૨.૩૮**

(૮) **સમુચ્ચય સૂત્ર** → સમુચ્ચય = જોડાણ. એક કાર્યની સાથે બીજા કાર્યને પણ જોડી આપનારાં સૂત્ર. **ફળ :** બે કાર્યનું એક જ સૂત્રમાં વિધાન થતાં ગ્રન્થનો લાઘવ.

**ઉદા. शसोऽता० ૧.૪.૪૯**

(૯) **અતિદેશ સૂત્ર** → જેમાં જે ધર્મ નથી તેમાં તે ધર્મનું આપાદાન તે અતિદેશ સૂત્ર. **ફળ :** ગ્રન્થનું લાઘવ

**ઉદા. डत्यतु संख्या० ૧.૧.૩૯**

(૧૦) **અનુવાદ સૂત્ર** → પ્રસિદ્ધ વસ્તુનું પુનઃકથન કરનારા સૂત્રો.

**ઉદા. तयोः समूहवच्च बहुषु ૭.૩.૩**

## औदन्ताः स्वराः[१] ૧/૧/૪

**અર્થ :** (વર્ણામ્નાયમાં) औકાર સુધીના વર્ણો સ્વરસંજ્ઞક થાય છે.

**સ :** **औदन्ताः** → औत् अन्ते येषां ते इति ।

★ **स्वराः** → स्वयं राजन्ते इति → સ્વયં શોભે છે તે સ્વરો.

[राजृग् दीप्तौ-૮૯૩] स्वयं+राज्

क्वचित्૫.૧.૧૭૧ થી ड → स्वयं+राज्+**अ**

डित्यन्त्य०૨.૧.૧૧૪ થી आज् નો લોપ स्वयं+**र्**+अ

पृषोदरादयः૩.૨.૧૫૫ स्वयं નો स्व → **स्वर**

---

૧. પાણિની વ્યાકરણ પ્રમાણે स्वर વિ.ની કઈ સંજ્ઞા છે. જે સં.સૌ.માંના પરિ.૧ માંથી જાણી લેવું.

प्रथमा जस्→स्वर+**अस्**

अत आः०१.४.१थी आ→**स्वरा+अस्**

समानानां०१.२.१थी दीर्घ→स्वरास्

**પદસંજ્ઞા** वि.→स्वराः ।

**ઉદા.** **अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ ।**

**વિ.** (૧) આ સંજ્ઞા સૂત્ર છે. જેમાં अ થી औ સુધીના વર્ણો સંજ્ઞી છે. અને '**स्वर**' તેમની સંજ્ઞા છે.

(૨) સૂત્રમાં त्કાર ઉચ્ચાર માટે છે. જો સૂત્રમાં **त्**નું ગ્રહણ ન કર્યું હોય તો 'आवन्ताः स्वराः આવું સૂત્ર બનતાં आ = અવધિ-વાચક થાય અને अ થી व् સુધીનાં વર્ણોને સ્વરસંજ્ઞા થવાની આપત્તિ આવે.

(૩) સૂત્રમાં બ.વ. પ્લુતને પણ સ્વરસંજ્ઞા કરવા માટે છે.

(૪) '**यत्रान्यत् क्रियापदं न श्रूयते तत्रास्तिभवन्ती परः प्रयुज्यते ।**'[૧] ૨/૬૫ જે સૂત્રમાં કોઈ ક્રિયાપદ ન જણાય ત્યાં अस् કે भू ધાતુનાં ક્રિયાપદનો પ્રયોગ કરાય છે. તેથી અહીં ટીકામાં 'स्युः' પદનું અધ્યાહારથી ગ્રહણ કરેલ છે.

(૫) **સ્વરસંજ્ઞાનાં પ્રદેશો** (પ્રયોજનનાં સ્થાન) इवर्णादेरस्वे**स्वरे**० ૧.૨.૨૧ ઈત્યાદિ.

**જિ.** પહેલા સ્વરસંજ્ઞાનું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** વ્યંજનનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના શક્ય નથી જ્યારે સ્વરનું ઉચ્ચારણ સ્વતન્ત્રપણે થાય છે. તેથી ઉચ્ચારણ માટે સ્વરોની અપેક્ષા રાખતાં વર્ણની વ્યંજનસંજ્ઞાને દર્શાવ્યા પૂર્વે જ સ્વરસંજ્ઞા બતાવેલ છે.

---

૧. દરેક ન્યાયોનાં અર્થ પરિશિષ્ટ-૧માંથી જોવા તેમજ વિશેષ અર્થ માટે સં.સૌ માં જોવું.

# एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः १/१/५

**અ.અ.સૂ:- एक-द्वि-त्रिमात्राः औदन्ताः स्वराः ह्रस्व-दीर्घ-प्लुताः ।**

**અર્થ : માત્રા** = કાળ વિશેષ. (આંખ ઉઘાડતાં કે મીચતાં જેટલો સમય લાગે તેને માત્રા કહેવાય છે.)

જેનું ઉચ્ચારણ કરવામાં એક, બે અને ત્રણ માત્રા જેટલો કાળ લાગે છે તે औકાર સુધીનાં સ્વરો અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞક થાય છે.

સ. : (१) **एकद्वित्रिमात्राः** → एका च द्वे च तिस्रश्च → एकद्वितिस्रः । एकद्वितिस्रो मात्रा येषां ते → एकद्वित्रिमात्राः ।

(२) **ह्रस्व-दीर्घ-प्लुताः** →ह्रस्वश्च दीर्घश्च प्लुतश्च इति ।

★ (१) **ह्रस्वः** →ह्रस्यते-शब्दाय्यते एकमात्रिकतयेति ।
એક માત્રા વડે જે બોલાય છે તે.
(ह्रस शब्दे-५४०) ઉણાદિ-૫૦૫થી व→ह्रस्+**व**
પ્રથમા सि વિ. થતાં→ह्रस्वः ।

(२) **दीर्घः** →दृणाति/विदारयति ह्रस्वभाव इति ।
જે હ્રસ્વના ભાવને દૂર કરે તે. (दृश् विदारणे-१५३५)
ઉણાદિ-૧૧૦થી નિપાતન→**दीर्घ**
પ્રથમા सि વિ. થતાં दीर्घः ।

(३) **प्लुतः** →प्लवते मात्राधिकतयेति ।
માત્રાનાં અધિકપણાથી જે જણાવે છે તે.
(प्लुङ् गतौ-५९८) ઉણાદિ-૨૦૪ થી तक्→प्लु+**त**
પ્રથમા सि વિ. થતાં→प्लुतः ।

ઉદા. : **હ્રસ્વ : अ, इ, उ, ऋ, लृ**
**દીર્ઘ : आ, ई, ऊ, ॠ, लॄ, ए, ऐ, ओ, औ**
**પ્લુત : आ$_3$, ई$_3$, ऊ$_3$ वि.**

**एकमात्रो भवेद्ध्रस्वो, द्विमात्रो दीर्घ उच्यते ।**
**प्लुतः स्वरस्त्रिमात्रः, स्याद्व्यञ्जनं चार्धमात्रकम् ॥**

એક માત્રાવાળો(સ્વર) હ્રસ્વ, બે માત્રાવાળો (સ્વર) દીર્ઘ કહેવાય છે. ત્રણ માત્રાવાળો(સ્વર) પ્લુત અને અર્ધમાત્રાવાળો (વર્ણ) વ્યંજન કહેવાય છે.

વિ. (૧) **द्वन्द्वान्परः प्रत्येकमभिसम्बध्यते** । ૩/૧૫ આ ન્યાયથી અહીં દ્વન્દ્વ સમાસને અંતે રહેલ 'मात्रा' શબ્દને દ્વન્દ્વ સમાસનાં ઘટક एक, द्वि અને त्रि ત્રણે સાથે જોડવું.

(૨) **यथासङ्ख्यमनुदेशः समानाम्** । ૧/૧૦ આ ન્યાયથી અહીં एकमात्रा, द्विमात्रा અને त्रिमात्रा પદનો અનુક્રમ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞક સાથે લેવો.

(૩) જો આ સૂત્રમાં 'औदन्ताः स्वराः'ની અનુવૃત્તિ ન લઈએ તો સ્વરને જેમ હ્રસ્વ-દીર્ઘ અને પ્લુત સંજ્ઞા થાય છે તેમ વ્યંજનને પણ હ્રસ્વ વગેરે સંજ્ઞા થવાની આપત્તિ આવશે. **स्वरस्य हृस्व-दीर्घ-प्लुताः** ૧/૪ ન્યાય આ સૂત્રનો જ અનુવાદક છે.

(૪) **સંજ્ઞાના પ્રદેશો :**

**हृस्वः** ।→ऋलृति **हृस्वो**० १.२.२ ઈત્યાદિ

**दीर्घः** ।→समानानां तेन० १.२.१ ઈત્યાદિ

**प्लुतः** ।→**प्लुतो**ऽनितौ १.२.३२ ઈત્યાદિ

(૫) વૈયાકરણ **શ્રી શેષરાજ** ऐ-औ ને ચાર માત્રાવાળા પણ માને છે. તેથી 'ऐ४तिकायन !', 'औ४पगव !' આવા પ્રયોગો પણ જોવા મળે છે.

## अनवर्णा नामी १/१/६

**અ. અ. સૂ:- अनवर्णाः औदन्ताः स्वराः नामी ।**

**અર્થ :** અવર્ણ સિવાયના ઔકાર સુધીના વર્ણો નામિસંજ્ઞક થાય છે.

**સ.** **अनवर्णाः** → न विद्यते अवर्णो येषां ते इति ।

★ **नामी** → नामोऽस्याऽस्तीति ।

નમવાની ક્રિયાનો ભાવ જેમાં છે તે.

(णमं प्रह्वत्वे-३८८) नमनमिति नाम ।

अतोऽनेक०७.२.६થી इन्→नाम+**इन्**

त्रन्त्यस्वरादेः ७.४.४૩થી अ નો લોપ→नामिन्

પ્રથમા सि→नामिन्+**स्**

तदन्तं०१.१.२०થી **પદસંજ્ઞા**

दीर्घङ्याब्०१.१.४५થી स् નો લોપ→नामिन्

इन्-हन्० १.४.८७થી દીર્ઘ→**नामीन्**

नाम्नो नो०२.१.९१થી न् નો લોપ→नामी ।

**ઉદા.** **इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ ।**

**વિ.** (१) 'अनवर्णाः' આ બ.વ. પ્લુતસ્વરોને પણ નામિસંજ્ઞા કરવા માટે છે. (ચન્દ્રસા.ગ.)

(२) **नामी સંજ્ઞાનાં પ્રદેશો :- नामिनस्तयोःषः** २.૩.८ ઈત્યાદિ.

**જિ.** સૂત્રમાં नामी એ.વ. અને अनवर्णाः બ.વ. આવો વચનભેદ શા માટે કર્યો ?

**સમા.** વચનભેદ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, "જ્યાં જ્યાં કાર્ય કરતાં કાર્યી સ્વર માત્રાની અથવા આસ્ય પ્રયત્નની અપેક્ષાએ ન્યૂન થતો હોય ત્યાં જ નામિસંજ્ઞાનું કાર્ય કરવું.

**કાર્ય** = જે થાય તે, **કાર્યી** = જેનું કરીએ તે. **ઉદા.** इ નો ગુણ ए કરીએ તો, इ તે કાર્યી અને ए તે કાર્ય.

**ઉદા.** (१) [जिं अभिभवे ८] → **जि**+अ+ति → **जे**+अ+ति

(२) [णींग् प्रापणे ८८४] → **नी**+अ+ति → **ने**+अ+ति

(૩) [ग्लैं हर्षक्षये ३१] → ग्लै+अ+ति → ग्लै+अ+ति

| कार्यी | जि માં इ | नी માં ई | ग्लै માં ऐ |
|---|---|---|---|
| માત્રા | ૧ | ૨ | ૨ |
| આસ્યપ્રયત્ન | વિવૃત્ત | વિવૃત્ત | અતિવિવૃત્તતર |
| **कार्य** | ए | ए | ए |
| માત્રા | ૨ | ૨ | ૨ |
| આસ્યપ્રયત્ન | વિવૃત્તતર | વિવૃત્તતર | વિવૃત્તતર |

માત્રા અને આસ્યપ્રયત્નની અપેક્ષાએ કાર્યી કરતાં કાર્યસ્વર,
जि માં (બન્નેની અપેક્ષાએ) ન્યૂન છે. } માટે ए સ્વરૂપ
नी માં (આસ્ય પ્ર.ની અપેક્ષાએ) ન્યૂન છે. } ગુણ થયો.
ग्लै માં (બન્નેની અપેક્ષાએ) ન્યૂન નથી. માટે ए ગુણ ન થયો.

**જિ.** इ, ई અને ऐ ત્રણનો ગુણ ए જ થાય એવું શેનાથી નક્કી થયું ?

**સમા.** गुणोरेदोत् ૩.૩.૨થી ए, ओ અને अर् આ ત્રણને જ ગુણસંજ્ઞા થાય છે. તેમજ, आसन्नः[1] ૭.૪.૧૨૦ આ પરિભાષાથી इ, ई અને ऐ (ત્રણે તાલવ્ય હોવાથી) તેમની નજીક સ્થાન વગેરે વાળો ए છે માટે इ, ई અને ऐ નો ગુણ ए થાય છે.

## लृदन्ताः समानाः ૧/૧/૭

**અ. અ. સૂ:- लृदन्ताः स्वराः समानाः ।**

**અર્થ :** लृ અન્ત સુધીના સ્વરો સમાનસંજ્ઞક થાય છે.

**સઃ.** **लृदन्ताः** → लृत् अन्ते येषां ते इति ।

★ **समानाः** → समानं तुल्यं मानं परिमाणमेषां ते इति ।
આસ્ય પ્રયત્નની અપેક્ષાએ સમાન પરિમાણ છે જેઓનું તે.
एकार्थं०३.૧.૨૨થી સમાસ→समान+मान

---

**૧. आसन्नः ૭.૪.૧૨૦** → સૂત્રમાં દર્શાવેલ કાર્ય તે-તે કાર્યીથી સ્થાન, અર્થ, પ્રમાણ વગેરે વડે જે નજીક હોય તે જ થાય છે.

समानस्य०૩.૨.૧૪૯થી स નિપાતન→स+मान

પ્રથમા जस्→समान+**अस्**

अत आः०૧.૪.૧થી आ→**समाना**+अस्

तदन्तं०૧.૧.૨૦થી **પદસંજ્ઞા.**

सोरुः ૨.૧.૭૨થી रु→समानार्

रः पदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→समानाः ।

ઉદા. **अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ ।**

વિ. (૧) અહીં 'समानाः' બ.વ. તે પ્લુતસંજ્ઞક સ્વરોને પણ સમાન સંજ્ઞા કરવા માટે છે.

(૨) **સમાન સંજ્ઞાનાં પ્રદેશો :** समानानां तेन दीर्घः ૧.૨.૧ ઈત્યાદિ.

## ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम् १/१/८

**અ.અ.સૂ. : ए-ऐ-ओ-औ स्वराः सन्ध्यक्षरम् ।**

**અર્થ :** ए, ऐ, ओ અને औ આ ચાર વર્ણો સન્ધ્યક્ષરસંજ્ઞક થાય છે.

**સ. : एऐओऔ** →एश्च ऐश्च ओश्च औश्च इति ।

(प्रथमा बहु.जस्, सूत्रत्वात् लोपः ।)

★ **सन्ध्यक्षरम्** →सन्धौ सति अक्षरमिति ।

સંધિ હોતે છતે જે અક્ષર પ્રાપ્ત થાય તે.

ઉદા. (૧) **अ/आ+इ/ई=ए** (૩) **अ/आ+उ/ऊ=ओ**

(૨) **अ/आ+ए=ऐ**[1] (૪) **अ/आ+ओ=औ**

વિ. (૧) '**सन्धौ सति अक्षरम् ।**' આ માત્ર વ્યુત્પત્તિ છે પણ આ એક સંજ્ઞા છે જે ઉપરોક્ત ચાર વર્ણોની જ છે. તેથી સૂત્રમાં एदादीनि ન કહેતાં ए-ऐ-ओ-औ એ પ્રમાણે સ્વરૂપ નિર્દેશ કર્યો છે. તેના કારણે હવે, સંયુક્ત વ્યંજન = क्ष, त्र વિ. ને

---

૧. આ લઘુન્યાસનો મત છે. જ્યારે બૃહન્ન્યાસકાર, अ/आ+ વિશ્લિષ્ટ इ/ई=ऐ અને, अ/आ+વિશ્લિષ્ટ उ/ऊ=औ માને છે. (વિશેષ ન્યાસમાંથી જાણવું.)

સન્ધ્યક્ષર સંજ્ઞા નહીં થાય.

(૨) આ સૂત્રમાં દર્શાવ્યા પ્રમાણે સમાસ ન કરીએ તો અને ए વિ. ચારેનો सन्ध्यक्षरम् સાથે અન્વય કરીએ તો પણ સૂત્રાર્થ સિદ્ધ થાય છે. ત્યાં ए વિ.ને चादयोऽ૦૧.૧.૩૧થી અવ્યયસંજ્ઞા થતાં સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

(૩) **સન્ધ્યક્ષર સંજ્ઞાના પ્રદેશો :** ऐदौत् सन्ध्यक्षरैः ૧.૧.૧૨ ઈત્યાદિ.

## अं अः अनुस्वार-विसर्गौ १/१/९

**અર્થ :** અહીં અકાર ઉચ્ચારણ માટે છે. 'अं' એ પ્રમાણે નાસિક્યવર્ણ અને 'अः' એ પ્રમાણે કણ્ઠ્યવર્ણ અનુક્રમે અનુસ્વાર અને વિસર્ગસંજ્ઞક થાય છે.

**સ. :** (૧) **अंअः** → अं च अश्च इति (प्रथमा द्वि. औ सूत्रत्वात् लोपः ।)

(૨) **अनुस्वार-विसर्गौ** → अनुस्वारश्च विसर्गश्च इति ।

★ (૧) **अनुस्वारः** → अनुस्वर्यते संलीनमुच्चार्यते स इति ।

કંઈક નાકમાં દબાવીને જેનું ઉચ્ચારણ કરાય તે.

[औस्वृ शब्दोपतापयोः-२१]

भावाऽकर्त्रोः૫.૩.૧૮થી घञ्→अनु+स्वृ+**अ**

नामिनोऽकलिहलेः ૪.૩.૫૧થી वृद्धि अनु**स्वार**

પ્રથમા सि વિ. થતાં अनुस्वारः ।

આ અનુસ્વાર નાસિકામાંથી ઉત્પન્ન થતો હોવાથી તે નાસિક્ય વર્ણ કહેવાય છે.

(૨) **विसर्गः** → विसृज्यते/विरम्यते अर्थो येन स इति ।

જેના વડે અર્થો અટકાય છે તે [सृजंत् विसर्गे-१३४९]

भावा-ऽकर्त्रोः૫.૩.૧૮થી घञ् → वि+सृज्+**अ** ।

क्तेऽनिट०૪.૧.૧૧૧થી ग् → विसृ**ग्**+अ ।

लघोरुः० ४.३.४થી ગુણ → **विसर्ग**

પ્રથમા सि વિ. → **विसर्गः** ।

આ વિસર્ગ કણ્ઠમાંથી ઉત્પન્ન થતો હોવાથી તે કણ્ઠ્યવર્ણ કહેવાય છે.

**વિ. સંજ્ઞાના પ્રદેશો :**

**अनुस्वार** → नो प्रशानोऽ**नुस्वारा**-ऽनुनासिकौ च० १.३.८ ઈત્યાદિ

**विसर्ग** → रः पदान्ते **विसर्गस्तयोः** १.३.५३ ઈત્યાદિ

## कादिर्व्यञ्जनम् १/१/१०

**અ.અ.સૂ : कादिः व्यञ्जनम् ।**

**અર્થ :** क् થી ह् સુધીના વર્ણો વ્યંજનસંજ્ઞક થાય છે.

**સ :** **कादिः** → क् आदिर्येषां ते इति ।

★ **व्यञ्जनम्** → व्यज्यते प्रकटीक्रियते अर्थोऽनेनेति ।

જેના વડે અર્થ પ્રગટ કરાય તે. [अञ्जौप् व्यक्ति-म्रक्षण०-१४८८]

करणा-ऽऽधारे ५.३.१२९થી अनट् → वि+अञ्ज्+**अन**

इवर्णादे० १.२.२१થી य् → **व्यञ्जन**

પ્રથમા सि→व्यञ्जन+**स्**

अतःस्यमो० १.४.५७થી अम्→व्यञ्जन+**अम्**

समानादमो० १.४.४६થી अम्નાં अनो લોપ→व्यञ्जनम् ।

ઉદા. **क्, ख्, ग्, घ्, ङ्, च्, छ्, ज्, झ्, ञ्, ट्, ठ्, ड्, ढ्, ण्, त्, थ्, द्, ध्, न्, प्, फ्, ब्, भ्, म्, य्, र्, ल्, व्, श्, स्, ष्, ह्**

વિ. (१) 'आदि' શબ્દ ચાર પ્રકારના અર્થમાં વર્તે છે.

(i) **સામીપ્ય=ग्रामादौ घोषः** । ગામની નજીક ઝૂંપડી છે.

(ii) **વ્યવસ્થા=ब्राह्मणादयो वर्णाः** । બ્રાહ્મણવિ. જાતિ છે.

(iii) **પ્રકાર=आढ्या देवदत्तादयः** । જેવો દેવદત્ત આઢ્યતાથી યુક્ત છે તેવા જ આ લોકો છે.

(iv) **અવયવ=स्तम्भादयो गृहाः** । સ્તમ્ભ વિ. અવયવોવાળું ઘર.

આ સૂત્રમાં कादिः નો પૂર્વ પ્રમાણે વિગ્રહ કરીએ તો **'आदिः'** શબ્દ અવયવવાચી થાય છે અને તેનાથી ૩૩ क् વિ. વર્ણોનું ગ્રહણ થાય છે.

તેમજ, 'कस्य आदिः' આવો વિગ્રહ કરીએ ત્યારે, **'आदिः** સામીપ્યવાચી થતાં क् ની અનન્તર પૂર્વે રહેલાં અનુસ્વાર અને વિસર્ગને વ્યંજનસંજ્ઞા થાય છે.

(૨) **વ્યઞ્જન સંજ્ઞાના પ્રદેશો :** नाम सिदय्० ૧.૧.૨૧ ઈત્યાદિ.

જિ. અનુસ્વાર-વિસર્ગને વ્યંજનસંજ્ઞા કરવાથી શું ફળ મળે ?

સમા. (૧) **અનુસ્વારને વ્યંજનસંજ્ઞા થવાથી લાભ** → અનુસ્વારને વ્યંજનસંજ્ઞા થતાં વ્યંજન (અનુસ્વાર)થી પર રહેલ ધુટ્(स्) નો સ્વધુટ્ પર છતાં લોપ થઈ શકે છે :-

**संस्कर्त्ता** → [डुकृंग् करणे-૮૮૮] सम्+कृ+ता

संपरेः०૪.૪.૯૧થી → सम्+**स्सट्**+कृ+ता

नामिनो०૪.૩.૧થી ગુણ → सम्+स्स+**कर्**+ता

र्हादर्ह ૧.૩.૩૧થી त् નું દ્વિત્વ → सम्+स्स+**कर्त्ता**

स्सटि समः ૧.૩.૧૨થી અનુસ્વાર → **संस्कर्त्ता**

અનુસ્વારને વ્યંજનસંજ્ઞા થતાં,

धुटोधुटि० ૧.૩.૪૮ થી स् નો લોપ → संस्कर्त्ता।

(૨) **વિસર્ગને વ્યંજનસંજ્ઞા થવાથી લાભ** → सुदुग् રૂપ સિદ્ધ થશે :- सुदुःखयतीति क्विप् → [दुःखण् तत्०-૧૮૫૦]

चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच् → सु+दुःख्+**इ**

क्विप् ૫.૧.૧૪૮થી क्विप् → सु+दुःखि+**०**

णेरनिटि ૪.૩.૮૩થી णिच् નો લોપ → सुदुःख्+०

પ્રથમા सि→सुदुःख्+**स्**

दीर्घङ्याब्० ૧.૪.૪૫થી सि લોપ→सुदुःख्

विसर्गने व्यंजनसंज्ञा थवाथी,
पदस्य२.१.८९थी ख् नो लोप→सुदुः
विसर्ग व्यंजन होवाथी धुट् संज्ञा थतां,
धुटस्तृतीयः२.१.७६थी ग् → सुदुग् (अनुस्वार, विसर्ग व्यंजन होवाथी ते बन्नेने पण धुट्संज्ञा थाय छे.)

## अपञ्चमान्तस्थो धुट् १/१/११

**અ.અ.સૂ. : अपञ्चमान्तस्थः कादिः धुट् ।**

**અર્થ :** વર્ગનો પાંચમો અક્ષર અને અન્તસ્થા સિવાયના क् વિ. વર્ણો ધુટ્ સંજ્ઞક થાય છે.

**સ.** **अपञ्चमान्तस्थः** → पञ्चमाश्च अन्तस्थाश्च एतेषां समाहार इति । पञ्चमान्तस्थम्, न विद्यते पञ्चमान्तस्थं यस्मिन् स इति ।

★ **धुट्** →धुक्षते इति ।
(धुक्षि संदीपन-क्लेशन-जीवनेषु-८७६)
दिद्युद्-ददृद्०५.२.८३थी क्विप्→धुक्ष्+०
संयोगस्यादौ०२.१.८८थी क् नो लुक्→धुष्+०
धुटस्तृतीयः २.१.७६थी ड्→धुड्
प्रथमा सि वि.→धुड्
विरामे०१.३.५१थी ट्→धुट् ।

ઉદા. **क्, ख्, ग्, घ्, च्, छ्, ज्, झ्, ट्, ठ्, ड्, ढ्, त्, थ्, द्, ध्, प्, फ्, ब्, भ्, श्, ष्, स्, ह् (२४)**

## पञ्चको वर्गः । १/१/१२

**અ.અ.સૂ. : पञ्चकः कादिः वर्गः ।**

**અર્થ :** क् વિ. વર્ણોને વિષે જે-જે પાંચ સંખ્યાના પરિમાણવાળો સમૂહ તે-તે વર્ગસંજ્ઞક થાય છે.

★ **वर्गः** → वृज्यते पृथक्क्रियते विजातीयेभ्य इति ।

વિજાતીયોથી જેના વડે જુદું કરાય છે તે. [वृजैकि वर्जने-૧૧૧૧]

भावाऽकर्त्रोः૫.૩.૧૮થી घञ् → वृज्+**अ**

लघोरु०૪.૩.૪થી ગુણ → **वर्ज्**+अ

क्तेऽनिटश्च०૪.૧.૧૧૧ થી ग् → **वर्ग्**+अ

પ્રથમા सि વિ. થતાં → वर्गः ।

**ઉદા.** વર્ગ કુલ પાંચ છે.

(૧) **क्, ख्, ग्, घ्, ङ्** - कवર્ગ

(૨) **च्, छ्, ज्, झ्, ञ्,** - चવર્ગ

(૩) **ट्, ठ्, ड्, ढ्, ण्** - टવર્ગ

(૪) **त्, थ्, द्, ध्, न्** - तવર્ગ

(૫) **प्, फ्, ब्, भ्, म्** - पવર્ગ

**વિ.** (૧) કેવલિકનાં મતે વર્ણ આમ્નાયમાં क વર્ગ વિ. પાંચ+यવર્ગ+ शવર્ગ+अવર્ગ આમ, ૮વર્ગો છે. (स चावर्ग...બૃ.ન્યા. ૧.૧.૧૨)

(૨) **वर्ग સંજ્ઞાનાં પ્રદેશો :** कवर्गैकस्वरवति ૨.૩.૭૬

## आद्य-द्वितीय-श-ष-सा अघोषाः ૧/૧/૧૩

**અ.અ.સૂ. : वर्गाणाम् आद्यद्वितीय-श-ष-साः अघोषाः।**

**અર્થ :** વર્ગનો પહેલો અને બીજો વર્ણ તેમજ श्, ष् અને स् અઘોષસંજ્ઞક થાય છે.

**સ :** **आद्यद्वितीयशषसाः** → आद्याश्च द्वितीयाश्च शश्च षश्च सश्च इति ।

★ **अघोषाः** → न विद्यते घोषो येषां ते इति ।

જેમાં અલ્પધ્વનિ વિદ્યમાન છે તે. (घुषृ शब्दे-૪૯૭)

घोषणमिति घोषः । नञ्+घोष

नञत् ૩.૨.૧૨૫થી अ→**अघोष**

પ્રથમા जस्→अघोष+**अस्**

अत आः०१.४.१थी आ→अघोषा+अस्
समानानां०१.२.१थी दीर्घ→अघोषास्
પદસંજ્ઞા વિ. પૂર્વવત્→अघोषाः ।

ઉદા. **क्, ख्, च्, छ्, ट्, ठ्, त्, थ्, प्, फ्, श्, ष् અને स् (૧૩)**

વિ. (૧) સર્વ વર્ગના પ્રથમ અને દ્વિતીય વર્ણના ગ્રહણ માટે સૂત્રમાં બ.વ. કરેલ છે.

(૨) **अर्थवशाद् विभक्तिपरिणामः ૧/૧૩** આ ન્યાયથી પ્રથમામાં આવતી અનુવૃત્તિ વાળા वर्गः ને અહીં ષ.બ.વ.માં ગ્રહણ કરેલ છે.

(૩) **अघोष સંજ્ઞાનાં પ્રદેશો :** अघोषे०१.३.५० ઈત્યાદિ.

## अन्यो घोषवान् १/१/१४

**અ.અ.સૂ. : (अघोषात्) अन्यः कादिः घोषवान् ।**

**અર્થ :** અઘોષ સિવાયના અન્ય क् વિ. વર્ણો ઘોષવાન્‌સંજ્ઞક થાય છે.

★ **घोषवान्** → घोषोऽस्यास्ति स इति । [घुषृ शब्दे ४९७]
तदस्या०७.२.१थी मतु → घोष + **मत्**
मावर्णा०२.१.९४थी म् नो व् → घोष**वत्** ।
પ્રથમા सि→घोषवत्+**स्**
ऋदुदितः१.४.७०थी न् આગમ→घोषवन्त्+स्
तदन्तं०१.१.२०थी घोषवतस् ને **પદસંજ્ઞા**
दीर्घङ्याब्०१.४.४५थी सि નો લોપ→घोषवन्त्
पदस्य २.१.८९थी त् નો લોપ→घोषवन्
अभ्वादेरत्वसः १.४.९०थी दीर्घ→घोष**वान्** ।

ઉદા. : **ग्, घ्, ङ्, ज्, झ्, ञ्, ड्, ढ्, ण्, द्, ध्, न्, ब्, भ्, म्, य्, र्, ल्, व्, ह् (२०)**

વિ. **घोषवान् સંજ્ઞાના પ્રદેશો :** घोषवति १.३.२१ ઈત્યાદિ.

જિ. અઘોષથી જુદા પાડવા ઘોષવાન્‌ને જણાવતું સૂત્ર બનાવ્યું, તો ધુટ્‌થી જુદા પાડવા અધુટ્‌ને જણાવતું સૂત્ર કેમ ન બનાવ્યું ?

**સમા.** ઘોષ અને અઘોષ સંજ્ઞા માત્ર વ્યંજનની જ છે એટલે સ્વરોનું ગ્રહણ ન થઈ જાય માટે અલગ સૂત્ર બનાવ્યું, જ્યારે ધુટ્-અધુટ્ સંજ્ઞા તમામ વર્ણની છે. તેથી અધુટ્‌ને જણાવતું અલગ સૂત્ર બનાવ્યું નથી.

## य-र-ल-वा अन्तस्थाः १/१/१५

**અ.અ.સૂ. : य-र-ल-वाः अन्तस्थाः ।**

**અર્થ :** य्, र्, ल् અને व् અન્તસ્થાસંજ્ઞક થાય છે.

**સ.** **यरलवाः** →यश्च रश्च लश्च वश्च इति ।

★ **अन्तस्थाः** →स्वस्य स्वस्य स्थानस्याऽन्ते तिष्ठन्ति ।
(પોત-પોતાના સ્થાનની અન્તે જે રહે છે તે)
(ष्ठां गतिनिवृत्तौ-५) स्था-पा०५.१.१४२थी क→अन्त+स्था+**अ**
इडेत्पुसि०४.३.९४थी आ नो લોપ→अन्तस्थ्+अ
आत् २.४.१८थी आप्→अन्तस्थ+**आ**
समानानां०१.२.१थी દીર્ઘ→अन्त**स्था**
પ્રથમા जस्→अन्तस्था+**अस्**
समानानां०१.२.१थी દીર્ઘ→अन्त**स्थास्**
પદસંજ્ઞા વિ. થતાં→अन्तस्थाः ।

ઉદા. **य्, र्, ल्, व्** (४)

**વિ.** (१) य-र-ल-वा બ.વ.નો નિર્દેશ સાનુનાસિક એવા यँ, लँ અને वँ‌ને અન્તસ્થા સંજ્ઞા કરવા માટે છે.

(२) 'अन्तस्थाः' શબ્દશક્તિસ્વભાવથી પ્રાયઃ સ્ત્રી.બ.વ.માં જ વપરાય છે.

(૩) **અન્તસ્થા સંજ્ઞાના પ્રદેશો :** अज्वर्गस्या०१.૩.૩૩ ઈત્યાદિ.

## अं-अः≍क)(प-श-ष-साः शिट् १/१/१६

**અર્થ :** अ, क् અને प् ઉચ્ચારણ માટે છે. અનુસ્વાર, વિસર્ગ, વજ્રાકૃતિ(≍), ગજકુમ્ભાકૃતિ()() રૂપ વર્ણો તેમજ श्, ष् અને स् વર્ણ શિટ્સંજ્ઞક થાય છે.

**સ.** **अं-अः≍कपश-षसाः** → अं च अश्च≍कश्च)(पश्च शश्च षश्च सश्च इति (प्रथमा बहु० जस्)

★ **शिट्** → शिनष्टीति [शिष्लृंप् विशेषणे० १४९२]
दिद्युद्० ५.२.३८थी क्विप् → शिष्+०
प्रथमा सि → शिष्+**स्**
दीर्घङ्याब्० १.४.४५ थी सि नो લોપ → शिष्
तदन्तं० १.१.२०थी शिष् ने **પદસંજ્ઞા.**
धुटस्तृतीयः २.१.७६थी ड्→**शिड्**
विरामे० १.३.५१थी ट्→**शिट्** ।

**ઉદા. : अं, अः, ≍क, )(प्, श्, ष्, स्** (७)

**વિ. :** (१) **वज्राकृतिः** → वज्रवत्-आकृतिर्यस्य स इति ।
વજ્ર જેવી આકૃતિ છે જેની છે તે જીહ્વામૂલીય (≍) क् અને ख्‌ની પૂર્વે र्‌નાં સ્થાને મૂકાય છે.

(२) **गजकुम्भाकृतिः** → गजकुम्भवत् आकृतिर्यस्य स इति ।
હાથીના કુંભસ્થળ જેવી આકૃતિ જેની છે તે ઉપધ્માનીય ()() તે प्-फ् પૂર્વે र्‌નાં સ્થાને મૂકાય છે.

આમ, क्-ख् અને प्-फ् ની જ પૂર્વે વપરાતાં ≍, )(નાં પ્રયોગનું અલ્પપણું દર્શાવવા સૂત્રમાં 'शिट्' એ.વ.માં કરેલ છે.

(૨) ≍, )( નો વર્ણામ્નાયમાં ઉલ્લેખ ન હોવા છતાં વર્ણસંજ્ઞા કરવા માટે સૂત્રમાં બ.વ. કરેલ છે.

(૩) **शिट् સંજ્ઞાના પ્રદેશો : शिटः** प्रथम-द्वितीयस्य १.३.३५ ઈત્યાદિ.

**જિ.** ≍, )( તે વર્ણઆમ્નાયમાં કહ્યાં નથી છતાં વર્ણસંજ્ઞા શી રીતે થાય ?

**સમા.** આ બન્ને ર્ નાં આદેશો છે અને ર્ વર્ણ હોવાથી स्थानीवाऽवर्णविधौ[1] ૭.૪.૧૦૯ [तदादेशाः तद्वद् भवन्ति ।] આ પરિભાષાથી બન્ને પણ વર્ણરૂપે સિદ્ધ થાય છે.

## तुल्यस्थाना-ऽऽस्यप्रयत्नः स्वः १/१/१७

**અર્થ :** **स्थान** = कण्ठ વિ. અને **आस्यप्रयत्न** = મુખમાં થતો પ્રયત્ન. સ્પૃષ્ટતા વિ. જે વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્ન સમાન છે. તે વર્ણો પરસ્પર સ્વસંજ્ઞક થાય છે.

**સ :** **तुल्यस्थानास्यप्रयत्नः** → आस्ये प्रयत्न इति आस्यप्रयत्नः, स्थानञ्च आस्यप्रयत्नश्च इति स्थानास्यप्रयत्नौ, तुल्यौ(वर्णान्तरेण सदृशौ) स्थानास्यप्रयत्नौ यस्य स इति ।

★ **स्वः** → अस्यति क्षिपति परभावमिति ।
પરભાવને જે ફેંકે છે તે (असूच् क्षेपणे-१२२१)
ઉણાદિ-૫૧૪થી व પ્રત્યય અને अ નો લોપ→स्व
પ્રથમા सि વિ. થતાં→स्वः

★ **स्थानम्** → **अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा ।**
**जिह्वामूलं च दन्ताश्च नासिकोष्ठौ च तालु च ॥**
વર્ણોના ૮ સ્થાનો છે. છાતી, કણ્ઠ, શિર, જીહ્વામૂલ, દન્ત, નાસિકા, ઓષ્ઠ અને તાલુ.

★ **प्रयत्नः**[2] → પ્રયત્નના બે પ્રકાર છે.

(i) **आस्यप्रयत्नः** → મુખમાં થતો પ્રયત્ન તે ચાર પ્રકારે છે. (१) स्पृष्टता (२) ईषत्स्पृष्टता (३) विवृत्तता (४) ईषत्विवृत्तता

(ii) **बाह्यप्रयत्नः** → મુખ સિવાયમાં થતો પ્રયત્ન.

---

૧. स्थानीवा० ૭.૪.૧૦૯ વર્ણ વિધિ સિવાયનો આદેશ તે આદેશી જેવો થાય છે.

૨. પ્રયત્નોનું વિશેષ વિવેચન સં. સૌ માં પરિ. ૨ થી જાણી લેવું.

તે ૧૧ પ્રકારે છે - (૧) વિવાર (૨) સંવર (૩) શ્વાસ (૪) નાદ (૫) ઘોષ (૬) અઘોષ (૭) અલ્પપ્રાણ (૮) મહાપ્રાણ (૯) ઉદાત્ત (૧૦) અનુદાત્ત (૧૧) સ્વરિત.

વિ. : (૧) अ વર્ણનાં પરસ્પર ભેદ ૧૮ છે. તેમાં, अકાર ત્રણ છે. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત.

પ્રત્યેક સાનુનાસિક અને નિરનુનાસિકના ભેદથી ૬ થશે અને તમામ હ્રસ્વ, દીર્ઘ, પ્લુત ગણતાં કુલ अ વર્ણનાં ૧૮ ભેદ થશે. તે સર્વે કંઠસ્થાનવાળા અને વિવૃત્તકરણ આસ્ય પ્રયત્ન વાળાં હોવાથી પરસ્પર સ્વ છે. આમ, इ વર્ણ વિ.નાં પણ ૧૮ ભેદ તે નીચે પ્રમાણેનાં સ્થાન અને આસ્યપ્રયત્નવાળા હોવાથી પરસ્પર સ્વ જાણવા.

★ સન્ધ્યક્ષરો હ્રસ્વ હોતા નથી. તેથી તેમનાં ૧૨-૧૨ ભેદ છે.

★ વર્ગ સંબંધી પાંચ-પાંચ વર્ણો પરસ્પરસ્વ છે.

★ र्, श्, ष्, स् અને ह् નો કોઈ સ્વ નથી.

| વર્ણ | ભેદ | સ્થાન | આ.પ્ર. | |
|---|---|---|---|---|
| अવર્ણ | ૧૮ | કણ્ઠ્ય | વિવૃત્તકરણ | પરસ્પર સ્વ. |
| इવર્ણ | ૧૮ | તાલવ્ય | વિવૃત્તકરણ | પરસ્પર સ્વ. |
| उવર્ણ | ૧૮ | ઓષ્ઠ્ય | વિવૃત્તકરણ | પરસ્પર સ્વ. |
| ऋવર્ણ | ૧૮ | મૂર્ધન્ય | વિવૃત્તકરણ | પરસ્પર સ્વ. |
| ऌવર્ણ | ૧૮ | દન્ત્ય | વિવૃત્તકરણ | પરસ્પર સ્વ. |
| एકાર | ૧૨ | તાલવ્ય | વિવૃત્તતર | પરસ્પર સ્વ. |
| ऐકાર | ૧૨ | તાલવ્ય | અતિવિવૃત્તતર | પરસ્પર સ્વ. |
| ओકાર | ૧૨ | ઓષ્ઠ્ય | વિવૃત્તતર | પરસ્પર સ્વ. |
| औકાર | ૧૨ | ઓષ્ઠ્ય | અતિવિવૃત્તતર | પરસ્પર સ્વ. |

| | | | | |
|---|---|---|---|---|
| कवर्ग | ૫ | કણ્ઠ્ય | સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| चवर्ग | ૫ | તાલવ્ય | સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| टवर्ग | ૫ | મૂર્ધન્ય | સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| तवर्ग | ૫ | દન્ત્ય | સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| पवर्ग | ૫ | ઓષ્ઠ્ય | સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| य्-यँ् | ૨ | તાલવ્ય | ઈષત્સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| ल्-लँ् | ૨ | દન્ત્ય | ઈષત્સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |
| व्-वँ् | ૨ | દન્ત્યોષ્ઠ્ય | ઈષત્સ્પૃષ્ટતા | પરસ્પર સ્વ. |

## स्यौ-जसमौ-शस्-टा-भ्याम्-भिस्-ङे-भ्याम्-भ्यस् ङसि-भ्याम्-भ्यस्-ङसोसाम्-ङ्योस् सुपां त्रयी त्रयी प्रथमादिः १/१/१८

**અર્થ :** सि-औ-जस्, अम-औ-शस्, टा-भ्याम्-भिस्, ङे-भ्याम्-भ्यस्, ङसि-भ्याम्-भ्यस्, ङस्-ओस्-आम्, ङि-ओस्-सुप् આ સ્યાદિ પ્રત્યયોનાં ત્રણ ત્રણનાં સમૂહ અનુક્રમે પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમી સંજ્ઞક થાય છે.

**સ.** (१) **स्यौ००सुपां** → सिश्च औश्च जस् च अम् च औश्च शस् च टाश्च भ्याम् च, भिस् च ङेश्च भ्याम् च भ्यस् च ङसिश्च भ्याम् च भ्यस् च ङस् च ओस् च आम् च ङिश्च ओस् च सुप् च इति स्यौ००सुपः, तेषामिति ।

(२) **प्रथमादिः** → प्रथमा आदिर्यस्याऽसौ इति ।

| વિ. | ઈત્ સંજ્ઞા સહિત પ્રત્યયો | | | ઈત્ સંજ્ઞા રહિત પ્રત્યયો | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમા | सि | औ | जस् | स् | औ | अस् |
| દ્વિતીયા | अम् | औ | शस् | अम् | औ | अस् |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તૃતીયા | टा | भ्याम् | भिस् | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી | ङे | भ्याम् | भ्यस् | ए | भ्याम् | भ्यस् |
| પંચમી | ङसि | भ्याम् | भ्यस् | अस् | भ्याम् | भ्यस् |
| ષષ્ઠી | ङस् | ओस् | आम् | अस् | ओस् | आम् |
| સપ્તમી | ङि | ओस् | सुप् | इ | ओस् | सु |

વિ. (૧) ઈત્‌નાં પ્રયોજનો :

(1) **सि માં इ ઈત્ :** જો અહીં इ ઈત્ ન કરે તો, 'सि नवेतौ' ૧.૨.૩૮ સૂત્ર આવું બનત અને તેમ થતાં કોઈપણ स् નિમિત્તક ओ થી પર इति આવતાં વિકલ્પે અસંધિ થવાની આપત્તિ આવત.

(2) **जस्, शस्, ङसि માં અનુક્રમે ज्, श्, ङ् ઈત્ :-** આ બધા પ્રત્યયો अस् સ્વરૂપવાળાં છે. તે સર્વમાં એક જ પ્રકારના કાર્ય ન થાય. માટે તફાવત જણાવવા ભિન્ન-ભિન્ન ઈત્‌નું ગ્રહણ કરેલ છે.

જેમકે, अत आः૦૧.૪.૧ સૂત્રમાં जस् ને બદલે अस् નું ગ્રહણ થતાં ચારે પ્રત્યયો પર છતાં અકારાન્ત નામોના अ નો आ થવાની આપત્તિ આવે.

(3) **टा માં ट् ઈત્ :** टा માં ट् ઈત્ ન હોત તો, टादौ स्वरे वा ૧.૪.૯૨ ના સ્થાને 'आदौ स्वरे वा' આવું સૂત્ર બનત. તેથી आ વિ. સ્વરાદિ પ્રત્યય પર છતાં તે સૂત્ર પ્રવૃત્ત થવાની આપત્તિ આવે.

(4) **ङसि માં इ ઈત્ :** પંચમી અને ષષ્ઠીનો તફાવત જણાવવા ङसि માં इ ઈત્‌નું ગ્રહણ છે. જો इ ઈત્ ન મૂકી હોત તો ङेङस्योर्यातौ ૧.૪.૬ નાં સ્થાને આવું સૂત્ર થાત અને તેમ

થતાં પંચમી અને ષષ્ઠી બન્ને ङस् નો आत् આદેશ થવાની આપત્તિ આવે.

(5) **ङे-ङसि-ङस्-ङिमां ङ् ઈત્ :** જો ङ् ઈત્નું ગ્રહણ ન કર્યું હોત તો आपो ङितां० ૧.૪.૧૮ થી ङित् પ્રત્યયો તરીકે ચારે પ્રત્યયોનું એક સાથે ગ્રહણ ન થઈ શકત. માટે સૂત્રમાં લાઘવ માટે ङ् ઈત્નું ગ્રહણ છે.

(6) **सुप्‌માં प् ઈત્ :** જો અહીં प् ઈત્ ન હોત તો सु નું સ.એ.વ. **सौ** થતાં अरोः सौ रः ૧.૩.૫૭ આવું સૂત્ર બને. તેથી આ સૂત્રમાં પ્ર.એ.વ.નો सि લેવો કે સ.બ.વ.નો सु લેવો તેની સ્પષ્ટતા માટે प् ઈત્નું ગ્રહણ છે.

વિશેષ કથન ન્યાસમાંથી જાણવું.

(૨) सि વિ. પ્રત્યયોના જુદા-જુદા નામોથી જુદા-જુદા સૂત્રો દ્વારા જુદા-જુદા આદેશો થાય છે. તે આદેશોને પ્રથમાદિ સંજ્ઞામાં ગ્રહણ કરવા માટે સૂત્રમાં 'सुपां' બ.વ. કરેલ છે.

**ઉદા.** सर्वादेः स्मै०૧.૪.૭થી ङे અને ङसिनां स्मै-स्मात् આદેશને ચતુર્થી-પંચમી વિભક્તિ કરવા માટે બ.વ. કરેલ છે.

**જિ.** स्थानीवाऽवर्णविधौ ૭.૪.૧૦૯ પરિભાષાથી આદેશોની પણ પ્રથમા વિ. સંજ્ઞા સિદ્ધ જ હતી છતાં બ.વ. શા માટે કર્યું ?

**સમા.** પરિભાષા કે ન્યાયથી સિદ્ધ હોવા છતાં તેના વિના સૂત્રમાં ફેરફારો કરીને સિદ્ધ કરવું તે વધારે બળવાન હોય છે. માટે બ.વ. દ્વારા સિદ્ધ કરેલ છે.

## स्त्यादिर्विभक्तिः ૧/૧/૧૯

**અ.અ.સૂ. : स्त्यादिः विभक्तिः ।**

**અર્થ :** स् અને ति એ પ્રમાણે અનુબંધ વગરનાં सि અને तिव्‌નું ગ્રહણ છે. सि થી सुप् સુધીનાં ૨૧ પ્રત્યયો અને तिव् થી स्यामहि

સુધીનાં ૧૮૦ પ્રત્યયો વિભક્તિસંજ્ઞક થાય છે.

સ. **स्त्यादिः** → स् च तिश्च इति स्ती ।

स्तीआदिर्यस्याःसा इति **स्त्यादिः** ।

★ **विभक्तिः** → विभज्यते प्रकटीक्रियते कर्तृकर्मादयोऽर्था अनया इति ।

જેના વડે કર્ત્તા-કર્મ વિ. અર્થો પ્રગટ કરાય છે તે વિભક્તિ.

[भर्जी सेवायाम् ८९५]

श्र्वादि०५.३.९२थी क्ति→वि+भज्+**ति**

नाम सिदय्०१.१.२०थी वि+भज् ने **પદસંજ્ઞા.**

च-जः०२.१.८६थी ग् → वि+भ**ग्**+ति

अघोषे०१.३.५०थी ग् नो क् → विभ**क्ति**

પ્રથમા सि વિ. થતાં वि**भक्तिः** ।

વિ. : **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य ।** ૨/૧૭ આ ન્યાયાનુસારે અહીં सि વિ.ના ગ્રહણથી सि વિ. પ્રત્યયને જ વિભક્તિસંજ્ઞા થશે પણ सि જેને અન્તે છે તેને વિભક્તિ સંજ્ઞા નહીં થાય.

## तदन्तं पदम् १/१/२०

**અર્થ :** तद् = વિભક્તિ જેને અન્તે છે તે પદસંજ્ઞક થાય છે.

**સ :** **तदन्तम्** → सा=विभक्तिः अन्ते यस्य तदिति ।

★ **पदम्** → पद्यते-गम्यते कारकसंसृष्टोऽर्थोऽनेनेति ।

કારકથી યુક્ત અર્થ જેના વડે જણાય તે પદ (पदिंच् गतौ-१२५७)

वर्षादयः क्लीबे ५.३.२९थी अल्→पद्+**अ**

પ્રથમા सि વિ. થતાં पदम् ।

ઉદા. : (૧) **धर्मो वः स्वम्** । → ધર્મ તમારું ધન છે.

नाम्नः०२.२.३१थी પ્રથમા(सि) → धर्म+**स्**

આ સૂત્રથી धर्मस्ने **પદસંજ્ઞા**

सोरुः२.१.७२थी र् → धर्मर्
धर्मर् युष्माकं स्वम् અહીં,
घोषवति१.૩.२१थी उ → धर्मउ युष्माकं स्वम् ।
अवर्णस्ये०१.२.६थी **धर्मो** युष्माकं स्वम् ।
पदाद्युग्०२.१.२१थी धर्मो પદથી પર રહેલ युष्माकम् नो
वस् આદેશ धर्मो **वस्** स्वम्
सोरु २.१.७२ वि. थी → धर्मो वः स्वम् ।

(२) **ददाति नः शास्त्रम् ।** → અમને શાસ્ત્ર આપે છે.
[डुदांगक् दाने-११३८] वर्तमाना० ૩.૩.૧૬થી दा+**ति**
एता शितः ૩.૩.૧૦થી तिव्ने **शित्संज्ञा**
हवः शिति ४.१.१२थी द्वित्व → **दा**दा+ति
ह्रस्वः४.१.३९थी **द**दाति अस्मभ्यं शास्त्रम् અહીં
આ સૂત્રથી ददातिને **પદસંજ્ઞા** થવાથી
पदाद्युग्०२.१.२१थी ददाति પદથી પર રહેલ अस्मभ्यंनो
नस् આદેશ → ददाति **नस्** शास्त्रम् ।
પૂર્વવત્ વિસર્ગ વિ. થતાં → ददाति नः शास्त्रम् ।
અહીં धर्म અને ददाति ને પદસંજ્ઞા થવાથી पदाद्युग्० २.१.२१ થી युष्मद् નો ષ.બ.વ. युष्माकम्ના પ્રત્યય સહિત वस् અને अस्मद् નો ચ.બ.વ. अस्मभ्यम्ના પ્રત્યય સહિત नस् આદેશ થયો. તેમજ धर्मो વિ.માં स् નો र् વિ. કાર્ય પણ પદસંજ્ઞાને જ કારણે છે.

**વિ.** **પદસંજ્ઞાના પ્રદેશો : पदस्य** २.१.८९ ઈત્યાદિ

**જિ.** સૂત્રમાં 'अन्त'નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** જો 'अन्त'નું ગ્રહણ ન કર્યું હોય તો સૂત્ર 'सा पदम्' એવું થાત. તેથી सा થી વિભક્તિનું ગ્રહણ થવાથી વિભક્તિને જ પદસંજ્ઞા થાત અને बाल+सुप् અહીં सुने પદસંજ્ઞા થતાં स् તે પદની આદિમાં આવે તેથી नाम्यन्तस्था०२.૩.१५थी स् નો ष् ન થાત.

તેમજ, **संज्ञोत्तरपदाधिकारे०** ૨/૧૭ ન્યાયથી પણ વિભક્તિના પ્રત્યયને જ પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી તે ન કરતાં વિભક્ત્યન્ત શબ્દને પદસંજ્ઞા કરવા સૂત્રમાં 'अन्त' પદનું ગ્રહણ છે.

## नाम सिदय्व्यञ्जने १/१/२१

**અ.અ.સૂ. : सिदय्व्यंञ्जने नाम पदम् ।**

**અર્થ :** स् ઈત્‌વાળા પ્રત્યય તેમજ, य् સિવાયના વ્યંજનાદિ પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદસંજ્ઞક થાય છે.

**સ.** **सिदय्व्यञ्जने**→स् इत् अनुबन्धो यस्याऽसौ तत् सित्, न य् इति अय् अय् च तद् व्यञ्जनमिति अय्व्यञ्जनम्, सिच्च अय्व्यञ्जनञ्च इति सिदय्व्यञ्जनम्, तस्मिन्निति ।

**ઉદા. : (१) सित् પ્રત્યય → भवदीयः** → તમારાં સંબંધી.
भवतोऽयम् → भवतो०૬.૩.૩૦થી भवत्+**ईयस्**
આ સૂત્રથી **પદસંજ્ઞા** धुटस्तृतीयः૨.૧.૭૬થી भव**दीयस्**।
પ્રથમા सि→भवदीयस्+**स्**
दीर्घङ्याब्०૧.૪.૪૫થી सि નો લોપ→भवदीयस्
तदन्तं०૧.૧.૨૦થી **પદસંજ્ઞા.**
सोरुः ૨.૧.૭૨થી रु→भवदीय**र्**
रः पदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→भवदीयः ।

(२) **अय् વ્યંજનાદિ → पयोभ्याम्** → બે(પ્રકારનાં) પાણી વડે.
हेतुकर्तृ० ૨.૨.૪૪થી भ्याम् → पयस्+**भ्याम्**
આ સૂત્રથી पयस्ने **પદસંજ્ઞા**
सोरुः ૨.૧.૭૨થી र् → पय**र्** + भ्याम्
घोषवति૧.૩.૨૧થી उ → पय**उ** + भ्याम्
अवर्णस्ये० ૧.૨.૬થી ओ → **पयो**भ्याम् ।
तदन्तं० ૧.૧.૨૦થી पयोभ्याम्ने **પદસંજ્ઞા.**

પ્ર.ઉદા. (૧) **अय् इति किम् ? वाच्यति** → તે વાણીને ઈચ્છે છે. **वाचमिच्छतीति ।**

अमाव्ययात्०३.४.२३थी **क्यन्** → वाच् + य

वर्त्तमाना०३.३.६थी वाच्+य+**ति**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→वाच्+य+**अ**+ति

लुगस्यादे०२.१.११३थी अनो લોપ→वाच्यति ।

અહીં य् વ્યંજન છે આદિમાં જેને એવો क्यन् પ્રત્યય છે જેનું સૂત્રમાં વર્જન છે માટે આ સૂત્રથી वाच् ને પદસંજ્ઞા ન થઈ.

વિ. (૧) सप्तम्या पूर्वस्य७.४.१०५ આ પરિભાષાથી સૂત્રમાં દર્શાવેલ શરતવાળાં પ્રત્યયોની પૂર્વના નામને આ સૂત્રથી પદસંજ્ઞા થાય છે.

(૨) सप्तम्या आदिः ७.४.११४ આ પરિભાષાથી व्यञ्जने થી વ્યંજન આદિવાળા પ્રત્યયોનું ગ્રહણ કરવું.

જિ. भवत्+ङसि+ईयस् અહીં ऐकार्थ्ये ૩.૨.૮ થી ङसि નો લોપ થાય છે. પણ **प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते** । ૩/૯ આ ન્યાયથી ङसि ના કારણે तदन्तं०१.१.२०થી भवत् ને પદસંજ્ઞા સિદ્ધ જ હતી, છતાં આ સૂત્રમાં सित् અંશનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. **सिद्धे सत्यारम्भो नियमार्थः** ૧/૨૫ ન્યાયાનુસારે આ સૂત્રની રચના નિયમ માટે થઈ છે. **નિયમ :** તદ્ધિતનો પ્રત્યય પર છતાં અન્તવર્ત્તિ[૧]વિભક્તિનો સ્થાનીવદ્ભાવ માનીને જો પદસંજ્ઞા થાય તો सित् એવો તદ્ધિત પ્રત્યય પર છતાં જ થાય, अण् વગેરે અન્ય તદ્ધિતનાં પ્રત્યય પર છતાં નહીં.

## नं क्ये १/१/२२

**અ.અ.સૂ. : नं नाम क्ये पदम् ।**

---

૧. લોપ થવાના કારણે જે સાક્ષાત્ દેખાતી નથી પણ અર્થથી જણાય છે તે વિભક્તિ.

**અર્થ :** 'क्ये' એ પ્રમાણે પદથી क्यन्, क्यङ् અને क्यङ्ष् નું ગ્રહણ થાય છે. नूકારાન્ત નામ क्य પર છતાં પદસંજ્ઞક થાય છે.

**ઉદા.** (૧) **राजीयति** → રાજાને ઈચ્છે છે → राजानमिच्छतीति
अमाव्ययात्०३.४.२३થી क्यन् → राजन्+**य**
આ સૂત્રથી राजन्ને **પદસંજ્ઞા** થવાથી,
नाम्नो नो०२.१.९१थी न् નો લોપ → **राज**+य
क्यनि४.३.११२थी अ નો ई → **राजीय** ।
वर्त्तमाना०३.३.६થી तिव्→राजीय+**ति**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→राजीय+**अ**+ति
लुगस्या०२.१.११४ થી → राजी**य**ति

(૨) **राजायते** → રાજાની જેમ આચરણ કરે છે. राजेवाचरतीति।
क्यङ्३.४.२६થી क्यङ् → राजन्+**य**
આ સૂત્રથી राजन् ને **પદસંજ્ઞા** થવાથી,
नाम्नो नो०२.१.९१થી न् નો લોપ **राज** + य
दीर्घश्च्वि०४.३.१०८થી आ → **राजाय**
વર્તમાનાનાં પ્રત્યયો વિ. પૂર્વવત્ થતાં राजायते ।

(૩) **चर्मायति/चर्मायते** → જે ચર્મરૂપે નથી તે ચર્મરૂપે થાય છે.
अचर्मवान् चर्मवान् इव भवति ।
डाच्०३.४.३०થી क्यङ्ष् → चर्मन् + य
આ સૂત્રથી चर्मन् ને **પદસંજ્ઞા** તેથી
नाम्नो०२.१.९१થી चर्म + य
दीर्घश्च्वि०४.३.१०८થી → चर्माय
પૂર્વવત્ तिव् વિ. થતાં चर्मायति/चर्मायते
(क्यङ्षो०३.३.४३ સૂત્રથી આત્મનેપદી વિકલ્પે.)

**વિ. :** અહીં नाम०१.१.२१થી य्કારાદિ પ્રત્યય પર છતાં પદસંજ્ઞાનો નિષેધ હતો પણ क्य પ્રત્યય પર છતાં न्કારાન્ત નામો પદસંજ્ઞાને

પામે છે. તેવો અપવાદ આ સૂત્ર દ્વારા દર્શાવ્યો છે.

**જિ.** સૂત્રગત नं પદથી न् અન્તવાળા નામનું ગ્રહણ કેવી રીતે કર્યું ?

**સમા.** नं તે નામનું વિશેષણ બને છે અને विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાથી नं વિશેષણને 'अन्त' પદ જોડાતાં न्કારાન્ત નામનું ગ્રહણ થાય છે.

**જિ.** **एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य ।** ૧/૩૩ આવો ન્યાય છે તો क्य થી क्यन्, क्यङ् અને क्यङ्ष् ત્રણેનું ગ્રહણ કેવી રીતે થયું ?

**સમા.** સૂત્રમાં દર્શાવેલ એકાનુબંધવાળો क्य પ્રત્યય તે કોઈપણ નામથી થતો નથી. તેથી જો क्यन् વિ.નું ગ્રહણ ન કરીએ તો સૂત્ર નિરર્થક જવાની આપત્તિ આવે માટે સૂત્રમાં 'क्य' પદથી क्यन्, क्यङ् અને क्यङ्ष् ત્રણેનું ગ્રહણ થાય છે. આમ અહીં આ ન્યાય અનિત્ય જણાય છે.

**જિ.** क्य ઉપલક્ષિત પાંચ પ્રત્યયો છે છતાં અહીં ત્રણ પ્રત્યયનું જ ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** સૂત્રમાં દર્શાવેલાં क्यन् વિ. ત્રણ પ્રત્યયો નામને લાગે છે, જ્યારે કર્મણિનો क्य અને વિધ્યર્થનો क्यप् ધાતુને લાગે છે. અને અહીં નામની અનુવૃત્તિ ચાલે છે તેથી ત્રણ પ્રત્યયોનું જ ગ્રહણ છે.

## न स्तं मत्वर्थे ૧/૧/૨૩

**અ.અ.સૂ. : स्तं नाम मत्वर्थे पदं न ।**

**અર્થ :** स् અન્તવાળું અને त् અન્તવાળું નામ मतु અર્થવાળાં પ્રત્યયો પર છતાં પદસંજ્ઞક થતું નથી.

**સ.** (૧) **स्तं** →स् च त् च इति । (समाहारत्वादेकत्वम्)

(૨) **मत्वर्थे** →मतोरर्थो यस्य स इति मत्वर्थः, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **यशस्वी** → યશવાળો → यशोऽस्ति यस्य स इति ।

अस्-तपो०७.२.४७थी विन् → यशस् + **विन्**

આ સૂત્રથી यशस्ने **પદસંજ્ઞાનો નિષેધ.**

પ્રથમા सि→यशस्विन्+**स्**

दीर्घङ्याब्०१.४.४५थी सि नो લોપ→यशस्वीन्

इन्हन्० १.४.८७थी દીર્ઘ→**यशस्वीन्**

तदन्तं०१.१.२०थी यशस्वीन्ने **પદસંજ્ઞા**

नाम्नो०२.१.९१थी न् નો લોપ→यशस्वी

જો यशस्ने પદસંજ્ઞા થઈ હોત તો सोरुः२.१.७२ આદિ લાગી यशोवी આવું અશુદ્ધ રૂપ થાત.

(२) **तडित्वान्** → **મેઘ.** तडिदत्राऽस्ति इति ।

तदस्या०७.२.१थी मतु → तडित् + **मत्**

मावर्णान्तो० २.१.९४थी म् નો व् → तडित्**वत्**

પ્રથમા सि→तडित्वत्+**स्**

ऋदुदितः १.४.७० થી न् આગમ→तडित्वन्त्+स्

अभ्वादे०१.४.९०थी દીર્ઘ→तडित्**वान्**त्+स्

दीर्घङ्याब्०१.४.४५थी सि નો લોપ→तडित्वान्त्

तदन्तं०१.१.२०थी **तडिन्वान्त् પદસંજ્ઞા**

पदस्य २.१.८९थी त् નો લોપ→तडित्वान् ।

આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ ન કર્યો હોત તો, धुटस्तृतीयः २.१.७६थी द् થઈ तडिद्वान् આવું અશુદ્ધ રૂપ થાત.

**वि. :** नाम सिदय्० १.१.२१थी मतु અર્થવાળા પ્રત્યય પર છતાં જે स्કારાન્ત-त्કારાન્ત નામને પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી તેના નિષેધ માટે આ સૂત્રની રચના છે.

**વ્યંજનાદિ મત્વર્થીય પ્રત્યયો :** ग्मिन्, त, ति, तु, न, भ, म, मिन्, य, यस्, युस्, र, ल, व, वल, वलच्, विज्, श ।

## मनुर्नभोऽङ्गिरो वति १/१/२४

**અ.અ.સૂ. : मनुर्नभोङ्गिरः वति पदं न ।**

**અર્થ :** मनुस्, नभस् અને अङ्गिरस् આ ત્રણ નામ वत् પ્રત્યય પર છતાં પદસંજ્ઞક થતાં નથી.

**સ.** **मर्नुनभोङिगरः**→मनुश्च नभश्च अङ्गिराश्च इति । (प्रथमा बहु० जस्, सूत्रत्वात् लोपः ।)

**ઉદા. :** (૧) **मनुष्वत्** → મનુષ્યની જેમ → मनुरिव
स्यादेरिवे७.१.५२थी **वत्** → मनुस् + **वत्** અને આ સૂત્રથી मनुस् ને **પદસંજ્ઞાનો નિષેધ** થવાથી, પદની મધ્યમાં રહેલાં स् નો नाम्यन्तथा०२.३.१५थी ष्→**मनुष्वत्** ।
वत्तस्याम् १.१.३४थी मनुष्वत्ने **અવ્યયસંજ્ઞા.**
પ્રથમા सि→मनुष्वत्+**स्**
अव्ययस्य ३.२.७थी सि નો લોપ→मनुष्वत् ।

(૨) **नभस्वत्** → આકાશની જેમ → नभ इव ।

(૩) **अङ्गिरस्वत्** → અંગિરા ઋષિની જેમ → अङ्गिरा इव ।

આ બન્નેની સાધનિકા मनुष्वत् જાણવી.

★ જો આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ ન કર્યો હોત તો मनुर्वत्, नभोवत् અને अङ्गिरोवत् આવાં અશુદ્ધ પ્રયોગો થાત.

**વિ. :** (૧) नाम सिदय्०१.१.२१थी જે वत् પ્રત્યય પર છતાં પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી તેના નિષેધ માટે આ સૂત્રની રચના છે.

## वृत्त्यन्तोऽसषे १/१/२५

**અ.અ.સૂ. : वृत्त्यन्तः पदं न, असषे ।**

**અર્થ :** **वृत्तिः** = પર અર્થને કહેનારી સમાસ વગેરે. વૃત્તિનો અન્તભાગ પદસંજ્ઞક થતો નથી. પરંતુ स् નો ष् થવાની સંભાવના હોતે છતે

પદસંજ્ઞક થાય છે.

સ. (૧) **वृत्यन्तः** → वृत्तेः अन्त इति ।

(૨) **असषे** → सश्च षश्च इति सषम्, न सषमिति असषम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **સમાસ : परमदिवौ** → સારા દિવસવાળાં બે મહિના.

परमा द्यौर्ययोस्तौ इति । एकार्थं०३.१.२२થી સમાસ

અથવા શ્રેષ્ઠ બે સ્વર્ગો. परमौ च दिवौ च

विशेषणं०३.१.९६થી સમાસ→परम+दिव्

(ऐकार्थ्ये०३.२.८થી સમાસ અન્તર્ગત વિભક્તિનો લોપ)

तदन्तं०१.१.२०થી બન્નેને **પદસંજ્ઞા**ની પ્રાપ્તિ.

આ સૂત્રથી दिव्ने **પદસંજ્ઞાનો નિષેધ** થવાથી,

પ્રથમા औ→परमदिव्+**औ**

तदन्तं०१.१.२०થી સંપૂર્ણ परमदिवौने **પદસંજ્ઞા.**

★ જો दिव् ને પદસંજ્ઞાનો નિષેધ ન કર્યો હોત તો उ पदान्ते० २.१.११८ थी व् नो उ થતાં परमदिउ+औ=परमद्यू આવો અનિષ્ટ પ્રયોગ થાત.

(૨) **तद्धित : बहुदण्डिनौ** → કંઈક લાકડીવાળો.

**दण्डिन्**→दण्डो विद्यतेऽस्याऽसौ इति ।

अतोऽनेक०७.२.६થી इन्→दण्ड+**इन्**

अवर्णेवर्ण०७.४.६८થી अ નો લોપ→दण्डिन्

હવે, इषदूनौ दण्डिनौ इति **बहुदण्डिनौ** ।

नाम्नः प्राग्०७.३.१२થી बहु પ્રત્યય→**बहु**+दण्डिन्

આ સૂત્રથી दण्डिन् ने तदन्तं०१.१.२०થી પ્રાપ્ત પદસંજ્ઞાનો નિષેધ. પ્રથમા औ→बहुदण्डिनौ ।

★ જો આ સૂત્રથી दण्डिन् ને પદસંજ્ઞાનો નિષેધ ન કર્યો હોત તો तदन्तं०१.१.२०થી दण्डिन् પદ થતાં नाम्नो०२.१.९१થી

न्‌નો લોપ થાત અને बहुदण्ड्यौ આવું અનિષ્ટ રૂપ થાત.

**પ્ર.ઉદા.** (१) **असष इति किम् ? दधिसेक्** → દહીંને સીંચવાવાળો.

सिञ्चतीति विच् [षिचींत् क्षरणे १३२१]

षः सो०२.३.९८थी स् → **सिच्** ધાતુ.

मन्-वन्०५.१.१४७ થી विच् → सिच् + **विच्**

अप्रयोगीत् १.१.३७ થી सिच् + ०

**क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते । २/४८**

ન્યાય દ્વારા શબ્દ હોવા છતાં ધાતુત્વ નો અત્યાગ થવાથી,

लघोरु०४.३.४थी ગુણ → **सेच्**

પ્રથમા सि → सेच् + **स्**

तदन्तं १.१.२० થી **પદસંજ્ઞા.**

दध्नः सेक् इति । दधिसेच्+स्

दीर्घङ्याब्०१.४.४५ થી सि નો લોપ → दधिसेच्

चजः०२.१.८६થી → दधिसे**क्** ।

અહીં नाम्यन्तस्था०२.३.१५થી स् નો ष् થવાની પ્રાપ્તિ હતી પણ આ સૂત્રમાં રહેલાં 'असषे' ના વિધાનનાં કારણે પદસંજ્ઞાનો નિષેધ ન થયો. તેથી सेच् ને પદસંજ્ઞા થવાથી स् તે પદની આદિમાં આવતાં ष् ન થયો અને दधिषेक् આવું અનિષ્ટ રૂપ ન થયું.

**વિ.** (१) **वृत्तिः परार्थाभिधायी समासादिवृत्तिः ।**

અન્ય અર્થને કહેનારી સમાસાદિ વૃત્તિ કહેવાય. તે ત્રણ પ્રકારે છે. a. સમાસ, b. નામધાતુ અને c. તદ્ધિત. (કેટલાંક કૃદન્ત અને એકશેષને પણ વૃત્તિ કહે છે.)

**જિ.** આ સૂત્રની રચના શા માટે કરી ?

**સમા.** અન્તવર્તિવિભક્તિની અપેક્ષાએ સમાસ વિ. વૃત્તિમાં રહેલા નામોને तदन्तं०१.१.२०થી પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી. તેમાં વૃત્તિના

અન્તભાગને પદસંજ્ઞાના નિષેધ માટે આ સૂત્રની રચના છે.

## सविशेषणमाख्यातं वाक्यम् १/१/२६

**અ.અ.સૂ. : सविशेषणम् आख्यातं वाक्यम् ।**

**અર્થ :** પ્રયોગ કરાતાં કે પ્રયોગ નહીં કરાતાં વિશેષણ સહિતનું પ્રયોગ કરાતું કે પ્રયોગ નહીં કરાતું ક્રિયાપદ (आख्यात) તે વાક્યસંજ્ઞક થાય છે.

**સ.** **सविशेषणम्** → सहविशेषणैर्वर्त्तते यः स इति ।

★ **वाक्यम्** → उच्यते इति । જે બોલાય છે તે.
(वचंक् भाषणे-१०९६)
ऋवर्ण०५.१.१७थी घ्यण्→वच्+**य**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**वा**च्+य
क्तेऽनिट०४.१.१११थी क्→वा**क्**+य
प्रथमा सि वि. →वाक्**यम्** ।

**ઉદા. :** આના કુલ ૪ ભાંગા છે.

**(૧) પ્રયુજ્યમાન વિશેષણ અને પ્રયુજ્યમાન આખ્યાત →**
**धर्मो वो रक्षतु** । ધર્મ અમારું રક્ષણ કરો.
અહીં धर्मः અને वस् બન્ને ક્રિયાપદના વિશેષણ તરીકે છે.

**(૨) અપ્રયુજ્યમાન વિશેષણ અને પ્રયુજ્યમાન આખ્યાત →**
**लुनीहि₃ पृथुकाँश्च खाद** । → તું કાપ. (અને પૌંઆ ખા.)
અહીં लुनीहि₃ એટલું જ ઉદા. છે. पृथुकाँश्च તે વાક્યપૂર્ત્તિ માટે છે. તેના વગર हि₃ પ્લુત ન થઈ શકે. અહીં માત્ર ક્રિયાપદ જ છે વિશેષણ નથી.

**(૩) પ્રયુજ્યમાન વિશેષણ અને અપ્રયુજ્યમાન આખ્યાત →**
**शीलं ते स्वम्** । → શીલ તારું ધન છે.

અહીં શીલ વિ. ત્રણે શબ્દ વિશેષણ છે પણ ક્રિયાપદ નથી.

(૪) **અપ્રયુજ્યમાન વિશેષણ અને અપ્રયુજ્યમાન આખ્યાત → ૦**
વિશેષણ અને ક્રિયાપદ બન્ને ન હોય તેવું કોઈ વાક્ય જ નથી.

**વિ.** (૧) **વાક્ય સંજ્ઞાના પ્રદેશો :** पदाद्युग० ૨.૧.૨૧ ઈત્યાદિ.

(૨) **विशेषणम्**→ विशिष्यतेऽन्यतो व्यवच्छिद्यते विशेष्यं येनेति ।
વિશેષ્યમાં વિશેષતા બતાવવા દ્વારા વિશેષ્યને જેના વડે અન્યથી જુદું પડાય છે તે વિશેષણ.

**ઉદા.** पचति – તે રાંધવાની ક્રિયાને દર્શાવે છે તેમાં કોઈપણ વડે રાંધવાની ક્રિયાની સંભાવના છે. જ્યારે रामः पचति આવો પ્રયોગ કરાય છે ત્યારે 'राम સંબંધી જ पच्' ક્રિયા આવતાં બીજા બધા સંબંધી पच् ક્રિયાનો વ્યવચ્છેદ થાય છે. આમ, राम તે ક્રિયાનું વિશેષણ બને છે.

## अधातु-विभक्ति-वाक्यमऽर्थवन्नाम १/१/२७

**અ.અ.સૂ. : अधातु-विभक्ति-वाक्यम् अर्थवत् नाम ।**

**અર્થ :** ધાતુ, વિભક્ત્યન્ત અને વાક્ય સિવાયનો પણ અર્થવાળો શબ્દ (વર્ણ કે વર્ણનો સમુદાય) નામસંજ્ઞક થાય છે.

**સ.** **अधातु-विभक्ति-वाक्यम्** → धातुश्च विभक्तिश्च वाक्यञ्चेति । धातुविभक्तिवाक्यम्, न धातुविभक्तिवाक्यमिति ।

★ **नाम**→नमति प्रह्वीभवति जनोऽनेनेति ।
(णमं प्रह्वत्वे-३८८) પાઠે धात्वादे०૨.૩.૯૭થી **नम्** ધાતુ
ઉણાદિ-૯૧૬થી मन्→**नामन्** (નિપાતન)
પ્રથમા सि→नामन्+**स्**
अनतो०૧.૪.૫૯થી सि નો લોપ→नामन्
तदन्तं०૧.૧.૨૦થી नामन् ને **પદસંજ્ઞા** થવાથી,

नाम्नो नो०२.१.९१थी न् नो લોપ→नाम ।

ઉદા. (१) **वृक्षः** → ઝાડ. આ સૂત્રથી वृक्ष ને **નામસંજ્ઞા** થવાથી,
स्यौजसमौ-शस्०१.१.१८थी (પ્રથમા)सि→वृक्ष+**स्**
नाम्नः प्रथमैक० २.२.३१थी પ્રથમા વિભક્તિ.
तदन्तं०१.१.२०थी वृक्षस् ને **પદસંજ્ઞા**
सोरुः २.१.७२थी रु→वृक्ष**र्**
रः पदान्ते०१.३.५३थी વિસર્ગ→वृक्षः ।

(२) **स्वः** → પોતાનું. स्व+सि

(३) **धवः** → ધાવડી નામનું વૃક્ષ. धव+सि

પ્ર.ઉદા. (१) **अधातु००मिति किम् ? अहन्** → તે હિંસા કરી.
[हनंक् हिंसा-गत्योः ११००] અહીં ધાતુ છે.

(२) **वृक्षान्** → વૃક્ષોને. અહીં વિભક્ત્યન્ત પદ છે.

(३) **साधुर्धर्मं ब्रूते** → સાધુ ધર્મ કહે છે. અહીં વાક્ય છે.

ઉપરોક્ત પ્ર.ઉદા.માં ધાતુ વિ. છે જેનું સૂત્રમાં વર્જન છે. માટે આ સૂત્રથી તેમને નામસંજ્ઞા ન થઈ.

જિ. 'अधातु०' અહીં પર્યુદાસનञ्‌નો આશ્રય લઈએ તો '**तद्भिन्न तद्सदृशग्राही**' એવા પર્યુદાસનञ्‌નાં કારણે શબ્દ અને ધાતુ વિ. અર્થવાન્ હોવાથી તદ્ભિન્ન અર્થવાળા શબ્દને જ નામસંજ્ઞા થશે તો શા માટે 'अर्थवद्' નું ગ્રહણ કર્યું ?

**સમા.** અહીં, ખરેખર પર્યુદાસનञ्‌નો આશ્રય કરેલ નથી. કારણ કે ધાતુ વિ.થી ભિન્ન એવા શબ્દોમાં ધાતુ વિ.નાં અનેક ધર્મોની સદૃશતામાંથી ક્યા ધર્મની સદૃશતા લેવી ? તેનો નિર્ણય થઈ શકતો નથી માટે अर्थवद् નું ગ્રહણ છે.

## शिर्घुट् १/१/२८

**અ.અ.સૂ. : शिः घुट् ।**

**અર્થ :** जस्-शस् (પ્ર.દ્વિ.બ.વ.)નો આદેશ शि ઘુટ્સંજ્ઞક થાય છે.

★ **घुट्** → घोषतीति (घुषृ शब्दे-४९७)
दिद्युद्-ददृद्०५.२.८३થી क्विप्→घुष्+०
પ્રથમા सि થતાં घुष्+**स्**
दीर्घङ्याब्०१.४.४५થી सि નો લોપ→घुष्
धुटस्तृतीयः२.१.७६થી ड्→**घुड्** ।
विरामे वा१.३.५१થી द्→**घुट्** ।

**ઉદા. :** (૧) **पद्मानि** → કમળો.
પ્રથમા जस् થતાં → पद्म+**अस्**
नपुंसकस्य०१.४.५५થી शि → पद्म+**इ**
આ સૂત્રથી **ઘુટ્સંજ્ઞા** થવાથી,
स्वराच्छौ१.४.६५થી न् આગમ → पद्म + **न्** + इ
निदीर्घः१.४.८५થી પૂર્વનો સ્વર દીર્ઘ → **पद्मानि**

(૨) **पयांसि** → (ઘણાં પ્રકારનાં) પાણી
દ્વિતીયા शस् થતાં → पयस्+**अस्**
नपुंसकस्य०१.४.५५થી शि → पयस्+**इ**
આ સૂત્રથી शि ને **ઘુટ્સંજ્ઞા** થવાથી,
धुटां प्राक्१.४.६६થી न् આગમ → पयन्स्+इ
न्स्महतोः१.४.८६થી य्नो अ દીર્ઘ → **पयान्सि**
शिड्हे०१.३.४०થી અનુસ્વાર → **पयांसि** ।

## पुं-स्त्रियोः स्यमौ-जस् १/१/२९

**અ.અ.સૂ. : पुंस्त्रियोः स्यमौजस् घुट् ।**

**અર્થ :** પુંલિંગ અને સ્ત્રીલિંગનાં પ્રથમા વિભક્તિનાં सि, औ, जस् અને દ્વિતીયા વિભક્તિનાં अम् અને औ પ્રત્યયો ઘુટ્સંજ્ઞક થાય છે.

**સ.** (૧) **पुं-स्त्रियोः** → पुमांश्च स्त्री चेति पुंस्त्रियोः, तयोरिति ।

(૨) **स्यमौ-जस्** → औश्च औश्च औ, सिश्च अम् च औश्च जस् च इति (प्रथमा बहु० जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. : (૧) **राजा** → રાજા → राजन्+सि

આ સૂત્રથી સિને **घुट्संज्ञा** થવાથી,

निदीर्घः૧.૪.૮૫થી પૂર્વનો સ્વર દીર્ઘ → **राजान्**+सि

नाम सिदय्०૧.૧.૨૧થી राजान्ने **પદસંજ્ઞા** થવાથી,

नाम्नो०૨.૧.૯૧થી न् નો લોપ → राजा+सि

दीर्घङ्याब्०૧.૪.૪૫થી सि નો લોપ → राजा ।

(૨) **राजानम्** → રાજાને. राजन्+अम्

પૂર્વવત્ આ સૂત્રથી **घुटसंज्ञा** થવાથી દીર્ઘ વિ. राजानम् ।

(૩) **राजानौ** → બે રાજા / બેરાજાને राजन्+औ

આ સૂત્રથી औने **घुट्संज्ञा** થવાથી દીર્ઘ. વિ. राजानौ ।

(૪) **राजानः** → ઘણાં રાજા → राजन्+जस्

આ સૂત્રથી जस्ने **घुट्संज्ञा** થવાથી દીર્ઘ વિ. राजानस्

सोरुः૨.૧.૭૨થી रु → राजानर्

रःपदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ → राजानः ।

એ જ પ્રમાણે सीमा, सीमानम्, सीमानौ, सीमानः માં સાધનિકા જાણી લેવી.

**અર્થ :** સીમા, સીમાને, બે સીમા, બે સીમાને, ઘણી સીમા.

## स्वरादयोऽव्ययम् १/१/३०

**અ.અ.સૂ. : स्वरादयः अव्ययम् ।**

**અર્થ :** स्वर् વિ. શબ્દો અવ્યયસંજ્ઞક થાય છે.

**સ.** **स्वरादयः** → स्वर् आदिर्येषां ते इति ।

**વ્યુ.** **अव्ययम्** → न व्ययति न चलति स्वस्वरुपात् इति । (व्ययी गतौ-૯૧૮) अच् ૫.૧.૪૯થી न+व्यय+**अ**

नञत् ૩.૨.૧૨૫થી अ→**अव्यय**
પ્રથમા सि वि. થતાં→अव्ययम् ।

ઉદા. (૧) **स्वः** → સ્વર્ગ. પ્રથમા सि→स्वर्+स्
આ સૂત્રથી **અવ્યયસંજ્ઞા** થવાથી,
अव्ययस्य ૩.૨.૭થી सिનો લોપ→स्वर्
तदन्तं०૧.૧.૨૦થી **પદસંજ્ઞા** થવાથી,
रः पदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→स्वः ।

(૨) **अन्तः** → અંદર પ્રથમા सि→સાધનિકા પૂર્વવત્ જાણવી.

વિ. : (૧) **અવ્યયની વ્યાખ્યા** →
**"सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।**
**कारकेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम् ॥"**
ત્રણે લિંગમાં, સર્વ વિભક્તિઓમાં અને સર્વકારકોમાં જે સમાન હોય છે, જેનો ક્યારેય ફેરફાર થતો નથી તેને અવ્યય કહેવાય છે.

(૨) **स्वरादि[१] ગણ :** स्वर्, अन्तर्, सनुतर्, पुनर्, प्रातर्, सायम्, नक्तम्, अस्तम्, दिवा, दोषा, ह्यस्, श्वस्, कम्, शम्, योस्, मयस्, विहायसा, रोदसी, ओम्, भूस्, भुवस्, स्वस्ति, समया, निकषा, अन्तरा, पुरा, बहिस्, अवस्, अधस्, असाम्प्रतम्, अद्धा, ऋतम्, सत्यम्, इद्धा, मुधा, मृषा, वृथा, वृषा, मिथ्या, मिथो, मिथु, मिथस्, मिथुस्, मिथुनम्, अनिशम्, मुहुस्, अभीक्ष्णम्, मङ्क्षु, झटिति, उच्चैस्, नीचैस्, शनैस्, अवश्यम्, सामि, साचि, विश्वक्, अन्वक्, ताजक्, द्राक्, स्राक्, ऋधक्, पृथक्, धिक्, हिरुक्, ज्योक्, मनाक्, ईषत्, जोषम्, ज्योषम्, तूष्णीम्, कामम्, निकामम्, प्रकामम्, अरम्, वरम्, परम्, चिरम्, आरात्, तिरस्, मनस्, नमस्, भूयस्, प्रायस्, प्रबाहु, प्रबाहुक्, प्रबाहुकम्, आर्य, हलम्, आर्यहलम्, स्वयम्, अलम्, कु,

---

૧. स्वरादि ગણ અન્તર્ગત શબ્દોના અર્થ સં.સૌ. માં જોવા.

बलवत्, अतीव, सुष्ठु, दुष्ठु, ऋते, सपदि, साक्षात्, सन्, प्रशान्, सनात्, सनत्, सना, नाना, विना, क्षमा, आशु, सहसा, युगपत्, उपांशु, पुरतस्, पुरस्, पुरस्तात्, शश्वत्, कुवित्, आविस्, प्रादुस् वि.

(૩) '**बहुवचनमाकृतिगणार्थम्**' આ વ્યાકરણશાસ્ત્રમાં જે-જે સૂત્રમાં ગણસૂચક પદથી બ.વ. કર્યું છે. ત્યાં પ્રાયઃ આકૃતિગણનો નિર્દેશ કરાય છે.

'आकृत्या गण्यते इति' તે-તે ગણ અન્તર્ગત શબ્દો સિવાયનાં પણ કેટલાંક શબ્દો તે-તે સૂત્રથી નિર્દિષ્ટ પ્રવૃત્તિવાળા સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે. તેવા પ્રયોગોમાં રહેલા શબ્દોનો સમાવેશ પણ તે-તે સૂત્રમાં નિર્દિષ્ટ ગણ અન્તર્ગત જેના દ્વારા થાય છે. તેને આકૃતિગણ કહેવાય છે.

**જિ.** अत्युच्चैसौ, अत्युच्चैसः અહીં उच्चैस् અવ્યયસંજ્ઞક હોવા છતાં વિભક્ત્યન્ત કેમ દેખાય છે ?

**સમા.** અહીં પૂર્વપદ પ્રધાન તત્પુરુષ સમાસ છે માટે પૂર્વપદની અપેક્ષાએ અહીં વિભક્ત્યન્ત રૂપો થાય છે અને પૂર્વપદ 'अति' તે અવ્યય સ્વરૂપે નથી. માટે अव्ययस्य ૩.૨.૭થી વિભક્તિનો લોપ થતો નથી. પરંતુ परमौच्चैः અહીં ઉત્તરપદ પ્રધાન સમાસ હોવાથી અવ્યયસંજ્ઞક ઉત્તરપદની અપેક્ષાએ अव्ययस्य ૩.૨.૭થી વિભક્તિનો લોપ થાય છે.

## चादयोऽसत्त्वे १/१/३१

**અ.અ.સૂ. : असत्त्वे चादयः अव्ययम् ।**

**અર્થ :** **असत्त्व** = અદ્રવ્ય અર્થમાં વર્તતાં च વિ. શબ્દો અવ્યયસંજ્ઞક થાય છે.

**સ.** **चादयः** → च आदिर्येषां ते इति ।

**ઉદા.** **०००वृक्षश्च इत्यादि** → ०००અને વૃક્ષ.

वृक्षः+**च**+सि→અહીં 'च' અને અર્થમાં વર્તે છે માટે અસત્ત્વ છે. તેથી આ સૂત્ર દ્વારા **અવ્યયસંજ્ઞા** થવાથી,
अव्ययस्य૩.૨.૭થી सि નો લોપ→वृक्षः+**च**
च-ट-ते स૦૧.૩.૭થી श्→वृक्षश्च ।

વિ. (૧) **असत्त्व → लिङ्गसङ्ख्यावत् द्रव्यं सत्वमिति, सत्त्वात् अन्यत्र वर्त्तमानः इति असत्त्वम् ।**
લિંગ અને સંખ્યાવાળું દ્રવ્ય કહેવાય છે. દ્રવ્યથી અન્ય જે હોય તે અસત્ત્વ.

(૨) **चादि[૧] ગણ :** च, अह, ह, वा, एव, एवम्, नूनम्, शश्वत्, सूपत्, कूपत्, कुवित्, नेत्, चेत्, नचेत्, चण्, कच्चित्, यत्र, नह, नहि, हन्त, माकिस्, नकिस्, मा, माङ्, न, नञ्, वाव, त्वाव, न्वाव, वावत्, त्वावत्, न्वावत्, त्वै, तुवै, न्वै, नुवै, रै, वै, श्रौषट्, वौषट्, वषट्, वट्, वाट्, वेट्, पाट्, प्याट्, फट्, हुंफट्, छंवट्, अध, आत्, स्वधा, स्वाहा, अलम्, चन, हि, अथ, ओम्, अथो, नो, नोहि, भोस्, भगोस्, अघोस्, अङ्गो, हंहो, हो, अहो, आहो, उताहो, हा, ही, हे, है, हये, अयि, अये, अररे, अङ्ग, रे, अरे, अवे, ननु, शुकम्, सुकम्, नुकम्, हिकम्, नहिकम्, ऊम्, हुम्, कुम्, उञ्, सुञ्, कम्, हम्, किम्, हिम्, अद्, कद्, यद्, तद्, इद्, चिद्, क्विद्, स्विद्, उत, बत, इव, तु, नु, यच्च, कच्चन, किमुत, किल, किङ्किल, किंस्वित्, उदस्वित्, आहोस्वित्; अहह, नहवै, नवै, नवा, अन्यत्, अन्यत्र, शव्, शप्, अथकिम्, विषु, पट्, पशु, खलु, यदिनाम, यदुत, प्रत्युत, यदा, जातु, यदि, यथाकथाच, यथा, तथा, पुद्, अथ, पुरा, यावत्, तावत्, दिष्ट्या, मर्या, आम, नाम, स्म, इतिह, सह, अमा, समम्, सत्रा, साकम्, सार्धम्, ईम्, सीम्, कीम्, आम्, आस्, इति, अव, अड, अट, बाह्या, अनुषक्,

---

૧. चादि ગણ અન્તર્ગત શબ્દોના અર્થ સં.સૌ.માં જોવા.

खोस्, अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, प्र, परा, अप, सम्, अनु, अव, निस्, दुस्, निर्, दुर्, आङ्, नि, वि, प्रति, परि, उप, अधि, अपि, सु, उद्, अति, अभि વિ.

(૩) સૂત્રમાં '**बहुवचनमाकृतिगणार्थम्**' આ પંક્ત્યનુસારે બ.વ. તે આકૃતિગણ માટે છે. તેથી ગણમાં ગ્રહણ નહીં કરેલા એવા आत, यत्तत्, यतस्तत, अनुकम्, शंवट्, व, चाटु, चटु, हुम्, तुम्, इव વગેરેને પણ આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે.

## अधण्तस्वाद्या शसः १/१/३२

**અ.અ.સૂ. : अधण्तस्वादि आशसः नाम अव्ययम् ।**

**અર્થ :** धण् સિવાયનાં तसु થી शस् સુધીનાં પ્રત્યયો જેને અન્તે છે તે નામ અવ્યયસંજ્ઞક થાય છે.

**સ. :** **अधण्तस्वादि** → न धण् इति अधण्, तसु आदिर्येषां ते इति तस्वादयः, अधण् च तत् तस्वादयश्च इति । [प्रथमा जस्, सूत्रत्वात् लोपः]

ઉદા. : (૧) **देवा अर्जुनतोऽभवन्** → દેવો અર્જુનનાં પક્ષમાં થયા.
अर्जुनस्य पक्षे इति ।
व्याश्रये०७.२.८१થી तसु → अर्जुन+**तस्**
પ્રથમા सि → अर्जुनतस्+**स्**
આ સૂત્ર દ્વારા अर्जुनतस्ने **અવ્યયસંજ્ઞા** થવાથી,
अव्ययस्य ૩.૨.૭થી सि નો લોપ → अर्जुनतस्
**प्रत्ययलोपेऽपि०** ન્યાયાનુસારે,
तदन्तं०१.१.२०થી अर्जुनतस् ને **પદસંજ્ઞા** થવાથી,
सोरुः २.१.७२થી रु→**अर्जुनतर्**
रः पदान्ते०१.३.५३થી વિસર્ગ→अर्जुनतः ।

(૨) **ततः** → તેનાથી → **तस्मात् ।**

किमद्व्यादि०७.२.८९થી तस् → तद्+**तस्**
आद्वेरः२.१.४१થી द् નો अ → **तअ**+तस्
लुगस्या०२.१.११३થી त ના अ નો લોપ → त+तस्
પૂર્વવત્ અવ્યયસંજ્ઞા વિ. થતાં ततः ।

(૩) **तत्र** → તેમાં → **तस्मिन्** ।
सप्तम्याः ७.२.९४થી त्रप् → तद्+**त्रप्**
आद्वेरः २.१.४१ વિ.થી પૂર્વવત્ त+त्र → तत्र ।
અવ્યય સંજ્ઞા વિ. પૂર્વવત્ થતાં → तत्र ।

(૪) **बहुशः** → ઘણા પ્રકારે → **बहुभ्य इति** ।
बह्वल्पर्थात्० ७.२.१५०થી शस् → बहु+**शस्**
પ્રથમા सि વિ. પૂર્વવત્ → बहुशः ।

પ્ર.ઉદા. (૧) **अधणिति किम् ? पथिद्वैधानि** → માર્ગમાં બે પ્રકારવાળા
द्वाभ्यां प्रकाराभ्यामिति ।
तद्वति ७.२.१०८થી धण् → द्वि+**ध**
वृद्धिः स्वरेष्वादे०७.४.१થી વૃદ્ધિ = **द्वै**ध
પ્રથમા जस्→द्वैध+**अस्**
नपुंसकस्य०१.४.५५થી शि→द्वैध+**इ**
शिर्घुट् १.१.२८થી शि ને **घुट्संज्ञा.**
स्वराच्छौ १.४.६५થી न् આગમ→द्वैध+**न्**+इ
नि दीर्घः १.४.८५થી દીર્ઘ→द्वै**धा**नि ।
સૂત્રમાં धण् પ્રત્યયનું વર્જન છે તેથી અહીં धण् પ્રત્યયાન્ત द्वैध ને અવ્યયસંજ્ઞા ન થઈ.

**વિ. तस् થી शस् સુધીના પ્રત્યયો :**

૭.૨.૮૧થી ૭.૨.૧૫૦ સુધીના સૂત્રોમાં દર્શાવેલ પ્રત્યયોનું અહીં ગ્રહણ કરવું તે આ પ્રમાણે છે :
तसु, प्तस्, त्रप्, दा, एद्युस्, द्युस्, र्हि, था, धा, ध्यमञ्, कृत्वस्, सुच्,

रि, रिष्टात्, अस्, अस्तात्, स्तात्, अतस्, आत्, आ, आहि, एन, च्वि, सात्, त्रा, डाच्, प्शस्, शस् ।

જિ. સૂત્રમાં शस् પ્રત્યય છે તે કયો લેવો ? દ્વિ. બ.વ.નો કે તદ્ધિતનો ?

સમા. तस् વિ. પ્રત્યયો તદ્ધિતનાં જ હોવાથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે तस्નો સહચારી शस् પણ તદ્ધિતનો જ ગ્રહણ કરવો.

## विभक्ति-थमन्ततसाद्याभाः ૧/૧/૩૩

**અ.અ.સૂ. : विभक्ति-थमन्ततसाद्याभाः नाम अव्ययम् ।**

**અર્થ :** વિભક્ત્યન્ત જેવા લાગતાં તેમજ, तस् થી લઈને थम् પ્રત્યયાન્ત જેવા લાગતાં નામ અવ્યયસંજ્ઞક થાય છે.

સ. (૧) **विभक्तिथमन्ततसाद्याभाः** → थम् अन्ते येषां ते इति थमन्ताः, तस् आदिर्येषां ते इति तसादयः, थमन्ताश्च ते तसादयश्च इति थमन्ततसादयः, विभक्तयश्च थमन्ततसादयश्च इति विभक्तिथ-मन्ततसादयः, विभक्ति-थमन्त-तसादीनामिव आभाच्छाया येषां ते इति ।

ઉદા. (૧) **अहंयुः** → અહંકારી. अहं विद्यतेऽस्येति ।
પ્રથમાની સદૃશ એવા अहं ને આ સૂત્રથી **અવ્યયસંજ્ઞા.**
પ્રથમા सि→अहं+**स्**
अव्ययस्य ૩.૨.૭થી स् નો લોપ→अहं
ऊर्णाहं० ૭.૨.૧૭થી युस्→अहं+**युस्**
પ્રથમા सि→अहंयुस्+**स्**
तदन्तं० ૧.૧.૨૦થી अहंयुस्ने **પદસંજ્ઞા**
दीर्घङ्याब्० ૧.૪.૪૫થી सि નો લોપ→अहंयुस्
सोरुः ૨.૧.૭૨થી रु→अहंयुर्
रः पदान्ते० ૧.૩.૫૩થી વિસર્ગ→अहंयुः ।

(૨) **अस्तिक्षीरा गौः** → દૂધવાળી ગાય.

अस्ति क्षीरं यस्याः सा इति ।

त्याद्यन्त સદશ એવા अस्ति ને આ સૂત્રથી **અવ્યયસંજ્ઞા.**

પ્રથમા सि→अस्ति+**स्**

अव्ययस्य ૩.૨.૭થી सि નો લોપ→अस्ति

एकार्थं૦૩.૨.૨૨થી સમાસ→अस्ति+क्षीर+**स्**

ऐकार्थ्ये ૩.૨.૮થી सि નો લોપ→अस्तिक्षीर

आत् ૨.૪.૧૮થી आप्→अस्तिक्षीर+**आ**

समानानां૦૧.૨.૧થી દીર્ઘ→अस्तिक्षी**रा**

પ્રથમા सि વિ. થતાં→अस्तिक्षीरा ।

(૩) **कथम्** → કેમ → केन प्रकारेण। थमन्त સદશ હોવાથી આ સૂત્રથી कथम्ને **અવ્યયસંજ્ઞા.**

(૪) **कुतः** → શા માટે ? → कस्मात्

तस् અન્ત સદશ कुतःને આ સૂત્રથી **અવ્યયસંજ્ઞા.**

વિ. : **વિભક્તિ અન્ત જેવા દેખાતાં અવ્યયો :-**

**પ્રથમા** → अहम्,

**દ્વિતીયા** → शुभम्, पर्याप्तम्, कृतम् ।

**તૃતીયા** → येन, तेन, चिरेण, अन्तरेण ।

**ચતુર્થી** → ते, मे, चिराय, अह्नाय ।

**પંચમી** → चिरात्, अकस्मात् ।

**ષષ્ઠી** → चिरस्य, अन्योन्यस्य, मम ।

**સપ્તમી** → एकपदे, अग्रे, प्रगे, प्राह्णे, हेतौ, रात्रौ, वेलायाम्, मात्रायाम् ।

**ત્યાદિ** → अस्ति, नास्ति, असि, अस्मि, विद्यते, भवति, एहि, ब्रूहि, मन्ये, शङ्के, अस्तु, भवतु, पूर्यते, स्यात्, आस, आह, वर्त्तते, नवर्त्तते, याति, नयाति, पश्य, पश्यत, आदह, आदङ्क, आतङ्क વિ.

# वत्-तस्याम् १/१/३४

**અ.અ.સૂ. : वत्-तस्यां नाम अव्ययम् ।**

**અર્થ :** वत्, तसि અને आम् પ્રત્યયાન્ત નામ અવ્યયસંજ્ઞક થાય છે.

**સ.** **वत्तस्याम्** → वच्च तसिश्च आम् च इति । (प्रथमा जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. : (१) **मुनिवद् वृत्तम्** → મુનિને યોગ્ય આચરણ.
मुनेरर्हमिति । तस्याऽर्हेः ७.१.५१थी वत् → मुनि**वत्**
પ્રથમા સિ થતાં → मुनिवत्+स् આ સૂત્રથી **અવ્યયસંજ્ઞા**
अव्ययस्य३.२.७થી सि નો લોપ → मुनिवत्
धुटस्तृतीय२.१.७६ થી द् → मुनिव**द्** ।

(२) **उरस्तः** → હૃદયની તુલ્ય દિશાવાળો. उरसा एकदिगिति
यश्चोरसः६.३.२१२थी तस् → उरस्+**तस्**
આ સૂત્રથી उरस्तस्ને **અવ્યયસંજ્ઞા** વિ. પૂર્વવત્ થતાં उरस्तः ।

(३) **उच्चैस्तराम्** → અત્યન્ત ઊંચું
अतिशयेन उच्चैः इति ।
क्वचित्०७.३.७થી तरप्→उच्चैस्+**तर**
स्वरादयोऽ०१.३.३०થી **उच्चैस् ને અવ્યયસંજ્ઞા** થવાથી,
किं-त्याद्ये०७.३.८थी अ નો आम्→उच्चैस्तर्+**आम्**
પ્રથમા સિ થતાં→उच्चैस्तराम्+**स्**
अव्ययस्य ३.२.७थी सि નો લોપ→उच्चैस्तराम् ।

**જિ.** વ્યાકરણમાં आम् ૩ પ્રકારે છે - (૧) ષષ્ઠી બ.વ.નો (૨) किं-त्याद्ये० ७.३.८ વિહિત आम् અને (૩) धातोरनेक० ३.४.४६ થી પરોક્ષાના આદેશભૂત. અહીં ત્રણમાંથી કયો आम् લેવો ?

**સમા.** वत्-तस् તદ્ધિતનાં છે. **साहचर्यात् सदृशस्यैव । २/६** ન્યાયાનુસારે સહચરિત એવો તદ્ધિત સંબંધી જ आम् લેવો.

પણ, લઘુન્યાસકારનાં મતે બૃહદ્વૃત્તિમાં तद्धितस्य ઉપલક્ષણ પરોક્ષાના સ્થાનભૂત आम् નું પણ અહીં ગ્રહણ થાય છે.

**જિ.** તો तद्धितस्य માં ઉપલક્ષણથી ષષ્ઠી બ.વ.ના आम् નું ગ્રહણ કેમ ન કર્યું ?

**સમા.** તે आम् साम् અને नाम् રૂપે થાય છે. માટે તેમનું ઉપલક્ષણથી પણ ગ્રહણ થતું નથી.

## क्त्वा-तुमम् १/१/३५

**અ.અ.સૂ. : क्त्वा-तुमं नाम अव्ययम् ।**

**અર્થ :** क्त्वा, तुम् અને अम् પ્રત્યયાન્ત નામ અવ્યયસંજ્ઞક થાય છે.

**સ.** **क्त्वातुमम्** → क्त्वा च तुम् च अम् च इति । (प्रथमा जस्, सूत्रत्वात् लोपः ।)

**ઉદા. :** (૧) **कृत्वा** → કરીને. करणं पूर्वमिति । [डुकृंग करणे-८८८]
प्राक्काले५.४.४७थी क्त्वा → कृ+**त्वा**
પ્રથમા सि → कृत्वा+**स्**
આ સૂત્રથી कृत्वाને **અવ્યયસંજ્ઞા** થવાથી,
अव्ययस्य० ૩.૨.૭થી सि નો લોપ.

(૨) **कर्तुम्** → કરવા માટે करणायेति ।
क्रियायां क्रियार्थायां०५.३.१३થી तुम् → कृ+**तुम्**
नामिनो०४.३.१.થી ગુણ → **कर्तुम्**
આ સૂત્રથી कर्तुम् ને **અવ્યયસંજ્ઞા**
પ્રથમા सि વિ. પૂર્વવત્ થતાં कर्तुम् ।

(૩) **यावज्जीवमदात्** → જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી આપ્યું.
यावत् कालं जीव्यते । [जीव प्राणधारणे-४६५]
यावतो०५.४.५५थी → यावत्+जीव्+**अम्**
धुटस्तृतीय०२.१.७६थी → यावद्+जीव्+अम्
तवर्गस्य०१.३.६०थी → यावज्जीवम् ।

આ સૂત્રથી अम् પ્રત્યયાન્ત यावज्जीवम् ને **અવ્યય સંજ્ઞા.**
પ્રથમા सि વિ. પૂર્વવત્ થતાં → यावज्जीवम् ।

**વિ. :** (૧) स्थानीवा०૭.૪.૧૦૯ પરિભાષાથી क्त्वाના સ્થાને થયેલ यप् પણ क्त्वा રૂપ મનાય છે. તેથી प्रकृत्य વિ. यप् પ્રત્યાયન્તને પણ અવ્યયસંજ્ઞા થશે.

(૨) **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયથી अम् નાં ગ્રહણ દ્વારા णम्, खणम् આવા એકાનુબંધ, દ્વયાનુબંધ વિ. સર્વ अम्નું ગ્રહણ થાય છે.

**જિ.** આ સૂત્રમાં अम् તે દ્વિ.એ.વ.નો લેવો કે કૃત્ સંબંધી લેવો ?

**સમા.** क्त्वा, तुम् તે કૃત્ પ્રત્યય છે તેથી '**साहचर्यात्०**' ૨/૬ ન્યાયથી કૃત્ સંબંધી જ अम् લેવો.

## गतिः ૧/૧/૩૬

**અ.અ.સૂ. : गतिः नाम अव्ययम् ।**

**અર્થ :** ગતિસંજ્ઞક નામો અવ્યયસંજ્ઞક થાય છે.

**ઉદા.** **अदःकृत्य** → તેવું કરીને अदः करणं पूर्वमिति ।
अग्रहा-ऽनुप०૩.૧.૫થી अदस् ને **ગતિસંજ્ઞા**
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→अदस्+कृ+**त्वा**
આ સૂત્રથી अदस् ને **અવ્યયસંજ્ઞા** થવાથી,
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી यप्→अदस्+कृ+**य**
ह्रस्वस्य०૪.૪.૧૧૩થી त् આગમ→अदस्+कृत्य
वृत्यन्तोऽ०૧.૧.૨૫થી अदस् ને **પદસંજ્ઞા** થવાથી,
सोरुः ૨.૧.૭૨થી रु→अदर्+कृत्य
रः पदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→अदःकृत्य ।
પ્રથમા सि→अदःकृत्य+**स्**
क्त्वा-तुमम् ૧.૧.૩૫થી अदःकृत्य ને **અવ્યયસંજ્ઞા** થવાથી,

अव्ययस्य ૩.૨.૭થી સિનો લોપ→अदःकृत्य ।

★ ऊर्याद्य० ૩.૧.૨થી जीविको०૩.૧.૧૭ સુધીના સૂત્રો તે તે શબ્દોને ગતિસંજ્ઞા કરે છે.

## अप्रयोगीत् ૧/૧/૩૭

**અ.અ.સૂ. : अप्रयोगी इत् ।**

**અર્થ :** આ શાસ્ત્રમાં દર્શાવતાં વર્ણ અથવા વર્ણનો સમુદાય, જે પ્રયોગમાં દેખાય નહીં તે ઈત્‌સંજ્ઞક થાય છે.

★ **इत्**→एति-अपगच्छतीति क्विप् (इंण्क् गतौ-૧૦૭૫)
क्विप् ૫.૧.૧૪૮થી क्विप् →इ+०
ह्रस्वस्य तः०૪.૪.૧૧૩થી त् આગમ→**इत्**
પ્રથમા सि વિ.→इत्

ઉદા. (૧) **एधते** → તે પ્રકાશે છે. (एधि वृद्धौ-૭૪૧)
મૂળ ધાતુપાઠ एधि માં રહેલ इ ધાતુના પ્રયોગમાં ન જણાતો હોવાથી इ ને આ સૂત્રથી **इत्संज्ञा** થાય છે. અને, इङितः०૩.૩.૨૨થી આત્મને. પ્રાપ્ત થાય છે. તેથી,
वर्त्तमाना०૩.૩.૬થી ते→एध्+**ते**
एताः शितः ૩.૩.૧૦થી ते **शित्संज्ञा** થવાથી,
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→एध्+**अ**+ते→एधते ।

(૨) **यजते** → તે પૂજા કરે છે. (यजीं देवपूजा०-૯૯૧)
ધાતુપાઠ 'यजीं' માં રહેલ ई ધાતુપ્રયોગમાં ન જણાતો હોવાથી, આ સૂત્રથી ई ને **इत्संज्ञा** તેનાં કારણે, ईगितः ૩.૩.૯૫થી ફલવાન્ કર્ત્તામાં यज् આત્મને.
બાકીની સાધનિકા પૂર્વવત્ થતાં→यजते ।

(૩) **चित्रीयते** → તે આશ્ચર્ય કરે છે. चित्रं करोतीति । મૂળ સૂત્રમાં चित्रङ् માં રહેલ ङ् ધાતુપ્રયોગમાં જણાતો નથી, તેથી આ સૂત્રથી ङ् ને **इत्** સંજ્ઞા થવાથી,

नमो वरिव०૩.૪.૩૭થી क्यन्→चित्र+य
અહીં क्यन् પ્રત્યય લાગે ત્યારે પરસ્મૈ૦ પ્રયોગ થાય છે, પણ શબ્દના ङ् ઈત્‌ના કારણે અહીં આત્મને૦ થયેલ છે. માટે राजीयति ની પ્રમાણે चित्रीयते જાણી લેવું.

**વિ.** **इत् સંજ્ઞાના પ્રદેશો :** इङितः कर्तरि ૩.૩.૨૨ ઈત્યાદિ.

**જિ.** ઈત્ વર્ણો શેમાં શેમાં હોય છે ?

**સમા.** ધાતુ(एधि)માં, નામ(चित्रङ्)માં, પ્રત્યય(शतृ)માં, આદેશ(शांग्-ख्यांग्)માં અને આગમ(इट्)માં હોય છે.

**અનુબંધનાં[1] ફળો :**

| વર્ણ | ધાતુ | પ્રત્યય |
|---|---|---|
| अ | ઉચ્ચારણ માટે | - |
| आ | क्तवतू પર છતાં इट्‌નો નિષેધ | - |
| इ | આત્મનેપદી | - |
| ई | ફલવાન્ કર્ત્તામાં આત્મને. | - |
| उ | न् આગમ | - |
| ऊ | क्त्वा ની પૂર્વે વિકલ્પે इट् | - |
| ऋ | णि+ङ् પર છતાં ઉપાન્ત્ય સ્વરના હ્રસ્વનો નિષેધ | - |
| ॠ | અદ્યતનીમાં વિકલ્પે अङ् | - |
| ऌ | અદ્યતની (કર્ત્તરિ)માં अङ् | - |
| ए | सिच् પર છતાં વૃદ્ધિનો નિષેધ | - |
| ऐ | क्तवतू ની આદિમાં इट् નો નિષેધ | - |

ફૂટનોટ : ઈત્‌નું વિશેષ કથન સં.સૌ (પરિશિષ્ટ-૩)માંથી જાણવું.

| | | |
|---|---|---|
| ओ | क्तवतू ना त नो न | - |
| औ | વિકલ્પે इट् | - |
| अं | અનિટ્ | - |
| क् | अदादि ગણ शव् નો નિષેધ | ગુણાભાવ વિ. કિત્ કાર્ય |
| ख् | - | म् આગમ |
| ग् | ફલવાનકર્ત્તામાં આત્મને. | - |
| घ् | - | क्त પર છતાં અનિટ્ ધાતુના च નો क् અને ज् નો ग् |
| ङ् | આત્મનેપદી | ગુણનો નિષેધ |
| च् | दिवादि ગણ=श्य પ્રત્યય | - |
| ञ् | વર્ત્તમાન અર્થમાં क्त | ધાતુના સ્વરની વૃદ્ધિ |
| ट् | સ્વાદિગણ=श्नुનું વિકરણ | સ્ત્રી.માં ङी અને /अथु પ્રત્યય. |
| ड(डु) | त्रिमक्કરવા | અન્ત્ય સ્વરાદિનો લોપ. |
| ण् | चुरादि ગણ-णिच् | વૃદ્ધિ, ઉપાન્ત્યનો ગુણ વિ. |
| त् | तुदादि ગણ-श પ્રત્યય | - |
| न् | - | इच्चा०૨.૪.૧૦૭ માટે |
| प् | रुधादि ગણ-श्न પ્રત્યય | હ્રસ્વ પછી त् આગમ |
| म् | અનેક दा નો ભેદ કરવા | - |
| य् | तनादि ગણ-श्नु પ્રત્યય | - |
| र् | - | પુંવદ્ભાવ |
| ल् | - | સ્ત્રી. (લિંગા-૨૩) |
| व् | - | ઉકારાન્તધાતુનો औ કરવા |

| | | |
|---|---|---|
| श् | क्र्यादि ગણ=ना(श्ना) | વિકરણપ્રત્યય વિ. शित् કરવા |
| ष् | ભાવમાં अङ् | - |
| स् | - | પદસંજ્ઞા |

## अनन्तः पञ्चम्याः प्रत्ययः १/१/३८

**અર્થ :** 'अन्त' શબ્દનો પ્રયોગ જ્યાં ન હોય અને પંચમી વિભક્ત્યન્ત પદથી નિર્દિષ્ટ કરાયેલું હોય તે પ્રત્યયસંજ્ઞક થાય છે.

**સ. :** (૧) **अनन्तः** → न अन्तः इति ।

**ઉદા. :** (૧) **नाम्नः प्रथमैक द्वि-बहौ**૨.૨.૩૧→આ સૂત્રમાં अन्त પદ નથી. અને વિભક્ત્યન્ત नाम्नः થી प्रथमैक० નિર્દેશ કરાયેલો છે. માટે प्रथमैक-द्वि.-बहौथी થતાં स्यौजस्० ને આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થશે. અને परः ७.४.११८ પરિભાષાનુસારે નામ એવા वृक्षથી પર જ सि થતાં वृक्षः પ્રયોગ થશે.

**પ્ર.ઉદા.** (૧) **अनन्त इति किम् ? आगमः प्रत्ययो मा भूत् ।** **उदितः स्वरान्नोऽन्तः**૪.૪.૯૮ સૂત્રમાં 'अन्त' પદનું ગ્રહણ છે. પણ 'स्वरात्' તે પંચમી વિભક્ત્યન્ત પદ છે તે સૂત્રથી નિર્દિષ્ટ न्ने આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા ન થતાં આગમસંજ્ઞા થાય છે.

## डत्यतु संख्यावत् १/१/३९

**અ.અ.સૂ. : डत्यतु संख्यावत् ।**

**અર્થ :** डति અને अतु અન્તવાળા નામો સંખ્યાવાચીનાં કાર્યને ભજનારાં (संख्यावत् ) થાય છે.

**સ.** **डत्यतु**→डतिश्च अतुश्च इति, डत्यतु (प्रथमा-औ, सूत्रत्वात् लोपः ।)

★ **संख्यावत्** → संख्या इव ।
स्यादेरिवे७.१.५२થી वत्→संख्या+**वत्**

प्रथमा सि→संख्यावत्+**स्**
वत्-तस्याम् ૧.૧.૩૪થી **અવ્યયસંજ્ઞા** થવાથી,
अव्ययस्य ૩.૨.૭થી सि નો લોપ→संख्यावत् ।

ઉદા. (૧) **कतिकः**→કેટલા વડે ખરીદાયેલ ? कतिभिः क्रीत इति ।
कति → का मानं येषां ते इति ।
यत्-तदे०७.१.१४९ थी डति → किम्+**अति**
डित्यन्त्य०२.१.११४थी इम्नो लोप → कति ।
कतिभिःक्रीतः અર્થમાં संख्याडते०६.४.१30થી થતાં क् નાં વિધાનમાં, આ સૂત્રથી डतिप्रत्ययान्त कति **संख्यावत्** તેથી संख्याडते०६.४.१30 थी क → कति**क**
प्रथमा सि वि. थतां → कति**कः** ।

(૨) **यावत्कः** → જેટલાં વડે ખરીદાયેલ. यावद्भिःक्रीत इति ।
यावत् → यत् प्रमाणमेषां ते इति ।
यत्तदेतदो०७.१.१४९थी डावतु → यद् + **आवत्**
डित्यन्त्य०२.१.११४थी **अद्** नो લોપ → यावत्
यावद्भिः क्रीतः અર્થમાં, संख्या-डते०६.४.१30થી થતાં कના વિષયમાં, આ સૂત્રથી अतु પ્રત્યયાન્ત यावत् **संख्यावत्** અન્ય સાધનિકા પૂર્વની જેમ જાણવી.

**વિ.** સંખ્યાવાચક શબ્દો બે પ્રકારે છે.

(૧) **સ્વાભાવિક(અકૃત્રિમ)** : एक, द्वि वि.

(૨) **લાક્ષણિક(કૃત્રિમ)** : ૧.૧.૩૯થી ૧.૧.૪૨ સૂત્રથી થતાં.

**જિ.** આ શબ્દોને संख्यावत् શા માટે કર્યા ?

**સમા.** સંખ્યાવાચી શબ્દોથી જે પ્રત્યયો કે સમાસો થાય છે તે પ્રત્યયો કે સમાસ આ શબ્દોથી પણ કરવા છે માટે.

**જિ.** સૂત્રમાં અહીં 'वत्' નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** જો वत् નો પ્રયોગ ન કર્યો હોત તો डति અને अतु પ્રત્યયાન્ત

નામ કૃત્રિમ સંખ્યા રૂપે ગણાય. તેથી **कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमे** ૧/૨૩ ન્યાયથી જ્યાં સંખ્યાને લઈને કોઈ કાર્ય કહ્યાં ત્યાં તે કૃત્રિમ સંખ્યાને લઈને જ થાય પણ एक, द्वि. વિ. વાસ્તવિક સંખ્યાને ન થાત આવું ન થાય માટે वत्નું ગ્રહણ કરેલ છે. તેનાં કારણે આ ન્યાય ન લાગતાં બન્ને સંખ્યાવાચકનું કાર્યી તરીકે ગ્રહણ થશે.

**જિ.** આ સૂત્ર અતિદેશ સૂત્ર કઈ રીતે થાય ?

**સમા.** एक द्वि. વિ. નિયત સંખ્યા છે. પણ डति અને अतु અંતવાળા શબ્દોમાં પણ સંખ્યાત્વધર્મની સમાનતા દર્શાવી તેમાં પણ સંખ્યાવાચી નામથી થતાં પ્રત્યયો કે સમાસોનો અતિદેશ કરાય છે. માટે આ અતિદેશ સૂત્ર છે.

## बहु-गणं भेदे ૧/૧/૪૦

**અ.અ.સૂ. : भेदे बहुगणं नाम संख्यावत् ।**

**અર્થ :** ભેદ અર્થમાં વર્તતાં बहु અને गण નામ संख्यावत् થાય છે.

**સ.** **बहुगणम्** →बहुश्च गणं च इति ।

**ઉદા. :** (૧) **बहुकः** → મોંઘું ખરીદાયેલ.

बहुभिः क्रीत इति । અર્થમાં,

संख्याडतेः०૬.૪.૧૩૦થી क નાં વિષયમાં,

આ સૂત્રથી बहु નામ **संख्यावत्** થતાં,

संख्याडतेः०૬.૪.૧૩૦ થી क → बहुक

પ્રથમા सि વિ. થતાં बहु**कः** ।

(૨) **गणकः** → ઘણા મૂલ્યથી ખરીદાયેલ गणैः क्रीत इति ।

સાધનિકા પૂર્વની જેમ જાણવી.

**પ્ર.ઉદા. भेद इति किम् ? → वैपुल्ये सङ्घे च मा भूताम् ।**

बहु શબ્દ વિપુલતા અર્થમાં અને गण શબ્દ સમુદાય અર્થમાં હોય

ત્યારે संख्यावत् થતો નથી.

વિ. **भेदः→नानात्वमेकत्वविरोधि**-એકનો વિરોધી જેનું અનેકપણું છે તે. અનેક, ઘણાં વિ. શબ્દો ભેદવાચી છે.

## क-समासेऽध्यर्द्धः १/१/४१

અ.અ.સૂ. : **अध्यर्द्धः क-समासे संख्यावत् ।**

**અર્થ :** अध्यर्द्धશબ્દ कप्रत्यय અને સમાસના કાર્યમાં संख्यावत् થાય છે.

સ. (१) **क-समासे**→कश्च समासश्च इति कसमासम्, तस्मिन्नति ।
(२) **अध्यर्द्धः** → अधिकं अर्द्धं यस्याऽसौ इति ।

ઉદા. : (१) **अध्यर्द्धकम्** → દોઢ વડે ખરીદાયેલ → अध्यर्द्धेन क्रीतमिति ।
क પ્રત્યય કરવાના વિધાનમાં આ સૂત્ર **संख्यावत्** થવાથી,
संख्याडतेo६.४.१३० થી क → अध्यर्द्ध**क**
પ્રથમા सि વિ. થતાં → अध्यर्द्ध**कम्** ।

(२) **अध्यर्द्धशूर्पम्** → દોઢ સૂપડાં વડે ખરીદાયેલ
अध्यर्द्धेन शूर्पेण क्रीतमिति,
अध्यर्द्धंश्च तद् शूर्पश्च इति । આ સમાસનાં કાર્યમાં,
આ સૂત્રથી अध्यर्द्ध શબ્દ **संख्यावत्** થવાથી,
संख्या-समाहारेo३.१.९९થી સમાસ→अध्यर्द्धशूर्प
હવે, अध्यर्द्धशूर्पेण क्रीतम् અર્થમાં,
मूल्यैः कीते[१]६.४.१५०થી इकण् → अध्यर्द्धशूर्प+**इक**
अनाम्न्यo६.४.१४१થી इकण् નો લોપ अध्यर्द्धशूर्प
પ્રથમા सि → अध्यर्द्धशूर्पस् ।
अतः स्यमोo१.४.५७થી अम् → अध्यर्द्धशूर्प + **अम्**
समानादमोo१.४.४६થી अ નો લોપ → अध्यर्द्धशूर्पम् ।

વિ. : **भाविनि भूतवदुपचारः** १/९ ન્યાયથી 'क-समासे' પદનો અર્થ

---

१. મ.વૃ.માં कंसा-ऽर्धात् ६.४.१३५

ભવિષ્યમાં क પ્રત્યય કે સમાસની ભવિષ્યમાં પ્રાપ્તિ હોતે છતે' આવો અર્થ કરવો. અન્યથા 'क પ્રત્યય કે સમાસ કર્યે છતે' આવો અર્થ થતાં संख्यावत् કરવું નિરર્થક રહેશે.

**જિ.** 'अध्यर्द्धः क-समासे' આવું સૂત્ર ન બનાવતાં क-समासे अध्यर्द्धः આવી રચના કેમ કરી ?

**સમા.** અહીં સૂત્રક્રમ કાર્યી-નિમિત્ત-કાર્યને બદલે નિમિત્ત-કાર્ય-કાર્યી લીધો છે. તેથી માત્રાલાઘવ થાય છે. તેમજ, કાર્યી-નિમિત્ત-કાર્ય આ જ ક્રમે સૂત્રો હોય તેવા ભ્રમને દૂર કરવા માટે છે. જે રીતે અર્થને જણાવવામાં સરળતા રહે તે રીતે સૂત્રરચના થાય છે.

## अर्द्धपूर्वपदः पूरणः । ૧/૧/૪૨

**અ.અ.સૂ. : अर्द्धपूर्वपदः पूरणः क-समासे संख्यावत् ।**

**અર્થ :** अर्द्ध છે પૂર્વપદમાં જેને એવું પૂરણ પ્રત્યયાન્ત નામ क પ્રત્યય અને સમાસનાં કાર્યમાં संख्यावत् થાય છે.

સ. **अर्द्धपूर्वपदः**→पूर्वं च तत् पदं च इति पूर्वपदम् ।
अर्द्धं पूर्वपदं यस्याऽसौ इति ।

ઉદા. : (૧) **अर्द्धपञ्चमकम्** → ૪।। વડે ખરીદાયેલ.
अर्द्धपञ्चमैः क्रीतमिति ।
**पञ्चमः** → पञ्चानां पूरण इति ।
नो मट्७.१.१५९थी पञ्चन्+**म**
नाम्नो०२.१.९१थी न् નો લોપ → पञ्चम
પ્રથમા सि वि. → पञ्चमः ।
अर्द्धं पञ्चमं येषां ते → अर्द्धपञ्चमाः ।
एकार्थं०३.१.२२थी સમાસ
अर्द्धपञ्चमैः क्रीतमिति અર્થમાં,
આ સૂત્રથી अर्द्धपञ्चम **संख्यावत्** થવાથી,

संख्याडतेः० ६.४.१३० थी क → अर्द्धपञ्चम**क**

પ્રથમા सि વિ. થતાં → अर्द्धपञ्चम**कम्** ।

(૨) **अर्द्धपञ्चमशूर्पम्** → ૪।। સૂપડા વડે ખરીદાયેલ.

अर्द्धपञ्चमशूर्पैः क्रीतमिति

अर्द्धपञ्चमञ्च तद् शूर्पञ्च इति । આ સમાસના કાર્યમાં,

આ સૂત્રથી अर्द्धपञ्चम **संख्यावत्** થવાથી,

संख्या समाहारे० ૩.૧.૯૯થી द्विगु સમાસ→अर्द्धपञ्चमशूर्प

अर्द्धपञ्चमशूर्पैःक्रीतमिति અર્થમાં,

मूल्यैः क्रीते६.४.१५०થી इकण् → अर्द्धपञ्चमशूर्प+**इक**

अनाम्न्य०६.४.१४१થી इकण् નો લોપ → अर्द्धपञ्चमशूर्प

પ્રથમા सि વિ. થતાં → अर्द्धपञ्चमशूर्पम् ।

**વિ. સંખ્યા પૂરણ પ્રત્યયો :** डट्, तमट्, मट्, थट्, य, ईय, तीय ।

**।। इति श्रीहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे**

**प्रथमेऽध्याये प्रथमः पादः समाप्तः ।।१।१।।**

**શ્લો. : हरिरिव[1] बलिबन्धकर-स्त्रिशक्तियुक्तः पिनाकपाणिरिव ।**

**कमलाश्रयश्च विधिरिव, जयति श्रीमूलराजनृपः ।।१।।**

• • •

---

૧. આ રીતે દરેક પાદમાં આવતાં શ્લોકોને સ્વતન્ત્ર કાવ્ય તરીકે સં-સૌ. (પરિ-પુસ્તિકા)માં સંગ્રહિત કરેલ છે. તેનાં અર્થ, અન્વય, સમાસ વિ. ત્યાંથી જ જાણી લેવાં.

# ૧/૧માં આવતી સંજ્ઞાઓ.

| सूत्र | સંજ્ઞા |
|---|---|
| औदन्ता : स्वराः-४ | સ્વર |
| एक-द्वि-त्रि-मात्रा ह्रस्व<br>दीर्घ-प्लुताः-५ | હ્રસ્વ<br>દીર્ઘ<br>પ્લુત |
| अनवर्णा नामी-६ | નામી |
| लृदन्ताः समानाः-७ | સમાન |
| ए-ऐ ओ०-८ | સન્ધ્યક્ષર |
| अं-अः अनुस्वार-<br>विसर्गौ-९ | અનુસ્વાર<br>વિસર્ગ |
| कादिर्व्यञ्जनम्-१० | વ્યંજન |
| अपञ्चमान्तस्थो०-११ | ધુટ્ |
| पञ्चको वर्गः-१२ | વર્ગ |
| आद्य-द्वितीय०-१३ | અઘોષ |
| अन्यो घोषवान्-१४ | ઘોષવાન્ |
| य-र-ल-वा०-१५ | અન્તસ્થા |
| अं अः ⌅क०-१६ | શિટ્ |
| तुल्यस्थानास्य०-१७ | સ્વ |
| स्यौजसमौ०-१८ | પ્રથમા-સપ્તમી |
| स्त्यादिर्विभक्तिः-१९ | વિભક્તિ |
| तदन्तं पदम्-२०<br>नाम सिदय्०२१<br>नं क्ये २२ | પદ |

| | |
|---|---|
| न स्तं०२3<br>मनुर्नभो०२४<br>वृत्यन्तो०२५ | પદસંજ્ઞાનો<br>નિષેધ |
| सविशेषण०-२६ | વાક્ય |
| अधातु०-२७ | નામ |
| शिर्घुट्-२८<br>पुंस्त्रियोः-२९ | ઘુટ્ |
| स्वरादयोऽव्ययम्-3० | અવ્યય |
| चादयो०3१<br>अधण्तस्वाद्या०3२<br>विभक्ति०33<br>वत्-तस्याम् 3४<br>क्त्वा-तुमम् 3५<br>गतिः 3६ | |
| अप्रयोगीत्-3७ | ઈત્ |
| अनन्तः पञ्चम्या०-3८ | પ્રત્યય |
| डत्यतु संख्या०-3९<br>बहुगणं०-४०<br>क-समासे०-४१<br>अर्द्धपूर्वपदः०-४२ | સંખ્યાવત્ |

# અભ્યાસ - ૧

**અધ્યાય-૧ પાદ-૧** ૧૦૦ માર્ક્સ

**પ્ર.૧. નીચે દર્શાવેલ વર્ણ કે વર્ણના સમુદાયની સંજ્ઞા જણાવી સંજ્ઞાદર્શક સૂત્રો લખો. (કોઈપણ ૧૦)** (૧૦)

(१) अर्हँ (२) अवर्ण (३) ऐ (४) च् (५) स् (६) र् (७) वत् (८) न् (९) शस् (१०) यावत् (११) यथा (१२) कथम्

**પ્ર.૨. નીચેની સંજ્ઞાની વ્યુત્પત્તિઓ સાધનિકા સહિત જણાવો. (કોઈપણ ૫)** (૧૦)

(१) व्यञ्जन (२) ह्रस्व (३) वाक्य (४) समान (५) नामी (६) इत् (७) अव्यय

**પ્ર.૩. નીચેની વ્યાખ્યા લખો. (કોઈપણ ૫)** (૧૦)

(१) आस्यप्रयत्न (२) संख्यावत् (३) भेद (४) वृत्ति (५) असत्त्व (६) विशेषण

**પ્ર.૪. નીચેના ઉદા.માં કઈ સંજ્ઞાનું કયું ફળ છે તે જણાવો.** (૧૦)

(१) दधिसेक् (२) वृक्षान् (३) अहंयुः (४) पद्मानि (५) मनुष्वत्

**પ્ર.૫. નીચેની સંજ્ઞાના પ્રદેશસ્થાનો જણાવો. (કોઈપણ ૫)** (૫)

(१) वर्ग (२) नामी (३) प्लुत (४) प्रथमा (५) इत् (६) प्रत्यय (७) घुट्

**પ્ર.૬. નીચેના સૂત્રમાં આવતાં સમાસો લખી તેમનો અર્થ જણાવો.** (૧૫)

(१) अधण्तस्वाद्या० (२) विभक्तिथमन्त० (३) तुल्यस्थानास्य० (४) क-समासे० (५) अधातुविभक्ति०

**પ્ર.૭. નીચેનાં વર્ણોનાં સ્થાન, આસ્ય પ્રયત્ન અને પરસ્પર સ્વનાં ભેદ જણાવો. (કોઈપણ ૫)** (૧૫)

(१) इ (२) लृ (३) औ (४) व् (५) क् (६) म् (७) ट्

**પ્ર.૮. નીચેના સૂત્રોનાં અ.અ.સૂ. લખો. (કોઈપણ ૫) (૫)**

(૧) ૧.૧.૩૨ (૨) ૧.૧.૩૩ (૩) ૧.૧.૨૦ (૪) ૧.૧.૨૫
(૫) ૧.૧.૨૨ (૬) ૧.૧.૧૧

**પ્ર.૯. (અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૧૫)**

(૧) तदन्तं० સૂત્રમાં अन्तનાં ગ્રહણનું પ્રયોજન જણાવો.

(૨) જે સૂત્રનું પ્રથમપદ એકસ્વરવાળું હોય તેવા સૂત્રો લખો.

(૩) नामी એ.વ. અને सुपां બ.વ. શા માટે ? તે કહો.

(૪) अव्यय संज्ञाનો શ્લોક જણાવી તેનો અર્થ લખો.

(૫) अन्तस्थाः માં બ.વ. શા માટે ? તે જણાવી કયા કયા શબ્દો संख्यावत् થાય છે તે જણાવો.

(બ) सि વિ. પ્રત્યયોમાં इ વિ. ઈત્‌ના પ્રયોજન જણાવો. (૫)

॥ अर्हं ॥

# प्रथमेऽध्याये द्वितीयः पादः

## स्वरसंधि प्रकरणम्

### समानानां तेन दीर्घः १/२/१

**અર્થ :** સમાન સ્વરનો તેની પછી આવેલા (સ્વ)સમાન સ્વરની સાથે (સ્વ)દીર્ઘ સ્વર થાય છે.

ઉદા. : (૧) **दण्डाग्रम्** → દંડનો અગ્રભાગ → दण्डस्याग्रमिति ।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસ → दण्ड+ङस्+अग्र+सि
ऐकार्थ्ये૩.૨.૮થી વિભક્તિનો લોપ → दण्ड+अग्र
આ સૂત્રથી दण्डનાં अનો अग्रનાં अ સાથે દીર્ઘ → **दण्डाग्र** ।
પ્રથમા सि → **दण्डाग्र+स्**
अतःस्यमो०૧.૪.૫૭થી सिનો अम् → दण्डाग्र+**अम्**
समानाद०૧.૪.૪૬થી अम्નાં अનો લોપ → **दण्डाग्रम्** ।

(૨) **दधीदम्**[1] → આ દહીં → दधि+इदम्
આ સૂત્રથી इનો इ સાથે મળીને દીર્ઘ → **दधीदम्** ।

(૩) **नदीन्द्रः** → નદીનો ઈન્દ્ર → नद्याः इन्द्रः ।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ. થી સમાસ વિ.→नदी+इन्द्र
આ સૂત્રથી नदी નો ई+इन्द्र નો इ=ई→**नदीन्द्र**
પ્રથમા सि→नदीन्द्र+**स्**

---

૧. સૂત્રગત કાર્યમાં આવશ્યક ન હોવાથી दधि અને इदम् વિ.ની સાધનિકા અહીં દર્શાવી નથી.

तदन्तं० १.१.२०थी नदीन्द्रस् ने પદસંજ્ઞા

सोरुः २.१.७२थी स् नो रु→नदीन्द्रर्

रः पदान्ते० १.३.५३थी रु नो વિસર્ગ→नदीन्द्रः ।

**વિ.** (૧) આ સૂત્ર ૨૦[1] સ્થાને લાગે છે, તે આ રીતે,

अवर्ण(४)+इवर्ण(४)+उवर्ण(४)+ऋवर्ण(४)+लृवर्ण(४)

| | | | |
|---|---|---|---|
| अ+अ=आ | आ+अ=आ | अ+आ=आ | आ+आ=आ |
| इ+इ=ई | ई+इ=ई | इ+ई=ई | ई+ई=ई |
| उ+उ=ऊ | ऊ+उ=ऊ | उ+ऊ=ऊ | ऊ+ऊ=ऊ |
| ऋ+ऋ=ॠ | ॠ+ऋ=ॠ | ऋ+ॠ=ॠ | ॠ+ॠ=ॠ |
| लृ+लृ=ॡ | ॡ+लृ=ॡ | लृ+ॡ=ॡ | ॡ+ॡ=ॡ |

**જિ.** અહીં સૂત્રમાં 'समानानां' એ પ્રમાણે બ.વ. શા માટે છે ?

**સમા.** સૂત્રમાં બ.વ. વ્યાપ્તિ માટે છે. **व्याप्ति='अधिकविषयेऽपि प्राप्तिः ।'** આ વ્યાપ્તિનું ફળ ઉત્તરસૂત્રોમાં પ્રાપ્ત થાય છે. તે આ રીતે, ऋलृति० १.२.२ વિ. સૂત્રવિષયક સંધિસ્થાને ऋस्तयोः १.२.५ વિ. સૂત્રથી स्पर्द्धे[2] ७.४.११९ પરિભાષાનુસારે નિત્ય પ્રવૃત્તિ દ્વારા ऋलृति० १.२.२ વિ. નો બોધ થાય છે. પરંતુ અહીં નિર્દિષ્ટ વ્યાપ્તિથી ऋलृति० १.२.२ વિ. પણ સૂત્રની પ્રવૃત્તિ પણ વિકલ્પે થાય છે. અને તે પ્રવૃત્તિનો નિર્દેશ તે બે સૂત્રોમાં કરવામાં આવે છે.

**જિ.** સૂત્રમાં ક્યાંય 'स्व' નું ગ્રહણ નથી છતાં પણ કાર્ય તરીકે દરેક સ્થાને સ્વદીર્ઘ સ્વરનું જ ગ્રહણ કેવી રીતે કર્યું ?

**સમા.** અહીં आसन्नः ७.४.१२० પરિભાષાનો પ્રયોગ થયો છે. તેથી

---

૧. વર્ણ આમ્નાયમાં ઉલ્લેખ ન હોવાથી પ્લુતસ્વરનાં સંધિ સ્થાનો દર્શાવ્યા નથી.

૨. स्पर्द्धे ७.४.११९=સમાન નિમિત્તવાળા બે સૂત્રોની સ્પર્ધામાં પરસૂત્રની વિધિ બળવાન હોય છે.

કણ્ઠ્ય સ્વર એવા अवर्णનાં કાર્ય તરીકે કણ્ઠ્ય એવા आનું જ ગ્રહણ થશે. તાલવ્ય એવા इवर्णનાં કાર્ય તરીકે તાલવ્ય એવા ईનું જ ગ્રહણ થશે.

**શિં.** અહીં સૂત્રમાં તેનને બદલે 'स्वेन' મૂક્યું હોત તો સજાતીય વર્ણ સાથે દીર્ઘ થઈ જાય. અને इवर्णादे०૧.૨.૨૧માં 'अस्वे' પદની જરૂર પણ ન રહે. છતાં 'तेन' નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** જો સ્વેનનું ગ્રહણ કરીએ તો दधि+शीतम् આવા પ્રયોગમાં इ અને श् તાલવ્ય હોવાથી પરસ્પર સ્વ છે. તેથી इ નો श् સાથે મળીને દીર્ઘ થઈ 'दधीतम्' આવો અશુદ્ધ પ્રયોગ થવાની આપત્તિ આવે. તેથી तेन = समानेन આવો અર્થ કરવાથી સમાનમાં 'लृदन्ताः०' ૧.૧.૭ સૂત્રથી સમાનસંજ્ઞક સ્વરોનું જ માત્ર ગ્રહણ થશે.

## ऋलृति ह्रस्वो वा १/२/२

**અ.અ.સૂ. : ऋलृति समानानां ह्रस्वः वा ।**

**અર્થ :** ऋ અને लृ પર હોતે છતે સમાન સ્વરનો હ્રસ્વ આદેશ વિકલ્પે થાય છે.

**સ.** **ऋलृति** → आ च लृच्च इति ऋलृत्, तस्मिन्नति ।

**ઉદા. :** (૧) **बालऋश्यः** → બાલનું ઋષિપણું → बालस्य ऋश्य इति ।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ. થી સમાસ વિ.→बाल+ऋश्य
આ સૂત્રથી ऋ પર છતાં अ નો વિકલ્પે હ્રસ્વ→**बालऋश्य**
પ્રથમા सि વિ.→बालऋश्यः ।
**વિકલ્પે : बालर्श्यः** अवर्णस्ये०૧.૨.૬ થી अ+ऋ=अर्

(૨) **क्लृऋषभः** → क्लृ શબ્દથી અંકિત થયેલ બળદ.
क्लृशब्दाङ्कित ऋषभ इति ।
मयूरव्यंसके०૩.૧.૧૧૬ વિ. થી સમાસ→क्लृ+ऋषभ
આ સૂત્રથી ऋ પર છતાં लृ નો હ્રસ્વ→**क्लृऋषभ**

પ્રથમા સિ વિ.→क्लृऋषभः ।

**વિકલ્પે : (i) क्लृषभः**→लृत० ૧.૨.૩થી लृ+ऋ=વિજાતીયर्ऌ

**(ii) ॠषभः**→ॠस्तयोः ૧.૨.૫થી लृ+ऋ=દીર્ઘॠ

(૩) **होतृलृकारः** → ગોરમહારાજાનો લૃકાર

होतुः लृकार इति ।

षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ. થી સમાસ વિ.→होतृ+लृकार

આ સૂત્રથી लृकारનો लृ પર છતાં ऋ નો વિકલ્પે હ્રસ્વ→**होतृलृकार**

પ્રથમા સિ વિ.→होतृलृकारः ।

**વિકલ્પે :** (i) **होत्ल्लृकारः**→ } ऋतो वा०૧.૨.૪થી વિજા. ल्लृ

(ii) **होत्लृकारः**→ } અને સજા. लृ

(iii) **होतॄकारः**→ॠस्तयोः૧.૨.૫થી ऋ+लृ=દીર્ઘॠ

**વિ. :** (૧) સૂત્રમાં ત્કારનું ગ્રહણ ઉચ્ચારણ માટે છે. જો ત્કાર વિના ऋ-लृ ને સ.એ.વ.નો ङि પ્રત્યય લાગે તો વિકૃત રૂપ થતાં કોનું કાર્ય કરવું ચોક્કસ ન સમજાય. તેથી સ્પષ્ટ બોધ માટે ત્કારનું ગ્રહણ છે.

(૨) અહીં હ્રસ્વ ऋ અને लृનો હ્રસ્વાદેશ કરવામાં આવે છે. તે નિત્ય સંધિ કરનાર સૂત્રમાં વિકલ્પે સંધિનો અભાવ દર્શાવે છે. તેથી अवर्णस्येवर्णादि०૧.૨.૬થી નિત્ય अर्ની પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરી હ્રસ્વ ऋ કરેલ છે.

આ સૂત્ર ૨૦ સ્થાને લાગે છે તે આ રીતે,

૧૦ સમાન સ્વર + ऋ × ૧૦ સમાન સ્વર + लृ

| | | | |
|---|---|---|---|
| अ+ऋ=अऋ | आ+ऋ=अऋ | अ+लृ=अलृ | आ+लृ=अलृ |
| इ+ऋ=इऋ | ई+ऋ=इऋ | इ+लृ=इलृ | ई+लृ=इलृ |
| उ+ऋ=उऋ | ऊ+ऋ=उऋ | उ+लृ=उलृ | ऊ+लृ=उलृ |
| ऋ+ऋ=ऋऋ | ॠ+ऋ=ऋऋ | ऋ+लृ=ऋलृ | ॠ+लृ=ऋलृ |
| लृ+ऋ=लृऋ | लॄ+ऋ=लृऋ | लृ+लृ=लृलृ | लॄ+लृ=लृलृ |

જિ. **ऋकारापदिष्टं कार्यं लृकारस्याऽपि** ૨/૧૯ ન્યાયાનુસારે ऋકારથી જણાવેલ હ્રસ્વનું કાર્ય લૃકારથી થવાનું જ હતું છતાં આ સૂત્રમાં લૃનું પૃથગ્ ગ્રહણ કેમ કર્યું ?

સમા. **न्यायाः स्थविरयष्टिप्रायाः** ૩/૧૮ ન્યાયથી ઉપરોક્ત ન્યાય અનિત્ય છે. જેમ **ॠस्तयोः** ૧.૨.૫થી લૃ+ऋ = ॠ થાય છે. તેમ લૃ+લૃ મળીને પણ દીર્ઘ ॠ થવો જોઈએ પણ તેવું થતું નથી. તે જ જણાવે છે કે 'ऋ થી જણાવેલ બધા કાર્ય માટે આ ન્યાય નિત્ય નથી.'

જિ. સમાનસંજ્ઞક સ્વરો હ્રસ્વ અને દીર્ઘ બન્ને છે. તેમાં દીર્ઘનો હ્રસ્વ થાય તે કાર્ય યોગ્ય છે. પણ હ્રસ્વનો હ્રસ્વ કરવાનું પ્રયોજન શું ?

સમા. **पर्जन्यवल्लक्षणप्रवृत्तिः** । ૩/૧૨ ન્યાયાનુસારે સૂત્રપ્રવૃત્તિ મેઘની જેમ થાય છે. જેમ વરસાદ જ્યાં જરૂર છે ત્યાં પણ વરસે છે અને જ્યાં જરૂર નથી ત્યાં પણ વરસે છે. તેવી રીતે, સૂત્ર દીર્ઘ છે ત્યાં પણ હ્રસ્વ કરે છે અને હ્રસ્વ છે ત્યાં પણ હ્રસ્વ કરે છે.

હ્રસ્વ કરવાનાં વિધાનસામર્થ્યથી જ હવે, ત્યાં બીજી કોઈ સંધિ નહીં થાય. તેથી સંધિનો અભાવ થાય છે.

## लृत ॠल्लृ ऋलृभ्यां वा ૧/૨/૩

**અ.અ.સૂ. : लृतः ऋलृभ्यां ॠल्लृ वा ।**

**અર્થ :** લૃનો ऋ અને લૃની સાથે અનુક્રમે ॠ અને લ્લૃ એ પ્રમાણે વિજાતીયવર્ણ વિકલ્પે થાય છે.

સા. (૧) **ॠल्लृ**→ॠश्च ल्लृश्च इति । (प्रथमा औ, सूत्रत्वात् लोपः ।)

(૨) **ऋलृभ्याम्**→आ च लृश्च[1] इति ऋलौ, ताभ्यामिति ।

ઉદા. (૧) **ऋता-क्ॠकारः**→क्लृनो ऋકાર. क्लृनाम्[1] ऋकार इति । षष्ठ्ययत्ना० ૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→क्लृ+ऋकार

---

૧. ઢું.માં आ च ला च, क्लुः ऋकारः ।

આ સૂત્રથી क्लृना लृनो ऋ સાથે વિજાતીય र्‌→क्रॄकार
પ્રથમા सि વિ. થતાં→क्रॄकारः ।

**વિકલ્પે :** (i) **क्लृऋकारः**→ऋलृति ૧.૨.૨થી લૃનો હ્રસ્વાદેશ
(ii) **कॄकारः**→ऋस्तयोः ૧.૨.૫થી લૃ+ऋ=દીર્ઘऋ

(૨) **लृता-क्ल्लृकारः**→क्लृ નો લૃકાર. क्लृनाम् लृकार इति ।
षष्ठ्ययत्ना૦૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→क्लृ+लृकार
આ સૂત્રથી क्लृનાં लृ+लृ = વિજાતીય ल्लृ→क्ल्लृकार
પ્રથમા सि વિ. થતાં→क्ल्लृकारः ।

**વિકલ્પે :** (i) **क्लृलृकारः**→ऋलृति૦૧.૨.૨થી लृ નો હ્રસ્વ
(ii) **क्लॄकारः**→समानानां૦૧.૨.૫થી लृ+लृ=દીર્ઘलॄ

**વિ. :** (૧) र्‌-ल्लृ તે સ્વર છે. છતાં તેનો પ્રયોગ ક્વચિત્ હોવાથી ૧૪ સ્વરમાં તે બન્નેની ગણતરી થતી નથી. જો વ્યંજન માનીએ તો, लृतस्+र्‌ल्लृ અહીં घोषवति ૧.૩.૨૧થી સૂત્રમાં लृतो થવાની આપત્તિ આવશે.

(૨) આ સૂત્ર બે સ્થાને લાગે છે. તે આ રીતે,
लृ+ऋ અને लृ+लृ

(૩) र्‌ल्लृ અહીં દ્વિ.વ.નો નિર્દેશ છે. પણ 'सूत्रत्वात् लोपः' નિયમથી औनो લોપ થયેલ છે અને તે દ્વિ.વ. દ્વારા **यथासङ्ख्यमनुदेशः समानाम्** ૧/૧૦ આ ન્યાયની પ્રવૃત્તિ થાય છે માટે સમાન વચનવાળા નિમિત્ત એવા ऋ અને लृ નો કાર્ય એવા વિજાતીયर्‌ અને ल्लृની સાથે અનુક્રમ જાણવો. આ ન્યાયનો અધિકાર આગામી સૂત્રોમાં પણ જાણવો.

**જિ.** ઉપરોક્ત સૂત્રથી वानी અનુવૃત્તિ આવતી જ હતી છતાં वानुं પુનઃ ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** **'यत्र नवाशब्दोपादानं૦૦૦ वाऽधिकारः सम्भवतीति ।'** (બૃ.ન્યા.૧.૨.૩) नवानुं ગ્રહણ હોય ત્યા જ વિકલ્પનો અધિકાર

ચાલે. અહીં નવાનું ગ્રહણ નથી માટે વાની અનુવૃત્તિ આવતી નથી તેથી વાનું ગ્રહણ કરેલ છે.

## ऋतो वा, तौ च १/२/४

**અ.અ.સૂ. : ऋतः ऋलृभ्याम् ॠ-ल्लृ वा,**
**ऋतः च ऋलृभ्यां तौ वा ।**

**અર્થ : ऋतो वा** → ऋ નો ऋ અને लृ ની સાથે અનુક્રમે ॠ અને ल्लृ એ પ્રમાણે વિજાતીયવર્ણ વિકલ્પે થાય છે તથા **तौ वा** → ऋनो ऋ અને लृ ની સાથે અનુક્રમે સજાતીય ऋ-लृ વિકલ્પે થાય છે.

ઉદા. : (૧) **ऋताः- पितॄर्षभः** પિતાનો બળદ. पितुः ऋषभ इति ।
षष्ठ्ययत्ना० ૩.૧.૭૬ વિ. થી સમાસ → पितृ+ऋषभ
આ સૂત્રથી ऋ નો ऋ ની સાથે વિજાતીય ॠ → **पितॄर्षभ**
પ્રથમા सि વિ. થતાં → पितॄर्षभः ।

**વિકલ્પે :** (i) **पितृषभः** → આ સૂત્રથી ऋ+लृ સજાતીય ऋ
(i) **पितृऋषभः** → ऋलृति० ૧.૨.૨થી ऋ નો હ્રસ્વાદેશ.
(i) **पितॄषभः** → समानानां० ૧.૨.૧થી ऋ+ऋ= દીર્ઘ ॠ

(૨) **लृता→होतॣ्लृकारः** → ગોર મહારાજાનો लृકાર.
૧.૨.૨ની જેમ થવાથી, होतृ+लृकार
આ સૂત્રથી होतृ નો ऋ+लृ=વિજાતીય ल्लृ → **होतॢ्लृकारः**
પ્રથમા વિ. થતાં → होतॢ्लृकारः

**વિકલ્પે :** (i) **होत्लृकारः** → આ સૂત્રથી ऋ+लृ સજાતીય लृ
(ii) **होतृलृकारः** → ऋलृति०૧.૨.૨થી ऋ નો હ્રસ્વાદેશ.
(iii) **होतॄकारः** → ऋस्तयोः૧.૨.૫થી દીર્ઘ ऋ+लृ=દીર્ઘ ॠ

વિ. : (૧) **ડમરૂકમણિ** ન્યાયથી સૂત્રમાં વચ્ચે લખેલ વાનો બન્ને બાજુ અન્વય થાય છે. તેથી ऋतो वा, तौ च वा । આ પ્રમાણે સૂત્રનો અન્વય લેવો.

(૨) સૂત્રમાં ગ્રહણ કરાયેલ તૌથી સજાતીય ऋ અને लृ કાર્ય

નિર્દેશ છે. અને

ચકાર તે વિજાતીય ॠ અને ॡ તેમજ, સજાતીય ऋ અને ऌ આ બે કાર્યના સમુચ્ચય માટે છે.

(૨) આ સૂત્ર ૨ સ્થાને લાગે છે. તે આ રીતે,

ऋ+ऋ અને ऋ+ऌ

## ॠस्तयोः १/२/५

**અ.અ.સૂ. : तयोः ऋऌभ्यां ॠः ।**

**અર્થ : तयोः** = પૂર્વે સ્થાની તરીકે દર્શાવેલ ऌ અને ऋનો અનુક્રમે ऋ અને ऌ સાથે દીર્ઘ ॠ થાય છે.

ઉદા. (१) **ॠषभः** → ऌ શબ્દથી અંકિત એવો બળદ.

ऌशब्दाङ्कित ऋषभ इति ।

मयूरव्यंसके० ३.१.११६ વિ.થી સમાસ વિ. → ऌ+ऋषभ

આ સૂત્રથી ऌ અને ऋ સાથે મળીને દીર્ઘ ॠ → **ॠषभ**

પ્રથમા સિ વિ. થતાં → **ॠ**षभः ।

(૨) **होतॄकारः** → ગોર(મહારાજ)નો ऌકાર→ होतुः ऌकार इति ।

સમાસ વિ. ૧.૨.૨ની જેમ થવાથી होतृ+ऌकार

આ સૂત્રથી ऌ+ऋ= દીર્ઘ ॠ → होत**ॄकार**

પ્રથમા સિ વિ. થતાં → होतॄकारः ।

વિ. : (૧) तद् સર્વનામ જેની પહેલાં વાત થઈ ગઈ હોય તેની માટે વપરાય છે તેથી સૂત્રનાં तयोः પદથી પૂર્વનાં સૂત્રમાં ગ્રહણ કરાએલ ऌतः અને ऋतः આ પદનું ગ્રહણ થાય છે.

(૨) આ સૂત્રમાં तयोः નો દ્વિ.વ.માં નિર્દેશ હોવાથી પૂર્વવત્ અહીં પણ **यथासङ्ख्य०** ૧/૧૦ ન્યાયની પ્રવૃત્તિ થશે. પણ અહીં સમાન વચનવાળા સ્થાની એવા ऌ અને ऋનો નિમિત્ત એવા ऋ અને ऌ સાથે અનુક્રમ જાણવો.

(૩) આ સૂત્ર ૨ સ્થાને લાગે છે. તે આ રીતે, लृ+ऋ અને ऋ+लृ

## अवर्णस्येवर्णादिनैदोदरल् १/२/६

**અ.અ.સૂ. : अवर्णस्य इवर्णादिना एदोदरल् ।**

**અર્થ :** अवर्णनो इवर्ण, उवर्ण, ऋवर्ण અને लृवर्णની સાથે મળીને અનુક્રમે एत्, ओत्, अर् અને अल् થાય છે.

**સ :** (१) **इवर्णादिना** → इवर्ण आदिर्यस्याऽसौ इति इवर्णादिः, तेनेति ।

(२) **एदोदरल्** → एच्च ओच्च अर् च अल् च इति ।

(प्रथमा जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. : (१) **अ वर्ण + इवर्ण પરસ્પર = ए**

**(i) देवेन्द्रः** → દેવોનાં ઈન્દ્રો. देवानामिन्द्र इति ।
षष्ठ्यत्ला० ૩.૧.૭૬ વિ.થી સમાસ વિ. → देव+इन्द्र
આ સૂત્રથી देव નો अ+इन्द्र નો इ = ए → **देवेन्द्र**
પ્રથમા सि વિ. થતાં → **देवेन्द्रः** ।

**(ii) तवेहा** → તારી ઈચ્છા → **तव+ईहा**
આ સૂત્રથી तव નો अ+ईहा નો ई = ए → **तवेहा** ।

**(iii) मालेयम्** → આ માળા → **माला**+इयम् ।
આ સૂત્રથી माला નો आ+इयम्નો इ = ए → **मालेयम्** ।

**(iv) सेक्षते** → તેણી જુએ છે → **सा+ईक्षते** ।
આ સૂત્રથી सा નો आ+ईक्षते નો ई = ए → **सेक्षते** ।

(२) **अ वर्ण + उ वर्ण પરસ્પર = ओ**

**(i) तवोदकम्** → તારું પાણી → तव+उदकम् ।
આ સૂત્રથી अ+उ = ओ → **तवोदकम्** ।

**(ii) तवोढा** → તારી પરણેલી સ્ત્રી → तव+ऊढा
આ સૂત્રથી तव નો अ+ऊढा નો ऊ = ओ → **तवोढा** ।

**(iii) गङ्गोदकम्** → ગંગાનું પાણી → गङ्गायाः उदकमिति ।
षष्ठ्य०३.१.७६वि.थी સમાસ વિ. → गङ्गा+उदक

આ સૂત્રથી आ+उ = ओ → गङ्गोदक
પ્રથમા सि વિ. થતાં → गङ्गोदकम् ।

(iv) **सोढा** → તે પરણેલી સ્ત્રી → सा + ऊढा
આ સૂત્રથી सा નો आ+ऊढा નો ऊ = **सोढा** ।

(૩) **अवर्ण + ऋवर्ण પરસ્પર = अर्**

(i) **तवर्षिः** → તારા ઋષિ → तव+ऋषिः ।
આ સૂત્રથી तव નો अ+ऋषि નો ऋ = अर् → **तवर्षिः**

(ii) **तवर्कारः** → તારો ॠકાર → तव+ॠकारः ।
આ સૂત્રથી अ+ॠ = अर् → **तवर्कारः**

(iii) **महर्षिः** → મહાઋષિ → महांश्चासौ ऋषिश्च इति ।
विशेषण०૩.૧.૯૬ થી સમાસ વિ. → महत्+ऋषि
जातीयैकार्थे०૩.૨.૭૦ થી डा → महत्+**आ**+ऋषि
डित्यन्त्य०૨.૧.૧૧૪ થી अत् નો લોપ → महा+ऋषि
આ સૂત્રથી आ+ऋ = अर् → **महर्षि** ।
પ્રથમા सि વિ. થતાં → **महर्षिः** ।

(iv) **सर्कारः**→તેણી ॠકાર. सा+ॠकारः
આ સૂત્રથી सा નો आ+ॠकार નો ॠ=अर्→**सर्कारः** ।

(૪) **अ વર્ણ+ऌ વર્ણ પરસ્પર=अल्**

(i) **तवल्कारः**→તારો ऌકાર/ॡકાર. तव+ऌकारः/ॡकारः
આ સૂત્રથી अ+ऌ/ॡ=अल्→ **तवल्कारः** ।

(ii) **सल्कारेण**→તેણી ऌ/ॡકાર વડે. सा+ऌकारेण/ॡकारेण
આ સૂત્રથી सा નો आ+ऌ/ॡ=अल्→**सल्कारेण** ।

વિ. : (૧) **पूर्वं पूर्वोत्तरपदयोः कार्यं, कार्यं पश्चात् सन्धिकार्यम्** ।
૨/૨૬ ન્યાયાનુસારે આ સૂત્રનું કાર્ય સંધિ કાર્ય હોવાથી છેલ્લે થશે. તેથી,
परमा चासौ इयं चेति આ વિગ્રહથી થતાં परम+इदम् સમાસ

સ્થાને પહેલાં अयमियं०૨.૧.૩૮થી इयम् આદેશ થશે, પછી આ સૂત્રથી अ+इ=ए થશે.

પણ જો પહેલાં આ સૂત્રથી સંધિ કરીએ તો, अयमियं० ૨.૧.૩૮થી इयम् આદેશ ન થાય અને परमेदम् આવું અનિષ્ટ રૂપ સિદ્ધ થાય.

(૨) **वर्णग्रहणे जातिग्रहणम्** ૨/૭ ન્યાયથી સૂત્રમાં દર્શાવેલ इवर्णादिना પદ દ્વારા इ વિ. વર્ણનાં અઢારે'ય ભેદનું ગ્રહણ થાય છે. તેથી પ્લુત इની સાથે મળીને પણ अ વર્ણના દ્વિમાત્રાવાળો ए વિ. આદેશ જ થાય છે. તેવું અન્યત્ર પણ સમજી લેવું.

(૩) **यथासङ्ख्य०** ૧/૧૦ ન્યાયાનુસારે અહીં નિમિત્ત એવા इवर्णादिની સાથે કાર્ય એવા एत्, ओत्, अर् અને अल् નો અનુક્રમ જાણવો.

(૪) **समानानां०** ૧.૨.૧ માં કરેલ બ.વ. નિર્દિષ્ઠ વ્યાપ્તિ દ્વારા ऋलृति० ૧.૨.૨ થી હ્રસ્વાદેશવાળા बालऋश्यः વિ. પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૫) આ સૂત્ર ૧૬ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| अ+इ=ए | अ+ई=ए | आ+इ=ए | आ+ई=ए |
| अ+उ=ओ | अ+ऊ=ओ | आ+उ=ओ | आ+ऊ=ओ |
| अ+ऋ=अर् | अ+ॠ=अर् | आ+ऋ=अर् | आ+ॠ=अर् |
| अ+लृ=अल् | अ+लृ=अल् | आ+लृ=अल् | आ+लृ=अल् |

## ऋणे प्र-दशार्ण-वसन-कम्बल-
## वत्सर-वत्सतरस्याऽऽर् । १/२/७

અ.અ.સૂ. : प्र-दशार्ण-वसन-कम्बल-वत्सर-वत्सतरस्य अवर्णस्य ऋणे इवर्णादिना आर् ।

**અર્થ :** प्र, दश, ऋण, वसन, कम्बल, वत्सर અને वत्सतर ના અવર્ણનો ऋण પર છતાં ऋની સાથે મળીને आर् થાય છે.

**સ. :** **प्रदशार्ण-वसन-कम्बल-वत्सर-वत्सतरस्य**→प्रश्च दशा च ऋणं च वसनश्च कम्बलश्च वत्सरश्च वत्सतरश्च इति । प्रदशा००तरम्, तस्येति ।

ઉદા. (૧) **प्रार्णम्**→ ખૂબ મોટું કરજ. प्रकृष्टम् ऋणमिति ।
ચાલી ગયેલું કરજ. प्रगतम् ऋणमिति ।
વધી ગયેલું કરજ. प्रवृद्धम् ऋणमिति ।

प्रात्यवपरि०૩.૧.૪૭ વિ. થી સમાસ વિ. → प्र+ऋण
આ સૂત્રથી प्र નાં अ + ऋ=आर्→**प्रार्ण**
પ્રથમા सि વિ. થતાં→**प्रार्णम्** ।

(૨) **दशार्णम्** → દશનું કરજ → दशानाम् ऋणमिति । **दश+ऋणम्**

(૩) **ऋणार्णम्** → વ્યાજ (ઋણનું કરજ) →
ऋणस्य ऋणमिति । ऋण+ऋणम् ।

(૪) **वसनार्णम्** → વસ્ત્રનું કરજ →
वसनस्य ऋणमिति । वसन+**ऋ**णम् ।

(૫) **कम्बलार्णम्** → કમ્બલનું કરજ →
कम्बलस्य ऋणमिति । **कम्बल**+**ऋ**णम् ।

(૬) **वत्सरार्णम्** → વર્ષનું કરજ →
वत्सरस्य ऋणमिति । वत्सर+**ऋ**णम् ।

(૭) **वत्सतरार्णम्** → શ્રેષ્ઠ વાછરડાંનું કરજ.
वत्सतरस्य ऋणमिति । वत्सतर+**ऋ**णम् ।

ઉપરોક્ત બધા પ્રયોગોમાં षष्ठ्ययत्ना०૩.૧.૭૬વિ.થી સમાસ વિ. કરવું અને આ સૂત્રથી दश વિ.નો अ વર્ણ+ऋणनो ऋ = आर् કરવો.

**વિ.** (૧) समानानां० ૧.૨.૧માં કરેલ બ.વ.નિર્દિષ્ટ વ્યાપ્તિ દ્વારા

ऋलृति० ૧.૨.૨ સૂત્રથી હ્રસ્વાદેશવાળા प्रऋणम् વિગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્ર अवर्णस्ये०૧.૨.૬નું અપવાદસૂત્ર છે.

**જિ.** સૂત્રમાં 'इवर्णादिना'ની અનુવૃત્તિ આવે છે. છતાં લઘુવૃત્તિમાં ऋता પદનું ગ્રહણ કેવી રીતે કર્યું ?

**સમા.** સૂત્રમાં प्र વિ.ના અવર્ણનો ऋण પર છતાં आर् કરવાનું વિધાન છે. તેથી અવર્ણની પછી ऋ જ નિમિત્ત તરીકે મળે છે. इ વિ. અન્ય વર્ણો નહીં. માટે ટીકામાં ऋता પદનું ગ્રહણ કર્યું છે.

## ऋते तृतीयासमासे १/२/८

**આ.અ.સૂ. : अवर्णस्य ऋते तृतीयासमासे इवर्णादिना आर् ।**

**અર્થ :** અવર્ણનો ऋत શબ્દ પર છતાં તૃતીયા સમાસમાં ऋની સાથે મળીને आर् થાય છે.

**સ.** **तृतीयासमासे**→तृतीयाया: समास: तृतीयासमास:, तस्मिन्निति ।

**ઉદા.** (૧) **शीतार्त्त:**→ઠંડીથી પીડિત થયેલ. शीतेन ऋत इति ।
कारकं कृता ૩.૧.૬૮ વિ. થી સમાસ વિ.→शीत+ऋत
આ સૂત્રથી शीत ના अ+ऋत નો ऋ = आर्→**शीतार्त**
र्हादर्ह०૧.૩.૩૧થી त् દ્વિત્વ→**शीतार्त्त**
પ્રથમા सि વિ. થતાં→शीतार्त्त: ।

**પ્ર.ઉદા.** (૧) **तृतीयासमास इति किम् ? परमर्त्त:** → અત્યન્ત પીડાયેલ.
परमश्चासौ ऋतश्च इति
विशेषणं०૩.૧.૯૬વિ.થી સમાસવિ.→परम+ऋत
अवर्णस्ये०૧.૨.૬થી अ+ऋ=अर् → **परमर्त**
પ્રથમા सि. વિ. થતાં → परमर्त्त: ।
અહીં કર્મધારય સમાસ છે, તૃતીયા તત્પુરુષ સમાસ નથી, માટે આ સૂત્રથી अ+ऋ=आर् ન થયો.

(२) **समास इति किम् ? दुःखेनर्त्तः** → દુઃખથી પીડાયેલ.
दुःखेन+ऋतः → અહીં સમાસ નથી, માટે આ સૂત્રથી अ+ऋ=आर् ન થતાં ૧.૨.૬થી अर् થયેલ છે.

**વિ. :** (૧) समानानां० ૧.૨.૧માં કરેલ બ.વ. નિર્દિષ્ટ વ્યાપ્તિ દ્વારા ऋलृति० ૧.૨.૨થી હ્રસ્વાદેશવાળા शीतऋतः વિ. પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્ર अवर्णस्ये०૧.૨.૬ના અપવાદરૂપ છે.

(૩) અહીં ऋते સપ્તમ્યન્ત પદ છે. તેથી सप्तम्या पूर्वस्य ૭.૪.૧૦૫ પરિભાષાથી તેની પૂર્વે અનન્તર રહેલાં જ अ વર્ણની સાથે મળીને ऋ નો आर् થશે. તેથી, जगत्+ऋतः અહીં जगतृतः આવો પ્રયોગ થશે.

## ऋत्यारुपसर्गस्य १/२/९

**અ.અ.સૂ. : उपसर्गस्य अवर्णस्य ऋति इवर्णादिना आर् ।**

**અર્થ :** ઉપસર્ગમાં રહેલાં અવર્ણનો ऋકારાદિ ધાતુ પર છતાં ऋ ની સાથે મળીને आर् થાય છે.

**ઉદા.** (૧) **प्रार्च्छति**→જાય છે. (ऋछत् इन्द्रियप्रलय० ૧૩૪૨)
धातोः०૩.૧.૧થી ઉપસર્ગસંજ્ઞક प्र નો પૂર્વનિપાત→ **प्र**+ऋच्छ्
वर्त्तमाना०૩.૩.૬થી तिव्→प्र+ऋच्छ्+**ति**
तुदादेः शः ૩.૪.૮૧થી श→प्र+ऋच्छ्+**अ**+ति
આ સૂત્રથી प्र નો अ+ऋच्छतिનો ऋ=आर→**प्रार्च्छ**ति ।

(૨) **परार्च्छति** → પાછળ જાય છે.
પૂર્વની જેમ → परा+ऋच्छति
આ સૂત્રથી पराનો आ+ऋच्छ्નો ऋ=आर् → **परार्च्छ**ति ।

**વિ.** (૧) અહીં સૂત્રમાં માત્ર ऋतिનું ગ્રહણ કર્યું છે. કારણ કે ઉપસર્ગના અવર્ણ પછી જો કોઈ ऋ હોય તો તે સામાન્ય ધાતુ સંબંધી

અથવા નામધાતુ સંબંધી હોઈ શકે છે અને નામધાતુનું વિધાન પરસૂત્રમાં કરેલું છે. તેથી **व्याख्यातो विशेषार्थ-प्रतिपत्तिः** ૨/૬૪ ન્યાયાનુસારે ऋति પદ દ્વારા ऋકાર તે સામાન્ય ધાતુ સંબંધી જ ગ્રહણ થશે.

(૨) **અવર્ણાન્ત ઉપસર્ગો :** प्र, परा, अप, अव, उप, आङ्

**જિ. :** પૂર્વસૂત્રથી 'आर्'ની અનુવૃત્તિ ચાલુ જ હતી છતાં આ સૂત્રમાં ફરી आर्નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા. :** समानानां૦૧.૨.૧માં બ.વ.થી નિર્દિષ્ટ વ્યાપ્તિનો અધિકાર અટકાવવા પુનઃ आर्નું ગ્રહણ કરેલ છે. તેથી હવેના સૂત્રમાં સંધિનાં અભાવવાળો પ્રયોગ નહીં થાય.

## नाम्नि वा १/२/१०

**અ.અ.સૂ. : उपसर्गस्य अवर्णस्य ऋति नाम्नि इवर्णादिना आर् वा ।**

**અર્થ :** ઉપસર્ગમાં રહેલા અવર્ણનો ऋકારાદિ નામધાતુ પર છતાં ऋ ની સાથે મળીને आर् વિકલ્પે થાય છે.

**ઉદા. :** (૧) **प्रार्षभीयति** → શ્રીઋષભદેવને અત્યન્ત ઈચ્છે છે.

प्र+ऋषभमिच्छतीति । धातोः पूजार्थ૦૩.૧.૧થી प्र ને ઉપસર્ગસંજ્ઞા અને ધાતુથી પૂર્વે નિપાત.

अमाव्ययात्૦૩.૪.૨૩થી क्यन्→प्र+ऋषभ+**य**

वर्तमाना૦૩.૩.૬થી तिव्→प्र+ऋषभ+य+**ति**

कर्तर्यनद्भ्यः૦૩.૪.૭૧થી शव्→प्र+ऋषभ+य+**अ**+ति

क्यनि ૪.૩.૧૧૨થી ई→प्र+**ऋषभी**+य+अ+ति

लुगस्यादे૦૨.૧.૧૧૩થી य्નાં અનો લોપ→प्र+ऋषभी**यति**

આ સૂત્રથી प्रનો अ+ऋ=વિકલ્પે आर्→**प्रार्ष**भीयति ।

**વિકલ્પે : प्रर्षभीयति**→अवर्णस्ये૦૧.૨.૬થી अ+ऋ= अर् ।

## लृत्याल् वा १/२/११

**અ.અ.સૂ. : उपसर्गस्य अवर्णस्य लृति नाम्नि इवर्णादिना आल् वा ।**

**અર્થ :** ઉપસર્ગમાં રહેલા અવર્ણનો લૃકારાદિ નામધાતુ પર છતાં લૃ સાથે મળીને आल् વિકલ્પે થાય છે.

**ઉદા.** (१) **उपाल्कारीयति**→નજીકમાં લૃકારને ઈચ્છે છે.
उप्+लृकारमिच्छतीति । धातोः पूजार्थस्वति०३.१.१થી ઉપસર્ગસંજ્ઞક થતાં उपનો પૂર્વ નિપાત.
प्रार्षभीयतिની જેમ → उप+**लृकारीयति**
આ સૂત્રથી अ+लृ = વિકલ્પે आल्→**उपाल्**कारीयति ।
**વિકલ્પે : उपल्कारीयति**→अवर्णस्येवर्णादि०१.२.६थी अ+लृ=**अल्** ।

## ऐदौत् सन्ध्यक्षरैः १/२/१२

**અ.અ.સૂ. : अवर्णस्य सन्ध्यक्षरैः ऐदौत् ।**

**અર્થ :** અવર્ણનો પર રહેલા સન્ધ્યક્ષરની સાથે મળીને ऐ અને औ થાય છે.

**સ.** **ऐदौत्**→ऐच्च औच्च इति ।

**ઉદા.** (१) **तवैषा** → તારી આ (પુત્રી). तव+एषा
આ સૂત્રથી तवनो अ + एषानो ए=ऐ → **तवैषा** ।

(२) **खट्वैषा** → આ ખાટલો → खट्वा+एषा
આ સૂત્રથી खट्वानो आ+एषानो ए=ऐ → **खट्वैषा** ।

(३) **तवैन्द्री** → તારી ઈન્દ્રસંબંધી (પુસ્તિકા) → तव+ऐन्द्री
આ સૂત્રથી तवनो अ+ऐन्द्रीनो ऐ=ऐ → **तवैन्द्री** ।

(४) **सैन्द्री** → તેણી ઈન્દ્રસંબંધી(સ્ત્રી.) → सा+ऐन्द्री
આ સૂત્રથી सानो आ+ऐन्द्रीनो ऐ=ऐ → **सैन्द्री** ।

(૫) **तवौदनः** → તારો ભાત तव + ओदनः ।
આ સૂત્રથી तवनो अ+ओदननो ओ=औ → तवौदनः ।

(૬) **तवौपगवः** → તારા ગોવાળિયાનું સંતાન → तव + औपगवः ।
આ સૂત્રથી तवनो अ+औपगवनो औ=औ → तवौपगवः ।

**વિ. :** (૧) आसन्नः ૭.૪.૧૨૦ પરિભાષાનુસારે ए અને ऐ ની સાથે મળીને अवर्णनो एना સ્થાનની અપેક્ષાએ નજીક ऐ તેમજ ओ અને औની સાથે મળીને अ वर्णनो ओना સ્થાનની અપેક્ષાએ નજીક औ થાય છે.

(૨) '**त्कारग्रहणं तावन्मात्रार्थं** ।' આ પંક્તિ અનુસારે सन्ध्यक्षर+अवर्णनी માત્રા જો ત્રિમાત્રિક કે ચતુર્માત્રિક થતી હોય તો પણ દ્વિમાત્રિક ऐत् અને औत् જ થાય છે. ત્રણ-ચાર માત્રાવાળો ऐ-औ થતો નથી. આને સૂત્રકારશ્રી બ.વ. દ્વારા પણ બતાવે છે.

(૩) આ સૂત્ર ૮ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| अ+ए=ऐ | अ+ऐ=ऐ | अ+ओ=औ | अ+औ=औ |
| आ+ए=ऐ | आ+ऐ=ऐ | आ+ओ=औ | आ+औ=औ |

**જિ.** સૂત્રમાં 'सन्ध्यक्षरैः' બ.વ. શા માટે કર્યું ?

**સમા.** અહીં પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા સૂત્રકારશ્રીએ ક્યાં ऐ કરવો અને ક્યાં औ કરવો તે દર્શાવેલ છે. તે આ રીતે,

**सन्ध्यक्षरैः** → सन्ध्यक्षर+भिस्

भिस् ऐस्૧.૪.૨થી ऐस् → सन्ध्यक्षर+**ऐस्**

અને આ સૂત્રથી सन्ध्यक्षरैः।

ઉપસર્ગ સિવાયના સ્થળે ऐ કરેલ હોવાથી પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા उपसर्गस्यનો અધિકાર પણ અટકાવ્યો છે.

## ऊटा ૧/૨/૧૩

**અ.અ.સૂ. : अवर्णस्य ऊटा औत् ।**

**અર્થ :** અવર્ણનો પર રહેલા ऊट्નાં ऊની સાથે મળીને औ થાય છે.

ઉદા. : (૧) **धौतः**[1] → શુદ્ધ કરાયેલ → धाव्यते स्म । [धावूग्गतिशुद्ध्योः ૯૨૦] क्त-क्त० ૫.૧.૧૭૪થી क्त → धाव्+**त**
अनुनासिके०૪.૧.૧૦૮થી व् નો ऊट् → धा**ऊ**+त
આ સૂત્રથી आ+ऊ = औ → **धौत**
પ્રથમા सि વિ. થતાં धौतः ।
तवतु પ્રત્યય થતાં પૂર્વવત્→धौतवत्+सि
આગળની સાધનિકા ૧.૧.૨૩માં तडित्वान् જેમ જાણવી.

વિ. : (૧) અહીં अवर्णस्ये०૧.૨.૬થી ओની પ્રાપ્તિ હતી. તેથી તેનું આ અપવાદ સૂત્ર છે.

(૨) અહીં ઉપરોક્ત સૂત્રથી 'ऐदौत्' ની અનુવૃત્તિ આવે છે પણ ऊ તે ઔષ્ઠ્ય હોવાથી आसन्नः૭.૪.૧૨૦ પરિભાષાથી ઓષ્ઠ્ય એવા औत्નું જ કાર્ય તરીકે ગ્રહણ થાય છે.

## प्रस्यैषैष्योढोढ्यूहे स्वरेण ૧/૨/૧૪

**અ.અ.સૂ. : प्रस्य अवर्णस्य एषैष्योढोढ्यूहे स्वरेण ऐदौत् ।**

**અર્થ :** प्रનાં અવર્ણનો एष, एष्य, ऊढ, ऊढि અને ऊह પરમાં હોતે છતે સ્વરની સાથે મળીને ऐ અને औ થાય છે.

સ. **एषैष्योढोढ्यूहे**→एषश्च एष्यश्च ऊढश्च ऊढिश्च ऊहश्च इति एषैष्योढोढ्यूहम्, तस्मिन्निति ।

ઉદા. : (૧) **प्रैषः** → પ્રકર્ષે કરીને ઈચ્છનાર. प्र+एषः
આ સૂત્રથી प्रનો अ+एषनો ए=ऐ → **प्रैषः** ।

(૧) धाव् ધાતુ સેટ્ છે. પરન્તુ ऊदितो वा ૪.૪.૪૨ અને वेटोऽपतः ૪.૪.૬૨ થી क्त-क्तवतु પર છતાં અનિટ્ છે.

(૨) **प्रैष्यः** → પ્રકર્ષે કરીને ઈચ્છવા યોગ્ય. प्र+एष्यः
અને આ સૂત્રથી प्रनो अ+एष्यनो ए=ऐ → **प्रैष्यः** ।

(૩) **प्रौढः** → પ્રકર્ષે કરીને વહન કરાયેલ. प्र+ऊढः
આ સૂત્રથી प्रनो अ+ऊढनो ऊ=औ → **प्रौढः** ।

(૪) **प्रौढिः** → પ્રકર્ષે કરીને વહન કરવાની ક્રિયા. प्र+ऊढिः
આ સૂત્રથી प्रनो अ+ऊढिनो ऊ=औ → **प्रौढिः** ।

(૫) **प्रौहः** → પ્રકર્ષે કરીને તર્ક કરવો તે. प्र+ऊहः ।
આ સૂત્રથી प्रनो अ+ऊहनो ऊ=औ → **प्रौहः** ।

**વિ.** અહીં ऊढની સાથે સાહચર્ય હોવાથી ऊढि પણ સ્યાદ્યન્ત જ ગ્રહણ કરવું. તેથી णिज् પ્રત્યયાન્ત નામધાતુ એવો ऊढि પર છતાં प्र ઉપસર્ગની સાથે अवर्णस्ये०૧.૨.૬થી **प्रोढयति** એ પ્રમાણે જ પ્રયોગ થશે. પરંતુ પૂર્વે આ સૂત્ર લગાડીને प्रौढ શબ્દ બનાવવામાં આવે તો प्रौढ શબ્દથી णिज् પ્રત્યય લગાડતાં **प्रौढयति** આવો પ્રયોગ પણ સિદ્ધ થાય છે.

**જિ.** एषः, एष्यः નિમિત્તક સંધિસ્થાને ऐदौत्०૧.૨.૧૨થી ऐની પ્રાપ્તિ હતી જ. છતાં આ સૂત્રમાં एषः વિ.નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** આ સૂત્રનાં કાર્યસ્થાને स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે उपसर्गस्या०૧.૨.૧૯ સૂત્રથી अना લોપની પ્રાપ્તિ હતી. પણ હવે, આ સૂત્રની રચના દ્વારા ગ્રંથકારશ્રીએ ૧.૨.૧૯થી થતાં अ ના લોપનો બાધ કરી પર એવા સન્ધ્યક્ષરની સાથે ऐની પ્રાપ્તિ દર્શાવી છે.

## स्वैर-स्वैर्यक्षौहिण्याम् १/२/१५

**અ.અ.સૂ. : स्वैर-स्वैर्यक्षौहिण्याम् अवर्णस्य स्वरेण ऐदौत्** ।

**અર્થ :** स्वैर, स्वैरी અને अक्षौहिणी માં રહેલાં अवर्णनो પરમાં રહેલાં સ્વરની સાથે મળીને ऐ અને औ થાય છે.

સ. **स्वैरस्वैर्यक्षौहिण्याम्**→स्वैरश्च स्वैरी च अक्षौहिणी च इति स्वैरस्वैर्यक्षौहिणीं, तस्यामिति ।

ઉદા. (૧) **स्वैरः** →ઈચ્છા મુજબ ભટકવું તે. स्वस्य ईरः इति ।
આ સૂત્રથી स्व ના अ નો ईरिन् ના ई ની સાથે ऐ→**स्वैरः** ।

(૨) **स्वैरी**→ઈચ્છા મુજબ ભટકનાર. स्वयमीरितुं शीलमस्य इति ।
આ સૂત્રથી स्व ના अ નો ईर ના ई ની સાથે ऐ→**स्वैरी** ।

(૩) **अक्षौहिणी**→સેના વિશેષ. अक्षाणाम् ऊहिणी इति ।
આ સૂત્રથી अक्ष ના अ નો ऊहिन् ના ऊ સાથે औ→**अक्षौहिणी** ।

વિ. (૧) **स्यात् सेनाऽक्षौहिणी नाम खाऽगाष्टैकाद्विकैर्गजैः ।**
**रथैश्चैभ्यो हयैस्त्रिघ्नै पञ्चघ्नैश्च पदातिभिः ॥**

જે સેનામાં ૨૧,૮૮૦ હાથી, ૨૧,૮૮૦ રથ, ૬૫,૬૪૦ ઘોડા, ૧,૦૯,૪૦૦ પાયદળ હોય તે સેનાને અક્ષૌહિણી સેના કહેવાય.

જિ. સૂત્રમાં स्वैरिन्નું જ ગ્રહણ છે છતાં ङी પ્રત્યયાન્ત स्वैरिणी માં આ સૂત્રથી ऐ ની પ્રાપ્તિ કેવી રીતે થઈ ?

સમા. **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે स्वैरिन् પું.ના ગ્રહણથી સ્ત્રી. એવા स्वैरिणीનું પણ ગ્રહણ થઈ જાય છે.

## अनियोगे लुगेवे १/२/१६

**અ.અ.સૂ. : अनियोगे एवे अवर्णस्य लुक् ।**

**અર્થ :** અનિયોગ = અનવધારણ(અનિશ્ચિત). અનિયોગ વિષયમાં વર્તતો एव પર છતાં अवर्णનો लुक् થાય છે.

સ : **अनियोगे** → न नियोगः इति अनियोगः, तस्मिन्निति ।

ઉદા. : (૧) **इहेव तिष्ठ** → તું અહીં ઊભો રહે → इह + एव
આ સૂત્રથી एव પર છતાં इहનાં अનો લોપ → **इहेव** ।

(૨) **अद्येव गच्छ** → તું આજે જા → अद्य + एव

આ સૂત્રથી एव પર છતાં अद्यનાં અનો લોપ → अद्येव। ઉપરોક્ત બન્ને ઉદા.માં અવધારણ અર્થ નથી માટે આ સૂત્રથી अ નો લોપ થયો છે.

**પ્ર.ઉદા** **नियोगे तु → इहैव तिष्ठ, मा गाः ।** → તું અહીં જ રહે જતો નહીં. અહીં અવધારણ અર્થ છે માટે આ સૂત્રથી અનો લોપ ન થયો પણ ऐदौत्૦૧.૨.૧૨થી ऐ થયો છે.

**વિ. :** આ સૂત્ર ऐदौत्૦ ૧.૨.૧૨નું અપવાદ સૂત્ર છે.

## वौष्ठौतौ समासे १/२/१७

**અ.અ.સૂ. : ओष्ठौतौ समासे अवर्णस्य लुक् वा ।**

**અર્થ :** ओष्ठ અને ओतु પર છતાં સમાસમાં રહેલાં अवर्णનો વિકલ્પે લોપ થાય છે.

**સ.** **ओष्ठौतौ**→ओष्ठश्च ओतुश्च इति ओष्ठौतु, तस्मिन्निति ।

**ઉદા.** (૧) **बिम्बोष्ठी**→બિમ્બનાં ફળ જેવા હોઠવાળી સ્ત્રી.
बिम्बाकारौ ओष्ठौ यस्याः सा इति ।
उष्ट्रमुखा૦૩.૧.૨૩ વિ.થી સમાસવિ.→बिम्ब+ओष्ठ+ई
આ સૂત્રથી ओष्ठ પર છતાં बिम्ब નાં अ નો વિકલ્પે લોપ→बिम्बोष्ठी
**વિકલ્પે : बिम्बौष्ठी**→ऐदौत्૦૧.૨.૧૨થી औ→**बिम्बौष्ठी** ।

(૨) **स्थूलोतुः**→જાડો બિલાડો. स्थूलश्चासौ ओतुश्च इति ।
विशेषण૦૩.૧.૯૬ વિ. થી સમાસ વિ.થી → स्थूल+ओतुः
આ સૂત્રથી ओतु પર છતાં अ નો વિકલ્પે લોપ → स्थूलोतुः
**વિકલ્પે : स्थूलौतुः**→ऐदौत्૦૧.૨.૧૨થી औ→**स्थूलौतुः** ।

**પ્ર.ઉદા** **समास इति किम् ? हे पुत्रौष्ठं पश्य ।** → હે પુત્ર ! તું હોઠને જો → અહીં સમાસ નથી. માટે આ સૂત્રથી अ નો લોપ ન થયો પણ ऐदौत्૦૧.૨.૧૨થીऔ થયેલ છે.

# ओमाङि १/२/१८

**અ.અ.સૂ. : अवर्णस्य ओमाङि लुक् ।**

**અર્થ :** अवर्णनो ओम् અને आङादेश પર છતાં લોપ થાય છે.

**સ.** **ओमाङि**→ओम् च आङ् च इति ओमाङ्, तस्मिन्निति ।

**ઉદા. :** (१) **अद्योम्** → હું આજે. → अद्य+ओम् ।

આ સૂત્રથી ओम् પર છતાં अद्यનાં अनो લોપ → **अद्योम्** ।

(२) **सोम्** → હા, તેણી. सा+ओम् ।

આ સૂત્રથી ओम् પર છતાં साનાં आनो લોપ → **सोम्** ।

(૩) **अद्योढा** → આજે પરણેલી. आ+ऊढा = ओढा ।

આ સૂત્રથી आङादेश ओ પર છતાં अद्यનાં अनो લોપ. अद्योढा ।

(४) **सोढा** → તેણી પરણેલી. सा+ऊढा ।

આ સૂત્રથી आङादेश ओ પર છતાં सा નાં आ નો લોપ.

**વિ.** (१) સૂત્રનાં 'आङ्' પદથી आङादेश (आङ्નાં સંધિભૂત વર્ણનું) ગ્રહણ કરવું. તેથી अद्य+ओढा સ્થાને आ+ऊढा=ओढा એ પ્રમાણે आ+ऊ મળીને ओ થયેલ છે. હવે **उभयस्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्** २/૪૯ આ ન્યાયથી आ અને ऊ મળીને બનેલાં ओने आनो આદેશ માનવાથી પૂર્વે રહેલ अद्यના अनो લોપ થાય છે.

(२) **ईषदर्थे क्रियायोगे, मर्यादाऽभिविधौ च यः ।**

**एतमातं ङितं विध्यात्, वाक्यस्मरणयोरङित् ॥**

**અર્થ :** અલ્પ અર્થમાં, ક્રિયાપદ સાથે જોડેલો હોય ત્યારે, મર્યાદા અને અભિવિધિ અર્થમાં आ ને ङित् જાણવો. પરંતુ વાક્ય અને સ્મરણ અર્થમાં રહેલો आ ङित् મનાતો નથી.

## (૩) आङ् નાં વિવિધ પ્રયોગો :

| ઉપ સર્ગ | ૧૪ સ્વરાદિ ક્રિયાપદ | आङादेश | સૂત્ર | સ્થાન | સૂત્ર કાર્ય |
|---|---|---|---|---|---|
| आ | अर्हति | आर्हति | १ | अद्य+आर्हति | अद्यार्हति |
| आ | आटत् | आटत् | १ | माला+आटत् | मालाटत् |
| आ | इच्छति | एच्छति | ६ | तथा+एच्छति | तथेच्छति |
| आ | ईक्षते | ऐक्षते | ६ | छाया+ऐक्षते | छायेक्षते |
| आ | उञ्छति | ओञ्छति | ६ | कन्या+ओञ्छति | कन्योञ्छति |
| आ | ऊहते | ओहते | ६ | देवता+ओहते | देवतोहते |
| आ | ऋच्छति | आर्च्छति | ९ | निशा+आर्च्छति | निशार्च्छति |
| आ | ऋकारीयति | आर्कारीयति/ अर्कारीयति | १० ६ | पिता+आर्कारीयति पिता+अर्कारीयति | पितार्कारीयति पितर्कारीयति |
| आ | ऌकारीयति | आल्कारीयति/ अल्कारीयति | ११ ६ | क्रिया+आल्कारीयति क्रिया+अल्कारीयति | क्रियाल्कारीयति क्रियल्कारीयति |
| आ | एधते | ऐधते | १२ | एकदा+ऐधते | एकदैधते |
| आ | ऐच्छत् | ऐच्छत् | १२ | आर्या+ऐच्छत् | आर्यैच्छत् |
| आ | ओषति | ओषति | १९ | अधुना+ओषति | अधुनौषति(१२) |
| आ | औषत् | औषत् | १२ | अधुना+औषत् | अधुनौषत् |

## उपसर्गस्यानिणेधेदोति १/२/१९

**અ.અ.સૂ. : उपसर्गस्य अवर्णस्य अनिणेधेदोति लुक् ।**

**અર્થ :** इण्-एध् સિવાયના એકારાદિ અને ઓકારાદિ ધાતુ પર છતાં ઉપસર્ગમાં રહેલાં अ વર્ણનો લોપ થાય છે.

**સ.** **अनिणेधेदोति**→इण् च एध् च इति इणेध्, न इणेध्→अनिणेध् ।

च तत् एच्च इति अनिणेधेत् । अनिणेधेच्च ओच्च इति अनिणेधेदोत्, तस्मिन्निति ।

ઉદા. (૧) **प्रेलयति**→તે પ્રેરણા કરે છે. (इलण् प्रेरणे १७००)
धातोः પૂજાર્થ૦૩.૧.૧થી प्रને ઉપસર્ગસંજ્ઞા અને ધાતુની પૂર્વે નિપાત્→**प्र**+इल्
चुरादिभ्यो૦૩.૪.૧૭થી णिच्→प्र+इल्+**इ**
लघोरुपा૦૪.૩.૪થી ગુણ→प्र+**एल्**+इ
वर्त्तमाना૦૩.૩.૬થી तिव् વિ. થતાં→प्र+एलि+अ+**ति**
नामिनो૦૪.૩.૧થી ગુણ→प्र+**एले**+अ+ति
एदैतोऽ૦૧.૨.૨૩થી अय्→प्र+**एलय**ति ।
આ સૂત્રથી प्र ના अ નો एકારાદિ इल् ધાતુ પર છતાં લોપ→**प्रे**लयति ।

(૨) **परेलयति**→અત્યન્ત રીતે પ્રેરણા કરે છે.
પૂર્વવત્ परा+एलयति ।
આ સૂત્રથી पराનાં आનો एકારાદિ રૂપ इल् પર છતાં લોપ→**परे**लयति ।

(૩) **प्रोषति**→બાળે છે. (उषस् प्रभातीभावे-२००४)
धातो પૂજાર્થ૦૩.૧.૧થી प्र ને ઉપસર્ગસંજ્ઞા અને ધાતુની પૂર્વે નિપાત→**प्र**+उष्
वर्त्तमाना૦૩.૩.૬થી तिव्→प्र+उष्+**ति**
कर्त्तर्य૦૩.૪.૭૧થી शव्→प्र+उष्+**अ**+ति
लघोरुपा૦૪.૩.૪થી ગુણ→प्र+**ओ**षति
આ સૂત્રથી प्रના अનો ओકારાદિ ધાતુ પર છતાં લોપ→**प्रो**षति ।

(૪) **परोषति**→અત્યન્ત રીતે બાળે છે. પૂર્વવત્ परा+ओषति ।
આ સૂત્રથી परा ના आ નો ओકારાદિ उष् ધાતુ પર છતાં

લોપ→**परोषति** ।

**પ્ર.ઉદા.** (૧) **अनिणेधिति किम् ?** → **उपैति** → પાસે જાય છે.

(इंण्क् गतौ-१०७५) → उप+**इ**

धातोः पूजार्थ०૩.૧.૧થી **ઉપસર્ગ સંજ્ઞા→उप**+इ

वर्त्तमाना०૩.૩.૬થી तिव्→उप+इ+**ति**

नामिनोगुणो० ૪.૩.૧થી ગુણ उप + **ए** + ति

ऐदौत्०૧.૨.૧૨થી ऐ → **उपैति** ।

(૨) **प्रैधते**→ખૂબ વધે છે. (एधि वृद्धौ-७४१)

धातोः पूजार्थ०૩.૧.૧થી ઉપસર્ગસંજ્ઞા અને प्रનો પૂર્વ નિપાત→ **प्र**+एध्

वर्त्तमाना०૩.૩.૬થી ते→प्र+एध्+**ते**

ऐदौत्०૧.૨.૧૨થી ऐ→**प्रै**धते ।

અહીં સૂત્ર વર્જીત इण् અને एध् ધાતુ પરમાં છે માટે આ સૂત્રથી उप અને प्र ના अ નો લોપ ન થયો.

**વિ. :** આ સૂત્ર ऐदौत्०૧.૨.૧૨નું અપવાદ સૂત્ર છે.

**જિ.** આ સૂત્રમાં ए-ओકારાદિ ધાતુ પર છતાં જ અવર્ણનો લોપનું વિધાન કર્યું છે. જ્યારે इण् ધાતુની આદિમાં ए કે ओ નથી. છતાં તેનું વર્જન કેમ કર્યું ?

**સમા.** ધાતુ પોતે ए-ओકારાદિ નથી પણ ગુણ દ્વારા ए-ओ સ્વરૂપ થાય છે. તેવા ધાતુઓનું પણ ગ્રહણ કરવા इण्નું વર્જન કરેલ છે.

## वा नाम्नि १/२/२०

**અ.અ.સૂ. : एदोति नाम्नि उपसर्गस्य अवर्णस्य लुक् वा ।**

**અર્થ :** એકારાદિ અને ओકારાદિ નામધાતુ પર છતાં ઉપસર્ગમાં રહેલાં अ વર્ણનો વિકલ્પે લોપ થાય છે.

ઉદા. : (૧) **उपेकीयति/उपैकीयति** → નજીકમાં એકની ઈચ્છા કરે છે.
उप+एकम् इच्छति इति
धातोः०૩.૧.૧થી उप ને **ઉપસર્ગસંજ્ઞા.**
ऋषभीयति (૧.૨.૧૦)ની જેમ → उप+एकीयति ।
આ સૂત્રથી અનો વિકલ્પે લોપ → उपेकीयति ।
**વિકલ્પે : उपैकीयति** → ऐदौत्०૧.૨.૧૨થી ऐ

(૨) **प्रोषधीयति/प्रौषधीयति** → સારી રીતે દવાની ઈચ્છા કરે છે. प्र+ओषधमिच्छतीति । પૂર્વની જેમ प्र + **ओषधीयति** ।
આ સૂત્રથી अ નો વિકલ્પે લોપ → **प्रो**षधीयति ।
**વિકલ્પે प्रौषधीयति** → 'ऐदौत्०' ૧.૨.૧૨ થી औ

**જિ.** उपेकीयति અહીં આ સૂત્રથી अ નો લોપ થતાં उप्+एकीयति સ્થાને धुटस्तृतीयः२.१.७६થી प् નો ब् કેમ ન થયો ?

**સમા.** અહીં **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** । **૧/૨૦** ન્યાયનો પ્રયોગ છે. धुटस्तृतीयः२.१.७६થી થતો ब् એકપદાશ્રિત હોવાથી અંતરંગ કાર્ય છે અને આ સૂત્રથી થતો अનો લોપ બે પદાશ્રિત હોવાથી બહિરંગ કાર્ય છે. અંતરંગ કાર્ય કરવા માટે બહિરંગ કાર્ય अ નો લોપ અસિદ્ધ થતાં પદાન્તે प् રહેતો નથી.

## इवर्णादेरस्वे स्वरे य-व-र-लम् १/२/२१

**અ.અ.સૂ. : इवर्णादेः अस्वे स्वरे य-व-र-लम् ।**

**અર્થ :** इवर्ण, उवर्ण, ऋवर्ण અને ऌ વર્ણનો અસ્વ સ્વર પર છતાં અનુક્રમે य्, व्, र् અને ल् થાય છે.

**સ.** (૧) **इवर्णादेः**→इवर्ण आदिर्यस्याऽसौ इति इवर्णादि, तस्येति ।
(૨) **य-व-र-लम्**→यश्च वश्च रश्च लश्च इति ।

ઉદા. ● **इ વર્ણનો य्**
(૧) **दध्यत्र**→દહીં અહીં છે.→दधि+अत्र

આ સૂત્રથી अ પર છતાં इ નો य्→**दध्यत्र** ।

(૨) **नद्येषा**→આ નદી છે. नदी+एषा

આ સૂત્રથી अ પર છતાં ई નો य्→**नद्येषा** ।

**• उ વર્ણનો व्**

(૩) **मध्वत्र**→મધ અહીં છે. मधु+अत्र

આ સૂત્રથી अ પર છતાં उ નો व्→**मध्वत्र** ।

(૪) **वध्वासनम्**→વહુનું આસન→वध्वा आसनम् इति ।

षष्ठ्ययत्ना૦૩.૧.૭૬વિ.થી સમાસ વિ.→वधू+आसनम्

આ સૂત્રથી आ પર છતાં ऊનો व्→**वध्वासनम्** ।

**• ऋ વર્ણનો र्**

(૫) **पित्रर्थः**→પિતા માટે→पितुः अर्थ इति ।

षष्ठ्ययत्ना૩.૧.૭૬ વિ.થી સમાસ વિ. થતાં→पितृ+अर्थः

આ સૂત્રથી अ પર છતાં ऋ નો र्→**पित्रर्थः** ।

(૬) **क्रादिः**→कृ આદિમાં જેને એવો તે(વર્ણ)

कृ आदिर्यस्य स इति ।

एकार्थं૦૩.૧.૨૨થી સમાસ વિ. થતાં कृ+आदिः

આ સૂત્રથી आ પર છતાં ऋનો र्→**क्रादिः** ।

**• ऌ વર્ણનો ल्**

(૭) **लित्**→ऌ છે ઈત્ જેમાં તે(ધાતુ) ऌ इत् यस्मिन् स इति ।

चादयोऽसत्त्वे ૧.૧.૩૧થી ऌ ને **અવ્યય સંજ્ઞા** થવાથી,

अव्ययस्य ૩.૨.૭થી વિભક્તિનો લોપ.

एकार्थं૦૩.૧.૨૨ વિ.થી સમાસ વિ. થતાં→ऌ+इत्

આ સૂત્રથી इ પર છતાં ऌ નો ल्→**लित्** ।

(૮) **लाकृतिः**→દેવી જેવી આકૃતિ જેની છે તે. ऌ इव आकृतिर्यस्य स इति ।

एकार्थं૦૩.૧.૨૨થી સમાસ વિ.→ऌ+आकृति+सि

ऐकार्थ्ये ૩.૨.૮થી અન્તવર્ત્તિ વિભક્તિનો લોપ→लृ+आकृति
આ સૂત્રથી आ પર છતાં लृનો ल्→**लाकृति**
પ્રથમા सि વિ. થતાં→लाकृतिः ।

વિ. (૧) દેવનન્દી વિ. વ્યાકરણકારો **इवर्णादेः** માં ષષ્ઠીને બદલે પંચમી માને છે. તે મતે इ વર્ણ વિ. થી પર અસ્વ સ્વર હોય તો અનુક્રમે य्, व्, र् અને ल् ઉમેરાય છે. તેથી **दधियत्र**, **नदीयेषा**, **मधुवत्र**, **कृरादिः**, **लृलित्** જેવા પ્રયોગો થાય છે. (केचित्तु०० બૃ.વૃ. ૧.૨.૨૧)

(૨) इवर्णादेः અને य्-व्-र्-लम् બન્નેમાં વચનની સદૃશતા હોવાથી **यथासङ्ख्य०** ૧/૧૦ ન્યાયાનુસારે કાર્યી એવા इ વર્ણ વિગેરેનો य् વિગેરે કાર્યની સાથે અનુક્રમ જાણવો.

(૩) આ સૂત્ર ૯૪ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| इ+अ=य | इ+आ=या | इ+उ=यु | इ+ऊ=यू |
| इ+ऋ=यृ | इ+ॠ=यॄ | इ+लृ=य्लृ | इ+लॄ=य्लॄ |
| इ+ए=ये | इ+ऐ=यै | इ+ओ=यो | इ+औ=यौ |
| ई+अ=य | ई+आ=या | ई+उ=यु | ई+ऊ=यू |
| ई+ऋ=यृ | ई+ॠ=यॄ | ई+लृ=य्लृ | ई+लॄ=य्लॄ |
| ई+ए=ये | ई+ऐ=यै | ई+ओ=यो | ई+औ=यौ |
| उ+अ=व | उ+आ=वा | उ+इ=वि | उ+ई=वी |
| उ+ऋ=वृ | उ+ॠ=वॄ | उ+लृ=व्लृ | उ+लॄ=व्लॄ |
| उ+ए=वे | उ+ऐ=वै | उ+ओ=वो | उ+औ=वौ |
| ऊ+अ=व | ऊ+आ=वा | ऊ+इ=वि | ऊ+ई=वी |
| ऊ+ऋ=वृ | ऊ+ॠ=वॄ | ऊ+लृ=व्लृ | ऊ+लॄ=व्लॄ |
| ऊ+ए=वे | ऊ+ऐ=वै | ऊ+ओ=वो | ऊ+औ=वौ |

| | | | |
|---|---|---|---|
| ऋ+अ=र | ऋ+आ=रा | ऋ+इ=रि | ऋ+ई=री |
| ऋ+उ=रु | ऋ+ऊ=रू | ऋ+लृ=र्लृ | ऋ+ए=रे |
| ऋ+ऐ=रै | ऋ+ओ=रो | ऋ+औ=रौ | ॠ+अ=र |
| ॠ+आ=रा | ॠ+इ=रि | ॠ+ई=री | ॠ+उ=रु |
| ॠ+ऊ=रू | ॠ+लृ=र्लृ | ॠ+लृ=र्लृ | ॠ+ए=रे |
| ॠ+ऐ=रै | ॠ+ओ=रो | ॠ+औ=रौ | लृ+अ=ल |
| लृ+आ=ला | लृ+इ=लि | लृ+ई=ली | लृ+उ=लु |
| लृ+ऊ=लू | लृ+ॠ=लृ | लृ+ए=ले | लृ+ऐ=लै |
| लृ+ओ=लो | लृ+औ=लौ | लृ+अ=ल | लृ+आ=ला |
| लृ+इ=लि | लृ+ई=ली | लृ+उ=लु | लृ+ऊ=लू |
| लृ+ऋ=लृ | लृ+ॠ=लृ | लृ+ए=ले | लृ+ऐ=लै |
| लृ+ओ=लो | लृ+औ=लौ | | |

અહીં ऋ+लृ અને लृ+ऋ સ્થાને આ સૂત્ર ન લાગતાં ऋस्तयोः ૧.૨.૫ લાગી દીર્ઘ ॠ આદેશ થાય છે.

જિ. સૂત્રમાં 'अस्वस्वरे' આવું કહ્યું હોત તો એક માત્રા ઘટી જાત અને **'मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः ।'** છતાં अस्वे स्वरे નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** પછીનાં સૂત્રમાં સ્વરેની જ અનુવૃત્તિ લેવી છે. પણ અસ્વેની નહીં. જો अस्वस्वरे સમાસ કરીએ તો બન્નેની અનુવૃત્તિ સાથે આવતાં ૧.૨.૨૩માં આપત્તિ આવે.

## ह्रस्वोऽपदे वा १/२/२२

**અ.અ.સૂ. : इवर्णादेः अस्वे स्वरे ह्रस्वः वा, अपदे ।**

**અર્થ :** इ વર્ણ વિ. નો અસ્વ સ્વર પર છતાં વિકલ્પે હ્રસ્વ થાય છે. જો

નિમિત્ત અને નિમિત્તી એક પદમાં ન હોય તો.

સ : **अपदे** → न पदम् इति अपदं, तस्मिन्निति ।

ઉદા. : (૧) **नदि एषा** → આ નદી. → नदी+एषा
આ સૂત્રથી હ્રસ્વાદેશ → **नदि** एषा ।
**વિકલ્પે : नद्येषा** → इवर्णादे०૧.૨.૨૧થી इ નો य् ।

(૨) **मधु अत्र** → મધ અહીં છે. मधु+अत्र
આ સૂત્રથી હ્રસ્વાદેશ→**मधु** अत्र ।
(હ્રસ્વનો પણ હ્રસ્વ થવાથી બીજી સંધિનો વિકલ્પે અભાવ).
**વિકલ્પે : मध्वत्र**→इवर्णादे०૧.૨.૨૧થી उ નો व् ।

પ્ર.ઉદા. (૧) **अपद इति किम् ?** → **नद्यौ** → બે નદીઓ. नदी+औ
આ બન્ને એક જ પદમાં છે. માટે આ સૂત્રથી હ્રસ્વ ન થયો.
પરંતુ इवर्णादे०૧.૨.૨૧થી इनो य् થયો છે.

(૨) **नद्यर्थः** → નદીનું ધન. नद्या अर्थ इति ।
અહીં સમાસની અપેક્ષાએ એક જ પદ છે. માટે આ સૂત્રથી હ્રસ્વ ન થયું.

વિ. (૧) **નિમિત્ત**=કાર્ય કરવામાં જે કારણભૂત છે તે.
**નિમિત્તી**=નિમિત્તને પામીને જેનું કાર્ય થાય તે.

(૨) આ સૂત્ર ૯૬ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| इ+अ=इअ | इ+आ=इआ | इ+उ=इअ | इ+ऊ=इऊ |
| इ+ऋ=इऋ | इ+ॠ=इॠ | इ+लृ=इलृ | इ+ॡ=इॡ |
| इ+ए=इए | इ+ऐ=इऐ | इ+ओ=इओ | इ+औ=इऔ |

આમ, इनां સ્થાને અન્ય ૮ સ્વર પણ ગણતાં કુલ ૯૬ સ્થાનો થાય છે.

## एदैतोऽयाय् १/२/२३

**અ.અ.સૂ. : एदैतः स्वरे अयाय् ।**

**અર્થ :** ए અને ऐનો સ્વર પર છતાં અનુક્રમે अय् અને आय् થાય છે.

**સ.** **एदैतः**→एच्च ऐच्च इति एदैत्, तस्येति ।

**ઉદા.** (૧) **नयनम्**→લઈ જવું. (णींग् प्रापणे-८८४) नीयत इति ।
अनट् ૫.૩.૧૨૪થી अनट्→नी+**अन**
नामिनो गुणो०४.३.१थी ગુણ→**ने**+अन
આ સૂત્રથી एનો अ પર છતાં अय्→**नयन**
પ્રથમા सि વિ. થતાં→नय**नम्** ।

(૨) **वृक्षयेव** → वृक्ष પર જ → वृक्षे + एव
આ સૂત્રથી ए પર છતાં ए નો अय् → वृक्ष**ये**व ।

(૩) **नायकः**→લઈ જનાર. नयतीति ।
णक-तृचौ ૫.૧.૪૮થી णक→नी+**अक**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**नै**+अक
આ સૂત્રથી अ પર છતાં नै નાં ऐ નો आय्→**नायक**
પ્રથમા सि વિ. થતાં→नायकः ।

(૪) **रायैन्द्री**→ધન વડે ઓળખાયેલી ઈન્દ્રસંબંધી સમૃદ્ધિ.
राया उपलक्षिता ऐन्द्रीति ।
मयूरव्यंसके०३.१.११६ વિ. થી સમાસ વિ. થતાં→रै+ऐन्द्री
આ સૂત્રથી ऐ પર છતાં ऐ નો आय्→**रायैन्द्री** ।

**વિ.** (૧) 'एदैतः' પદથી નિમિત્તી એવા इवर्णादेःની અનુવૃત્તિની સાથે તત્સંબંધી નિમિત્ત એવા अस्वेની પણ અનુવૃત્તિ અટકી જાય છે. તેથી एથી પરમાં જો સ્વસંજ્ઞક ए અને ऐ આવે તો પણ આ સૂત્રથી अय् અને आय् થાય છે.

(૨) 'एदैतः' અને 'अयाय्' માં સમાન વચન હોવાથી **यथासङ्ख्य०** **૧/૧૦** ન્યાયથી કાર્યી एत् અને ऐत्નો કાર્ય अय् અને आय् સાથે અનુક્રમ જાણવો. (આ બન્ને વિશેષતા નીચેનાં સૂત્રમાં પણ સમજવી).

(૩) આ સૂત્ર ૨૮ સ્થાને લાગે છે. તે આ રીતે,
एx१४ સ્વર + ऐx१४ સ્વર

| | | | |
|---|---|---|---|
| ए+अ=अय | ए+आ=अया | ए+इ=अयि | ए+ई=अयी |
| ए+उ=अयु | ए+ऊ=अयू | ए+ऋ=अयृ | ए+ॠ=अयॄ |
| ए+ऌ=अय्ऌ | ए+ॡ=अय्ॡ | ए+ए=अये | ए+ऐ=अयै |
| ए+ओ=अयो | ए+औ=अयौ | ऐ+अ=आय | ऐ+आ=आया |
| ऐ+इ=आयि | ऐ+ई=आयी | ऐ+उ=आयु | ऐ+ऊ=आयू |
| ऐ+ऋ=आयृ | ऐ+ॠ=आयॄ | ऐ+ऌ=आय्ऌ | ऐ+ॡ=आय्ॡ |
| ऐ+ए=आये | ऐ+ऐ=आयै | ऐ+ओ=आयो | ऐ+औ=आयौ |
| ए+अ સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ અપદાન્તે જ જાણવી. | | | |

## ओदौतोऽवाव् १/२/२४

**અ.અ.સૂ. : ओदौतः स्वरे अवाव् ।**

**અર્થ :** ओ અને औનો સ્વર પર છતાં અનુક્રમે अव् અને आव् થાય છે.

**સ :** **ओदौतः** → ओच्च औच्च इति ओदौत्, तस्येति ।

ઉદા. (૧) **लवनम्** → કાપવું તે [लूग्श् छेदने १५१८] लूयत इति।
अनट् ૫.૩.૧૨૪થી अनट् → लू+**अन**
नामिनो०૪.૩.૧થી ગુણ → **लो**+अन
આ સૂત્રથી ओનો સ્વર પર છતાં अव् → **लव**न
પ્રથમા सि વિ. થતાં → लव**नम्** ।

(૨) **पटवोतुः** → હે હોંશિયાર ! બિલાડો. पटो !+ओतुः
આ સૂત્રથી ओ નો ओ પર છતાં अव् → **पटवोतुः** ।

(૩) **लावकः** → કાપનાર → लुनाति इति
णक-तृचौ૫.૧.૪૮થી लू + **अक**
नामिनोऽ०૪.૩.૫૧થી **लौ** + अक

આ સૂત્રથી औ નો अ પર છતાં आव् → **लावक**
પ્રથમા सि વિ. થતાં → लावकः ।

(૪) **गावौ** → બે ગાયો → गो + औ
ओत औः૧.૪.૭૪થી गो ના ओ નો औ → **गौ** + औ
આ સૂત્રથી औનો औ પર છતાં आव् → **गावौ** ।

**વિ. :** આ સૂત્ર ૨૮ સ્થાને લાગે. તે આ રીતે,
(ओ+૧૪ સ્વર)×(औ+૧૪ સ્વર)

| | | | |
|---|---|---|---|
| ओ+अ=अव | ओ+आ=अवा | ओ+इ=अवि | ओ+ई=अवी |
| ओ+उ=अवु | ओ+ऊ=अवू | ओ+ऋ=अवृ | ओ+ॠ=अवॄ |
| ओ+ऌ=अव्लृ | ओ+ॡ=अव्लॄ | ओ+ए=अवे | ओ+ऐ=अवै |
| ओ+औ=अवो | ओ+औ=अवौ | औ+अ=आव | औ+आ=आवा |
| औ+इ=आवि | औ+ई=आवी | औ+उ=आवु | औ+ऊ=आवू |
| औ+ऋ=आवृ | औ+ॠ=आवॄ | औ+ऌ=आव्लृ | औ+ॡ=आव्लॄ |
| औ+ए=आवे | औ+ऐ=आवै | औ+ओ=आवो | औ+औ=आवौ |
| ओ+अ સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ અપદાન્તે જ જાણવી. | | | |

## व्यक्ये १/२/२५

**અ.અ.સૂ. : ओदौतः अक्ये यि अवाव् ।**

**અર્થ :** ओ અને औનો क्य સિવાયના યકારાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે अव् અને आव् થાય છે.

**સ.** **अक्ये**→न क्य इति अक्यः, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **गव्यति** → ગાયની ઈચ્છા કરે છે → गामिच्छति इति
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन् → गो+**य**
वर्त्तमाना०૩.૩.૬થી तिव्→गो+य+**ति**

कर्त्तर्यनद्०3.૪.७१थी शव्→गो+य+**अ**+ति

लुगस्या०२.१.११3थी अ नो લોપ → गो+य+ति

આ સૂત્રથી क्यन् પર છતાં गोनां ओ नो अव् → **गव्यति**।

(२) **गव्यते** → ગાયની જેમ આચરણ કરે છે → गौरिवाचरतीति

क्यङ् 3.૪.२६थी क्यङ्→गो+**य**

પૂર્વવત્ वर्त्तमाना 3.3.६ વિ. થતાં→गो+यते

(અહીં क्यङ्માં ङ्ઈત્ હોવાથી इङितः०3.3.२२थी આત્મને. થયેલ છે.)

આ સૂત્રથી क्यङ् પર છતાં गोनां ओ नो अव् → **गव्यते** ।

(3) **नाव्यति** → હોડીની ઈચ્છા કરે છે → नावमिच्छति ।

પૂર્વવત્ क्यन् વિ. થવાથી नौ+**य**+ति

આ સૂત્રથી क्यन् પર છતાં नौनां औनो आव् → **नाव्यति**।

(૪) **नाव्यते** → હોડીની જેમ આચરણ કરે છે.

गव्यते ની જેમ, नौ + य + ते → नौरिवाचरतीति ।

આ સૂત્રથી क्यङ् પર છતાં नौनां औनो आव् → **नाव्यते**।

(५) **लव्यम्** → કાપવા યોગ્ય. लूयत इति (लूगृश् छेदने-१५१८)

य एच्चातः५.१.२८थी य → लू + **य**

नामिनो०૪.3.१थी ગુણ **लो** + य

આ સૂત્રથી य પર છતાં ओनो अव् → **लव्य**

પ્રથમા सि વિ. થતાં → लव्यम् ।

(६) **लाव्यम्** → અવશ્ય કાપવાં યોગ્ય अवश्यलूयत इति ।

उवर्णादावश्यके५.१.१८थी घ्यण् → लू+**य**

नामिनोऽ०૪.3.५१थी वृद्धि → **लौ**+य

આ સૂત્રથી घ्यण् પર છતાં लौ નાં औ नो आव् → **लाव्य**

પ્રથમા सि વિ. થતાં → **लाव्यम्**।

प्र.ઉદા. (१) **अक्य इति किम् ?** → **उपोयते** → નજીકમાં વણાય છે [वेंग् तन्तुसन्ताने ९९२] उप + वे + ते
आत् सन्ध्यक्षरस्य४.२.१थी आ → उप + **वा** + ते
क्यः शिति३.४.७०थी क्य → उप + वा + **य** + ते
यजादि वचेः०४.१.७९थी य्वृत् → उप + **उ** + य + ते
दीर्घश्वि०४.३.१०८थी दीर्घ → उप + **ऊ** + य + ते
अवर्णस्ये०१.२.६थी ओ → **उपोयते** ।

(२) **औयत** → વણાયું → वे + **य** + त
आत्०४.२.१थी **वा** + य + त
यजादि वचेः०४.१.७९थी य्वृत् → **उ**+य+त
दीर्घश्च्वि०४.३.१०८थी दीर्घ → **ऊ**+य+त
स्वरादेस्तासु४.४.३१थी वृद्धि → **औ**+य+त
આ બન્ને ઉદા.માં સૂત્રવર્જિત કર્મણિનો क्य પ્રત્યય છે માટે આ સૂત્રથી ओ કે औ નો अव् કે आव् ન થયો.

**વિ. :** સૂત્રમાં क्यનું જ વર્જન હોવાથી **एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य** १/३३ ન્યાયાનુસારે દ્વ્યબંધક એવા क्यन्, क्यङ्‌વિ.નું વર્જન થતું નથી. તેથી क्यन्, क्यङ् પર છતાં પૂર્વનાં ओ અને औ નો अव् અને आव् થાય છે.

**જિ. :** આ સૂત્રમાં यि = य् પર છતાં આવું કહ્યું તો તે य् કયો લેવો પ્રત્યય સંબંધી કે અપ્રત્યય સંબંધી ?

**સમા. :** સૂત્રમાં अक्यથી જે क्यનું વર્જન કર્યું છે તે પ્રત્યય રૂપે છે. તેથી **नञुक्तं तत्सदृशे** १/२७ ન્યાયાનુસારે य પણ પ્રત્યય સંબંધી જ ગ્રહણ થાય છે.

## ऋतो रस्तद्धिते १/२/२६

**અ.અ.સૂ. : ऋतः यि तद्धिते रः ।**

**અર્થ :** **ऋ** નો યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં र् થાય છે.

ઉદા : (૧) **पित्र्यम्** → પિતાને વિષે સારો → पितरि साधुरिति ।
तत्र साधौ७.१.१५थीय → पितृ + **य**
આ સૂત્રથી તદ્ધિતનો य પર છતાં ऋनो र् → पित्र्य
પ્રથમા सि વિ. થતાં → पित्र्**यम्** ।

જિ.ઉદા**तद्धित इति किम् ? कार्यम्** → કરવા યોગ્ય. क्रियत इति ।
[डुकृंग करणे - ८८८] ऋवर्ण०५.१.१७थी घ्यण् → कृ+**य**
नामिनोऽक०४.३.५१थी वृद्धि → **कार्य**
પ્રથમા सि વિ. થતાં → **कार्यम्** ।
અહીં તદ્ધિતનો પ્રત્યય નથી પણ યકારાદિ કૃત્ પ્રત્યય છે. માટે આ સૂત્રથી ऋનો र् ન થયો.

**જિ.** અહીં 'तद्धिते'નાં ગ્રહણથી તદ્ધિત સિવાયનાં પ્રત્યયોનું વર્જન કર્યું છે. પણ તદ્ધિત સિવાયનાં घ्यण् વિગેરે પ્રત્યયો પર છતાં સૌ પ્રથમ જ ऋની વૃદ્ધિ થાય છે. માટે આ સૂત્રની પ્રાપ્તિ જ રહેતી નથી. તો तद्धिते પદનું ગ્રહણ શા માટે કર્યું ?

**સમા.** જો तद्धिते નું ગ્રહણ ન કરીએ તો, घ्यण् વિગેરે સિવાયનાં વિધ્યર્થ (સપ્તમી) વિભક્તિ વિગેરેનાં યકારાદિ પ્રત્યય પર છતાં આ સૂત્રનાં કાર્યની પ્રાપ્તિ થાય અને ત્યાં जाग्रयात् વિ. અશુદ્ધ પ્રયોગ થવાની આપત્તિ આવે.

## एदोतः पदान्तेऽस्य लुक् १/२/२७

**અ.અ.સૂ. : पदान्ते एदोतः अस्य लुक् ।**

**અર્થ :** પદાન્તે વર્ત્તતા ए અને ओથી પર રહેલાં अनो લોપ થાય છે.

**સ.** **एदोतः**→एच्च ओच्च इति एदोत्, तस्मात् इति ।

ઉદા. : (૧) **तेऽत्र** → તારું અહીં → ते + अत्र ।
આ સૂત્રથી एथी પર રહેલાં अ નો લોપ → तेत्र।

(૨) **पटोऽत्र** → હે હોંશિયાર ! અહીં → पटो + अत्र ।
આ સૂત્રથી ओથી પર રહેલાં अ નો લોપ → पटोत्र।

પ્ર.ઉદા. **पदान्त इति किम् ?** → **नयनम्** → લઈ જવું તે.
સાધનિકા ૧.૨.૨૩ પ્રમાણે જાણવી.
અહીં ને માં જે ए છે તે પદાન્તે નથી. માટે આ સૂત્રથી अ નો લોપ ન થયો.

**વિ.** આ સૂત્ર બે સ્થાને લાગે છે. તે આ રીતે,
પદાન્ત ए+अ, પદાન્ત ओ+अ

## गोर्नाम्न्यवोऽक्षे ૧/૨/૨૮

**અ.અ.સૂ. : पदान्ते गोः एदोतः अक्षे नाम्नि अवः ।**

**અર્થ :** પદાન્તે રહેલાં ગોના ઓનો अक्ष પર છતાં સંજ્ઞાના વિષયમાં अव થાય છે.

ઉદા. (૧) **गवाक्षः**→ઝરૂખો. गोरक्षीव
उपमेयं०૩.૧.૧૦૨થી સમાસ→गो+अक्षि
अक्ष्णोऽप्राण्य०૭.૩.૮૫થી अत् સમાસાન્ત→गो+अक्षि+**अ**
अवर्णेवर्ण०૭.૪.૬૮થી इ નો લોપ→गो+**अक्ष**
આ સૂત્રથી अक्ष પર છતાં ओ નો अव→**गवाक्ष**
પ્રથમા सि વિ. થતાં→गवाक्षः ।

પ્ર.ઉદા **नाम्नीति किम् ? गोऽक्षाणि** → ગાયની ઈન્દ્રિયો/આંખો
गवामक्षाणीति । षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસ→गो+अक्ष
एदोतः०૧.૨.૨૭થી अ નો લોપ→गो**ऽक्ष**
પ્રથમા जस्→गोऽक्ष+अस्
नपुंसकस्य०૧.૪.૫૫થી शि→गोऽक्ष+**इ**
शिर्घुट् ૧.૧.૨૮થી शिને **घुट्संज्ञा** થવાથી,
धुटां प्राक् ૧.૪.૬૬થી न् આગમ→गोऽक्ष**न्**+इ

नि दीर्घः ૧.૪.૮૫થી દીર્ઘ→गोऽक्षान्+इ
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न् નો ण्→गोऽक्षाणि
અહીં સંજ્ઞાનો વિષય નથી માટે આ સૂત્રથી ગોનાં ઓનો અવ ન થયો.

**વિ. :** (૧) આ સૂત્ર एदोतः०૧.૨.૨૭નું અપવાદ સૂત્ર છે.
(૨) ઉપરનાં સૂત્રથી एदोतः ની અનુવૃત્તિ આવે છે પણ ગો માં ए નો સંભવ ન હોવાથી ओ નું જ કાર્યી તરીકે ગ્રહણ થશે.

**જિ.** અહીં 'नाम्नि' પદથી **कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे ૧/૨૩** ન્યાયાનુસારે अधातुविभक्ति०૧.૧.૨૭થી થતાં પારિભાષિક નામનું ગ્રહણ થાય છે. છતાં તેનું ગ્રહણ ન કરતાં સંજ્ઞાનું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** જો અહીં પારિભાષિક નામનું ગ્રહણ કરીએ તો, સૂત્રમાં રહેલ गो અને अक्ष સદૈવ નામસંજ્ઞક હોવાથી नाम्नि પદ નિરર્થક જશે. તેથી તે ન્યાયને અનિત્ય ગણીને લોકરૂઢિથી પ્રાપ્ત સંજ્ઞા અર્થનું ગ્રહણ કર્યું છે.

## स्वरे वाऽनक्षे ૧/૨/૨૯

**અ.અ.સૂ. : पदान्ते गोः एदोतः स्वरे अवः वा, अनक्षे ।**

**અર્થ :** પદાન્તે રહેલાં ગોના ઓનો સ્વર પર છતાં अव વિકલ્પે થાય છે. જો તે સ્વર અક્ષમાં રહેલો ન હોય તો.

**સ. :** **अनक्षः** → न अक्षः इति अनक्षः, तस्मिन्निति ।

**ઉદા.** (૧) **गवाग्रम्**→ગાયનો અગ્રભાગ. गवामग्रमिति ।
द्वि-त्रि-चतु०૩.૧.૫૬ વિ.થી સમાસ વિ.→गो+अग्रम्
આ સૂત્રથી अग्रનો अ પર છતાં ગોના ઓનો વિકલ્પે अव→गवाग्रम्
**વિકલ્પે : गोऽग्रम्**→एदोतः०૧.૨.૨૭થી अનો લોપ.

(૨) **गवेशः/गवीशः**→ગાયોનો સ્વામી. गवामीश इति ।

षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ. થી સમાસ વિ. → गो+ईशः
આ સૂત્રથી ईश નો ई પર છતાં गोना ओनो વિકલ્પે
अव→**गव**+ईशः
अवर्णस्येवर्णादि०૧.૨.૬થી ए→**गवेशः** ।

**વિકલ્પે : गवीशः**→ओदौतोऽ०૧.૨.૨૪થી अव्

**પ્ર.ઉદા (૧) अनक्ष इति किम् ?** → **गोऽक्षम्** → ગાયની ઈન્દ્રિય.
गवामक्षमिति । षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસ→गो+अक्षम्
एदोतः०૧.૨.૨૭થી अ નો લોપ→गोऽक्षम् ।
અહીં સૂત્રમાં વર્જિત अक्ष નો अ પરમાં છે. માટે આ સૂત્રથી
गोना ओनो अव ન થયો.

**(૨) ओत इत्येव** → **चित्रग्वर्थः**
વિવિધપ્રકારની ગાયોના સ્વામી માટે.
चित्रा गौर्यस्याऽसौ इति चित्रगुः ।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→चित्रा+गो
परतः स्त्री०૩.૨.૪૯થી પુંવત્ભાવ→**चित्र**+गो
गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→**चित्रगु**
પ્રથમા सि વિ. થતાં→चित्रगुः ।
चित्रगोः अर्थ इति ।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬વિ.થી સમાસવિ.→चित्रगु+अर्थः
इवर्णादे०૧.૨.૨૧થી व्→चित्रग्**वर्थः** ।
અહીં गो સંબંધી उ છે, ओ નથી, માટે આ સૂત્રથી अव ન
થયો.

**જિ.** 'चित्रगो ! उदकम् आनय ।' અહીં ओ પછી अक्ष સિવાયનો સ્વર
હોવા છતાં પણ अव કેમ ન થયો ?

**સમા.** અહીં चित्रगो! તે સંબો.એ.વ.નું રૂપ હોવાથી गोમાં રહેલ ओ તે
લાક્ષણિક છે અને **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्**

१/१५ न्यायानुसारे स्वाભाविક ગોનાં જ ઓનો અવ થાય છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ ન થઈ.

આ પ્રમાણે ગો સંબંધી ઓનાં અધિકારવાળાં બે સૂત્રોમાં પણ જાણવું.

## इन्द्रे १/२/30

**અ.અ.સૂ. : पदान्ते गोः एदोतः इन्द्रे स्वरे अवः ।**

**અર્થ :** પદાન્તે રહેલા ગોના ઓનો इन्द्रમાં રહેલો સ્વર પર છતાં અવ થાય છે.

**ઉદા.** (१) **गवेन्द्रः**→ગાયોનાં સ્વામી गवामिन्द्र इति ।
षष्ठ्ययत्ना०३.१.७६ वि.थी સમાસ વિ.→गो+इन्द्रः
આ સૂત્રથી ગો ના ઓ નો અવ→**गवेन्द्र**
પ્રથમા सि वि. થતાં→गवेन्द्रः ।

**વિ.** स्वरे वाऽ०१.२.२९थी गवेन्द्रः માં વિકલ્પે અવની પ્રાપ્તિ હતી. તેને નિત્ય કરવા આ સૂત્રની રચના છે.

## वाऽत्यसन्धिः १/२/३१

**અ.અ.સૂ. : पदान्ते गोः एदोतः अति असन्धिः वा ।**

**અર્થ :** પદાન્તે રહેલાં ગોના ઓનો અકાર પર છતાં સંધિનો અભાવ વિકલ્પે થાય છે.

**સ.** **असन्धिः**→न सन्धिरिति ।

**ઉદા.** (१) **गोअग्रम्**→ગાયનો અગ્રભાગ. गवामग्रमिति ।
द्वि-त्रि-चतु०३.१.५६ वि.थी સમાસ વિ. થતાં गो+अग्रम्
આ સૂત્રથી ગોનાં ઓનો अ પર છતાં અસંધિ=**गोअग्रम्**

(i) **વિકલ્પે : गवाग्रम्**→स्वरे वा०१.२.२९थी अग्रनो अ पर छतां गोना ओनो अव

(ii) **गोऽग्रम्**→एदोत०१.२.२७थी गोના ओथी પર રહેલ अग्र નો अનો લોપ.

**પ્ર.ઉદા अतीति किम् ? गवेङ्गितम्** → ગાયનું ચિહ્ન

गवामिङ्गितमिति ।

षष्ठ्ययत्ना०३.१.७६ વિ.થી સમાસ વિ.→ गो+इङ्गितम्

स्वरे वाऽ०१.२.२९थी इ પર છતાં गोના ओનો अव→**गव**+इङ्गितम्

अवर्णस्ये०१.२.६थी ए→**गवेङ्गितम्** ।

અહીં अકાર પરમાં નથી, માટે આ સૂત્રથી અસંધિ ન થઈ.

## प्लुतोऽनितौ १/२/३२

**અ.અ.સૂ. : अनितौ स्वरे प्लुतः असन्धिः ।**

**અર્થ :** इति સિવાયનો સ્વર પર છતાં પ્લુત સંધિકાર્યને ભજનારો થતો નથી.

**સ.** **अनितौ**→न इति इति अनितिः तस्मिन्निति ।

**ઉદા. : देवदत्त$_3$ ! अत्रन्वसि** → હે દેવદત્ત ! તું અહીં છે.

दूरादामन्त्र्यस्य०७.४.९९ થી अ પ્લુત इति ભિન્ન अत्र નો સ્વર પર છતાં આ સૂત્રથી અસંધિ → **देवदत्त$_3$!अत्र**

**પ્ર.ઉદા. अनिताविति किम् ? सुश्लोकेति** → હે સુશ્લોક ! આ પ્રમાણે છે. **सुश्लोक$_3$ + इति**→अवर्णस्ये० १.२.६थी अ$_3$+इ=ए ।

અહીં સૂત્ર વર્જિત इति પરમાં છે. માટે આ સૂત્રથી અસંધિ ન થઈ.

વિ. : (૧) આ સૂત્ર ૧૮૨ સ્થાને લાગે છે.

| | | | |
|---|---|---|---|
| अ$_3$+अ | अ$_3$+आ | अ$_3$+इ | अ$_3$+ई |
| अ$_3$+उ | अ$_3$+ऊ | अ$_3$+ऋ | अ$_3$+ॠ |
| अ$_3$+लृ | अ$_3$+ॡ | अ$_3$+ए | अ$_3$+ऐ |
| अ$_3$+ओ | अ$_3$+औ | आ$_3$+अ | आ$_3$+आ |

| | | | |
|---|---|---|---|
| आ$_३$+इ | आ$_३$+ई | आ$_३$+उ | आ$_३$+ऊ |
| आ$_३$+ऋ | आ$_३$+ॠ | आ$_३$+ऌ | आ$_३$+ॡ |
| आ$_३$+ए | आ$_३$+ऐ | आ$_३$+ओ | आ$_३$+औ |

इ$_३$+अ વિ. ૧૪ સ્થાને इ$_३$वा૧.૨.૩૩ સૂત્રથી વિકલ્પે અસંધિ થતી હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી તેથી अ$_३$નાં સ્થાને ई$_३$ વિ. ૭ વર્ણો ગણતાં કુલ ૧૮૨ સ્થાનો થશે.

## इ$_३$वा ૧/૨/૩૩

**અ.અ.સૂ. : इ$_३$ प्लुतः स्वरे असन्धिः वा ।**

**અર્થ :** इનાં સ્થાને થયેલ પ્લુત સ્વર પર છતાં સંધિ કાર્યને ભજનાર થતો નથી. (અસંધિ વિકલ્પે થાય છે.)

ઉદા. : (૧) **लुनीहि$_३$इति** → તું લણ (છેદ).
क्षिया-ऽऽशी०७.४.९२થી इ પ્લુત. અને
આ સૂત્રથી इ ના સ્થાને થયેલ इ$_३$ ની इ પર છતાં અસંધિ.
**વિકલ્પે : लुनीहीति**→समानानां०१.२.१થી इ$_३$+इ=दीर्घई

**વિ. :** (૧) प्लुतोऽनितौ ૧.૨.૩૨ થી इ સ્થાનીય પ્લુતની इति સિવાયનો સ્વર પર છતાં નિત્ય અસંધિ થતી હતી તેને વિકલ્પે કરવા આ સૂત્રની રચના છે.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રની પૃથક્ રચના કરવાથી આ સૂત્રમાં अनितौ નો અધિકાર અટકી ગયો.

(૩) આ સૂત્ર ૧૪ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| इ$_३$\+अ | इ$_३$\+आ | इ$_३$\+इ | इ$_३$\+ई |
| इ$_३$\+उ | इ$_३$\+ऊ | इ$_३$\+ऋ | इ$_३$\+ॠ |
| इ$_३$\+ऌ | इ$_३$\+ॡ | इ$_३$\+ए | इ$_३$\+ऐ |
| इ$_३$\+ओ | इ$_३$\+औ | | |

# ईदूदेद् द्विवचनम् १/२/३४

**અ.અ.સૂ. : द्विवचनम् ईदूदेद् स्वरे असन्धिः ।**

**અર્થ :** દ્વિવચનને છેડે રહેલ ई, ऊ અને ए સ્વર પર છતાં સંધિ કાર્યને ભજનારાં થતાં નથી.

**સ.** **ईदूदेत्**→ईच्च ऊच्च एच्च इति ।

**ઉદા.** (१) **स्याद्यन्त→मुनी इह**→અહીં બે મુનિઓ.

**मुनी**=मुनि+औ, इदुतोऽस्त्रे०१.४.२१थी ई (પ્ર.દ્વિ.વ.)

આ સૂત્રથી દ્વિવચનાન્ત मुनी ના ई ની इह નો इ પર છતાં અસંધિ→**मुनी इह** ।

(२) **साधू एतौ**→આ બે સાધુઓ.

**साधू**=साधु+औ, इदुतोऽ०१.४.२१थी ऊ→साधू (પ્ર.દ્વિ.વ.)

આ સૂત્રથી દ્વિવચનાન્ત साधू નાં ऊ નો एतौ નો ए પર છતાં અસંધિ→**साधू एतौ** ।

(३) **माले इमे** → આ બે માળાઓ.

**माले**=माला+औ, औता१.४.२० થી ए→माले (જિ.દ્વિ.વ.)

આ સૂત્રથી દ્વિવચનાન્ત माले નાં ए ની इमे નો इ પર છતાં અસંધિ→**माले इमे** ।

(४) **त्याद्यन्तः→पचेते**[1] **इति**→તેઓ બે રાંધે છે. (डुपचींष् पाके -૮૯૨)

वर्तमाना०३.३.६थी દ્વિ.વ. आते→पच्+**आते**

कर्तर्य०३.४.७१थी शव्→पच्+**अ**+आते

आतामते०४.२.१२१थी आ નો इ→पच्+अ+**इते**

अवर्णस्ये०१.२.६थी अ+इ=ए→**पचेते** ।

આ સૂત્રથી દ્વિવચનાન્ત पचेतेનાં एની इति નો इ પર છતાં

---

१. ત્યાદ્યન્ત દ્વિ.વ.નાં છેડે ई, ऊ નો સંભવ નથી.

અસંધિ→पचेते इति ।

પ્ર.ઉદા (१) **ईदूदेदिति किम् ? वृक्षावत्र** → અહીં બે વૃક્ષો.

**वृक्षौ**=वृक्ष+औ, एदौत्०१.२.१२થી वृक्षौ (પ્ર.દ્વિ.વ.)

હવે, वृक्षौ+अत्र→ओदौतो०१.२.२४થી आव्→**वृक्षावत्र**

અહીં દ્વિવચનાન્ત वृक्ष ને છેડે औ છે. ई, ऊ કે ए નથી માટે આ સૂત્ર લાગ્યું નહીં.

(२) **द्विवचनमिति किम् ? कुमार्यत्र** → અહીં કુમારી

कुमारी+अत्र इवर्णादे०१.२.२१થી ईનો य्

અહીં ई દ્વિ.વ.નો નથી. માટે આ સૂત્રથી અસંધિ ન થઈ.

વિ. : (१) સૂત્રમાં त્કાર માત્ર ઉચ્ચારણ માટે છે. તેથી '**तकारग्रहणं तावन्मात्रार्थं** ।' આ નિયમ અહીં ન લાગ્યો. માટે દ્વિવચન સંબંધી પ્લુત $ई_३$ વિગેરે પછી પણ સ્વર હોય તો આ સૂત્રથી અસંધિ થાય છે. **ઉદા.** $अग्नी_३$ इति ।

(२) કેટલાંક અહીં અસંધિનો નિષેધ કરી मणीव જેવા સંધિજન્ય પ્રયોગોને પણ ઈચ્છે છે. જેમાં ગ્રન્થકારશ્રીને અસ્વરસ છે. (केचित्तु०० બૃ.વૃ. १.२.३४)

## अदोमु-मी १/२/३५

**અ.અ.સૂ. : अदोमु-मी स्वरे असन्धिः ।**

**અર્થ :** अदस् સંબંધી मु અને मी સ્વર પર છતાં સંધિ કાર્યને ભજનારાં થતા નથી.

**સ.** **अदोमु मी** → मुश्च मीश्च, इति मुमी, अदसो मुमी इति [प्रथमा औ, सूत्रत्वात् लोपः ।]

ઉદા. : (१) **अमुमुईचा** → આ તરફ જનાર વડે.

अमुम् अञ्चति इति क्विप् → अदद्रयङ् तेनेति ।

क्विप् ५.१.१४८થી क्विप् → अदस्+अञ्च्+०

सर्वादि०૩.२.१२२થી डद्रि આગમ → अदस्+**डद्रि**+अञ्च्+०
डित्यन्त्य०२.१.११४થી → **अद्**+डद्रि+अञ्च्
अञ्चोऽ०४.२.४६થી → अद्+अद्रि+**अच्**
હવે, अदद्रि+अच्+**टा**
अच्च०२.१.१०४થી अच् નો च् અને इ દીર્ઘ→ अद**द्रीच्**+आ
वाऽद्रौ२.१.४६થી द् નો म्→**अमम्रीच्**+आ
मादुवर्णोऽनु२.१.४७થી म् ની પછીના વર્ણનો उ આ સૂત્રથી મુનાં ઉની ई પર છતાં વચ્ચે અસંધિ **अमुमुई**चा।

(२) **अमी अश्वाः** આ ઘોડાઓ→अदस्+अस्
आद्वेरः२.१.४१થી स् નો अ→अद**अ**+अस्
लुगस्या०२.१.११३થી अ નો લોપ→अद+अस्
मोऽवर्णस्य२.१.४५થી द् નો म्→**अम**+अस्
जस इः२.१.९થી इ→अम+**इ**
अवर्णस्ये०१.२.६થી ए→**अमे**
बहुष्वेरीः२.१.४९થી ई→**अमी** अश्वाः ।
હવે, **अमी** अश्वाः માં, આ સૂત્રથી ई+अ ની **અસંધિ.**

## चादिः स्वरोऽनाङ् १/२/३६

**અ.અ.સૂ. : अनाङ् चादिः स्वरः स्वरे असन्धिः ।**

**અર્થ :** आङ् સિવાયના चादिस्वर, સ્વર પર છતાં સંધિ કાર્યને ભજનાર થતાં નથી.

**સ.** (१) **अनाङ्**→न आङ् इति ।
(२) **चादिः**→च आदिर्यस्याऽसौ इति ।

**ઉદા.** (१) **अ अपेहि**→તું દૂર ખસ.
તિરસ્કાર અર્થવાળાં अ ને चादयोऽ०१.१.३१થી **અવ્યય સંજ્ઞા** થવાથી,

આ સૂત્રથી अ પર છતાં अની **અસંધિ**.

(૨) **इ इन्द्रं पश्य**→અરે ! તું ઈન્દ્રને જો.
આશ્ચર્ય અર્થક इ ને चादयोऽ૦૧.૧.૩૧થી **અવ્યયસંજ્ઞા** થવાથી, આ સૂત્રથી इ પર છતાં इ ની **અસંધિ.**

(૩) **उ उत्तिष्ठ**→અરે ! તું ઊભો થા.
તિરસ્કાર અર્થક उને चादयोऽ૦૧.૧.૩૧થી **અવ્યયસંજ્ઞા** થવાથી, આ સૂત્રથી उ પર છતાં उ ની **અસંધિ.**

(૪) **आ एवं किल मन्यसे**→ખરેખર ! તું આ પ્રમાણે માને છે.
વાક્યાલંકાર અર્થક आ ને चादयोऽ૦૧.૧.૩૧થી **અવ્યયસંજ્ઞા** થવાથી,
આ સૂત્રથી ए પર છતાં आ ની **અસંધિ**.

(૫) **आ एवं नु तत्** →ખરેખર ! તે આ પ્રમાણે છે.
સ્મરણાર્થક आ ને चादयो૦૧.૧.૩૧થી **અવ્યયસંજ્ઞા**. તેથી આ સૂત્રથી ए પર છતાં आ ની **અસંધિ**.

**પ્ર.ઉદા. अनाङिति किम् ? एहि**→આવ. आ+इहि
अवर्णस्येवर्णादि૦૧.૨.૬થી ए→**एहि**
અહીં ધાતુ સંબંધી आ છે, તે आङ् સ્વરૂપ છે. તેથી આ સૂત્રથી અસંધિ ન થઈ.

**જિ.** અહીં 'चादिः' સ્વરનું વિશેષણ છે. તેથી विशेषणमन्तः ૭.૪.૧૧૩ આ પરિભાષાથી चादि અન્તવાળા સ્વરનું કાર્યી તરીકે ગ્રહણ કેમ ન કર્યું ?

**સમા.** 'चादि' અન્તવાળા સ્વરોનો અભાવ હોવાથી અહીં चादि ગણ અન્તર્ગત જે સ્વર સ્વરૂપ અવ્યયો છે. તેનું ગ્રહણ થશે. વળી,
'अनाङ्' એ પ્રમાણે પર્યુદાસનञ્નું ગ્રહણ હોવાથી તે चादि પણ आङ् ની સદૃશતાથી કેવલ એક સ્વરાત્મક જ ગ્રહણ થશે.

## ओदन्तः । ૧/૨/૩૭

અ.અ.સૂ. : **ओदन्तः चादिः स्वरे असन्धिः ।**

**અર્થ :** ओ કારાન્ત चादि અવ્યય સ્વર પર છતાં સંધિ કાર્યને ભજનાર થતો નથી.

**સ.** **ओदन्तः**→ओत् अन्ते यस्याऽसौ इति ।

ઉદા. (૧) **अहो अत्र**→આશ્ચર્ય ! અહીં.
આશ્ચર્ય અર્થક अहो ને चादयोऽसत्त्वे૧.૧.૩૧થી **અવ્યય સંજ્ઞા** થવાથી, આ સૂત્રથી अ પર છતાં ओ ની अ સાથે અસંધિ.

વિ. चादिः स्वरोऽ૦૧.૨.૩૬માં કેવળ એક સ્વરાત્મકનું જ કાર્યી તરીકે ગ્રહણ હોવાથી ओ અન્તે હોય એવા અનેકવર્ણાત્મક અવ્યયનું ગ્રહણ થાય છે. તેથી અનેક વર્ણાત્મક અવ્યયોમાં ओ અન્તવાળા અવ્યયોની જ અસંધિ થશે.
ઉદા. नो इन्द्रियम्, अथो एवम्, हंहो आगच्छ वि.

## सौ नवेतौ ૧/૨/૩૮

અ.અ.સૂ. : **सौ ओदन्तः इतौ असन्धिः नवा ।**

**અર્થ :** સિનાં કારણે થયેલ ઓકારાન્ત પદ इति પર છતાં વિકલ્પે સંધિ કાર્યને ભજનાર થતો નથી.(અસંધિ થાય છે.)

ઉદા. (૧) **पटो इति / पटविति**→હે હોંશિયાર ! આ પ્રમાણે.
आमन्त्ये૨.૨.૩૨થી પ્રથમા सि→पटु+**सि**
ह्रस्वस्य गुणः ૧.૪.૪૧ થી ગુણ→**पटो**
હવે, पटो+इति વાક્યમાં,
સિનાં કારણે થયેલ ઓકારાન્ત पटो પદની इतिની સાથે અસંધિ વિકલ્પે.
**વિકલ્પે : पटविति**→ओदौतोऽ૦૧.૨.૨૪થી ओनो अव्

**વિ.** પ્ર.એ.વ.નાં सि પ્રત્યયનાં કારણે ઓકારાન્ત પદનો સંભવ જ ન હોવાથી, અહીં સંબોધનમાં થતાં सि પ્રત્યયનું જ ગ્રહણ કરવું.

## ऊँ चोञ् ૧/૨/૩૯

**અ.અ.સૂ. : चादिः उञ् इतौ असन्धिः नवा, ऊँ च ।**

**અર્થ :** चादि સંબંધી उञ्, इति પર છતાં વિકલ્પે સંધિ કાર્યને ભજનાર થતો નથી. (અસંધિ થાય છે.) અને અસંધિમાં ऊँ એ પ્રમાણે દીર્ઘ અનુનાસિકવાળો આદેશ વિકલ્પે થાય છે.

**ઉદા. :** (૧) **उ इति/ऊँ इति/विति** → અરે ! આ પ્રમાણે. (રોષપૂર્વકનું કથન) चादयोऽ૦૧.૧.૩૧થી उञ् ને **અવ્યયસંજ્ઞા** થવાથી, આ સૂત્રથી વિકલ્પે અસંધિ→**उ इति** ।
અસંધિમાં દીર્ઘ અનુનાસિક આદેશ→**ऊँ** इति ।
**વિકલ્પે : विति**→इवर्णादे०૧.૨.૨૧થી उનો व्

**વિ.** અહીં ચકાર અસંધિ અને ऊँ આદેશ એ પ્રમાણે બે કાર્યના સમુચ્ચય માટે છે.

**જિ.** चादिः૦૧.૨.૩૬થી અસંધિ સિદ્ધ જ હતી છતાં આ સૂત્રની રચના કેમ કરી ?

**સમા.** चादिः૦૧.૨.૩૬થી સ્વર પર છતાં નિત્ય અસંધિ થતી હતી. જ્યારે આ સૂત્રથી માત્ર इति પર છતાં વિકલ્પે અસંધિ થાય છે. તેમજ ऊँ આદેશ પ્રાપ્ત થાય છે. આમ ઉદા.ગત ત્રણ પ્રયોગની પ્રાપ્તિ માટે આ સૂત્રની રચના છે.

## अञ्वर्गात् स्वरे वोऽसन् ૧/૨/૪૦

**અ.અ.સૂ. : अञ्वर्गात् उञ् स्वरे वः वा, असन् ।**

**અર્થ :** ञ् સિવાયના વર્ગીય વ્યંજનથી પર રહેલાં उञ् નો સ્વર પર છતાં व् વિકલ્પે થાય છે. અને તે અસત્ થાય છે.

સ. **अञ्वर्गात्** → न ञ् इति अञ्, अञ् चासौ वर्गश्च इति अञ्वर्गः तस्मादिति ।

ઉદા. : (१) **क्रुङ्ङ्वास्ते/क्रुङ्ङुआस्ते** → કુટિલ ચાલવાળો બેસે છે.

क्रुङ्+उञ्+आस्ते પ્રયોગમાં,

क्रुङ् = क्रुञ्चतीति क्विप् [क्रुञ्च गतौ- १०१]

પ્રથમા सि→कुञ्च+०+**स्**

दीर्घङ्याब्० १.४.४५थी सि नो લોપ→क्रुञ्च्

पदस्य २.१.८९थी च्नो લોપ→क्रुञ्

**निमित्ताऽभावे नैमित्तकस्याऽप्यभावः** १/२९ ન્યાયથી च्ना કારણે થયેલ ञ् નો न्→क्रुन्

युजञ्च० २.१.७१थी न् નો ङ्→क्रुङ्

આ સૂત્રથી क्रुङ् નાં ङ् થી પર રહેલ उनो व् અને તે અસત્→क्रुङ्वास्ते

અસત્ થતાં ह्रस्वान्ङ० १.३.२७थी દ્વિત્વ→क्रुङ्ङ्वास्ते ।

**વિકલ્પે : क्रुङ्ङु आस्ते** →चादयोऽ० १.१.३१थी उ ને **અવ્યયસંજ્ઞા** થવાથી, चादिःस्वरो० १.२.३६थी अ+आ ની **અસંધિ.**

વિ. આ સૂત્ર ૩૩૬ સ્થાને લાગે છે. તે આ રીતે,

ञ् સિવાયનાં વર્ગીય વ્યંજન (२४)×उञ्×१४ સ્વર.

| | | | |
|---|---|---|---|
| क्+उ+अ=क्व | क्+उ+आ=क्वा | क्+उ+इ=क्वि | क्+उ+ई=क्वी |
| क्+उ+उ=क्वु | क्+उ+ऊ+क्वू | क्+उ+ऋ=क्वृ | क्+उ+ॠ=क्वॄ |
| क्+उ+ऌ=क्वॢ | क्+उ+ॡ=क्वॣ | क्+उ+ए=क्वे | क्+उ+ऐ=क्वै |
| क्+उ+ओ=क्वो | क्+उ+औ=क्वौ | | |
| આમ क् નાં સ્થાને અન્ય २३ વ્યંજન ગણતાં કુલ ૩૩૬ સ્થાન થાય છે. | | | |

**જિ.** क्रुङ्+उ+आस्ते સ્થાને स्पर्द्धे ७.४.११९ પરિભાષાનુસારે પર એવા ह्रस्वान्ङ० ૧.૩.૨૭ સૂત્ર, આ સૂત્રથી પહેલાં પ્રવર્ત્તતાં દ્વિત્વ થયા બાદ उનો व् થવાથી क्रुङ्ङ्वास्ते પ્રયોગ સિદ્ધ થાય જ છે. છતાં આ સૂત્રમાં असत् નું વિધાન કેમ કર્યું ?

**સમા.** આ સૂત્રથી થતો व् તે દ્વિત્વ કર્યા બાદ પણ થાય છે. માટે આ સૂત્ર નિત્ય છે. અને **परान्नित्यम् १/५२** ન્યાયથી પર એવા ह्रस्वाङ्णo ૧.૩.૨૭નો બાધ કરી નિત્ય એવું આ સૂત્ર પહેલાં પ્રવર્ત્તે છે. તેથી દ્વિત્વ થઈ શકે માટે व्ના અસત્નું વિધાન છે.

## अ-इ-उ-वर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः । १/२/४१

**અ.અ.સૂ. : अ-इ-उवर्णस्यान्ते अनुनासिकः नवा, अनीदादेः ।**

**અર્થ :** अवर्ण, इवर्ण અને उवर्णोनो અન્ત = વિરામમાં અનુનાસિક વિકલ્પે થાય છે. જો તે 'ईदूदे्०૧.૨.૩૪થી 'अञ्वर्गात्' ૧.૨.૪૦ સૂત્ર સંબંધી ન હોય તો.

**સ.** (१) **अ-इ-उवर्णस्य**[१]→अश्च इश्च उश्च इति अइउ, अइउनां वर्ण इति ।

(२) **अनीदादेः**→ईत् आदिर्यस्याऽसौ इति ईदादिः न ईदादिरिति ।

**ઉદા. :** (१) **सामँ / साम** → સામવેદ

(२) **खट्वाँ / खट्वा** → ખાટલો

(३) **दधिँ / दधि** → દહીં

(४) **कुमारीँ / कुमारी** → કુમારી

(५) **मधुँ / मधु** → મધ

**પ્ર.ઉદા.** (१) **अनीदादेरिति किम् ?** (१) **अग्नी** → બે અગ્નિ
આ इदूदेद्०૧.૨.૩૪ સંબંધી છે.

(२) **अमी** → આ अदोमु-मी१.२.३५ સંબંધી છે.

---

१. ढुं.માં, दुं अश्च इश्च उश्च अयव्, अयुनां वर्ण इति ।

(૩) **किमु** → આ अञ्वर्गात्०१.२.४० સંબંધી છે.

**॥ इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे**
**प्रथमेऽध्याये द्वितीयः पादः समाप्तः ॥**

શ્લો. : **पूर्वभवदारगोपी**[१]**-हरणस्मरणादिव ज्वलितमन्युः ।**
**श्रीमूलराजपुरुषोत्तमोऽवधीद् दुर्मदाऽऽभीरान् ॥**

**નોંધ :** સ્વરસંધિનાં કોષ્ઠક માટે સંગ્રહ સૌરભમાં પરિશિષ્ટ-૫માં જોવું.

---

૧. શ્લોકનાં અર્થ સમાસ વિ. માટે સંગ્રહ સૌરભ (પરિશિષ્ટ પુસ્તિકા)માં જોવું.

# અભ્યાસ - ૨

**અધ્યાય-૧, પાદ-૧/૨** ૧૦૦ માર્કસ

**પ્ર.૧. નીચેનાં પદોનો અધિકાર જે સૂત્રમાં છે તે સૂત્રો લખો. (કોઈપણ પાંચ)** (૧૦)

(૧) एदोतः (२) ॠॢ (३) इवर्णादिना (४) चादिः (५) असन्धिः (६) अवाव्

**પ્ર.૨. નીચેનાં સૂત્રોનો અ.અ.સૂ. જણાવી અર્થ લખો. (કોઈપણ પાંચ)** (૧૦)

(૧) ૧.૨.૧૩, (૨) ૧.૨.૧૭, (૩) ૧.૨.૧૪

(૪) ૧.૨.૨૨, (૫) ૧.૨.૨૫, (૬) ૧.૨.૪૧

**પ્ર.૩. નીચેનાં પ્રયોગોની સાધનિકા લખો.** (૧૫)

(૧) अमुमुईचा (२) वत्सरार्णम् (३) धौतवान्

(४) उपेकीयति (५) क्रुङ्ङ्वास्ते

**પ્ર.૪. નીચેનાં ન્યાયો કયા સૂત્રમાં લાગે છે ? અને કેવી રીતે લાગે છે ? તે સમજૂતીપૂર્વક જણાવો.** (૧૫)

(૧) यथासङ्ख्य० (२) लक्षण-प्रतिपदो० (३) एकानुबन्धग्रहणे न०

**પ્ર.૫. નીચેની સંધિ કયા સૂત્રથી થઈ છે તે દર્શાવી સંધિ છૂટી કરો.** (૨૫)

(१) घस्लादेशः (२) पटवृक्षः (३) आसावुत्तङ्गः (४) यज्ञोपवीतम् (५) पूर्वैनः (६) भारौहः (७) अवैधते (८) कोमित्यवोचत् (९) कृष्णेहि (१०) वेदाभ्यासः (११) गुरवेदात् (१२) सर्पोऽहम् (१३) कन्यर्ज्वी (१४) तेमी (१५) ऋषित्रृणम् (१६) मात्राज्ञाः (१७) शयनम् (१८) उत्तमर्णः (१९) स्थूलोतुः (२०) भानूदयः (२१) साक्षि आत्मनः (२२) नद्यात्मा (२३) भृत्यौद्धतम् (२४) कुर्विदम् (२५) नद्यर्थः

**પ્ર.૬. સૂત્ર બતાવી સંધિ કરો.** (૨૫)

(१) योगी+अत्र (२) नेत्रे+आमृशति (३) पिता+ऋच्छति

(४) आधारो+अधिकरणम् (५) प्र+ऋणोति (६) आसने+आस्ते (७) दीर्घ+एरण्डः (८) बिम्ब+ओष्ठी (९) सत्य+इति+हि+अयम् (१०) कस्मै+अयच्छत् (११) महा+ईशः (१२) इन्दौ+उदिते (१३) पूजार्हौ+अरिसूदनः (१४) अनु+आदेशः (१५) अन्त+आदिः (१६) के+अपि (१७) भर्तृ+ऋद्धिः (१८) उ+इति (१९) अहो+अत्र (२०) लृ+ऋषभः (२१) होतृ+लृकारः (२२) स्त्री+उत्सवः (२३) त्वष्टृ+आकाङ्क्षा (२४) मातृ+उत्सवः (२५) आगच्छ हरेः$_{३}$ + अत्र क्रीडेम ।

॥ अर्हँ ॥

# प्रथमेऽध्याये तृतीयः पादः

## तृतीयस्य पञ्चमे १/३/१

**અ.અ.સૂ. : पदान्ते तृतीयस्य पञ्चमे अनुनासिकः नवा ।**

**अर्थ :** 'वा', 'पदान्ते' અને 'अनुनासिके' એ પ્રમાણે અનુવૃત્તિ આવે છે. પદાન્તે રહેલા વર્ગનાં ત્રીજા અક્ષરનો વર્ગીય પાંચમો અક્ષર પર છતાં (તૃતીયવ્યંજનના વર્ગ સંબંધી) અનુનાસિક વિકલ્પે થાય છે.

**ઉદા. :** (૧) **वाङ् ङ्वते/वाग् ङ्वते**→વાણી અવાજ કરે છે.

[ङुङ् शब्दे-५९३] આ સૂત્રથી ग् ને સ્થાને અનુનાસિક → वाङ् ङ्वते ।

**વિકલ્પે→वाग् ङ्वते ।**

(૨) **ककुम्मण्डलम्/ककुब्मण्डलम्**→દિશાઓનું મંડળ

ककुभां मण्डलमिति । षष्ठ्ययत्ना०३.१.७६ વિ. થી સમાસ

વિ. → ककुभ् + मण्डल

धुटस्तृतीयः२.१.७६થી ब् → **ककुब्** + मण्डल

આ સૂત્રથી म् નો વિકલ્પે म् → **ककुम्मण्डल**

પ્રથમા सि વિ. →**ककुम्मण्डलम्**

**વિકલ્પે**→ककुब्मण्डलम् ।

**વિ.** (૧) અહીં सौ नवेतौ१.२.३८થી 'नवा'ની एदोतःपदान्ते० १.२.२७થી 'पदान्ते'ની અને अ-इ-उ०१.२.४१થી 'अनुनासिके'ની અનુવૃત્તિ આવે છે.

(૨) અહીં સ્થાનીકૃત આસન્નતા હોવાથી સ્થાની સ્વરૂપ ત્રીજા વ્યંજન સંબંધી વર્ગનો અનુનાસિક થાય છે.

(૩) વિશ્રાન્ત વિદ્યાધર, પાણિની વિ. વ્યાકરણકારો વ્યંજનથી પર વર્ગીય સિવાયના અનુનાસિક પર છતાં પણ તે વ્યંજનને સ્થાને અનુનાસિક વિકલ્પે માને છે. તેથી તેમના મતે त्वग्+ऊँ इति અહીં त्वङूँ इति આવી સંધિ પણ થાય છે. પણ આવા પ્રયોગો લોકવ્યવહારમાં જણાતાં નથી માટે ગ્રંથકારશ્રીને અસ્વરસ છે. (केचित्तु०० બૃ.વૃ. ૧.૩.૧)

(૪) આ સૂત્ર ૨૫ સ્થાને લાગે છે. તે આ રીતે,
વર્ગનો ત્રીજો વ્યંજન(૫)×વર્ગનો પાંચમોઅક્ષર(૫)

| | | | | |
|---|---|---|---|---|
| ग्+ङ्=ङ्ङ् | ग्+ञ्=ङ्ञ् | ग्+ण्=ङ्ण् | ग्+न्=ङ्न् | ग्+म्=ङ्म् |
| ज्+ङ्=ञ्ङ् | ज्+ञ्=ञ्ञ् | ज्+ण्=ञ्ण् | ज्+न्=ञ्न् | ज्+म्=ञ्म् |
| ड्+ङ्=ण्ङ् | ड्+ञ्=ण्ञ् | ड्+ण्=ण्ण् | ड्+न्=ण्न् | ड्+म्=ण्म् |
| द्+ङ्=न्ङ् | द्+ञ्=न्ञ् | द्+ण्=न्ण् | द्+न्=न्न् | द्+म्=न्म् |
| ब्+ङ्=म्ङ् | ब्+ञ्=म्ञ् | ब+ण्=म्ण् | ब्+न्=म्न् | ब्+म्=म्म् |

જિ. : धुटस्तृतीयः ૨.૧.૭૬થી દરેક વર્ગનાં ધુટ્ વ્યંજનને સ્થાને ત્રીજો વ્યંજન થાય છે. તેથી સૂત્રમાં 'तृतीयस्य'ને બદલે 'वर्गस्य'નું ગ્રહણ કેમ ન કર્યું ? એમ કરવાથી માત્રાકૃત લાઘવ પણ થાય છે.

સમા. : 'तृतीयस्य'નું ગ્રહણ ततोहश्च૦૧.૩.૩ સૂત્રમાં અનુવૃત્તિ લઈ જવા માટે છે. અહીં 'वर्गस्य'નું ગ્રહણ કરીએ તો, નીચેનાં સૂત્રમાં वर्गस्यની અનુવૃત્તિ આવતાં प्राङ् हसति આ પ્રયોગમાં ङ् વર્ગીય હોવાથી ङ् થી પર રહેલાં ह् ને ઠેકાણે घ् થતાં प्राङ्घसति આવું અનિષ્ટ રૂપ થાય.

જિ. 'ककुम्मण्डलम्' માં तौ मु-मो૦૧.૩.૧૪થી म्નો અનુસ્વાર કેમ ન થયો ?

**સમા.** अञ्वर्गात्०१.२.४०માં રહેલ असन् પદની અનુવૃત્તિ **अपेक्षातोऽधिकारः १/१२** ન્યાયથી અહીં પણ આવે છે તેથી આ સૂત્રથી થયેલ म् અસત્ મનાતાં (ब् જ મનાતાં) અનુસ્વારની પ્રાપ્તિ રહેતી નથી.

અથવા **लक्षण प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् । १/१५** ન્યાયાનુસારે આ સૂત્રથી થયેલ લાક્ષણિક म् નો तौ मु.मो० १.२.१४થી અનુસ્વાર થતો નથી.

અથવા આ સૂત્રથી થતો म् બેપદાશ્રિત હોવાથી બહિરંગ કાર્ય છે. અને तौ मु-मो०१.३.१४ થી થતો અનુસ્વાર એકપદાશ્રિત હોવાથી અંતરંગ કાર્ય છે. હવે, **असिद्धं बहिरङ्गमन्तरङ्गे । १/२०** ન્યાયથી म્નો અનુસ્વાર કરવા માટે આ સૂત્રથી થયેલ म् અસત્ મનાતાં तौ मु-मो०१.३.१४થી અનુસ્વાર નહીં થાય.

## प्रत्यये च १/३/२

**અ.અ.સૂ. : पदान्ते तृतीयस्य प्रत्यये पञ्चमे अनुनासिकः ( च ) ।**

**અર્થ :** પદાન્તે રહેલાં વર્ગીય ત્રીજા વ્યંજનનો પ્રત્યય સંબંધી પાંચમો અક્ષર પર છતાં (ત્રીજાવ્યંજનના વર્ગ સંબંધી) અનુનાસિક નિત્ય થાય છે.

'**च**' નીચેનાં સૂત્રમાં **वा**ની અનુવૃત્તિ લઈ જવા માટે છે.

ઉદા. : (१) **वाङ्मयम्** → વાણીનો વિકાર. → वाचां विकारः

एकस्वरात्०६.२.४८થી मयट् → वाच्+**मय**

च-जः०२.१.८६ થી क् → वा**क्**+मय

धुटस्तृतीयः२.१.७६થી ग् → वाग्+मय

આ સૂત્રથી પ્રત્યયનો म् પર છતાં ग् નો **ङ्**→**वाङ्**मय

પ્રથમા सि वि. → वाङ्**मयम्** ।

(२) **षण्णाम्** → છ(વ્યક્તિ)નું → षष्+आम्

संख्यानां० १.४.33થી नाम् → षष्+**नाम्**
धुटस्तृतीयः २.१.७૬થી ड् → **षड्**+नाम्
આ સૂત્રથી પ્રત્યયનો न् પર છતાં ड् નો ण् → **षण्नाम्**
तवर्गस्य० १.३.૬0થી ण् → **षण्णाम्** ।

**વિ. :** (૧) આ સૂત્રમાં वा ની અનુવૃત્તિ લેવાની નથી. કારણ કે તે રીતે આ સૂત્રનું કાર્ય સિદ્ધ જ હતું અને સૂત્રમાં चનું ગ્રહણ હોવાથી वाની અનુવૃત્તિ નીચેના સૂત્રમાં લઈ જવી.

(૨) પૂર્વસૂત્રની જેમ આ સૂત્ર ૨૫ સ્થાને સંભવે છે. તે આ રીતે, વર્ગનો ત્રીજો વ્યંજન (૫) × વર્ગનો પાંચમો વ્યંજન (૫) = ૨૫ પણ પ્રત્યય સંબંધી ङ्, ण्, અને ञ् સંભવિત નથી માટે આ સૂત્ર ૧૦ સ્થાને લાગે છે.

## ततो हश्चतुर्थः १/३/३

**અ.અ.સૂ. : पदान्ते ततः हः चतुर्थः वा ।**

**અર્થ :** પદાન્તે રહેલાં વર્ગીય ત્રીજા વ્યંજનથી પર રહેલાં ह्નો પૂર્વનાં વર્ણનાં વર્ગનો ચોથો અક્ષર વિકલ્પે થાય છે.

**ઉદા. :** (૧) **वाग्घीनः/वाग्हीनः** વાણી વડે હીન. → वाचा हीनः
ऊनार्थ० ३.१.६७વિ.થી સમાસ વિ. → वाच्+हीन
च-जः० २.१.८६થી क् → **वाक्** + हीन
धुटस्तृतीयः २.१.७૬થી ग् → **वाग्** + हीन
આ સૂત્રથી ह् નો घ् → **वाग्घीन**
પ્રથમા सि વિ. → **वाग्घीनः**
**વિકલ્પે :-** वाग्हीनः ।

(૨) **ककुब्भासः/ककुब्हासः** → દિશાઓનું હાસ્ય → ककुभां हासः इति । कृति ३.१.७७વિ.થી સમાસ વિ. → ककुभ्+हास
धुटस्तृतीयः २.१.७૬થી ब् → **ककुब्** + हास

આ સૂત્રથી ह् નો વિકલ્પે भ् → ककुब्भास

પ્રથમા सि વિ. → ककुब्भासः

**વિકલ્પે → ककुब्हासः ।**

**વિ. :** (૧) અહીં સૂત્રમાં 'चतुर्थः' શબ્દનું ગ્રહણ કર્યું છે તે જ જણાવે છે કે, 'પૂર્વમાં રહેલ हનાં સ્થાને તૃતીયવ્યંજનનાં વર્ગનો ચોથો અક્ષર કરવાનો છે. પણ ह् કણ્ઠ્ય હોવાથી क् વર્ગનો ચોથો = घ् કરવો નહીં. જો ह् ને સ્થાને घ् જ કરવો હોય તો 'ततो हो घः ।' આવું લાઘવયુક્ત સૂત્ર બનાવે.

(૨) આ સૂત્ર ૫ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| ग्+ह्=ग्घ् | ज्+ह्=ज्झ् | ड्+ह्=ड्ढ् | द्+ह्=द्ध् | ब्+ह्=ब्भ् |

**જિ.** આ સૂત્રમાં ઉપરથી 'तृतीयस्य' શબ્દની અનુવૃત્તિ આવે છે અને **अर्थवशाद् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયથી 'तृतीयात्' નું ગ્રહણ થાય જ છે. છતાં ततः નું સૂચન કેમ કર્યું ?

**સમા.** આગળનાં સૂત્રથી ચાલી આવતી 'तृतीयस्य' ની અનુવૃત્તિ લઈને કોઈ '**हकारात् परस्य तृतीयस्य...**' આવો અર્થ ન કરી લે. માટે અહીં 'ततः'નું સૂચન કરેલ છે.

## प्रथमादधुटि शश्छः १/३/४

**અ.અ.સૂ. : पदान्ते प्रथमात् शः अधुटि छः वा ।**

**અર્થ :** પદાન્તે રહેલાં પ્રથમ અક્ષરથી પર श્નો અધુટ્ પર છતાં વિકલ્પે छ् થાય છે.

**ઉદા. :** (૧) **वाक्छूरः/वाक्शूरः** → वाचा शूरः વાણી વડે શૂરવીર

ऊनार्थ०૩.૧.૬૭ વિ.થી સમાસ વિ. → वाच् + शूर

च-जः०૨.૧.૮૬ થી क् → **वाक्** + शूर

धुटस्तृ०૨.૧.૭૬થી ग् અને अघोषे०૧.૩.૫૦થી પાછો क्

આ સૂત્રથી श् નો વિકલ્પે छ् → **वाक्छूर**

પ્રથમા सि વિ.→**वाक्छूरः**

**વિકલ્પે वाक्शूरः** ।

(૨) **त्रिष्टुप्छुतम्/त्रिष्टुप्श्रुतम्** → છંદનું સાંભળવું તે. त्रिष्टुभां श्रुतमिति ।

कृति ૩.૧.૭૭વિ.થી સમાસવિ. → त्रिष्टुप्+श्रुतभ्

धुटस्तृतीय૦૨.૧.૭૬થી ब् → त्रिष्टु**ब्**+श्रुत

अघोषे૦૧.૩.૫૦થી → त्रिष्टु**प्**+श्रुत

આ સૂત્રથી श् નો વિકલ્પે छ् → त्रिष्टुप्**छु**त

પ્રથમા सि વિ. → त्रिष्टुप्**छुतम्**

**વિકલ્પે** :- त्रिष्टुप्श्रुतम् ।

**પ્ર.ઉદા. अधुटीति किम् ? वाक् श्च्योतति** । → વાણી ચ્યવે છે.

અહીં श्ની પછી च् અધુટ્ નથી. માટે આ સૂત્ર લાગ્યું નહીં.

**વિ.** : (૧) અહીં 'अधुटि' માં પર્યુદાસનઞ્નું ગ્રહણ છે જે '**तद्भिन्नः तद्सदृग्ग्राही**' છે. તદનુસારે અહીં ધુટ્ થી ભિન્ન અને વર્ણ તરીકે સદશ એવો જ અધુટ્ પરમાં હોતે છતે કાર્ય થાય છે. તેથી સર્વથા વર્ણનાં અભાવમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૨) આ સૂત્ર પ્રાયઃ ૧૧૫ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| क्+श=क्छ | च्+श=च्छ | ट्+श=ट्छ | त्+श=त्छ | प्+श=प्छ |
| અહીં श् પછી રહેલ अ અધુટ્ છે. તે પ્રમાણે બીજા ૨૨ અધુટ્ પર છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી કુલ ૧૧૫ સ્થાનની પ્રાપ્તિ થશે. | | | | |

**જિ.** वाक्छूरः વિ. સ્થાને ત્રીજા વર્ણનો પ્રથમ કર્યા બાદ જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તો સૂત્રમાં **प्रथमाद्**નું ગ્રહણ ન કરતાં ઉપરથી આવતી એવી 'तृतीयात्'ની અનુવૃત્તિથી જ કાર્ય સિદ્ધ કેમ ન કર્યું ?

**સમા.** જો તૃતીય વ્યંજનથી પરમાં श् નો छ् કરવામાં આવે તો વિધાન સામર્થ્યથી જ अघोषे०૧.૩.૫૦નો બાધ થઈ જાય. તેથી ત્રીજાનો પ્રથમ ન થતાં वाग्छूरः આવું અનિષ્ટ રૂપ થવાની આપત્તિ આવે. માટે 'प्रथमाद्' પદનું ગ્રહણ કર્યું છે.

## रः कख-पफयोः ≍ क-)(पौ १/३/५

**અ.અ.સૂ. : पदान्ते रः कख-पफयोः ≍ क-)(पौ वा ।**

**અર્થ :** પદાન્તે રહેલા र्નો क् અને ख् તેમજ प् અને फ् પર છતાં અનુક્રમે ≍क् અને )(प् વિકલ્પે થાય છે.

**સ. :** (૧) **कखपफयोः**→कश्च खश्च इति कखं,
पश्च फश्च इति पफं, कखं च पफं च इति कखपफौ, तयोः इति ।
(૨) **≍क )( पौ**→≍कश्च)(पश्च इति ।

**ઉદા.:** (૧) **क≍करोति/कः करोति ?** → કોણ કરે છે ? किम्+सि+करोति
किमःक०२.१.४०થી किम् નો **क**+स्+करोति
तदन्तं०१.१.२०થી कस् ને **પદસંજ્ઞા**
सोरुः२.१.७२થી स्नोरु कर् करोति
આ સૂત્રથી र् નો ≍ → क≍करोति ?
**વિકલ્પે :- कः करोति?** रः पदान्ते०१.३.५३थी **વિસર્ગ.**

(૨) **क≍खनति/कः खनति ?** → કોણ ખોદે છે ?

(૩) **क)(पचति / कः पचति ?** કોણ રાંધે છે ?

(૪) **क)(फलति / कः फलति ?** કોણ ફળે છે ?

આ ત્રણની સાધનિકા પૂર્વની જેમ જાણવી.

**વિ. :** આ સૂત્ર रः पदान्ते०૧.૩.૫૩નું અપવાદ સૂત્ર છે. તેથી **उत्सर्गादपवादः १/५५** ન્યાયથી પહેલાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે અને પછી વિકલ્પે रः पदान्ते० ૧.૩.૫૩ની પ્રવૃત્તિ થશે. તેવું પછીનાં સૂત્રમાં પણ જાણવું.

**જિ.** આ સૂત્રમાં 'रः' આ પ્રમાણે નિરનુબંધનું ગ્રહણ છે અને **निरनुबन्धग्रहणे न साऽनुबन्धकस्य । ૧/૩૨** ન્યાયથી સાનુબંધ એવા रુનું ગ્રહણ થતું નથી. તો कर् करोति વિ.માં सोरुः ૨.૧.૭૨થી થયેલાં रु ને સ્થાને ≍ આદેશ કેવી રીતે થાય ?

**સમા.** અહીં આ ન્યાયની અનિત્યતાને જણાવતો બીજો પણ ન્યાય છે. **निरनुबन्धग्रहणे सामान्येन । ૨/૫** ન્યાયથી અહીં નિરનુબંધ એવા र् નાં ગ્રહણથી સાનુબંધ અને નિરનુબંધ બન્ને र् નું ગ્રહણ થાય છે.

## श-ष-से श-ष-सं वा ૧/૩/૬

**અ.અ.સૂ. : पदान्ते रः श-ष-से श-ष सं वा ।**

**અર્થ :** પદાન્તે રહેલા र्નો श्, ष् અને स् પર છતાં અનુક્રમે श्, ष् અને स् વિકલ્પે થાય છે.

**સ. :** **श-ष-से**→शश्च षश्च सश्च इति श-ष-सं, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **कश्शेते/कः शेते ?** → કોણ ઊંઘે છે ?
૧.૩.૫ ની જેમ **कर्**+शेते
આ સૂત્રથી श् પર છતાં र् નો श् → **कश्शेते ?**
**વિકલ્પે कः शेते** → रः पदान्ते૦૧.૩.૫૩ થી વિસર્ગ.

(૨) **कष्षण्ढः/कःषण्ढ ?** → કોણ નપુંસક છે ?

(૩) **कस्साधुः/कः साधुः ?** → કોણ સાધુ છે ?

આ બે ઉદા.ની સાધનિકા પૂર્વની જેમ જાણી લેવી.

**વિ. :** (૧) અહીં 'नवा'ની અનુવૃત્તિ ચાલુ હોવા છતાં 'वा'નું ગ્રહણ 'नवा' ની અનુવૃત્તિને અટકાવવા માટે છે. આમ, તો **अपेक्षातोऽधिकारः ૧/૧૨** ન્યાયથી પછીના સૂત્રમાં वानी અનુવૃત્તિ અટકી જાય પણ આ ન્યાયને અનિત્ય જણાવવા અહીં वा નું ગ્રહણ કર્યું છે.

(૨) **कश्शेते** વિ. સ્થાને વિધાન સામર્થ્યથી આ સૂત્રથી થયેલ श् વિ. નો કોઈ ફેરફાર થશે નહીં. તેથી **धुटस्तृतीयः** ૨.૧.૭૬ થી श् નો ज् પણ ન થયો.

(૩) અહીં નિમિત્ત અને કાર્ય વચ્ચે વચન અને સંખ્યાની સમાનતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમ જાણવો.

(૪) આ સૂત્ર ૩ સ્થાને લાગે છે. તે આ રીતે,
र्+श्, र्+ष्, र्+स्

## च-ट-ते सद्वितीये ૧/૩/૭

**અ.અ.સૂ. : पदान्ते रः सद्वितीये च-ट-ते श-ष-सम् ।**

**અર્થ :** પદાન્તે રહેલાં र्નો દ્વિતીય વર્ણ સહિત च्, ट् અને त् (च् કે छ्, ट् કે ठ्, त् કે थ्) પર હોતે છતે અનુક્રમે श्, ष्, અને स् નિત્ય થાય છે.

**સ. :** (૧) **च-ट-ते**→चश्च टश्च तश्च इति च-ट-तं, तस्मिन्निति ।
(૨) **सद्वितीये**→सह द्वितीयेन वर्त्तत इति सद्वितीयः, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **कश्चरः** ? કોણ સેવક છે ?
૧.૩.૫ સૂત્રની જેમ कर्+चरः
આ સૂત્રથી च् પર છતાં र् નો श् → **कश्चरः** ?

(૨) **कश्छन्नः** ? → કોણ છૂપાયું ? कर्+छन्नः
આ સૂત્રથી छ् પર છતાં र् નો श् → **कश्छन्नः** ?

(૩) **कष्टः** ? → કોણ ट ? कर्+टः ?
આ સૂત્રથી ट् પર છતાં र् નો ष्→**कष्टः** ?

(૪) **कष्ठः** ? → કોણ ઠ ? कर्+ठः ?
આ સૂત્રથી ठ् પર છતાં र् નો ष्→**कष्ठः** ?

(૫) **कस्तः ?** → કોણ ત ? **कर्**+तः ?
આ સૂત્રથી त् પર છતાં र् નો स्→**कस्तः** ?

(૬) **कस्थः ?** → કોણ થ ? **कर्**+थः ?
આ સૂત્રથી थ् પર છતાં र् નો स्→**कस्थः** ?

**વિ. :** આ સૂત્ર ૬ સ્થાને લાગે છે. તે આ રીતે,
र्+च्, र्+छ्, र्+ट्, र्+ठ्, र्+त्, र्+थ्

**જિ. :** અહીં સૂત્રમાં 'चछटठतथे' આવું લાઘવયુક્ત સૂત્ર ન કરતાં 'चटते सद्वितीये' આવું ગૌરવયુક્ત સૂત્ર કેમ કર્યું ?

**સમા. :** અહીં નિમિત્ત અને કાર્યની વચ્ચે **यथासङ्ख्यमनुदेशः समानाम्** १/१० ન્યાયથી અનુક્રમ અપેક્ષિત છે. તે અનુક્રમ પદોની સંખ્યા અને વચનની સમાનતા હોય તો જ પ્રવર્ત્તી શકે છે. માટે એ સમાનતા જાળવવા જ આવું સૂત્ર બનાવ્યું છે.

## नोऽप्रशानोऽनुस्वारा-ऽनुनासिकौ च पूर्वस्याऽधुट्परे १/३/८

**અ.અ.સૂ. : पदान्ते अप्रशानः नः अधुट्परे सद्वितीये च-ट-ते श-ष-सं, पूर्वस्य च अनुस्वारा-ऽनुनासिकौ ।**

**અર્થ :** પદાન્તે રહેલાં प्रशान् શબ્દ સિવાયનાં न्નો દ્વિતીય સહિત च्, ट् અને त् પરમાં હોય અને તેની પરમાં અધુટ્વર્ણ હોય તો અનુક્રમે श्, ष् અને स् થાય છે તેમજ, न्ની પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક અનુક્રમે થાય છે.

**સ. :** (૧) **अप्रशान्**→न प्रशान् इति अप्रशान्, तस्येति ।
(૨) **अनुस्वाराऽनुनासिकौ**→अनुस्वारश्च अनुनासिकश्च इति ।
(૩) **अधुट्परे**→न धुट् इति अधुट्, अधुट् परो यस्मादसौ इति अधुट्परः, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **भवांश्चरः/भवाँश्चरः** → આપ ચરપુરુષ છો.
આ સૂત્રથી न् નો श् તેમજ પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક→**भवांश्चरः / भवाँश्चरः** ।

(૨) **भवांश्छ्यति/भवाँश्छ्यति** આપ છેદો છો. भवान+छ्यति ।

(૩) **भवांष्टकः/भवाँष्टकः** → આપ ટકાર છો. भवान्+टकः

(૪) **भवांष्ठकारः/भवाँष्ठकारः** → આપ ઠકાર છો. भवान्+ठकारः

(૫) **भवाँस्तनुः/भवाँस्तनुः** → આપ પાતળાં છો. भवान्+तनुः

(૬) **भवांस्थुडति/भवाँस्थुडति** → આપ ઢાંકો છો.
भवान्+थुडति

અહીં સાધનિકા પૂર્વની જેમ જાણવી પણ न् નો श्, ष्, स् વિ. યથાયોગ્ય કરવું.

પ્ર.ઉદા. (૧) **अप्रशान इति किम् ? प्रशाञ्चरः** → શાન્ત સેવક છે.
प्रशान्+चरः → तवर्गस्य० १.३.६०થી न् નો ञ्
અહીં प्रशान्નું વર્જન હોવાથી આ સૂત્રથી न् નો श् વિ. ન થયો.

(૨) **अधुट्पर इति किम् ? → भवान् त्सरुकः** → આપ તલવારની મૂઠમાં કુશળ છો.
અહીં त् પછી રહેલ स् धुट् છે, અધુટ્ નહીં. માટે આ સૂત્ર લાગ્યું નહીં.

વિ. : (૧) प्रथमादधुटि० १.३.४ સૂત્રની જેમ અહીં 'अधुट्परे' માં પર્યુદાસ નञ्નું ગ્રહણ હોવાથી સર્વથા વર્ણનાં અભાવમાં આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય. જેમકે, भवान्+त्

(૨) આ સૂત્ર પ્રાયઃ ૧૩૦ સ્થાને લાગે છે. તે આ રીતે,

| न्+च | न्+छ | न्+ट | न्+ठ | न्+त | न्+थ |
|---|---|---|---|---|---|
| અહીં च् વિ. પછી રહેલ अ અધુટ્ છે તે પ્રમાણે બીજા પણ ૨૨ અધુટ્ પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી च् વિ.(૬)×૨૩(અધુટ્)=૧૩૮ સ્થાનનો સંભવ છે. પણ न्+च्‌ વિ. ૮ સ્થાને तवर्गस्य० १.३.६०ની પ્રવૃત્તિ થતાં આ સૂત્ર લાગશે નહીં. | | | | | |

જિ. 'त्वन्तत्र' અહીં न्+त्+अ (અધુટ્) હોવા છતાં આ સૂત્રથી न् નો स् કેમ ન થયો ?

સમા. અહીં न् तौ मु-मो० १.३.१४થી થયેલ છે અને **लक्षणप्रति-पदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्** १/१५ આ ન્યાયથી લાક્ષણિક એવા न्નો આ સૂત્રથી स् વિ. થતો નથી.

## पुमोऽशिट्यघोषेऽख्यागि रः १/३/९

**અ.અ.સૂ. : अधुट्परे अख्यागि अशिटि अघोषे पुमः रः पूर्वस्य च अनुस्वारा-ऽनुनासिकौ ।**

**અર્થ :** पुमः તે સંયુક્ત स् નો લુક્ થયા બાદ पुम्स् શબ્દનું અનુકરણ છે. અધુટ્ વર્ણ છે પરમાં જેને એવા ख्या સંબંધી અને શિટ્ સિવાયનાં અઘોષ વ્યંજન પર છતાં पुम् નાં म् નો र् થાય છે અને પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક થાય છે.

સ. : (१) **आशिटि**→न शिट्=अशिट्, तस्मिन्निति ।

(२) **अख्यागि**→न ख्याग् इति अख्याग्, तस्मिन्निति ।

ઉદા. : (१) **पुंस्कामा/पुँस्कामा** → પુરુષને ઈચ્છનારી

पुमांसम् कामयते इति ।

ङस्युक्तं० ३.१.४९वि.थी સમાસ વિ. → पुम्स्+काम

वृत्यन्तो० १.१.२५थी पुम्स् ને **પદસંજ્ઞા.**

पदस्य२.१.८९थी स् નો લોપ → पुम्+काम

આ સૂત્રથી म् નો र् અને પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક → **पुंर्**+काम/**पुँर्**+काम

पुंसः२.३.३થી र् નો स् → **पुंस्काम**/पुँस्काम

आत्२.४.१८થી आप् → **पुंस्काम**/पुँस्काम+**आ**

समानानां० १.२.१थी દીર્ઘ → पुंस्का**मा**/पुँस्का**मा** ।

પ્રથમા सि વિ. → **पुंस्का**मा / **पुँस्**कामा ।

प्र.ઉદા. (१) **अशिटीति किम् ? → पुंशरः** → પુરુષનું બાણ.
पुंसः शरः इति ।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬વિ. થી સમાસ વિ. पुम्+शर
तौ मु-मो०૧.૩.૧૪થી म् નો અનુસ્વાર→पुंशर
પ્રથમા सि વિ. → पुंशरः ।
અહીં म् પછી श् शिट् છે. માટે આ સૂત્ર લાગ્યું નહીં.

(२) **अघोष इति किम् ? पुंदासः** → પુરુષનો દાસ → पुंसः दासः इति । સમાસ વિ. પૂર્વવત્ જાણવું.
અહીં पुम्નાં म् પછી द् અઘોષ નથી. માટે આ સૂત્ર લાગ્યું નહીં. પણ तौ मु-मो० ૧.૩.૧૪ થી અનુસ્વાર થયો.

(૩) **अख्यागीति किम् ? पुंख्यातः** → પુરુષો વડે કહેવાયેલું.
पुंसा ख्यातः → कारकं कृता०૩.૧.૬૮વિ.થી સમાસ વિ. પૂર્વની જેમ જાણવું.
અહીં ख्या ધાતુ છે જેનું સૂત્રમાં વર્જન છે માટે આ સૂત્ર લાગ્યું નહીં.

(૪) **अधुट्पर इत्येव ? → पुंक्षारः** → પુરુષોનો દ્વેષ.
पुंसः क्षार । कृति ૩.૧.૭૭ થી સમાસ વિ. પૂર્વવત્ જાણવું.
અહીં पुम्નાં म् પછી क् છે અને क् ની પછી ष् धुट् છે.
अधुट् નથી માટે આ સૂત્ર લાગ્યું નહીં.

**વિ. :** (૧) 'अख्यागि' માં 'ख्याग्' ग् ઈત્વાળો હોવાથી चक्षो वाचि०૪.૪.૪થી થતાં चक्ष् ધાતુનાં ख्यांग् આદેશનું ગ્રહણ થશે. પણ
ગણ-૨નાં ख्यांक् ધાતુનું ગ્રહણ થશે નહીં.

(૨) **अनुकरणं** → કોઈ પણ ઉચ્ચરિત શબ્દને જણાવવા માટે કરાતો શબ્દ પ્રયોગ તે અનુકરણ.

(૩) આ સૂત્ર પ્રાયઃ ૨૨૨ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| म्+क | म्+च | म्+ट | म्+त | म्+प |
| म्+ख | म्+छ | म्+ठ | म्+थ | म्+फ |

અહીં क् વિ. અઘોષ પછી अ અધુટ્ છે. તે પ્રમાણે બીજા ૨૨ અધુટ્ પર છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી કુલ ૧૦× ૨૩=૨૩૦ સ્થાનનો સંભવ છે. પણ પૂર્વની જેમ म्+च्न् વિ.૮ સ્થાને तवर्गस्य૦૧.૩.૬૦ની પ્રવૃત્તિ થતાં આ સૂત્ર પ્રવર્ત્તતું નથી.

**જિ.** આ સૂત્રથી જ पुम् ના म् નો સીધો स् આદેશ કરીએ તો પ્રક્રિયા લાઘવ થાય. છતાં આ સૂત્રથી र् કર્યા બાદ पुंसः ૨.૩.૩ થી स् કેમ કર્યો ?

**સમા.** જો આ સૂત્રથી स् કર્યો હોત તો વિધાન સામર્થ્યથી જ स् નો र् ન થાય અને તેથી 'पुंश्चली, पुंष्टिट्टिभिः' સ્થાને 'चटते०' ૧.૩.૭ સૂત્ર ન લાગવાથી पुंस्चली, पुंस्टिट्टिभिः આવા અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે.

## नॄनः पेषु वा १/३/१०

**અ.અ.સૂ. : नॄनः पेषु रो वा, पूर्वस्य च अनुस्वारा-ऽनुनासिकौ ।**

**અર્થ :** 'नॄनः' તે शसन्त (દ્વિ.બ.વ.) नॄन् નું અનુકરણ કરી ષ.એ.વ.નું રૂપ કર્યું છે.

नॄन् ના न् નો प् પર છતાં र् વિકલ્પે થાય છે અને પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક થાય છે.

ઉદા. : (૧) **नृं)(पाहि/नृँ)(पाहि/नृंपाहि** → મનુષ્યોનું રક્ષણ કર. नॄन्+पाहि
આ સૂત્રથી न् નો र् તેમજ પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને
અનુનાસિક → **नृंर्**पाहि / **नृँर्**पाहि
रःकख०૧.૩.૫ થી → नृं)(पाहि / नृँ)(पाहि

**વિકલ્પે :-** नृंन्पाहि ।

वि. : (१) અહીં पेषु તે અકારાન્ત પનું સ.બ.વ.નું રૂપ છે. સૂત્રમાં પ માં અકાર ઉચ્ચાર માટે છે. તેથી प् ની પાછળ કોઈપણ સ્વર કે વ્યંજન આવે તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

જિ. : 'पेषु' એ પ્રમાણે સૂત્રમાં બ.વ. શા માટે કર્યું છે ?

ઉ : ઉપરનાં સૂત્રથી 'अधुट्परे'ની અનુવૃત્તિ આવતી હતી. પણ અહીં બ.વ. નિર્દિષ્ટ વ્યાપ્તિથી અનુવૃત્તિ અટકાવવામાં આવી છે. તેથી प् થી પર ધુટ્ વર્ણ હોય તો પણ આ સૂત્રનું કાર્ય થશે. તેવું બ.વ. દ્વારા નિશ્ચિત થાય છે.

## द्विः कानः कानि सः १/३/११

**અ.અ.સૂ. : कानि द्विः कानः सः पूर्वस्य च अनुस्वारा-ऽनुनासिकौ ।**

**અર્થ :** किम् નું શસન્ત (દ્વિ.બ.વ.) 'कान्'નું અનુકરણ કરી 'कानः' એ પ્રમાણે ષ.એ.વ.નું રૂપ કરેલું છે.

कान् પર હોતે છતે દ્વિરૂક્ત પામેલ कान्નાં न्નો स् થાય છે અને પૂર્વના વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક થાય છે.

ઉદા. : (१) **कांस्कान्/काँस्कान्** ? → કોને કોને ?

वीप्सायाम्૭.૪.૮૦ થી દ્વિરૂક્તિ → कान्+**कान्**

આ સૂત્રથી न् નો स् તેમજ પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક → **कांस्कान् / काँस्कान्**

પ્ર.ઉદા. (१) **द्विरिति किम् ? → कान् कान् पश्यति ।** કયા અધર્મી લોકોને તે જુએ છે. અહીં कान्ની દ્વિરૂક્તિ જણાતી નથી એક कान् પ્રશ્નાર્થક અને બીજો कान् ક્ષેપાર્થક છે. માટે આ સૂત્ર લાગ્યું નહીં.

वि. : (१) સૂત્રમાં ચાલી આવતી र्ની અનુવૃત્તિને અટકાવી स् કર્યો તેથી स्નાં વિધાન સામર્થ્યથી सोरुः૨.૧.૭૨થી પણ स्નો र् થશે નહીં.

## स्सटि समः १/૩/१२

**અ.અ.સૂ. : समः स्सटि सः, पूर्वस्य च अनुस्वारा-ऽनुनासिकौ ।**

**અર્થ :** सम् ના म् નો स्सट् આગમ પર છતાં स् થાય છે અને પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક થાય છે.

ઉદા. : (૧) **संस्कर्त्ता/सँस्कर्त्ता**→તે સંસ્કાર કરશે.

(डुकृंग् करणे-८८८)

श्वस्तनी० ૩.૩.૧૪ થી ता→सम्+कृ+**ता**

संपरेः कृगः०४.४.९१थी स्सट् આગમ→सम्+**स्स्**+कृ+ता

नामिनो गुणो०४.૩.१थी ગુણ→सम्+स्स्+**कर्**+ता

આ સૂત્રથી स्सट् પર છતાં सम् નાં म् નો स् તેમજ પૂર્વનાં વર્ણનો અનુસ્વાર અને અનુનાસિક → **संस्स्कर्ता/सँस्स्कर्त्ता**

घुटो०१.૩.४८થી स् નો લોપ→**संस्कर्त्ता**/सँस्कर्त्ता

र्हादर्ह०१.૩.૩१થી त्नुं द्वित्व→**संस्कर्त्ता/सँस्कर्त्ता**

પ્ર.ઉદા. **स्सटीति किम् ? संकृतिः** → સારી કૃતિ.

संस्क्रियादित्याशास्यमान इति ।

સારી રીતે ક્રિયા કરાય એવા આશીઃ

तिक्कृतौ०५.१.७१थी तिक्→सम्+कृ+**ति**

तौ मु-मो०१.૩.१४થી અનુસ્વાર→**सं**कृति

પ્રથમા सि वि. →संकृतिः ।

અહીં गर्गादि ગણ સામર્થ્યથી स्सट् આગમ થયો નથી માટે આ સૂત્ર લાગ્યું નહીં.

## लुक् १/૩/१૩

**અ.અ.સૂ. : स्सटि समः लुक् ।**

**અર્થ :** स्सट् પર છતાં सम् ના म् નો લુક્ થાય છે.

ઉદા. : **सस्कर्त्ता** । → સંસ્કાર કરશે.

પૂર્વની જેમ सम्+स्+कर्त्ता‌ની સાધનિકા જાણવી. અને આ સૂત્રથી सम् નો म् નો લોપ→सस्कर्त्ता

**वि. :** અહીં કાર્ય તરીકે 'लुक्' નો નવો અધિકાર લેવાથી અને પૃથક્ સૂત્ર રચનાથી 'पूर्वस्य च अनुस्वाराऽनुनासिकौ' નો અધિકાર અટકી ગયો.

**जि.** પૂર્વનાં સૂત્રથી सम् ના म् નો स् થાય છે અને આ સૂત્રથી એ જ म् નો લુક્ થાય છે. પણ આ સૂત્ર પર હોવાથી બળવાન થશે. તેથી પૂર્વનું સૂત્ર વ્યર્થ થવાનો પ્રસંગ નહીં આવે ?

**समा.** સમાન વિષયવાળા નિત્ય સૂત્રોનું કાર્ય તે સમાન વિષયને છોડીને અન્ય સ્થાને પ્રાપ્ત ન થતું હોય ત્યાં એક સૂત્રની વ્યર્થતાનો પ્રસંગ આવે. તેથી બન્ને સૂત્રમાં ભલે वा નો અધિકાર ન હોય છતાં તે બન્ને સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે થાય છે. માટે અહીં પણ એકવાર म् નો स् અને એકવાર લોપ.

આમ, બન્ને કાર્યો વિકલ્પે પ્રવર્ત્તે છે.

## तौ मु-मो व्यञ्जने स्वौ १/३/१४

**અ.અ.સૂ. : पदान्ते मु-मः व्यञ्जने तौ स्वौ ।**

**અર્થ :** આગમભૂત मु અને પદાન્તે રહેલા म્નો વ્યંજન પર છતાં અનુસ્વાર અને પરવ્યંજનનો જ સ્વ અનુનાસિક થાય છે.

**स.** (१) **मु-मः** मुश्च म् च इति, मुम्, तस्येति ।

**ઉદા.:** (१) **चंक्रम्यते/चङ्क्रम्यते** કુટિલ રીતે ગમન કરે છે.

[क्रमूं पादविक्षेपे-३८५] कुटिलं क्रामतीति ।

गत्यर्थात्०३.४.११થી यङ् → क्रम्+**य**

सन्यङश्च४.१.३થી દ્વિત્વ → **क्र**क्रम्+य

व्यञ्जनस्या०४.१.४४થી र् નો લોપ → **क**क्रम्+य

क-ङश्च-ञ्४.१.४६થી च् → **च**क्रम्+य

मुरतोऽनुना०४.१.५१थी मु આગમ → **चम्क्रम्**+य
આ સૂત્રથી પદાન્ત म् નો અનુસ્વાર અને સ્વ અનુનાસિક
→ **चंक्रम्य/चङ्क्रम्य**
तिव् वि. પૂર્વવત્ → **चंक्रम्यते**/चङ्क्रम्यते ।

(२) **वंवम्यते/ववँवम्यते** → ખૂબ/વારંવાર વમન કરે છે.
भृशं/पुनः पुनः वमति इति । [टुवमू उद्गिरणे-९६९]
व्यञ्जनादे०३.४.९थी यङ् → वम्+**य**
द्वित्व वि. પૂર્વની જેમ वम्वम्यते
આ સૂત્રથી પદાન્ત म् નો અનુસ્વાર અને સ્વ અનુનાસિક
→ **वंवम्यते/ववँवम्यते** ।

(३) **त्वं करोषि/त्वङ्करोषि** । → તું કરે છે.
त्वमहं०२.१.१२थी युष्मद् નો त्वम् → **त्वम्**+करोषि
આ સૂત્રથી પદાન્ત म् નો અનુસ્વાર અને સ્વ અનુનાસિક
→ **त्वं** करोषि/त्वङ्करोषि ।

(४) **कंवः/कवँवः** → સુખવાળો.
कं-शंभ्या०७.२.१८थी व પ્રત્યય → कम्+**व**
આ સૂત્રથી પદાન્ત म् નો અનુસ્વાર અને સ્વ અનુનાસિક
→ **कंव / कवँव**
પ્રથમા सि वि. कंवः/कवँवः ।

**वि. :** (१) આ સૂત્રથી થતો म् લાક્ષણિક હોવાથી તેનો नोऽप्रशानो० १.३.८थी स् થશે નહીં.

(२) અહીં मु આગમ મધ્યમાં જ થાય છે पदान्ते થતું નથી. તેમજ म् પદાન્ત અને અપદાન્ત બન્નેમાં સંભવે છે. તેથી **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** २/५७ ન્યાયથી 'पदान्ते' વિશેષણ मु આગમનું થતું નથી. પણ વ્યભિચારની સંભાવનાવાળા म्नुं જ થાય છે.

તથા સ્વૌ વિશેષણ અનુસ્વાર અને અનુનાસિક બન્ને માટે પ્રયોગ કરાયું હોવા છતાં અનુસ્વારમાં સ્વ સંજ્ઞા ન હોવાથી અનુનાસિકનું જ વિશેષણ ગ્રહણ થશે.

(૩) આ સૂત્ર ૬૬ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | |
|---|---|---|
| म्+क्=ङ्क्, [1]अंक् | म्+ख्=ङ्ख्, अंख् | म्+ग्=ङ्ग्, अंग् |
| म्+घ्=ङ्घ्, अंघ् | म्+ङ्=ङ्ङ् अंङ् | म्+च्=ञ्च्, अंच् |
| म्+छ्=ञ्छ्, अंछ् | म्+ज्=ञ्ज्, अंज् | म्+झ्=ञ्झ्, अंझ् |
| म्+ञ्=ञ्ञ्, अंञ् | म्+ट्=ण्ट्, अंट् | म्+ठ्=ण्ठ्, अंठ् |
| म्+ड्=ण्ड्, अंड् | म्+ढ्=ण्ढ्, अंढ् | म्+ण्=ण्ण्, अंण् |
| म्+त्=न्त्, अंत् | म्+थ्=न्थ्, अंथ् | म्+द्=न्द्, अंद् |
| म्+ध्=न्ध्, अंध् | म्+न्=न्न्, अंन् | म्+प्=म्प्, अंप् |
| म्+फ्=म्फ्, अंफ् | म्+ब्=म्ब्, अंब् | म्+भ्=म्भ्, अंभ् |
| म्+म्=म्म्, अंम् | म्+य्=यँय्, अंय् | म्+र्=अंर् |
| म्+ल्=लँल्, अंल् | म्+व्=वँव्, अंव् | म्+श्=अंश् |
| म्+ष्=अंष् | म्+स्=अंस् | म्+ह्=अंह् |
| આ ૩૩ સ્થાન मु આગમમાં પણ જાણી લેવા. | | |

**જિ.** સૂત્રમાં मु-म બેનું ગ્રહણ શા માટે કર્યું ? મનાં ગ્રહણથી मु આગમનું ગ્રહણ થઈ જ જવાનું હતું.

**સમા.** અહીં જે 'पदान्ते'ની અનુવૃત્તિ આવે છે તે म् સાથે જ જોડાય છે. मु સાથે નહીં. તેથી અપદાન્ત એવા मु આગમનાં વિષયમાં કાર્ય કરવા સૂત્રમાં मुનું પૃથગ્ ગ્રહણ કર્યું છે.

---

૧. અહીં अ માત્ર ઉચ્ચારણ માટે છે.

# म-न-य-व-लपरे हे १/3/१५

**અ.અ.સૂ. : म-न-य-व-लपरे हे पदान्ते मुमः तौ स्वौ ।**

**અર્થ :** म्, न्, य्, व् અને ल् છે પરમાં જેને એવો ह् પર છતાં પદાન્ત म् નો અને मु આગમનો અનુસ્વાર અને म्, न्, य्, व् કે ल् નાં સ્થાનનો સ્વ અનુનાસિક અનુક્રમે થાય છે.

**સ. :** **म-न-य-व-लपरे**→मश्च नश्च यश्च वश्च लश्च इति म-न-य-व-लाः, म-न-य-व-लाः परे यस्मादसौ इति मनयवलपरः, तस्मिन्निति ।

ઉદા. : (१) **किं ह्मलयति/किम्ह्मलयति ?** → શું ચલાવે છે ?

[ह्मल चलने - १०५७] किम्+ह्मलयति

આ સૂત્રથી म् નો અનુસ્વાર અને અનુનાસિક म् → **किं** ह्मलयति/कि**म्ह्म**लयति ।

(२) **किं ह्नुते/किन्ह्नुते ?** → શું સંતાડે છે ?

[ह्नुंङ्क् अपनयने - ११०६] किम्+ह्नुते

આ સૂત્રથી પદાન્તે म्નો અનુસ્વાર અને અનુનાસિક न् → **किं** ह्नुते ?/कि**न्ह**नुते ?

(3) **किं ह्यः/कियँह्यः ?** → ગઈકાલે શું હતું ? किम्+ह्यः ?

આ સૂત્રથી म् નો અનુસ્વાર અને અનુનાસિક यँ → कियँ ह्यः/**किं** ह्यः ?

(४) **किं ह्वलयति/किवँह्वलयति ?** → શું ચલાવે છે ?

(ह्वल चलने-१०५६) किम्+ह्वलयति ?

આ સૂત્રથી म् નો અનુસ્વાર અને અનુનાસિક वँ → **किं** ह्वलयति ? **किवँह्**वलयति ?

(५) **किं ह्लादते/किलँह्लादते ?** → શું આવાજ થાય છે ?

(ह्लादैङ् सुखे च-७3८) किम्+ह्लादते

આ સૂત્રથી म् નો અનુસ્વાર અને અનુનાસિક लँ →

**किं** ह्लादते/किलँ्ह्लादते ?

**वि. :** (१) અહીં ह्नो અનુનાસિક ન હોવાથી પૂર્વસૂત્ર દ્વારા म्+ह् સ્થાને ફક્ત અનુસ્વારની પ્રાપ્તિ હતી, પણ આ સૂત્ર દ્વારા ह्थी પર म्, न्, य्, व् અને ल् હોય તો અનુનાસિકની પણ પ્રાપ્તિ થાય છે. તેવી જ રીતે मु આગમથી પર પણ ह् હોય તો ह् ની પછી રહેલ म्, न्, य्, व् અને ल्નાં સ્વ અનુનાસિક मुનાં સ્થાને થાય છે. જેમકે, जंह्मल्यँते, जम्ह्ममल्यँते / जंहवल्यँते, जवँ्हवल्यँते (અહીં ह्मलँ्, ह्वलँ् આવા અનુનાસિક અન્તવાળા ધાતુઓ છે.)

(૨) અહીં અનુસ્વાર અને અનુનાસિકની અનુવૃત્તિ પૂર્વસૂત્રથી આવે છે. તદનુસારે કાર્યીથી પર રહેલાં વ્યંજનનો જ અનુનાસિક થવાની પ્રાપ્તિ છે. પરંતુ ह् વર્ણનો કોઈ અનુનાસિક ન હોવાથી म्નાં સ્થાને ह्थी અવ્યવહિત પર રહેલાં म् વિ. નો જ સ્વ અનુનાસિક થશે.

(૩) આ સૂત્ર ૫ સ્થાને લાગે છે. તે આ રીતે,

म्+ह्+म्, म्+ह्+न्, म्+ह्+य्, म्+ह्+ल्, म्+ह्+व्

## सम्राट् १/३/१६

**અર્થ :** सम्नां म्नो क्विबन्त એવો राज् ધાતુ પર છતાં અનુસ્વારનો અભાવ થાય છે.

**ઉદા. :** (१) **सम्राट्** → સારો રાજા → सम्यग् राजत इति क्विप् ।
[राजृग् दीप्तौ-८९३] क्विप्५.१.१४८थी सम्+राज्+०
પ્રથમા सि→सम्+राज्+स्
तौ मु-मो०१.३.१४थी પ્રાપ્ત અનુસ્વારનો આ સૂત્રથી અભાવ→सम्राज्+स्
यज-सृजः०२.१.८७थी ज् नो ष्→सम्राष्+स्
घुटस्तृतीयः२.१.७६थी ष् नो ड्→सम्राड्+स्

दीर्घङ्याब्०१.४.४५थी सि नो लोप→सम्राड्

विरामे वा१.૩.૫१थी ट्→सम्राट्

(२) **सम्राजौ** → पूर्ववत् सम्राज् + **औ** → સારા બે રાજા.

**વિ. :** આ નિપાતન સૂત્ર છે. અહીં तौ मु-मो०१.૩.१४थी અનુસ્વારની પ્રાપ્તિ હતી તેનો અભાવ કરવા આ સૂત્રની રચના છે.

**જિ. :** સૂત્રમાં सम्राट् એ.વ.નો પ્રયોગ દર્શાવ્યો છે. તો सम्राजौ વિ. દ્વિ.વ. વિ.નાં પ્રયોગમાં પણ અનુસ્વારનો અભાવ કેમ થયો ?

**સમા. :**'**सूत्रे लिङ्ग-वचनमतन्त्रम्** ।' નિયમાનુસારે લિંગ કે વચનનો નિર્દેશ અકિંચિત્કર છે. તેથી તે વચન અને તે લિંગમાં જ સૂત્ર પ્રવૃત્તિ થાય છે તેવું માનવું નહીં.

## ङ्-णोः क-टावन्तौ शिटि नवा १/૩/१७

**અ.અ.સૂ. : पदान्ते ङ्णोः शिटि क-टौ अन्तौ नवा ।**

**અર્થ :** પદાન્તે રહેલાં ङ् અને ण्ने અન્તે શિટ્ પર છતાં અનુક્રમે क् અને ट् વિકલ્પે ઉમેરાય છે.

**સ. :** (१) **ङ्णोः**→ङ् च ण् च इति ङ्णौ, तयोरिति ।

(२) **कटौ**→ क् च ट् च इति ।

**ઉદા. :** (१) **प्राङ्क्छेते/प्राङ्क् शेते/प्राङ्शेते** → ઘણું જનાર ઊંઘે છે.

[अञ्चू गतौ च - १०५] प्राञ्चतीति क्विप्

क्विप्५.१.१४८थी क्विप् → प्र+अञ्च्+०

अञ्चो०४.२.४६थी ञ् नो लोप → प्राच्

પ્રથમા सि → प्राच+**स्**

अचः१.४.६९थी न् આગમ → प्रान्च्+स्

दीर्घङ्याब्०१.४.४५थी सि नो लोप → प्रान्च्

पदस्य२.१.८९थी च् नो लोप → प्रान्

युजञ्च-क्रुञ्चो०२.१.७१थी ङ् → प्राङ्

હવે, प्राङ्+शेते અહીં,

આ સૂત્રથી ङ् ની પછી क् આગમ → **प्राङ्क्** शेते ।

प्रथमादधुटि०१.૩.૪થી श् નો छ् → **प्राङ्क्** छेते ।

**વિકલ્પે :-** **प्राङ्क्** शेते → प्रथमाद०१.૩.૪થી श् નો छ् ન થયો.

**વિકલ્પે :-** प्राङ् शेते → આ સૂત્રથી क् આગમ ન થયો.

(૨) **सुगण्ट् छेते/सुगण्ट् शेते/सुगण् शेते ।** → સારો ગણનારો ઉંઘે છે.

सुष्ठु गणयति इति क्विप् [गणण् संख्याने - १८७४]

क्विप्૫.१.१४८થી क्विप् → सु+गण्+०

પ્રથમા सि→सुगण्+स्

**क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते** ૨/૪૮ ન્યાયથી, चुरादिभ्यो०૩.૪.१७થી णिच् → सुगण्+**इ**+स्

अतः૪.૩.८२થી अ નો લોપ → **सुगण्**+इ+स्

णेरनिटि૪.૩.८૩થી इ નો લોપ → सुगण्+स्

दीर्घङ्याब्०१.૪.૪૫થી सि નો લોપ → सुगण्

હવે सुगण्+शेते અહીં,

આ સૂત્રથી ट् આગમ → **सुगण्ट्** शेते

પૂર્વવત્ प्रथमाद०१.૩.૪થી श् નો વિકલ્પે छ् → सुगण्ट् **छेते**/सुगण्ट् शेते ।

**વિકલ્પે** सुगण् शेते → **ट्** આગમ ન થયો.

વિ. : (૧) અહીં સમાન વચન કરવા દ્વારા **यथासङ्ख्यमनुदेशः समानाम्** **१/१०** ન્યાયથી અનુક્રમનું ગ્રહણ કર્યું છે. તેથી ङ् પછી क् અને ण् પછી ट् આગમની પ્રાપ્તિ થશે.

(૨) સૂત્રમાં 'अन्तौ' પદનું ગ્રહણ કર્યું તેથી क् અને ट् આદેશ સ્વરૂપે થવા દ્વારા ङ् અને ण्નાં સ્થાને નહીં થાય. તથા

अनन्तः पञ्चम्याः०૧.૧.૩૮ થી क् અને ट् ને પ્રત્યય સંજ્ઞા પણ નહીં થાય.

(૩) આ સૂત્ર ङ् અને ण् (૨)×शिट् (૩)=૬ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | | |
|---|---|---|---|---|---|
| ङ्+श् | ङ्+ष् | ङ्+स् | ण्+श् | ण्+ष् | ण्+स् |

## ड्नः सः त्सोऽश्चः ૧/૩/૧૮

**અ.અ.સૂ. : पदान्ते ड्नः सः त्सः नवा, अश्चः ।**

**અર્થ :** પદાન્તે રહેલા ड् અને न् ની પછી રહેલાં स् નો 'त्स्' એ પ્રમાણે त् આદિવાળો स् વિકલ્પે થાય છે. अश्चः = જો તે स् श्च ના અવયવભૂત ન હોય તો.

**સ. :** (૧) **ड्नः**[1] → ड् च न् च इति ड्न्, तस्मादिति ।

(૨) **अश्चः** → न श्च् इति अश्च्, तस्येति ।

**ઉદા :** (૧) **षड् त्सीदन्ति/षट् सीदन्ति** → ૬ જણા દુઃખી જાય છે.

षड्+सीदन्ति ।

આ સૂત્રથી ड् ની પછી स् નો त्स् → **षड् त्सी**दन्ति ।

**વિકલ્પે षट् सीदन्ति** → अघोषे०૧.૩.૫૦થી ड् નો ट्

(૨) **भवान् त्साधुः/भवान् साधुः** → આપ સાધુ છો →

भवान्+साधुः ।

આ સૂત્રથી न् ની પછી स् નો त्स् → भवान् त्साधुः ।

**વિકલ્પે :-** भवान् साधुः ।

**પ્ર.ઉદા. (૧) अश्च इति किम् ? षट् श्च्योतन्ति** → છ(ફળ) ખરે છે.

[स्च्युतृ क्षरणे-૨૮૩] षड्+श्च्योतन्ति ।

अघोषे प्रथमो०૧.૩.૫૦થી ट्→**षट्** श्च्योतन्ति ।

અહીં ट् થી પરમાં श्च् છે જેનું સૂત્રમાં વર્જન છે. માટે આ

---

(૧) મ.વૃ. માં डश्च नश्च इति આવો સ્વરાન્ત સમાસ કરેલ છે.

सूत्र લાગ્યું નહીં.

(२) **भवाञ् श्च्योतति**→આપ પડો છો. અહીં न् થી પરમાં श्च् છે. તેથી આ સૂત્ર ન લાગતાં तवर्गस्य०१.३.६०થી ञ् થયેલ છે.

વિ. (१) **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** १/१९ ન્યાયથી સન્નિપાત = त्स् તે નિમિત્ત = ड् નો બાધ કરી શકે નહીં, માટે જ્યાં स् તે त्स् સ્વરૂપે થાય છે ત્યાં ड् નો ट् થતો નથી.

જિ. षट् श्च्योतन्ति માં દન્ત્ય स् જ નથી તેથી આ સૂત્રની પ્રાપ્તિ જ નથી છતાં 'अश्चः' પદથી નિષેધ કેમ દર્શાવ્યો ?

સમા. ન્યા : **सकारापदिष्टं कार्यं तदादेशस्य शकारस्यापि** २/१५ ન્યાયથી દન્ત્ય એવા स् નું કાર્ય તેનો આદેશ તાલવ્ય श् પર છતાં પણ થાય છે. તેથી નિષેધ દર્શાવ્યો છે.

## नः शि ञ्च् १/३/१९

**અ.અ.સૂ. : पदान्ते नः शि ञ्च् नवा अश्चः ।**

**અર્થ :** પદાન્તે રહેલાં न् નો श् પર છતાં ञ्च् વિકલ્પે થાય છે. જો તે स् श्चનાં અવયવભૂત ન હોય તો.

ઉદા. (१) **भवाञ्च् छूरः/भवाञ्च् शूरः/भवाञ् शूरः** →
આપ શૂરવીર છો. → भवान्+शूरः
આ સૂત્રથી श् પર છતાં न् નો ञ्च्→भवाञ्च्+शूरः
प्रथमाद० १.३.४થી વિકલ્પે छ्→भवाञ्च् **छूरः**/भवाञ्च् शूरः ।
**વિકલ્પેઃ भवाञ् शूरः**→तवर्गस्य० १.३.६० થી न् નો ञ्

પ્ર.ઉદા.(१) **अश्च इत्येव → भवाञ् श्च्योतति ।** → આપ ચ્યવો છો.
પૂર્વની જેમ અહીં પણ સૂત્ર વર્જિત श्च् છે માટે આ સૂત્રથી न् નો ञ्च् ન થતાં तवर्गस्य०१.३.६०થી ञ् થાય છે.

વિ. **અહીં ञ्च् એવા વિધાન સામર્થ્યથી :-**

(a) पदस्य०२.१.८९થી અન્ત્ય च्नो લોપ નહીં થાય.

(b) चजः०२.१.८६થી च्नो क् નહીં થાય.

જિ. राजन् + शेते આવા સ્થળે આ સૂત્રથી ञ्नी અને नाम्नो नो० ૨.૧.૯૧થી न्नां લોપની એમ બન્ને કાર્યોની પ્રાપ્તિ છે. તો કયું કાર્ય કરવું ?

સમા. नाम्नो नो०२.१.९१ પર સૂત્ર છે. તેથી स्पर्द्धे०७.४.११९ પરિભાષાનુસારે બળવાન થવાથી પહેલાં પ્રવર્ત્તતાં न्नो લોપ થઈ જાય છે. માટે આ સૂત્રની પ્રાપ્તિ ત્યાં રહેતી નથી.

## अतोऽति रोरुः १/३/२०

**અ.અ.સૂ. : अतः पदान्ते रोः अति उः ।**

**અર્થ :** अથી પર પદાન્તે રહેલાં रु નો अ પર છતાં उ નિત્ય થાય છે.

ઉદા. : (૧) **कोऽर्थः** → શું અર્થ છે ? ૧.૩.૫ ની જેમ

करु+अर्थः આ સૂત્રથી रु નો उ → **कउ** + **अर्थः**

अवर्णस्ये०१.२.६थी ओ → **को**+अर्थः

एदोतः०१.२.२७थी अ नो લોપ → **कोऽर्थः** ।

વિ. : (૧) આ સૂત્રમાં अतः માં त्કારનું ગ્રહણ છે તેથી '**त्कारग्रहणं तावन्मात्रार्थं**' નિયમાનુસારે તેટલી માત્રા વાળા જ अ થી પર રહેલાં र् नो उ થાય છે. आ કે अ₃ પરમાં હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૨) સામાન્યથી સૂત્રનો ક્રમ 'કાર્યી-નિમિત્ત-કાર્ય' આ પ્રમાણે હોય છે. પણ, અહીં નિમિત્ત(अतोऽति), કાર્યી(रोः) કાર્ય (उ) આવો ક્રમ બદલવા દ્વારા નવાની અનુવૃત્તિ અટકાવી છે.

જિ. 'कर् अर्थः' અહીં પર એવા अनां નિમિત્તે उ થયો છે અને

**सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** ૧/૧૯ ન્યાયથી अ ના કારણે આવેલો उ, अ નો બાધ કરી શકે નહીં તો પછી एदोत:૦૧.૨.૨૭થી પર એવા अ નો લોપ કેમ થયો ?

**સમા.** આ સૂત્રમાં જ 'अतोऽति' પ્રયોગ દ્વારા एदोत:૦૧.૨.૨૭ની પ્રવૃત્તિ દર્શાવી છે. તે પ્રવૃત્તિથી જ અહીં આ ન્યાય અનિત્ય જણાય છે.

## घोषवति ૧/૩/૨૧

**અ.અ.સૂ. : अतः पदान्ते रोः घोषवति उः ।**

**અર્થ :** अથી પર પદાન્તે રહેલા रुનો ઘોષવાન્ વ્યંજન પર છતાં उ થાય છે.

**ઉદા. :** (૧) **धर्मो जेता** → ધર્મ જય પામશે. → धर्म+सि+जेता
तदन्तं૦૧.૧.૨૦થી **धर्मस्** ને **પદસંજ્ઞા** થવાથી,
सोरुः૨.૧.૭૨થી धर्म**रु**+जेता
આ સૂત્રથી ज् પર છતાં **रु**નો उ → धर्म**उ** +जेता
अवर्णस्येवर्णादि૦૧.૨.૬થી ओ → **धर्मो** जेता ।

**વિ. :** (૧) આ સૂત્ર अवर्ण-भो૦૧.૩.૨૨ના અપવાદ રૂપે છે. તે સૂત્રથી र् ના લોપની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી उ કરેલ છે.

(૨) આ સૂત્ર ૨૦ સ્થાને લાગે છે તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| अ+र्+ग् | अ+र्+घ् | अ+र्+ङ् | अ+र्+ज् |
| अ+र्+झ् | अ+र्+ञ् | अ+र्+ड् | अ+र्+ढ् |
| अ+र्+ण् | अ+र्+द् | अ+र्+ध् | अ+र्+न् |
| अ+र्+ब् | अ+र्+भ् | अ+र्+म् | अ+र्+य् |
| अ+र्+र् | अ+र्+ल् | अ+र्+व् | अ+र्+ह् |

**જિ.** 'अतोऽद्घोषवति रोरुः ।' આમ બંને સૂત્ર સાથે બનાવ્યા હોત તો પણ કાર્ય થઈ જાત છતાં પૃથક્ રચના શા માટે કરી ?

**સમા.** નીચેના સૂત્રમાં 'घोषवति'ની અનુવૃત્તિ લઈ જવી છે. તેથી આ સૂત્ર જુદું બનાવ્યું છે. જો આ સૂત્ર જુદું ન બનાવ્યું હોત તો **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः** ૧/૩૦ ન્યાયથી अति અને घोषवति બન્નેની અનુવૃત્તિ સાથે આવે. તે સૂત્રકારશ્રીને ઈષ્ટ નથી.

## अवर्ण-भो-भगो-ऽघोर्लुगसन्धिः १/३/२२

**અ.અ.સૂ. : अवर्ण-भो-भगोऽघोः पदान्ते रोः घोषवति लुग्, असन्धिः ।**

**અર્થ :** अवर्ण, भोस्, भगोस् અને अघोस् થી પર પદાન્તે રહેલા रु નો ઘોષવાન્ વ્યંજન પર છતાં લોપ થાય છે અને સંધિ થતી નથી.

**સ. :** **अवर्ण-भो-भगोऽघोः**→अकारेणोपलक्षितो वर्ण इति अवर्णः अवर्णश्च भोश्च भगोश्च अघोश्च इति अवर्ण-भोऽगो-ऽघोः, तस्मादिति । (सूत्रत्वात् ङसि लोपः ।)

**ઉદા. :** (१) **देवा यान्ति** । દેવો જાય છે → देव+**जस्**+यान्ति
अत आः०१.४.१थी अ નો आ **देवा**+जस्+यान्ति ।
समानानां०१.२.१थी दीर्घ → **देवास्**+यान्ति ।
तदन्तं०१.१.२०थी **देवास्** ને **પદસંજ્ઞા**
सोरुः२.१.७२थी रु → देवा**रु**+यान्ति ।
આ સૂત્રથી आ+र्+य् માં र् નો લુક્ → देवा यान्ति ।

(२) **भो यासि** । → અરે ! તું જાય છે → भोस् + यासि ।

(३) **भगो हस** । → અરે ! તું હસ → भगोस् + हस ।

(४) **अघो वद** । → અરે ! તું બોલ → अघोस् + वद ।
અહીં भोस्, भगोस् અને अघोस्નાં स्નો रु થઈ આ સૂત્રથી તેનો લોપ થયો છે.

વિ. : આ સૂત્ર ૮૦ સ્થાને લાગે છે. તે આ રીતે,
અહીં અવર્ણથી માત્ર આનું જ ગ્રહણ કરવું.

| | | | |
|---|---|---|---|
| आ+र्+ग् | आ+र+घ् | आ+र्+ङ् | आ+र्+ज् |
| आ+र्+झ् | आ+र्+ञ् | आ+र्+ड् | आ+र्+ढ् |
| आ+र्+ण् | आ+र्+द् | आ+र्+ध् | आ+र्+न् |
| आ+र्+ब् | आ+र्+भ् | आ+र्+म् | आ+र्+य् |
| आ+र्+र् | आ+र्+ल् | आ+र्+व् | आ+र्+ह् |

આમ, भोस्, भगोस् અને अघोस् થી પર પણ ૨૦ સ્થાન ગણતાં કુલ ૮૦ સ્થાન થશે.

જિ. આ સૂત્રનાં સ્થાનોમાં લોપના કારણે સંધિની પ્રાપ્તિ જ નથી તો અસંધિ શા માટે કહ્યું ?

સમા. **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः** ૧/૩૦ ન્યાયથી 'यत्र लुग् तत्र असन्धिः ।' અને 'यत्र न लुग् तत्र न असन्धिः ।' આવી પ્રવૃત્તિ-નિવૃત્તિ દર્શાવવી છે. માટે અહીં 'असन्धि' પદ ઉપયોગી ન હોવા છતાં ગ્રહણ કરેલ છે.

જિ. અકારથી પર घोषवति ૧.૩.૨૧થી रु નો उ થવાનો જ છે. તો આ સૂત્રમાં માત્ર આનું ગ્રહણ ન કરતાં અવર્ણ નું ગ્રહણ કેમ કર્યું ?

સમા. નીચેના સૂત્રમાં અનુવૃત્તિ લઈ જવા માટે અવર્ણનું ગ્રહણ છે.

## व्योः ૧/૩/૨૩

અ.અ.સૂ. : **अवर्ण-भो-भगो-ऽघोः पदान्ते व्योः घोषवति लुग्, असन्धिः ।**

અર્થ : અવર્ણથી પર પદાન્તે રહેલાં व् અને य्નો ઘોષવાન્ પર છતાં લોપ થાય છે અને સંધિ થતી નથી.

સ. : **व्योः** → व् च य् च इति व्यौ, तयोरिति ।

ઉદા. : (૧) **वृक्ष याति** → કઠિયારાને કહેનાર જાય છે.
वृक्षवृश्चमाचष्टे इति वृक्षवयति । णिज्बहुलं०3.४.४२થી
**णिच्** → वृक्षवृश्च् + **इ**
त्रन्त्यस्वरा०७.४.४3થી ऋश्च् નો લોપ → वृक्षवि
तिव् વિ. → वृक्षवि+**अ**+**ति**
नामिनो०४.3.१થી ए → वृक्ष**वे**+अ+ति
एदैतो०१.२.२3થી अय्→वृक्ष**वय**ति ।
वृक्षवयति इति विच्[1]
मन् वन्०५.१.१४७થી विच्→वृक्षवि+०+स्
णेरनिटि०४.3.८3થી णिच् નો લોપ → वृक्षव्+स् →
दीर्घङ्याब्०१.४.४५થી सि નો લોપ→वृक्षव्
હવે वृक्षव्+याति
આ સૂત્રથી अ+व्+य् માં व् નો લોપ, અસંધિ → **वृक्ष या**ति ।

(૨) **अव्य याति** → મોક્ષને કહેનાર જાય છે.
अव्ययमाचष्टे इति अव्यययति ।
પૂર્વની જેમ अव्य**यय**ति જાણવું.
अव्यययति इति **विच्** → मन् वन्०५.१.१४७વિ.થી પૂર્વની જેમ अव्यय्+याति ।
આ સૂત્રથી अ+य्+य् માં य् નો લોપ, અસંધિ → **अव्य या**ति ।

વિ. : (૧) આ સૂત્રમાં भो-भगो-ऽघोःની અનુવૃત્તિની જરૂર નથી છતાં **सन्नियोग०** ૧/30 ન્યાયથી અનુવૃત્તિ આવે છે.

(૨) સાધનિકામાં અવચૂરિકાર ભગવંતે विच्નાં સ્થાને क्विप् પ્રત્યય કરેલ છે. જ્યારે લઘુન્યાસમાં विच् જ દર્શાવેલ છે. આ સંદર્ભમાં લઘુન્યાસમાં જણાવ્યું છે કે, न सन्धिङी०

---

૧. અહીં મધ્યમવૃત્તિમાં क्विप् પ્રત્યય કરેલ છે.

૭.૪.૧૧૧ પરિભાષાનાં કારણે क्विप् પર છતાં થયેલ णिच् નો લોપ સ્થાનીવદ્ મનાતો નથી. તેથી वृक्षव्+क्विप् માં अनुनासिके०૪.૧.૧૦૮થી व् નો ऊ થવાનો પ્રસંગ આવશે. અને 'वृक्षव्' સિદ્ધ થશે નહીં. જ્યારે विच् પ્રત્યય કરવાથી स्वरस्य० ૭.૪.૧૧૦ થી णिच्નો સ્થાનીવત્ભાવ મનાય છે. તેથી ऊ થવાનો પ્રસંગ રહેતો નથી.

અહીં લઘુન્યાસનું અનુકરણ કરવામાં આવ્યું છે. 'तत्त्वं केवलिगम्यम् ।'

(૪) આ સૂત્ર अवर्ण(૨) × व्-य्(૨) × ઘોષવાન્ (૨૦)= કુલ ૮૦ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| अ+व्+ग् | अ+व्+घ् | अ+व्+ङ् | अ+व्+ज् | अ+व्+झ् |
| अ+व्+ञ् | अ+व्+ड् | अ+व्+ढ् | अ+व्+ण् | अ+व्+द् |
| अ+व्+ध् | अ+व्+न् | अ+व्+ब् | अ+व्+भ् | अ+व्+म् |
| अ+व्+य् | अ+व्+र् | अ+व्+ल् | अ+व्+व् | अ+व्+ह् |
| अ+य्+ग् | अ+य्+घ् | अ+य्+ङ् | अ+य्+ज् | अ+य्+झ् |
| अ+य्+ञ् | अ+य्+ड् | अ+य्+ढ् | अ+य्+ण् | अ+य्+द् |
| अ+य्+ध् | अ+य्+न् | अ+य्+ब् | अ+य्+भ् | अ+य्+म् |
| अ+य्+य् | अ+य्+र् | अ+य्+ल् | अ+य्+व् | अ+य्+ह् |
| આમ, अनी જેમ आनां પણ ૪૦ સ્થાન ગણતાં કુલ ૮૦ સ્થાન થશે. | | | | |

## स्वरे वा ૧/૩/૨૪

**અ.અ.સૂ. : अवर्ण-भो-भगोऽघोः पदान्ते व्योः स्वरे लुग् वा, असन्धिः ।**

**અર્થ :** अवर्ण, भोस्, भगोस् અને अघोस् થી પર પદાન્તે રહેલાં व् અને य् નો સ્વર પર છતાં વિકલ્પે લોપ થાય છે અને સંધિ થતી નથી.

ઉદા. : (૧) **पट इह/पटविह** → હે હોંશિયાર! અહીં

આમન્ત્ર્યાર્થમાં પ્રથમા सि → पटु+**सि**+इह
ह्रस्वस्य०१.४.४१થી ગુણ → **पटो**+इह
ओदौतो०१.२.२४થી → **पटव्**+इह
આ સૂત્રથી व् નો લોપ અને અસંધિ → **पट इह**
**વિકલ્પે :- पटविह ।**

(૨) **वृक्षा इह/वृक्षाविह** → બે વૃક્ષો અહીં.
वृक्षौ+इह → वृक्षाव्+इह
આ સૂત્રથી व् નો વિકલ્પે લોપ અને અસંધિ → **वृक्षा इह**
**વિકલ્પે :- वृक्षाविह**

(૩) **त आहुः/तयाहुः** → તેઓએ કહ્યું. → ते+आहुः
(૪) **तस्मा इदम्/तस्मायिदम्** → તેની માટે આ → तस्मै+इदम्
અહીં ઉપરોક્ત ઉદા.માં एदैतोऽ०१.२.२३થી अय् અને आय् થઈ આ સૂત્રથી વિકલ્પે य् નો લોપ અને અસંધિ થઈ.
(૫) **भो अत्र/भोयत्र** → भोस् + अत्र
(૬) **भगो अत्र/भगोयत्र** → भगोस् + अत्र અરે ! અહીં
(૭) **अघो अत्र/अघोयत्र** → अघोस् + अत्र
અહીં सोरुः२.१.७२થી स्નો रु, रुનો रोर्यः१.३.२६થી य् થઈ આ સૂત્રથી વિકલ્પે य्નો લોપ અને અસંધિ થાય છે.

**વિ. :** આ સૂત્ર ૯૮ સ્થાને લાગે છે તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| अ+व्+अ | अ+व्+आ | अ+व्+इ | अ+व्+ई | अ+व्+उ |
| अ+व्+ऊ | अ+व्+ऋ | अ+व्+ॠ | अ+व्+ऌ | अ+व्+ॡ |
| अ+व्+ए | अ+व्+ऐ | अ+व्+ओ | अ+व्+औ | - |
| अ+य्+अ | अ+य्+आ | अ+य्+इ | अ+य्+ई | अ+य्+उ |
| अ+य्+ऊ | अ+य्+ऋ | अ+य्+ॠ | अ+य्+ऌ | अ+य्+ॡ |
| अ+य्+ए | अ+य्+ऐ | अ+य्+ओ | अ+य्+औ | - |

| |
|---|
| આમ, अनां સ્થાને आ તથા भोस् વિ. ત્રણ ગણતાં કુલ ૧૪૦ સ્થાનો સંભવે છે. પણ<br>मोस् વિ. ત્રણ થી પર व् નો સંભવ ન હોવાથી તેનાં ૪૨ સ્થાનો બાદ કરતાં ૯૮ સ્થાને સૂત્ર પ્રવૃત્તિ થાય છે. |

## अस्पष्टाववर्णात्त्वनुञि वा १/३/२५

**અ.અ.સૂ. : अवर्ण-भो-भगोऽघोः पदान्ते व्योः अस्पष्टौ स्वरे अवर्णात् तु व्योः अनुञि वा ।**

**અર્થ :** अ વર્ણ, भोस्, भगोस् અને अघोस् થી પર પદાન્તે વર્તતાં व् અને य् નાં સ્થાને અનુક્રમે અસ્પષ્ટ (ઈષત્ સ્પૃષ્ટતર) वॅ्-यॅ् આદેશ સ્વર પર છતાં થાય છે. પરંતુ अ વર્ણથી પર પદાન્ત व् અને य् પછી उञ् સિવાયનો સ્વર હોય તો व् અને य् નાં અનુક્રમે અસ્પષ્ટ वॅ् અને यॅ् આદેશ વિકલ્પે થાય છે.

**સ. :** (૧) **अस्पष्टौ**→न स्पष्टौ इति ।

(૨) **अनुञि्**→न उञ् इति अनुञ्, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **पटवुँ** → હે હોંશિયાર ! पटु+सि+उ

ह्रस्वस्य०१.४.४१થી ગુણ→**पटो**+उ

ओदौतोऽ०१.२.२४થી अव्→**पटव्**+उ

આ સૂત્રથી અસ્પષ્ટ व्→पटवुँ ।

(૨) **असावुँ** । → असौ + उ (પૂર્વની જેમ)

(૩) **कयुँ** । → કોણ कर्+उ (कर् ની સાધનિકા ૧.૩.૫ ની જેમ)

रोर्यः१.३.२६થી र् નો य्→**कय्**+उ

આ સૂત્રથી અસ્પષ્ટ यॅ्→**कयुँ** ।

(૪) **देवायुँ** । → દેવો → देवास्+उ

सोरुः२.१.७२થી रु→**देवार्**+उ

रोर्यः१.३.२६થી य्→देवाय्+उ

આ સૂત્રથી અસ્પષ્ટ यॅ्→देवायुँ ।

(५) **भोयॅत्र ।** → અહીં. → भोस्+अत्र

(६) **भगोयॅत्र ।** → અહીં. → भगोस्+अत्र

(७) **अघोयॅत्र ।** → અહીં. → अघोस्+अत्र

અહીં પૂર્વની જેમ સાધનિકા જાણવી.

★ **अवर्णात्त्व०** → अ વર્ણથી उञ् સિવાયનાં સ્વર પર છતાં વિકલ્પે.

(१) **पटविँह / पटविह** → હે ચતુર ! અહીં. पटु+**सि**+इह

પૂર્વની જેમ पटव्+इह

આ સૂત્રથી અસ્પષ્ટ વિકલ્પે वॅ् → **पटविँह**/पटविह

(२) **असाविँन्दुः/असाविन्दुः** → આ ચન્દ્ર → असौ इन्दुः

(३) **तयिँह/तयिह** → તેઓ અહીં → ते+इह

एदैतौऽ०१.२.२३થી अय् → **तय्**+इह

આ સૂત્રથી અસ્પષ્ટ વિકલ્પે यॅ् → **तयिँह/तयिह**

(४) **तस्मायिँदम्/तस्मायिदम्** → તેને માટે આ. तस्मै+इदम्

**वि. :** (१) જે વર્ણોના ઉચ્ચાર કરવામાં અત્યંત લઘુ(મંદ) પ્રયત્ન થાય તે વર્ણો ઈષ્ત્સ્પૃષ્ટતર = અસ્પષ્ટ કહેવાય છે.

(२) પાણિનીકાર रोर्यः१.३.२६સૂત્રથી रुનાં સ્થાને થયેલ य् નો उञ् સ્વર પર છતાં લોપ ઈચ્છે છે તેથી તેમના મતે क उ आगतः । આવા પ્રયોગો થાય છે. (केचित्तु०० બૃ.વૃ. १.३.२५) તેમજ, બીજા ગાર્ગ્ય, કાશિકાકાર વિ. य् નો સ્વર પર છતાં નિત્ય લોપ ઈચ્છે છે. તેથી તેમના મતે 'भो अत्र' આવો જ પ્રયોગ થાય છે. તેઓ અસ્પષ્ટ यॅ् ને માનતાં નથી.

(३) અવર્ણ પછી उञ् સિવાયનો સ્વર પર છતાં ત્રણ પ્રકારે સંધિ થાય છે.

(i) આ સૂત્રથી पटविह, (ii) स्वरे वा१.३.२३થી पट इह (iii) पटविह ।

(૪) ટૂંકમાં, આ સૂત્રમાં ત્રણ વિધાન છે.

- અ વર્ણ થી પર
  - (૧) उञ् પર છતાં નિત્ય वॅ्, यॅ्
  - (૨) બીજા સ્વર પર છતાં વિકલ્પે वॅ्, यॅ्
- भो વિ. થી પર
  - સ્વર પર છતાં નિત્ય वॅ्, यॅ्

(૫) પૂર્વની જેમ આ સૂત્ર પણ ૯૮ સ્થાને લાગે છે.
अवर्ण (૨) × व्-य् (૨) × ૧૪ સ્વર = ૫૬ અને
भोस् વિ. (૩) × य् × ૧૪ સ્વર = ૪૨

## रोर्यः १/3/२६

**અ.અ.સૂ. : अवर्ण-भो-भगोऽघोः पदान्ते रोः स्वरे यः ।**

**અર્થ :** अवर्ण, भोस्, भगोस्, अघोस् થી પર પદાન્તે રહેલા रु નો સ્વર પર છતાં य् થાય છે.

ઉદા. : (૧) **कयास्ते ?** → કોણ બેસે છે ? → किम्+**सि**+आस्ते
૧.૩.૫ની જેમ **कर्**+आस्ते
આ સૂત્રથી रु નો **य्** → **कयास्ते** ?

(૨) **देवायासते**→દેવો બેસે છે. देव+जस्+आसते ।
अतः आ०૧.૪.૧થી अ નો आ→**देवा**+अस्+आसते
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**देवास्**+आसते
तदन्तं०૧.૧.૨૦થી **देवास्** ને **પદ**સંજ્ઞા
सोरुः२.१.७२થી स् નો रु→देवार्+आसते ।
આ સૂત્રથી रु નો य्→देवायासते ।

(૩) **भोयत्र**→અરે ! અહીં. भोस्+अत्र

(૪) **भगोयत्र**→અરે ! અહીં. भगोस्+अत्र

(૫) **अघोयत्र**→અરે ! અહીં. अघोस्+अत्र

અહીં પૂર્વની જેમ પંદસંજ્ઞા વિ. કાર્યો જાણી લેવા.

વિ. : (૧) આ સૂત્રમાં उ અનુબંધવાળાં रु નું ગ્રહણ હોવાથી દરેક र् નો य् નહીં થાય પરંતુ सोरुઃ૨.૧.૭૨વિ. ત્રણ સૂત્રોથી થયેલાં रु નો જ य् થશે.

(૨) આ સૂત્ર ૭૦ સ્થાને લાગે છે. તે આ રીતે,

અવર્ણ વિ.(૫) × रु × ૧૪સ્વર = ૭૦

| | | | |
|---|---|---|---|
| अ+रु+अ | अ+रु+आ | अ+रु+इ | अ+रु+ई |
| अ+रु+उ | अ+रु+ऊ | अ+रु+ऋ | अ+रु+ॠ |
| अ+रु+ऌ | अ+रु+ॡ | अ+रु+ए | अ+रु+ऐ |
| अ+रु+ओ | अ+रु+औ | – | – |
| આમ आ, भोस्, भगोस् અને अघोस् થી પર रु + ૧૪ સ્વર થતાં કુલ ૭૦ સ્થાન થશે. | | | |

જિ. : कोऽर्थः સ્થાને આ સૂત્ર ન લાગતાં अतोऽति० ૧.૩.૨૦ વિ. સૂત્રની પ્રવૃત્તિ કેમ કરી ?

સમા. : **सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયથી અહીં સામાન્ય સ્વર નિમિત્તક એવા આ સૂત્રનો બાધ કરીને સ્વર નિમિત્તક વિશિષ્ટ એવું अतोऽति० ૧.૩.૨૦ સૂત્ર પ્રવર્ત્યું છે.

## ह्रस्वान्ङ-ण-नो द्वे ૧/૩/૨૭

**અ.અ.સૂ. : ह्रस्वात् पदान्ते ङ्-ण-नः स्वरे द्वे ।**

**અર્થ :** હ્રસ્વસ્વરથી પર પદાન્તે રહેલા ङ्, ण् અને न् નું સ્વર પર છતાં દ્વિત્વ થાય છે.

स. : **ङणनः**→ङश्च णश्च न् च इति ङणन्, तस्येति ।

ઉદા. : (१) **क्रुङ्ङास्ते** → કુટિલ ચાલવાળો બેસે છે.

क्रुञ्चतीति क्विप्-क्रुङ्

क्विप्५.१.१४८थी क्विप् → क्रुञ्च्+०

પ્રથમા सि → क्रुञ्च्+**स्**

दीर्घङ्याब्०१.४.४५थी सि નો લોપ → क्रुञ्च्

पदस्य२.१.८९थी च् નો લોપ અને '**निमित्ताभावे०**'

**१/२९** ન્યાયથી चના કારણે થયેલ ञ् નો न् → क्रुन्

युजञ्च०२.१.७१थी ङ् → **क्रुङ्**

હવે, क्रुङ्+आस्ते

આ સૂત્રથી उ+ङ्+आ માં ङ् દ્વિત્વ → **क्रुङ्ङास्ते** ।

(२) **सुगण्णिह** → સારો ગણનારો અહીં છે.

सुष्ठु गणयतीति क्विप् इति सुगण्

क्विप् ५.१.१४८थी क्विप्→सुगणि+०

પ્રથમા सि → सुगणि+**सि**

णेरनिटि४.३.८३थी णिच् નો લોપ → सुगण्+०+सि

दीर्घङ्याब्०१.४.४५थी सि નો લોપ → सुगण्

હવે, सुगण्+इह સ્થાને,

આ સૂત્રથી अ+ण्+इ માં ण् નું દ્વિત્વ → **सुगण्णिह** ।

(३) **कृषन्नास्ते** → ખેડૂત એવો તે બેસે છે → कृषन् + आस्ते

આ સૂત્રથી अ+न्+आ માં न् નું દ્વિત્વ → **कृषन्नास्ते** ।

वि. : (१) અહીં સૂત્રમાં હ્રસ્વથી પર એવું વિધાન કરેલ છે. તેથી **ह्रस्वदीर्घाऽपदिष्टं कार्यं न प्लुतस्य** । २/१६ ન્યાયાનુસારે પ્લુતથી પર રહેલાં ङ् ण्, અને न् નું દ્વિત્વ થતું નથી.

**ઉદા.** हे राज३निह !

(२) આ સૂત્ર પ્રાયઃ ૨૧૦ સ્થાને લાગે છે. તે આ રીતે,
હ્રસ્વસ્વર (૫) × ङ् ण्, न् (૩) × સ્વર (૧૪) = ૨૧૦

| | | | |
|---|---|---|---|
| अ+ङ्+अ | अ+ण्+अ | अ+न्+अ | इ+ङ्+अ |
| इ+ण्+अ | इ+न्+अ | उ+ङ्+अ | उ+ण्+अ |
| उ+न्+अ | ऋ+ङ्+अ | ऋ+ण्+अ | ऋ+न्+अ |
| ऌ+ङ्+अ | ऌ+ण्+अ | ऌ+न्+अ | - |
| આમ, अનાં સ્થાને અન્ય ૧૩સ્વર પણ ગણતાં કુલ ૨૧૦ સ્થાનો થશે. | | | |

## अनाङ्-माङो दीर्घाद् वा छः । १/३/२८

**અ.અ.સૂ. : अनाङ्माङ्ः पदान्ते दीर्घात् छः द्वे वा ।**

**અર્થ :** आङ् અને माङ् વર્જીને પદાન્ત એવા દીર્ઘથી પર રહેલ छ् નું દ્વિત્વ વિકલ્પે થાય છે.

**સ. :** **अनाङ्माङः**→आङ् च माङ्च इति आङ्-माङ्, न आङ्-माङ् इति अनाङ्माङ् तस्मादिति ।

ઉદા. : (૧) **कन्याच्छत्रम्/कन्याछत्रम्** → કન્યાનું છત્ર
कन्यायाः छत्रमिति ।
षष्ठ्ययत्ना० ३.१.७६ વિ. થી સમાસ વિ. → कन्या + छत्र
આ સૂત્રથી आथी પર छ्नुं દ્વિત્વ → कन्या + **छ्छत्र**
अघोषे०१.३.५०थी छ् नो च् → **कन्याच्छत्र**
પ્રથમા सि વિ. → **कन्याच्छत्रम्** ।
**વિકલ્પે :** कन्याछत्रम् ।

પ્ર.ઉદા. (૧) **अनाङ्माङ इति किम् ? आच्छाया** → અલ્પ છાયા
आङ्+छाया । स्वरेभ्यः १.३.३० થી નિત્ય દ્વિત્વ→आ+**छ्छाया**
अघोषे प्रथमो० १.३.५०થી छ् નો च्→**आच्छाया** ।

(૨) **माच्छिदत्**→તેને નહીં છેદ્યું (અદ્ય.ત્રી.પુ.એ.વ.) मा+छिदत्
(પૂર્વની જેમ)
અહીં आङ् અને माङ् થી પર छ् હોવાથી આ સૂત્રથી દ્વિત્વ વિકલ્પે ન થયું.

**વિ. :** (૧) **आङ्नो પ્રયોગ →**

**ईषदर्थे क्रियायोगे, मर्यादाऽभिविधौ च यः ।**
**एतमातं ङितं विद्यात्, वाक्यस्मरणयोरङित् ॥**

અલ્પ અર્થમાં, ક્રિયાપદની સાથે જોડાયેલો હોય ત્યારે, મર્યાદા અર્થમાં, અભિવિધિના અર્થમાં આ आ ને ङित् જાણવો. પરંતુ વાક્ય અને સ્મરણ અર્થમાં ङित् મનાતો નથી.

(૨) **स्वरेभ्यः** ૧.૩.૩૦ થી छ् નાં નિત્ય દ્વિત્વની પ્રાપ્તિ છે. તેને વિકલ્પે કરવા આ સૂત્રની રચના છે.

(૩) **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયથી आङ्ना સાહચર્યથી माङ् પણ અવ્યય સંબંધી જ લેવો. તેથી 'प्रमा छात्रम्' વિ. સ્થાને मा ધાતુ સ્વરૂપ હોવાથી પર રહેલાં छ्नुं દ્વિત્વ થતું નથી.

(૪) આ સૂત્ર ૯ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| आ+छ् | ई+छ् | ऊ+छ् | ॠ+छ् | ॡ+छ् |
| ए+छ् | ऐ+छ् | ओ+छ् | औ+छ् | – |

**જિ. :** પૂર્વ સૂત્રમાં 'पदान्ते' કાર્યીનું વિશેષણ બન્યું છે. અહીં નિમિત્તનું વિશેષણ શા માટે બનાવ્યું ?

**સમા. :** અહીં કાર્યી छ् છે. અને छ्કાર પદને અન્તે હોય તો તેનો વિકાર થઈ જાય છે. માટે પદાન્તે छ् સંભવતો જ નથી. તેથી 'पदान्ते' તે કાર્યી એવા छ् નું વિશેષણ ન બનતાં નિમિત્ત એવા 'दीर्घात्' નું વિશેષણ બને છે.

## प्लुताद् वा ૧/૩/૨૯

**અ.અ.સૂ. : पदान्ते दीर्घात् प्लुताद् छः द्वे वा ।**

**અર્થ :** પદાન્તે રહેલાં દીર્ઘનાં સ્થાને થયેલ પ્લુતથી પર છ્‌નું દ્વિત્વ વિકલ્પે થાય છે.

**ઉદા. :** (૧) **आगच्छ भो इन्द्रभूते$_3$! च्छत्रमानय/छत्रमानय ।**

હે ઈન્દ્રભૂતિ ! આવ, તું છત્રને લાવ.

(दूरादामन्त्र्यस्य०७.४.९९થી ए$_3$)

આ સૂત્રથી ए$_3$થી પર રહેલ છ્‌નું દ્વિત્વ→**छ्**छत्रमानय

अघोषे प्रथमो०૧.૩.૫૦ થી छ् નો च्→**च्छ**त्रमानय

**વિકલ્પે : छत्रमानय ।**

**વિ. :** પૂર્વસૂત્રની જેમ આ સૂત્ર आ$_3$+छ् વિ. ૯ સ્થાને લાગે છે.

**જિ.** અહીં પ્લુત સ્વરાદેશ દીર્ઘના સ્થાને થયો હોવાથી તેનાં સ્થાને ભૂતપૂર્વ દીર્ઘ માનીને પૂર્વસૂત્રથી છ્‌નું દ્વિત્વ સિદ્ધ જ હતું છતાં આ સૂત્ર કેમ બનાવ્યું ?

**સમા.** આ સૂત્રમાં दीर्घात् ની અનુવૃત્તિ આવે છે. તેથી, **ह्रस्वदीर्घाऽपदिष्टं कार्यं न प्लुतस्य** ૨/૧૬ ન્યાયાનુસારે તે કાર્ય પ્લુતનું થતું નથી. માટે આ સૂત્રની રચના કરી છે.

## स्वरेभ्यः ૧/૩/૩૦

**અ.અ.સૂ. : स्वरेभ्यः छः द्वे ।**

**અર્થ :** સ્વરથી પર રહેલા છ્‌નું દ્વિત્વ થાય છે.

**ઉદા. :** (૧) **અપદાન્તે → इच्छति** → તે ઈચ્છે છે. [इषत् इच्छा०૧૪૧૯]

वर्तमाना०૩.૩.૬થી तिव्→इष्+**ति**

तुदादेः०૩.૪.૮૧થી श→इष्+**अ**+ति

गमिषद्यमश्छः૪.૨.૧૦૬થી ष् નો छ्→**इछ्**+अ+ति

આ સૂત્રથી છ્‌નું દ્વિત્વ → **इछ्छ्**+अ+ति

अघोषे०१.३.५०थी छ् नो च् → इच्छति ।

(२) **गच्छति** → તે જાય છે. [गम्लृं गतौ-३९६]

સાધનિકા પૂર્વની જેમ જાણવી પરંતુ शનાં સ્થાને कर्त्तर्य०३.४.७१थी शव् પ્રત્યય કરવો.

(૩) **પદાન્તે** → **वृक्षच्छाया** → વૃક્ષની છાયા → वृक्षस्य छाया ।

षष्ठ्ययन्ना०३.१.७६ વિ.થી સમાસ વિ.→वृक्ष+छाया

(અન્તવર્ત્તિવિભક્તિની અપેક્ષાએ વૃક્ષને પદસંજ્ઞા)

આ સૂત્રથી छ् નું દ્વિત્વ → वृक्ष+**छ्छ**ाया

अघोषेऽ०१.३.५० થી छ् નો च् → वृक्ष**च्छा**या ।

**વિ. :** (૧) આ સૂત્ર અપદાન્તે ૧૪ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| अ+छ् | आ+छ् | इ+छ् | ई+छ् | उ+छ् |
| ऊ+छ् | ऋ+छ् | ॠ+छ् | ऌ+छ् | ॡ+छ् |
| ए+छ् | ऐ+छ् | ओ+छ् | औ+छ् | - |

પરંતુ आ+छ् વિ.સ્થાને પદાન્તમાં अनाङ्०१.३.२९ની પ્રવૃત્તિ થતી હોવાથી પદાન્તે આ સૂત્ર માત્ર ૫ સ્થાને જ પ્રવર્ત્તે છે.

**જિ.** સૂત્રમાં બ.વ. શા માટે છે ?

**સમા.** સૂત્રમાં બ.વ.થી નિર્દિષ્ટ વ્યાપ્તિ દ્વારા પદાન્તનો અધિકાર અટકાવ્યો છે. આ સૂત્ર દ્વારા પદાન્ત કે અપદાન્તમાં રહેલા સ્વરથી પર કાર્ય થશે.

**જિ.** **अपेक्षातोऽधिकारः** ૧/૧૨ ન્યાયથી પદાન્તની નિવૃત્તિ થઈ શકતી હતી અથવા गच्छति पथि दूते६.३.२०३ સૂત્રમાં 'गच्छति'નાં નિર્દેશથી અપદાન્તમાં પણ छ् નું દ્વિત્વ સિદ્ધ જ હતું છતાં આ સૂત્રમાં બ.વ.નું ગ્રહણ શા માટે કર્યું ?

**સમા.** **'इयं हि महती शक्तिर्यत् परिभाषां न्यायांश्च विना साध्यते ।'** ન્યાય અને પરિભાષા વિના સિદ્ધ કરવું તે મોટી શક્તિ છે. માટે

સૂત્રમાં બ.વ. દ્વારા જ સિદ્ધ કરેલ છે.

## र्हादर्ह-स्वरस्याऽनु नवा १/૩/૩૧

**અ.અ.સૂ. : स्वरेभ्यः र्हात् अर्हस्वरस्य द्वे नवा, अनु ।**

**અર્થ :** સ્વરથી પર રહેલાં र्-ह् થી પર र्-ह् અને સ્વર સિવાયનાં વર્ણનું વિકલ્પે દ્વિત્વ થાય છે. પણ अनु=અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** (૧) **र्हात्**→र् च हश्च[1] इति र्हम्, तस्मादिति ।

(૨) **अर्हस्वरस्य**→र् च हश्च स्वरश्च इति र्हस्वरम् न र्हस्वरमिति अर्हस्वरम्, तस्येति ।

**ઉદા. :** (૧) **अर्क्कः/अर्कः** → સૂર્ય.

આ સૂત્રથી સ્વર अ પછી र् છે અને र् પછી રહેલ क् નું દ્વિત્વ વિકલ્પે થાય છે.

(૨) **ब्रह्म्मः/ब्रह्मः** → બ્રહ્મ

આ સૂત્રથી अ પછી ह् છે અને ह् પછી રહેલ म् નું વિકલ્પે દ્વિત્વ થયું છે.

**પ્ર.ઉદા.** (૧) **अर्ह-स्वरस्येति किम् ? पद्मह्रदः** → પદ્મસરોવર

અહીં अ પછી ह् છે પણ ह्ની પછી र् છે જેનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

(૨) **अर्हः** → યોગ્ય પુરુષ.

અહીં र् પછી ह् છે જેનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

(૩) **करः** → હાથ → અહીં र् પછી સ્વર अ છે જેનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

(૪) **स्वरेभ्य इत्येव → अभ्र्यते** → જવાય છે → અહીં र् તે સ્વરથી પર નથી. પણ भ्थी પર છે માટે આ સૂત્રથી र्ની

---

(૧) 'र्हात्' એ પ્રમાણે પંચમીનું રૂપ ઈષ્ટ હોવાથી અકાર ઉચ્ચારણ માટે છે.

પછી રહેલ य् નું દ્વિત્વ ન થયું.

★ **अनु इति किम् ? प्रोर्ण्णुनाव**→તેણે સારી રીતે ઢાંક્યું.
[ऊर्णुग्क् आच्छादने-११२३] परोक्षा०३.३.१२ थी
णव्→प्र+ऊर्नु[१] +**अ**
स्वरादे०४.१.४थी દ્વિત્વ→प्र+ऊर् **नुनु**+अ
नामिनो०४.३.५१थी વૃદ્ધિ→प्र+ऊर् नु**नौ**+अ
ओदौतोऽ०१.२.२४थी आव्→प्र+ऊर् नु**नाव्**+अ
र-षृवर्णान्नो०२.३.६३थी ण्→प्र+उर्णुनाव
अवर्णस्ये०१.२.६थी अ+ऊ=ओ→**प्रो**र्णुनाव
આ સૂત્રથી ण् નું દ્વિત્વ→प्रो**र्ण्णु**नाव
અહીં अनु નું વિધાન ન કર્યું હોત તો પહેલાં દ્વિત્વ થતાં न् નું દ્વિત્વ થાત. તેથી प्रोर्न्नुनाव આવો અનિષ્ટ પ્રયોગ થાત.

**वि. :** આ સૂત્ર પ્રાયઃ ૮૬૮ સ્થાને લાગે છે, તે આ રીતે,
સ્વર(૧૪) × र-ह्(२) × र-ह् અને સ્વર સિવાયનાં વર્ણ (३१) = ८६८

| | | | |
|---|---|---|---|
| अ+र्+क् | आ+र्+क् | इ+र्+क् | ई+र्+क् |
| उ+र्+क् | ऊ+र्+क् | ऋ+र्+क् | ॠ+र्+क् |
| ऌ+र्+क् | ॡ+र्+क् | ए+र्+क् | ऐ+र्+क् |
| ओ+र्+क् | औ+र्+क् | अ+ह्+क् | आ+ह्+क् |
| इ+ह्+क् | ई+ह्+क् | उ+ह्+क् | ऊ+ह्+क् |
| ऋ+ह्+क् | ॠ+ह्+क् | ऌ+ह्+क् | ॡ+ह्+क् |
| ए+ह्+क् | ऐ+ह्+क् | ओ+ह्+क् | औ+ह्+क् |

આમ, क् નાં સ્થાને र्, ह् અને સ્વર સિવાયનાં અન્ય વર્ણ પણ ગણતાં કુલ ૮૬૮ સ્થાનો થાય છે.

(૧) મૂળધાતુ ऊर्णु છે પરંતુ लोकात् १.१.३ થી ऊर् नु એ પ્રમાણે વિશ્લેષ કર્યું છે.

# अदीर्घाद् विरामैकव्यञ्जने १/3/3२

**અ.અ.સૂ. : अदीर्घाद् स्वरेभ्यः अर्हस्वरस्य विरामैकव्यञ्जने द्वे नवा, अनु ।**

**અર્થ :** દીર્ઘ સિવાયના સ્વરથી પર र्, ह् અને સ્વર સિવાયનાં વર્ણનું વિરામમાં તથા અસંયુક્ત વ્યંજન પર છતાં વિકલ્પે દ્વિત્વ થાય છે. પણ अनु=અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** (१) **अदीर्घात्**→न दीर्घः इति अदीर्घः, तस्मादिति ।

(२) **विरामैकव्यञ्जने**→एकं च तद् व्यञ्जनं च इति एकव्यञ्जनम् विरामश्च एकव्यञ्जनं च इति विरामैकव्यञ्जनम्, तस्मिन्निति ।

**ઉદા. :** (१) **વિરામ પર છતાં त्वक्क्/त्वक्** → સ્પર્શેન્દ્રિય → त्वच्+सि

दीर्घङ्याब्०१.४.४५થી सि નો લોપ → त्वच्

च-जः०२.१.८६થી क् → **त्वक्**

આ સૂત્રથી વિરામ પર હોવાથી અને अથી પર રહેલ क् નું વિકલ્પે દ્વિત્વ → **त्वक्क्/त्वक्**

(२) **એક વ્યંજન પર છતાં : दद्ध्यत्र/दध्यत्र** → અહીં દહીં.

दधि+अत्र इवर्णादे०१.२.२१થી इनो य्→**दध्यत्र**

આ સૂત્રથી अ થી પર ध् નું य् પર છતાં દ્વિત્વ→**दध्ध्यत्र**

तृतीयस्तृतीय०१.३.४९થી द्→**दद्**ध्यत्र ।

**વિકલ્પે :-** दध्यत्र ।

(3) **દીર્ઘ સિવાયનાં સ્વરથી પર → गो$_3$त्त्रातः/गो$_3$त्रात**

હે ! ગાયનો રક્ષણ કરનાર.

અહીં ओ$_3$ પછી त् છે. પછી અસંયુક્ત વ્યંજન र् છે માટે આ સૂત્રથી त् નું દ્વિત્વ થયેલ છે.

**પ્ર.ઉદા.** (१) **अर्हस्वरस्येत्येव** → **वर्या** → વરવા લાયક.→ અહીં अ પછી र् છે.

(२) **वह्यम्** → વહન કરવા યોગ્ય (ગાડું) અહીં अ પછી ह् છે.

(૩) **तितउ** → ચાલણી → અહીં अ પછી સ્વર उ છે.
આ ત્રણેનું સૂત્રમાં વર્જન છે માટે આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

**વિ. :** (૧) અહીં अनु નો અધિકાર હોવાથી त्वच् સ્થાને क् કર્યા બાદ જ દ્વિત્વ થતાં त्वच्च् આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થતો નથી.

(૨) ઈન્દ્ર, ચન્દ્રગોમી, પાણિનિ વિ. વ્યાકરણકારો સંયુક્ત વ્યંજન પર છતાં र्, ह् અને સ્વર સિવાયનાં વર્ણનું વિકલ્પે દ્વિત્વ કરે છે.

(૩) 'अदीर्घात्'માં રહેલ પર્યુદાસનઞ્થી દીર્ઘથી ભિન્ન પણ સ્વર તરીકે સદૃશ ૫ હ્રસ્વ અને ૧૪ પ્લુત = ૧૯ સ્વરનું ગ્રહણ થાય છે. પણ વ્યંજનનું નહીં.

(૪) વિધાન સામર્થ્યથી જ त्वक्क् વિ. સ્થાને पदस्य ૨.૧.૮૯ સૂત્ર દ્વારા क् વિ.નો લોપ થતો નથી.

(૫) આ સૂત્ર પ્રાયઃ ૨૭૫૦ સ્થાને લાગે છે તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| अ+क्+म् | अ+ख् +म् | अ+ग्+म् | अ+घ्+म् | अ+ङ्+म् |
| अ+च्+म् | अ+छ्+म् | अ+ज्+म् | अ+झ्+म् | अ+ञ्+म् |
| अ+ट्+म् | अ+ठ्+म् | अ+ड्+म् | अ+ढ्+म् | अ+ण्+म् |
| अ+त्+म् | अ+थ्+म् | अ+द्+म् | अ+ध्+म् | अ+न्+म् |
| अ+प्+म् | अ+फ्+म् | अ+ब्+म् | अ+भ्+म् | अ+म्+म् |
| अ+य्+म् | अ+ल्+म् | अ+व्+म् | अ+श्+म् | अ+ष्+म् |
| अ+स्+म् | | | | |

આજ પ્રમાણે म् નાં સ્થાને અન્ય ૩૨ વ્યંજન પર છતાં તથા अ નાં સ્થાને અન્ય ૪ હ્રસ્વ સ્વરથી પર પણ આ સૂત્રપ્રવૃત્તિ જાણવી. પરંતુ अ+ख्+क् વિ.સ્થાનોમાં अघोषे૦૧.૩.૫૦ વિ.સૂત્રની પ્રવૃત્તિ થતી હોવાથી તેમનું આ સૂત્રમાં વર્જન જાણવું.

## अञ्वर्गस्यान्तस्थातः ૧/૩/૩૩

**અ.અ.સૂ. : अन्तस्थातः अञ्वर्गस्य द्वे नवा, अनु ।**

**અર્થ :** અન્તસ્થાથી પર ञ् સિવાયનાં વર્ગીય વ્યંજનનું દ્વિત્વ વિકલ્પે થાય છે, પરંતુ अनु=અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** **अञ्वर्गस्य**→न ञ् इति अञ्, अञ् चासौ वर्गश्च इति अञ्वर्गः, तस्येति ।

ઉદા. : (૧) **उल्क्का/उल्का** → અગ્નિનાં કણિયા.

આ સૂત્રથી અન્તસ્થા ल्थी પર क्नुं દ્વિત્વ→**उल्क्का** ।

**વિકલ્પે : उल्का**

પ્ર.ઉદા. **अञ् इति किम् ? (૧) हल्ञौ।** → વ્યંજન અને ञ्

हल् च ञ् च इति ।

અહીં ल् પછી સૂત્ર વર્જિત ञ् છે માટે આ સૂત્ર લાગ્યું નહીં.

**વિ. :** આ સૂત્ર ૯૬ સ્થાને લાગે છે. તે આ રીતે,

અન્તસ્થા (૪) × વર્ગાક્ષર (૨૪)=૯૬

| | | | |
|---|---|---|---|
| य्+क् | य्+ख् | य्+ग् | य्+घ् |
| य्+ङ् | य्+च् | य्+छ् | य्+ज् |
| य्+झ् | य्+ट् | य्+ठ् | य्+ड् |
| य्+ढ् | य्+ण् | य्+त् | य्+थ् |
| य्+द् | य्+ध् | य्+न् | य्+प् |
| य्+फ् | य्+ब् | य्+भ् | य्+म् |

આમ, र्, ल् અને व् થી પર પણ વર્ગીય વ્યંજન ગણતાં કુલ ૯૬ સ્થાન થાય છે.

## ततोऽस्याः ૧/૩/૩૪

**અ.અ.સૂ. : ततः अर्हस्वरस्य अस्याः द्वे नवा ।**

**અર્થ :** ततः = ञ् સિવાયનાં વર્ગીય વ્યંજનથી પર अस्याः = અન્તસ્થાનું દ્વિત્વ વિકલ્પે થાય છે.

**ઉદા. :** (૧) **दध्य्यत्र/दध्यत्र** → અહીં દહીં
અહીં આ સૂત્રથી ધ્ થી પર ય્ નું વિકલ્પે દ્વિત્વ થયેલ છે.

**વિ. :** (૧) પૂર્વ સૂત્રની અનુવૃત્તિથી આવતાં 'अञ्वर्गस्य' આ ષષ્ઠ્યન્ત નાં અધિકારને 'ततः' દ્વારા પંચમ્યન્ત કરીને નિમિત્ત દર્શાવ્યું છે. અને 'अन्तस्थातः'નાં પદથી આવતાં પંચમ્યન્તનાં અધિકારને 'अस्याः' પદ દ્વારા ષષ્ઠ્યન્ત કરીને કાર્યી રૂપે દર્શાવેલ છે. આવી રીતે અહીં વિભક્તિનો વિપરિણામ આવશ્યક છે.

(૨) આ સૂત્રમાં 'अर्हस्वरस्य' નો અધિકાર ચાલુ હોવાથી અન્તસ્થા એવા ર્ નું દ્વિત્વ ન થતાં વર્ગીય અક્ષર (૨૪)× य्-ल्-व् (૩)=૭૨ સ્થાને સૂત્ર પ્રવૃત્તિ થાય છે.

## शिटः प्रथम-द्वितीयस्य ૧/૩/૩૫

**અ.અ.સૂ. : शिटः प्रथम-द्वितीयस्य द्वे नवा ।**

**અર્થ :** શિટ્થી પર રહેલાં દરેક વર્ગનાં પહેલાં અને બીજા વ્યંજનનું દ્વિત્વ વિકલ્પે થાય છે.

**સ. :** **प्रथम-द्वितीयस्य**→प्रथमश्च द्वितीयश्च इति प्रथमद्वितीयम्, तस्येति ।

**ઉદા. :** (૧) **त्वं क्करोषि/त्वं करोषि** → તું કરે છે.
અહીં અનુસ્વારથી પર રહેલ વર્ગનાં પહેલા વ્યંજન क् નું વિકલ્પે દ્વિત્વ થયું છે.

(૨) **त्वं क्खनसि/त्वं खनसि** → તું ખોદે છે.
અહીં અનુસ્વારથી પર રહેલાં વર્ગનાં બીજાવ્યંજન ख् નું દ્વિત્વ થયું છે અને अघोषे૦૧.૩.૫૦થી ख्નો क् થયો છે.

**વિ. :** (૧) શાકટાયન વિ. વ્યાકરણકારો આદેશરૂપ અનુનાસિકથી પર

પણ પ્રથમ અને દ્વિતીય વ્યંજનનું દ્વિત્વ વિકલ્પે ઈચ્છે છે.

ઉદા. त्वञ्च्छात्रः/त्वञ्छात्रः । (अनुनासिका०० બૃ.વૃ. ૧.૩.૩૫)

(૨) આ સૂત્ર પદાન્તે ૫૪ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | | |
|---|---|---|---|---|---|
| अं+क् | अः+क् | ⨯+क् | श्+क् | ष्+क् | स्+क् |
| अं+च् | अः+च् | श्+च् | ष्+च् | स+च् | अं+ट् |
| अः+ट् | श्+ट् | ष्+ट् | स्+ट् | अं+त् | अः+त् |
| श्+त् | ष्+त् | स्+त् | अं+प् | अः+प् | )(+प् |
| श्+प् | ष्+प् | स्+प् | | | |

આમ, વર્ગનાં બીજા વ્યંજનનાં પણ ૨૭ સ્થાન ગણતાં કુલ ૫૪ સ્થાન થાય છે. પરંતુ અપદાન્તે अं+क् વિ. નો સંભવ ન હોવાથી ૯ સ્થાનોનું વર્જન થતાં અપદાન્તે ૪૫ સ્થાને પ્રવૃત્ત થાય છે. )(+क વિ. સ્થાનોનો સંભવ જ ન હોવાથી તે ૧૬ સ્થાનોનું વર્જન જાણવું.

## ततः शिटः १/३/३६

**અ.અ.સૂ. : ततः शिटः द्वे नवा ।**

**અર્થ :** દરેક વર્ગીય પ્રથમ અને દ્વિતીય વ્યંજનથી પર રહેલ શિટ્નું દ્વિત્વ વિકલ્પે થાય છે.

ઉદા. : (૧) **तच्श्शेते/तच्शेते** → તે ઊંઘે છે. तद् + सि + शेते
अनतो૦૧.૪.૫૯થી सि નો લોપ → तद् + शेते
धुटस्तृ૦૨.૧.૭૬થી द् નો द् → तद् + शेते
तवर्गस्य૦૧.૩.૬૦થી द् નો ज् → तज्शेते
अघोषे૦૧.૩.૫૦થી च् → तच्शेते
આ સૂત્રથી પ્રથમ વ્યંજન च्થી પર રહેલ શિટ્ સ્નું
**વિકલ્પે** દ્વિત્વ → **तच्श्शेते**/तच्शेते ।

**વિ. :** આ સૂત્ર પ્રથમ-દ્વિતીય વ્યંજન (૧૦) × શિટ (૩) = ૩૦

સ્થાને લાગે છે.

| | | | | |
|---|---|---|---|---|
| क्+श् | ख्+श् | च्+श् | छ्+श् | ट्+श् |
| ठ्+श् | त्+श् | थ्+श् | प्+श् | फ्+श् |
| क्+ष् | ख्+ष् | च्+ष् | छ्+ष् | ट्+ष् |
| ठ्+ष् | त्+ष् | थ्+ष् | प्+ष् | फ्+ष् |
| क्+स् | ख्+स् | च्+स् | छ्+स् | ट्+स् |
| ठ्+स् | त्+स् | थ्+स् | प्+स् | फ्+स् |

## न रात् स्वरे ૧/૩/૩૭

**અ.અ.સૂ. : रात् शिटः स्वरे द्वे न ।**

**અર્થ :** र्‌થી પર રહેલાં શિટ્‌નું સ્વર પર છતાં દ્વિત્વ થતું નથી.

ઉદા. : **दर्शनम्** → જોવું.

र् થી પર રહેલ श् નાં अ પર છતાં દ્વિત્વનો નિષેધ થયો છે.

**વિ. :** આ સૂત્રની રચના ન કરી હોત તો हार्दर्ह०૧.૩.૩૧થી 'दर्श्शनम्' આવો અનિષ્ટ પ્રયોગ થાત તેથી આ સૂત્ર हार्दर्ह०૧.૩.૩૧નાં અપવાદ તરીકે છે.

## पुत्रस्याऽऽदिन्-पुत्रादिन्याक्रोशे ૧/૩/૩૮

**અ.અ.સૂ. : आदिन्-पुत्रादिनि पुत्रस्य आक्रोशे द्वे न ।**

**અર્થ :** आदिन् અને पुत्रादिन् પર છતાં पुत्रમાં રહેલાં त्‌નું આક્રોશ વિષયમાં દ્વિત્વ થતું નથી.

**સ. :** **आदिन्-पुत्रादिनि**→आदिन् च पुत्रादिन् च इति आदिन्-पुत्रादिन्, तस्मिन्निति ।

ઉદા. : (૧) **पुत्रादिनी त्वमसि पापे ! पुत्रपुत्रादिनी भव** → હે પાપિણી ! તું પુત્રને ખાનારી છે, પુત્રનાં પુત્રને ખાનારી થા.

पुत्रानत्तीत्येवंशीला इति पुत्रादिनी

पुत्राणां पुत्रा इति पुत्रपुत्रः, पुत्रपुत्रानत्तीत्येवंशीला इति पुत्रपुत्रादिनी ।

अजातेः०५.१.१५४थी णिन् → पुत्र+शस्+अद्+**इन्**

ञ्णिति४.३.५०थी वृद्धि → पुत्र+शस्+**आद्**+इन्

ङस्युक्तं०३.१.४९थी वि. समास → पुत्रादिन्

स्त्रियां नृतो०२.४.१थी वि. ङी → पुत्रादिन्+**ई**

પ્રથમા सि → पुत्रादिन्+**स्**

दीर्घङ्याब्०१.४.४५थी सि नो લોપ → पुत्रादिनी

अदीर्घात्०१.३.३२थी પ્રાપ્ત त् દ્વિત્વનો આ સૂત્રથી **નિષેધ.**

તેવી રીતે पुत्रपुत्रादिनी માં પણ સમજવું.

પ્ર.ઉદા. (૧) **आक्रोश इति किम् ? पुत्त्रादिनी शिशुमारी/पुत्रादिनी शिशुमारी** → હે શિશુમારી ! તું પુત્રને ખાનારી છે.

(૨) **पुत्त्रपुत्रादिनी नागी/पुत्रपुत्रादिनीति वा** → પુત્રના પુત્રને ખાનારી નાગણ.

અહીં આક્રોશ જણાતો નથી માત્ર સ્વરૂપ કથન છે તેથી આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ નહીં થાય.

વિ. : (૧) આ સૂત્ર अदीर्घात्०१.३.३२ નો અપવાદ છે.

(૨) **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયથી आदिन् અને पुत्रादिन्નાં ગ્રહણથી आदिनी અને पुत्रादिनीનું પણ ગ્રહણ થાય છે.

યદ્યપિ મૂળસૂત્રમાં 'पुत्र સંબંધી त् નાં જ દ્વિત્વનો નિષેધ કરવો.' એવો ઉલ્લેખ નથી. પણ अदीर्घात्०१.३.३२થી पुत्र સંબંધી त् નાં જ દ્વિત્વની પ્રાપ્તિ છે. તેથી **प्राप्तस्यविधिर्निषेधः ।** આ નિયમાનુસારે त् નાં જ દ્વિત્વનો નિષેધ થાય છે.

## म्नां धुड्वर्गेऽन्त्योऽपदान्ते १/३/३९

**અ.અ.સૂ. : अपदान्तनां म्नां धुड्वर्गे अन्त्यः अनु ।**

**અર્થ :** અપદાન્તે = પદની વચ્ચે રહેલાં म् અને न् નો વર્ગીય ધુટ્ વ્યંજન પર છતાં નિમિત્તનો જ અન્ત્ય અક્ષર થાય છે. **अनु**=અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** (१) **म्नाम्**→म् च न् च इति म्नः, तेषामिति ।

(२) **धुड्वर्गे**→धुट् चासौ वर्गश्च इति धुड्वर्गः, तस्मिन्निति ।

(३) **अपदान्ते**→पदस्य अन्तः इति पदान्तः, न पदान्तः इति अपदान्तः, तस्मिन्निति ।

**ઉદા. :** (१) **गन्ता**→તે જશે. [गम्लृं गतौ-३९६]

श्वस्तनी० ૩.૩.૧૪થી→गम्+ता

આ સૂત્રથી અપદાન્ત म् નો ધુટ્ त् પર છતાં न्→**गन्ता** ।

(२) **शङ्किता**→તે શંકા કરશે. [शकुङ् शङ्कायाम्-६१७]

श्वस्तनी०૩.૩.૧૪થી→शक्+**ता**

उदितः०૪.૪.૯૮થી न् આગમ્→ शन्क्+ता

स्ताद्यशितो०૪.૪.૩૨થી इट् → शन्क्+**इ**+ता

આ સૂત્રથી અપદાન્ત न्નો ધુટ્ क् પર છતાં ङ्→**शङ्किता** ।

(३) **कम्पिता** → તે ધ્રુજશે. [कपुङ् चलने-७५७]

श्वस्तनी० ૩.૩.૧૪ વિ. પૂર્વની જેમ થતાં कन्पिता

આ સૂત્રથી અપદાન્ત म् નો ધુટ્ प् પર છતાં म्→**कम्पिता** ।

**પ્ર.ઉદા.** (१) **धुडिति किम् ?** → **आहन्महे** → અમે મારીએ છીએ.

[हनंक् हिंसा-गत्योः-११००]

वर्त्तमाना० ૩.૩.૬ થી महे→आ+हन्+महे

અહીં અપદાન્ત न्ની પછી म् ધુટ્ નથી. માટે આ સૂત્ર લાગ્યું નહીં.

(२) **धुड्वर्ग इति किम् ?** → **गम्यते** → જવાય છે.

અહીં म् પછી य् છે તે વર્ગીય ધુટ્ વ્યંજન નથી માટે આ સૂત્ર લાગ્યું નહીં.

(૩) **अपदान्त इति किम् ? भवान् करोति** → આપ કરો છો. અહીં न् પદાન્તે છે માટે આ સૂત્રથી न् નો ङ् ન થયો.

વિ. : (૧) અહીં ततोऽस्याः ૧.૩.૩૪ થી અટકાવેલ अनु નો અધિકાર **मण्डुकप्लुतिः ૧/૧૨** ન્યાયથી ફરી ગ્રહણ કરાય છે. अनु નાં અધિકારથી व्यङ्क्ता (वि+अञ्ज्+ता) વિ. સ્થાને ज् નો क् કર્યા બાદ આ સૂત્રનું કાર્ય કરવાથી ङ् થયેલ છે. પણ જો પહેલાં કર્યું હોત તો ज् નાં કારણે ञ् જ રહેતાં व्यञ्जता આવો અનિષ્ટ પ્રયોગ થાત.

(૨) આ સૂત્ર ૪૦ સ્થાને લાગે છે. તે આ રીતે,
म्-न् (૨) × વર્ગીય ધુટ્ વ્યંજન (૨૦)

| | | | |
|---|---|---|---|
| म्+क्=ङ्क् | म्+ख्=ङ्ख् | म्+ग्=ङ्ग् | म्+घ्=ङ्घ् |
| म्+च्=ञ्च् | म्+छ्=ञ्छ् | म्+ज्=ञ्ज् | म्+झ्=ञ्झ् |
| म्+ट्=ण्ट् | म्+ठ्=ण्ठ् | म्+ड्=ण्ड् | म्+ढ्=ण्ढ् |
| म्+त्=न्त् | म्+थ्=न्थ् | म्+द्=न्द् | म्+ध्=न्ध् |
| म्+प्=म्प् | म्+फ्=म्फ् | म्+ब्=म्ब् | म्+भ्=म्भ् |
| આ પ્રમાણે न् થી પર પણ ધુટ્ ગણતાં કુલ ૪૦ સ્થાનો થાય છે. | | | |

જિ. 'म्नां' એ પ્રમાણે સૂત્રમાં બ.વ. શા માટે કર્યું છે ?

**સમા.** અહીં બ.વ. દ્વારા અન્ય સૂત્રથી થતાં અન્ત્ય અક્ષર સિવાયનાં વર્ણનો બાધ કરવામાં આવ્યો છે. તેથી भ्रान्त्वा વિ. સ્થાને र-षृवर्णान्नो० ૨.૩.૬૩ થી न्નાં ण्ની પ્રાપ્તિ હોવા છતાં પણ તે કાર્ય થતું નથી.

## शिड्-हेऽनुस्वारः ૧/૩/૪૦

**અ.અ.સૂ. : अपदान्तनां म्नां शिड्-हे अनुस्वारः, अनु ।**

**અર્થ :** અપદાન્તમાં રહેલાં म् અને न्નો શિટ્ અને ह् પર છતાં અનુસ્વાર થાય છે. પરંતુ અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** **शिड्हे**→शिट् च हश्च इति शिड्हं, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **पुंसि** → પુરુષમાં पुम्स्+ङि
આ સૂત્રથી स् પર છતાં म् નો અનુસ્વાર → **पुंसि** ।

(૨) **दंशः** → ડસવું → [दंशं दशने-૪૯૬]
આ સૂત્રથી तवर्गस्य० ૧.૩.૬૦થી પ્રાપ્ત ञ्નો નિષેધ કર્યો.

(૩) **बृंहणम्** → વધવું તે. [बृहु शब्दे च-૫૫૮]
उदितः स्वरा० ૪.૪.૯૮ થી न् આગમ→**बृन्ह्**
अनट् ૫.૩.૧૨૪ થી अनट्→बृन्ह्+**अन**
र-षृ०२.૩.૬૩થી ण् → **बृन्हण**
આ સૂત્રથી ह् પર છતાં न् નો અનુસ્વાર → **बृंहण**
પ્રથમા सि વિ. થતાં → **बृंहणम्** ।

**વિ. :** (૧) અહીં 'म्नां' એ પ્રમાણે બ.વ. દ્વારા बृन्हणम् વિ. સ્થાને रषृवर्णान्नो०२.૩.૬૩થી न्નાં ण्ની અને दन्श् વિ. સ્થાને तवर्गस्य०૧.૩.૬૦થી ञ्ની પ્રાપ્તિ નો બાધ કર્યો છે.

(૨) આ સૂત્ર म्-न् (૨) × શિટ્+ह् (૪) = ૮ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| म्+श् | म्+ष् | म्+स् | म्+ह् |
| न्+श् | न्+ष् | न्+स् | न्+ह् |

## रो रे लुग् दीर्घश्चाऽदिदुतः ૧/૩/૪૧

**અ.અ.સૂ. : रः रे लुग्, अदिदुतः च दीर्घः, अनु ।**

**અર્થ :** र् નો र् પર છતાં લુક્ થાય છે. અને પૂર્વનાં अ, इ અને उ નો દીર્ઘાદેશ થાય છે. પરંતુ અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** **अदिदुतः**→अत् च इत् च उत् च इति अदिदुत्, तस्येति ।

ઉદા. : (૧) **पुना रात्रि** → ફરીથી રાત पुनस्+रात्रि
सोरुः ૨.૧.૭૨ થી रु→पुनर्+रात्रि
આ સૂત્રથી પૂર્વનાં र् નો લોપ અને अ દીર્ઘ→**पुना** रात्रि ।

(૨) **अग्नी रथेन** → રથ વડે અગ્નિ अग्नि+सि+रथेन
सोरुः૨.૧.૭૨થી रु→अग्निर्+रथेन
આ સૂત્રથી र् નો લોપ અને इ દીર્ઘ→**अग्नी** रथेन ।

(૩) **पटू राजा** → હોંશિયાર રાજા. पटु+सि+राजा
પૂર્વની જેમ पटुर्+राजा
આ સૂત્રથી र् નો લોપ અને उ દીર્ઘ→**पटू** राजा ।

**વિ. :** (૧) अहोरात्री (अहन्+रात्री) વિ. સ્થાને સૂત્રમાં अनु નો અધિકાર હોવાથી આ સૂત્રથી र् નો લોપ ન થતાં घोषवति ૧.૩.૨૧ વિ. થી उ વિ. કાર્ય થવાથી अहारात्री આવો અનિષ્ટ પ્રયોગ ન થયો.

(૨) **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે સૂત્રમાં નિરનુબંધ र् ના ગ્રહણથી સાનુબંધ रु નું પણ કાર્યી તરીકે ગ્રહણ થાય છે.

**જિ.** સૂત્રમાં પૂર્વસૂત્રથી આવતાં 'अपदान्त'નાં અધિકારનું ગ્રહણ કેમ ન કર્યું ?

**સમા.** પૂર્વસૂત્રમાં म् અને न् સ્થાની તરીકે હતા. જ્યારે અહીં र् સ્થાની રૂપે છે. આમ, સ્થાની બદલાઈ જતાં તેની સાથે ચાલતો 'अपदान्त' નો પણ અધિકાર અટકી ગયો.

## ढस्तड्ढे ૧/૩/૪૨

**અ.અ.સૂ. : तड्ढे ढः लुक्, अदिदुतः च दीर्घः, अनु ।**

**અર્થ :** ढ्નાં નિમિત્તથી થયેલો ढ् પર છતાં પૂર્વનાં ढ् નો લુક્ થાય છે. અને પૂર્વના अ, इ અને उ દીર્ઘ થાય છે, પરંતુ અન્ય તમામ કાર્ય

કર્યા બાદ.

**સ. :** **तड्ढे**→तन्निमित्तो ढः इति तड्ढः, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **माढिः** → પૂજા. [मह पूजायाम्-५६५]
स्त्रियां क्तिः ૫.૩.૯૧ થી क्ति → मह्+**ति**
हो धुट्० ૨.૧.૮૨ થી ह् નો ढ् → म**ढ्**+ति
अधश्चतुर्थात्० ૨.૧.૭૯ થી ध् → मढ्+**धि**
तवर्गस्य० ૧.૩.૬૦ થી ढ् → मढ्+**ढि**
આ સૂત્રથી પૂર્વના ढ् નો લોપ અને अ દીર્ઘ → **माढि**
પ્રથમા सि વિ. થતાં → **माढिः** ।

(૨) **लीढम्** → ચાટેલું → [लिहींक् आस्वादने-११२९]
क्लीबेक्त० ૫.૩.૧૨૩ થી क्त→लिह्+**त**
પૂર્વની જેમ→लिढ्+**ढ**
આ સૂત્રથી પૂર્વનાં ढ् નો લોપ અને इ નો ई→**लीढ**
પ્રથમા सि વિ. થતાં→**लीढम्** ।

(૩) **गूढम्** → છૂપાયેલું [गुहौग् संवरणे-९३५]
क्लीबे० ૫.૩.૧૨૩ થી क्त વિ. પૂર્વની જેમ થતાં→गुढ्+**ढ**
આ સૂત્રથી પૂર્વનાં ढ् નો લોપ અને उ નો ऊ→**गूढ**
પ્રથમા सि વિ. થતાં→**गूढम्** ।

**પ્ર.ઉદા.** (૧) **तड्ढ इति किम् ?** → **मधुलिड् ढौकते** । ભમરો જાય છે.
मधुलेढीति क्विप् इति मधुलिह्
હવે, मधुलिह्+ढौकते
हो धुट्० ૨.૧.૮૨ થી ढ् → मधुलि**ढ्**+ढौकते ।
धुटस्तृतीयः ૨.૧.૭૬ થી ड् → मधुलि**ड्** ढौकते ।
ढ् ના નિમિત્તે થયેલો ढ् નથી માટે આ સૂત્ર લાગ્યું નથી.

**વિ. :** (૧) 'तड्ढ' આ પ્રમાણે અકારાન્ત રૂપ ઉચ્ચારણ માટે છે. પણ નિમિત્ત તરીકે તો વ્યંજનાન્ત ढ्ની જ પ્રાપ્તિ થાય છે.

(२) સૂત્રમાં 'अनु'નું ગ્રહણ હોવાથી लेढा, मोढा વિ. સ્થાને પહેલા ગુણ થાય છે અને પછી આ સૂત્રથી ढ् નો લોપ થાય છે. જો 'अनु' નો અધિકાર ન હોત તો ગુણ થતાં પૂર્વે જ ढ् નો લોપ અને इ-उ દીર્ઘ થતાં અનુક્રમે लीढा, मूढा વિ. અશુદ્ધ રૂપો થવાની આપત્તિ આવે.

## सहि-वहेरोच्चाऽवर्णस्य १/३/४३

**અ.અ.સૂ. : सहि-वहेः ढः तड्ढे लुक्, अवर्णस्य च ओत्, अनु ।**

**અર્થ :** सह् અને वह् નાં ढ्નો તેના નિમિત્તે થયેલો ढ् પર છતાં લોપ થાય છે. અને अवर्णનો ओ થાય છે પરંતુ અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. : सहिवहेः**→सहिश्च वहिश्च इति सहिवहि, तस्येति ।

ઉદા. : (१) **सोढा** → સહન કરશે. [षहि मर्षणे ९९०]

षः सोष्ट्यै० २.३.९८ થી **सह्** ધાતુ.

श्वस्तनी० ३.३.१४ થી ता → सह्+**ता**

हो धुट्० २.१.८२ થી ढ् → स**ढ्**+ता

अधश्चतुर्थात्० २.१.७९ થી ध् → सढ्+**धा**

तवर्गस्य० १.३.६० થી ढ् → सढ्+**ढा**

આ સૂત્રથી પૂર્વનાં ढ् નો લોપ અને अ નો ओ → **सोढा**।

(२) **वोढा** → વહન કરનાર. [वहीं प्रापणे ९९६] પૂર્વની જેમ સાધનિકા જાણવી.

(३) **उदवोढाम्** → તે બે પરણ્યા. उद्+वह्

अद्यतनी० ३.३.११ થી ताम् → उद्+वह्+**ताम्**

सिजद्यतन्याम् ३.४.५३ થી सिच् → उद्+वह्+**स्**+ताम्

व्यञ्जनाना०४.३.४५થી વૃદ્ધિ → उद्+**वाह्**+स्+ताम्

धुड्ह्रस्वाल्० ४.३.७० થી सिच् નો લોપ → उद्+वाह्+ताम्

हो धुट्० २.१.८२ થી ह् નો ढ् → उद्+वा**ढ्**+ताम्

अधश्चतुर्थात्० २.१.७९ थी ते नो ध् → उद्+वाद्+**धाम्**

तवर्गस्य० १.३.६० थी ध् नो द् → उद्+वाद्+**ढाम्**

આ સૂત્રથી પૂર્વના द् નો લોપ અને आ નો ओ → उद्**वो**ढाम् ।

अड्धातो० ४.४.२९ थी अट् આગમ → **उदवोढाम्** ।

**વિ. :** (૧) सह् અને वह् ધાતુમાં અકાર જ દૃશ્યમાન છે પણ उदवोढाम् વિ. સ્થાને व्यञ्जनाना०४.३.४૫थी વૃદ્ધિ થયા બાદ आ नो પણ ओ કરવા માટે સૂત્રમાં अवर्णનું ગ્રહણ કરેલ છે.

(૨) આ સૂત્રનાં અભાવમાં પૂર્વનાં સૂત્રથી द्नो લોપ થઈ अ नो आ થતાં साढा આવું અનિષ્ટ રૂપ થવાની આપત્તિ આવે.

## उदः स्था-स्तम्भः सः १/३/४४

**અ.અ.સૂ. : उदः स्था-स्तम्भः सः लुक्, अनु ।**

**અર્થ :** उद् थी પર स्था અને स्तम्भ् ધાતુના स् નો લુક્ થાય છે. પરંતુ અન્ય તમામ કાર્ય કર્યા બાદ.

**સ. :** **स्था-स्तम्भः**→स्थाश्च स्तम्भ् च इति स्था-स्तम्भ्, तस्येति ।

**ઉદા.** (૧) **उत्थाता**→ઊભો થશે. [ष्ठां गतिनिवृत्तौ-५]

षः सोऽष्ट्यै० २.३.९८ थी **स्था** ધાતુ.

श्वस्तनी० ३.३.१४थी ता→उद्+स्था+**ता**

આ સૂત્રથી स्थाનાં स् નો લોપ → उद्+थाता

अघोषे०१.३.५०थी द् नो त् → उत्थाता ।

(૨) **उत्तम्भिता**→તે સ્તંભિત થશે. (स्तम्भू स्तम्भे-१९८५)

श्वस्तनी० ३.३.१४थी ता→उद्+स्तम्भ्+ता

આ સૂત્રથી स्तम्भ् નાં स् નો લોપ→उद्+तम्भ्+ता

स्ताद्य० ४.४.३२ थी इट् → उद्+तम्भ्+**इ**+ता

अघोषे०१.३.५०थी त् → उत्तम्भिता ।

વિ. (૧) उदस्थात् વિ.સ્થાને अट्‌નું વ્યવધાન આવતાં અનન્તર स् ની પ્રાપ્તિ ન હોવાથી स् નો લોપ થતો નથી.

તેમજ, આ સૂત્રમાં अनु નો અધિકાર છે માટે अट् આગમ કર્યા પહેલાં પણ આ સૂત્રથી स् નો લોપ થશે નહીં.

## तदः सेः स्वरे पादार्था १।३।४५

**અ.અ.સૂ. : तदः सेः स्वरे लुक्, पादार्था ।**

**અર્થ :** तद् થી પર રહેલા सि પ્રત્યયનો સ્વર પર છતાં लुक् થાય છે જો તે लुक् પાદપૂર્ત્તિ[1] માટે હોય તો.

**સ. :** **पादार्था**→पादोऽर्थो यस्याः सा इति ।

**ઉદા. :** (૧) **सैष दाशरथी रामः**→તે આ દશરથનાં પુત્ર રામ છે. આ ઉદા. શ્લોકનાં (અનુષ્ટુપ્ છંદનાં) પાદ સ્વરૂપે હોવાથી પાદપૂર્ત્તિનાં પ્રયોજન રૂપે આ સૂત્રથી तद् થી પર રહેલ सि નો લોપ થયો છે.

**પ્ર.ઉદા :पादार्था इति किम् ?** → **स एष भरतो राजा** → તે આ ભરત રાજા છે.

અહીં આઠ અક્ષર હોવાથી અનુષ્ટુપ્ છંદનું બંધારણ જળવાયેલું છે. તેથી પાદપૂર્ત્તિની આવશ્યકતા નથી માટે तद् થી પર રહેલ सि નો લોપ આ સૂત્રથી ન થયો. પણ रोर्यः ૧.૩.૨૬થી य् અને स्वरे वा૧.૩.૨૪થી य्નો લોપ થઈ અસંધિ થઈ છે.

**વિ. :** (૧) रोर्यः૧.૩.૨૬ અને स्वरे वा૧.૩.૨૪થી सिનાં रु નો य् થઈ લોપ થઈ જ જાય છે. પરંતુ ત્યાં સંધિ થતી નથી જ્યારે, આ સૂત્રથી જ્યાં सि નો લોપ થાય છે. ત્યાં સંધિ પણ થાય છે.

(૨) કેટલાક વ્યાકરણકારો આ સૂત્રને ઋક્પાદ (ઋગ્વેદમાં આવતાં

---

(૧) શ્લોકનાં ચરણ (પાદ)માં છંદનાં નિયમાનુસારે માત્રાને જાળવવા અક્ષરોને વધારવા કે ઘટાડવાં તે પાદપૂર્ત્તિ.

શ્લોકના પાદ)નો જ વિષય માને છે. (रुक्पाद०० બૃ.વૃ. ૧.૩.૪૫)

## एतदश्च व्यञ्जनेऽनग्-नञ्समासे १।३।४६

**અ.અ.સૂ. : एतदः च( तदः ) सेः व्यञ्जने लुक्, अनग्-नञ्समासे ।**

**અર્થ :** एतद् અને तद् થી પર રહેલા सि પ્રત્યયનો વ્યંજન પર છતાં લોપ થાય છે, પણ अक् આગમ હોતે છતે અને નઞ્સમાસ થયે છતે લોપ થતો નથી.

**સ. :** **अनग्नञ्समासे**→नञा समासः इति नञ्समासः
अक् च नञ्समासश्च इति अक्नञ्समासः, न अक्नञ्समासः इति अनग्-नञ्समासः, तस्मिन्निति ।

**ઉદા. :** (૧) **एष दत्ते** → આ આપે છે → एषस् दत्ते ।
આ સૂત્રથી एतद् થી પર રહેલ सि નો લોપ→एष दत्ते ।
(૨) **स लाति** → તે લાવે છે. → सस्+लाति ।
આ સૂત્રથી तद् થી પર રહેલ सि નો લોપ→ स लाति ।

**પ્ર.ઉદા. अनग्नञ्समास इति किम् ?**
(૧) **एषकः कृती** → અજ્ઞાત એવો આ પુણ્યવાન.
अज्ञातः एषः इति ।
त्यादिसर्वादे० ૭.૩.૨૯ થી अक् → एष्+**अक्**+अ+सि
सोरुः ૨.૧.૭૨ વિ.થી एषकः ।
(૨) **सको याति** → અજ્ઞાત એવો તે જાય છે
અહીં अक् પ્રત્યય થયેલો છે માટે આ સૂત્ર લાગ્યું નથી.
(૩) **अनेषो याति** → આનાથી ભિન્ન થાય છે →
न एषः इति अनेषः ।
(૪) **असो वाति** → તેનાથી ભિન્ન થાય છે →
न स इति → असः ।

अहीं नञ् समासमां वर्ततां एतद् अने तद् छे माटे आ सूत्रथी सि नो लोप थयो नथी.

**वि. :** (१) एष दत्ते वि. स्थाने घोषवति१.३.२१थी उनी प्राप्ति हती तेनो बाध करी आ सूत्रथी सि नो लोप थयो छे.

(२) **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** २/६१ न्यायानुसारे पंचम्यन्त एतद्थी पर रहेल चकार द्वारा पूर्वसूत्रमां निर्दिष्ट पंचम्यन्त तद् नुं ग्रहण थाय छे.

**जि.** सूत्रमां एतद् अने तद् नो निर्देश छे. ज्यारे अक् प्रत्यय लागतां एतकद् अने तकद् आवुं रूप थतां त्यां आ सूत्रनी प्राप्ति ज नथी तो अक्नो निषेध शा माटे कर्यो ?

**समा. :** अहीं त्यादिसर्वादेः० ७.३.२९थी अक्, एतद् नी मध्यमां ग्रहण थाय छे. अने **तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते** २/९ न्यायानुसारे एतद् अने तद्नां ग्रहणथी मध्यमां रहेलां अक् सहित एतकद् अने तकद् नुं पण ग्रहण थाय छे. माटे त्यां पण आ सूत्रनी प्राप्ति होवाथी अहीं तेनुं वर्जन करेल छे.

## व्यञ्जनात् पञ्चमा-ऽन्तस्थायाः सरूपे वा १/३/४७

**अ.अ.सू. : व्यञ्जनात् पञ्चमाऽन्तस्थायाः सरूपे लुग् वा ।**

**अर्थ :** व्यंजनथी पर रहेल वर्गीय पांचमो अक्षर अने अन्तस्थानो समानरूप वर्ण पर छतां विकल्पे लोप थाय छे.

**स.:** (१) **पञ्चमाऽन्तस्थायाः**→पञ्चमाश्च अन्तस्थाश्च इति पञ्चमाऽन्तस्था, तस्या इति ।

(२) **सरुपे**→समानं रुपं यस्याऽसौ इति सरुपः, तस्मिन्निति ।

**उदा. :** (१) **क्रुङ्ङौ/क्रुङ्ङ्ङौ** → हंसना बेऽ. क्रुञ्चो ङ्ङौ षष्ठ्ययत्नात्० ३.१.७६थी समास → क्रुञ्च् + ङ्ङौ पदस्य २.१.८९ थी च् नो लोप अने **निमित्ताभावे**

**नैमित्तिकस्याऽप्यभावः** न्याय थी ञ् नो पुनः न् → **क्रुन्**+ङ्डौ
युजञ्च० २.१.७१थी **क्रुङ्** + ङ्डौ
આ સૂત્રથી ङ् નો ङ् પર છતાં લોપ → क्रुङ्डौ
**વિકલ્પે :-** क्रुङ्ङ्डौ ।

(૨) **आदित्यः/आदित्य्यः** → સૂર્ય છે દેવ જેના.
आदित्यो देवता अस्येति
अनिदम्य० ६.१.१५थी य → आदित्य+**य**
अवर्णेवर्णस्य७.४.६८थी अ नो લોપ → आदित्य्य
પ્રથમા सि વિ. થતાં → आदित्य्यः
આ સૂત્રથી य् પર છતાં य् નો લોપ → आदित्यः ।
**વિકલ્પે : आदित्य्यः ।**

**પ્ર.ઉદા.** (૧) **सरुप इति किम् ? - वर्ण्यते** → વર્ણન કરાય છે.
અહીં र् થી પર ण् અને ण् થી પર અસમાનરૂપ य् છે. માટે આ સૂત્ર લાગ્યું નથી.

**વિ. :** (૧) ચાંદ્ર વિ. વ્યાકરણકારો 'સરૂપવર્ણ પરમાં હોય તો જ લોપ થાય છે'. એવું ન માનતાં કોઈપણ વર્ગનો પાંચમો અક્ષર અને અંતસ્થા પરમાં હોય તો પણ લોપ ઈચ્છે છે.
**ઉદા. : बभ्म्रते** નાં સ્થાને **बभ्यते** ।

તેમજ, શાકટાયન વિ. अभ्र् વિ. ત્રણે ધાતુઓનાં ધુટ્ વ્યંજનથી પર રહેલાં र् નો નિત્ય લોપ ઈચ્છે છે. તેથી તેમના મતે अब्धिः[1] વિ. પ્રયોગો થશે. (केचित्तु०० બૃ.વૃ. ૧.૩.૪૭)

(૨) આ સૂત્ર વ્યંજન (૩૩) × પાંચમોવ્યંજન+અન્તસ્થા (૫+૪=૯) = પ્રાયઃ ૨૯૭ સ્થાને લાગે છે તે આ રીતે,

| | | |
|---|---|---|
| क्+ङ्ङ् | क्+ञ्ञ् | क्+ण्ण् |
| क्+न्न् | क्+म्म् | क्+य्य् |

(૧) આ સમુદ્રવાચી अब्धिः થી ભિન્ન શબ્દ છે.

| क्+र्र् | क्+ल्ल् | क्+व्व् |
|---|---|---|
| આમ, क् નાં સ્થાને અન્ય ૩૨ વ્યંજન ગણતાં કુલ ૨૯૭ સ્થાન થાય છે. | | |

## धुटो धुटि स्वे वा १/३/४८

**અ.અ.સૂ. : व्यञ्जनात् धुटः धुटि स्वे लुग् वा ।**

**અર્થ :** વ્યંજનથી પર ધુટ્‌નો સ્વધુટ્ પર છતાં વિકલ્પે લોપ થાય છે.

ઉદા : (૧) **शिण्ढि/शिण्ड्ढि** → તું વિશેષ કર. [शिष्लृंप् विशेषणे-૧૪૯૨]

पञ्चमी० ૩.૩થી हि → शिष्+**हि**

रुधां स्वरा० ૩.૪.૮૨ થી न → **शिनष्**+हि

श्नास्त्यो० ૪.૨.૯૦ થી अ નો લોપ → शि**न्**ष्+हि

हुधुटो० ૪.૨.૮૩ થી धि → शिन्ष्+**धि**

तृतीयस्तृतीय० ૧.૩.૪૯ થી ष् નો ड् → शिन्**ड्**+धि

तवर्गस्य० ૧.૩.૬૦ થી धनोढ → शिन्ड्+**ढि**

म्नां धुड्वर्गे० ૧.૩.૩૯ થી न् નો ण् → **शिण्ड्**+ढि

આ સૂત્રથી ढ् પર છતાં ड् નો લોપ → **शिण्ढि**

**વિકલ્પે : शिण्ड्ढि**

પ્ર.ઉદા. (૧) **स्व इति किम् ? तर्प्ता** → તૃપ્ત થશે.

[तृपौच् प्रीतौ-૧૧૮૯]

श्वस्तनी० ૩.૩.૧૪ થી ता → तृप्+**ता**

लघोरु० ૪.૩.૪ થી ગુણ → **तर्प्ता** ।

(૨) **दर्प्ता** → અહંકાર કરશે. [दृपौच् हर्ष-मोहनयोः-૧૧૯૦]

दृप्+ता વિ.સાધનિકા પૂર્વની જેમ જાણવી.

અહીં ધુટ્ प् થી પર સ્વધુટ્ નથી માટે આ સૂત્ર લાગ્યું નથી.

**વિ. : (૧)** આ સૂત્ર પ્રાયઃ ૨૬૪૦ સ્થાને લાગે છે, તે આ રીતે,

| | | | | | |
|---|---|---|---|---|---|
| क्+क्क् | क्+क्ख् | क्+क्ग् | क्+क्घ् | क्+ख्क् | क्+ख्ख् |
| क्+ख्ग् | क्+ख्घ् | क्+ग्क् | क्+ग्ख् | क्+ग्ग् | क्+ग्घ् |
| क्+घ्क् | क्+घ्ख् | क्+घ्ग् | क्+घ्घ् | क्+च्च् | क्+च्छ् |
| क्+च्ज् | क्+च्झ् | क्+छ्च् | क्+छ्छ् | क्+छ्ज् | क्+छ्झ् |
| क्+ज्च् | क्+ज्छ् | क्+ज्ज् | क्+ज्झ् | क्+झ्च् | क्+झ्छ् |
| क्+झ्ज् | क्+झ्झ् | क्+ट्ट् | क्+ट्ठ् | क्+ट्ड् | क्+ट्ढ् |
| क्+ठ्ट् | क्+ठ्ठ् | क्+ठ्ड् | क्+ठ्ढ् | क्+डट् | क्+ड्ठ् |
| क्+ड्ड् | क्+ड्ढ् | क्+ढ्ट् | क्+ढ्ठ् | क्+ढ्ड् | क्+ढ्ढ् |
| क्+त्त् | क्+त्थ् | क्+त्द् | क्+त्ध् | क्+थ्त् | क्+थ्थ् |
| क्+थ्द् | क्+थ्ध् | क्+द्त् | क्+द्थ् | क्+द्द् | क्+द्ध् |
| क्+ध्त् | क्+ध्थ् | क्+ध्द् | क्+ध्ध् | क्+प्प् | क्+प्फ् |
| क्+प्ब् | क्+प्भ् | क्+फ्प् | क्+फ्फ् | क्+फ्ब् | क्+फ्भ् |
| क्+ब्प् | क्+ब्फ् | क्+ब्ब् | क्+ब्भ् | क्+भ्प् | क्+भ्फ् |
| क्+भ्ब् | क्+भ्भ् | | | | |

આમ, क् નાં સ્થાને અન્ય ૩૨ વ્યંજન ગણતાં કુલ ૨૬૪૦ સ્થાને સૂત્ર પ્રવૃત્તિ થાય છે.

## तृतीयस्तृतीय-चतुर्थे १/३/४९

**અ.અ.સૂ. : तृतीय-चतुर्थे धुटस्तृतीयः ।**

**અર્થ :** વર્ગીય ત્રીજો અને ચોથો અક્ષર પર છતાં પૂર્વના ધુટ્ વ્યંજનનો ત્રીજો અક્ષર થાય છે.

**સ. :** **तृतीय-चतुर्थे**→तृतीयश्च-चतुर्थश्च इति तृतीय-चतुर्थम्, तस्मिन्निति ।

**ઉદા. : (१) मज्जति** → તે શુદ્ધ કરે છે. [टुमस्जोंत् शुद्धौ-१३५२]

वर्त्तमाना० ૩.૩.૬ થી तिव्→मस्ज्+**ति**
तुदादेः ૩.૪.૮૧થી अ(श)→मस्ज्+**अ**+ति
सस्य० ૧.૩.૬૧થી स् નો श् → **मश्ज्**+अ+ति
આ સૂત્ર થી श् નો ज् → मज्जति

(૨) **दोग्धा** → દોહશે. [दुहींक् क्षरणे-૧૧૨૭]
श्वस्तनी० ૩.૩.૧૪ થી ता → दुह्+ता
लघोरु० ૪.૩.૪ થી ગુણ → **दोह्**+ता
भ्वादेर्दादे० ૨.૧.૮૩ થી ह् નો घ् → **दोघ्**+ता
अधश्चतुर्थात्० ૨.૧.૭૯ થી त् નો ध् → दोघ्+**धा**
આ સૂત્રથી घ् નો ग् → दोग्धा ।

**વિ. :** (૧) અહીં धुटस्तृतीयः ૨.૧.૭૬ થી પદાન્તમાં ત્રીજો વ્યંજન થવાની પ્રાપ્તિ છે જ. માટે આ સૂત્રની પ્રવૃત્તિ અપદાન્તમાં થશે.

(૨) આ સૂત્ર પ્રાયઃ ૧૯૦ સ્થાને લાગે છે તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| क्+ग्=ग्ग् | ख्+ग्=ग्ग् | घ्+ग्=ग्ग् | च्+ग्=ज्ग् | छ्+ग्=ज्ग् |
| झ्+ग्=ज्ग् | ट्+ग्=ड्ग् | ठ्+ग्=ड्ग् | ढ्+ग्=ड्ग् | त्+ग्=द्ग् |
| थ्+ग्=द्ग् | ध+ग्=द्ग् | प्+ग्=ब्ग् | फ्+ग्=ब्ग् | भ्+ग्=ब्ग् |
| श्+ग्=ज्ग् | ष्+ग्=ड्ग् | स्+ग्=द्ग् | ह्+ग्=ग्ग् | क्+घ्=ग्घ् |
| ख्+घ्=ग्घ् | घ्+घ्=ग्घ् | च्+घ्=ज्घ् | छ्+घ्=ज्घ् | झ्+घ्=ज्घ् |
| ट्+घ्=ड्घ् | ठ्+घ्=ड्घ् | ढ्+घ्=ड्घ् | त्+घ्=द्घ् | थ्+घ्=द्घ् |
| ध्+घ्=द्घ् | प्+घ्=ब्घ् | फ्+घ्=ब्घ् | भ्+घ्=ब्घ् | श्+घ्=ज्घ् |
| ष्+घ्=ड्घ् | स्+घ्=द्घ् | ह्+घ्=ग्घ् | | |

આમ, અન્ય વર્ગનાં પણ ત્રીજો કે ચોથો અક્ષર ગણતાં કુલ ૧૯૦ સ્થાન થાય છે.

→ ग्+ग् वि. સ્થાનોમાં આ સૂત્રની પ્રવૃત્તિ વ્યર્થ હોવાથી અહીં સમાવેશ કરેલ નથી.

## अघोषे प्रथमोऽशिटः । ૧/૩/૫૦

**અ.અ.સૂ. : अघोषे अशिटः धुटः प्रथमः ।**

**અર્થ :** અઘોષ પર છતાં શિટ્ સિવાયનાં ધુટ્‌ને સ્થાને પ્રથમ વ્યંજન થાય છે.

**સ. :** **अशिटः**→न शिट् इति अशिट्, तस्येति ।

**ઉદા. :** (૧) **वाक्पूता** → વાણી વડે પવિત્ર થયેલી. → वाचा पूता इति कारकं० ૩.૧.૬૮ થી સમાસ વિ. થતાં → वाच्+पूत
धुटस्तृतीयः૨.૧.૭૬થી **वाज्**+पूत
च-जः० ૨.૧.૮૬ થી ग् → **वाग्** + पूत
આ સૂત્રથી प् પર છતાં ग् નો क् → **वाक्**पूत
आत् ૨.૪.૧૮ થી आप्→**वाक्पूत**+आ
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**वाक्**पूता
પ્રથમા सि વિ. થતાં वाक्पूता ।

**પ્ર.ઉદા. (૧) अशिट इति किम् ? पयस्सु** →પાણીમાં.
અહીં અઘોષ(स्)ની પૂર્વે શિટ્(स्) છે. માટે આ સૂત્ર લાગ્યું નથી.

**વિ. :** આ સૂત્ર પ્રાયઃ ૨૦૮ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| ख्+क्=क्क् | ग्+क्=क्क् | घ्+क्=क्क् | छ्+क्=च्क् | ज्+क्=च्क् |
| झ्+क्=च्क् | ठ्+क्=ट्क् | ड्+क्=ट्क् | ढ्+क्=ट्क् | थ्+क्=ट्क् |
| द्+क्=त्क् | ध्+क्=त्क् | फ्+क्=प्क् | ब्+क्=प्क् | भ्+क्=प्क् |
| ह्+क्=क्क् | | | | |

આમ क् નાં સ્થાને અન્ય ૧૨ અઘોષ પણ ૫૨ ગણતાં કુલ ૨૭૩ સ્થાન થાય છે.
→ क्+क् વિ.સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ વ્યર્થ હોવાથી અહીં સમાવેશ કરેલ નથી.

## विरामे वा १/३/५१

**અ.અ.સૂ. : विरामे अशिटः धुटः प्रथमः वा ।**

**અર્થ :** વિરામ પર છતાં શિટ્ સિવાયનાં ધુટ્નો પ્રથમ વ્યંજન વિકલ્પે થાય છે.

ઉદા. : (૧) **वाक्/वाग्** → વાણી → वाच्+सि
દીર્घङ्याब्૦૧.૪.૪૫થી सि નો લોપ → वाच्
धुटस्तृतीय૨.૧.૭૬થી स નો ज् → **वाज्**
चजः૦૨.૧.૮૬થી ज् નો ग् → **वाग्** ।
આ સૂત્રથી વિકલ્પે પ્રથમ વ્યંજન क् → **वाक्** / वाग् ।

વિ. : (૧) વિરામથી પર શિટ્ સિવાયનાં ધુટ્ ૨૧ આવતાં આ સૂત્ર ૨૧ સ્થાને લાગે છે.

## न सन्धिः १/३/५२

**અ.અ.સૂ. : विरामे न सन्धिः ।**

**અર્થ :** કહેવાયેલી અને કહેવાશે તે સંધિ વિરામમાં થતી નથી.

ઉદા. : (૧) **दधि अत्र** → અહીં દહીં.
इवर्णादे૦૧.૨.૨૧થી પ્રાપ્ત સંધિ = य् નો વિરામ પર આવતાં આ સૂત્રથી સંધિનો નિષેધ થયો છે.

(૨) **तद् लुनाति** → તે લણે છે.
लिलौ૧.૩.૬૫થી પ્રાપ્ત ल्નો વિરામ પર છતાં આ સૂત્રથી નિષેધ.

વિ. : **संहितैकपदे नित्या, नित्या धातूपसर्गयोः ।**
**नित्या समासे वाक्ये तु, सा विवक्षामपेक्षते ॥**
(સંહિતા=જોડાણ)

**અર્થ :** (૧) એક પદમાં, (૨) ધાતુ અને ઉપસર્ગની વચ્ચે તેમજ (૩) સમાસમાં સંધિ નિત્ય થાય છે. પણ વાક્યમાં વિવક્ષાને આધીન સંધિ થાય છે.

## रः पदान्ते विसर्गस्तयोः १/૩/૫૩

**અ.અ.સૂ. : पदान्ते रः तयोः विसर्गः, अनु ।**

**અર્થ :** પદાન્તે રહેલા र् નો વિરામ અને અઘોષ વ્યંજન પરમાં હોતે છતે વિસર્ગ થાય છે.

ઉદા. : (૧) **वृक्षः** → વૃક્ષ. वृक्ष + सि
तदन्तं पदम् ૧.૧.૨૦ થી वृक्षस् ને **પદસંજ્ઞા**
सोरुः ૨.૧.૭૨ થી स् નો रु → वृक्षर्
આ સૂત્રથી વિરામ પર આવતાં र् નો વિસર્ગ → वृक्षः ।

(૨) **स्वः** → સ્વર્ગ. स्वर्

(૩) **અઘોષ પર છતાં → कः कृती** → કોણ પુણ્યવાન છે ?
किम्+सि+कृती
૧.૩.૫ ની જેમ कर्+कृती
આ સૂત્રથી વિસર્ગ → **कः** कृती ?

**પ્ર.ઉદા. पदान्त इति किम् ? ईर्त्ते** → ગતિ કરવી.
અહીં અઘોષ त् પરમાં છે. પણ र् પદાન્તે નથી માટે આ સૂત્ર લાગ્યું નથી.

**વિ. :** (૧) આ સૂત્રમાં र्हादर्ह० ૧.૩.૩૧ થી 'अनु' નો અધિકાર પ્રાપ્ત થયો છે. તેથી गिरतीति क्विप् गीः વિ. गिर् માં પ્રથમ 'पदान्ते'

૨.૧.૬૪ થી દીર્ઘ થયા બાદ આ સૂત્રથી र् નો વિસર્ગ થયો છે. અન્યથા આ સૂત્રથી પહેલાં વિસર્ગ થતાં र् નાં અભાવમાં पदान्ते ૨.૧.૬૪ ન લાગતાં 'गिः' આવો અનિષ્ટ પ્રયોગ થાય.

આ સૂત્ર ૮ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | |
|---|---|---|
| र्+વિરામ | र्+क् | र्+ख् |
| र्+प् | र्+फ् | र्+श् |
| र्+ष् | र्+स् | |
| र्+च् વિ. સ્થાને च-ट-ते० ૧.૩.૭ સૂત્ર લાગતાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. | | |

## ख्यागि ૧/૩/૫૪

**અ.અ.સૂ. : पदान्ते रः ख्यागि विसर्गः ।**

**અર્થ :** પદાન્તે રહેલા र् નો ख्या ધાતુ પર છતાં વિસર્ગ જ થાય છે.

ઉદા. : (૧) **कः ख्यातः**→કોણ પ્રખ્યાત છે ? [चक्षिक् व्यक्तायां०૧૧૨૨]

चक्षो वाचिक्० ૪.૪.૪ થી ख्या આદેશ→**ख्या**

क्त-क्तवतू ૫.૧.૧૭૪ થી क्त→**ख्यात**

પ્રથમા सि વિ. થતાં ख्यातः

હવે, ૧.૩.૫ ની જેમ, **कर्**+ख्यातः

આ સૂત્રથી ख्या પર છતાં र् નો વિસર્ગ→**कः ख्यातः** ।

(૨) **नमः ख्यात्रे**→વક્તાને નમસ્કાર થાઓ.

સાધનિકા પૂર્વની જેમ જાણવી પરંતુ क्त ને સ્થાને णक० ૫.૧.૪૮ થી तृच् પ્રત્યય કરવો.

વિ. : અહીં ख्याग्નું ગ્રહણ હોવાથી चक्ष् ધાતુનાં ख्यांग् આદેશનું ગ્રહણ છે. માટે આ સૂત્ર [ख्यांक् प्रकथने - ૧૦૭૧] ધાતુનો વિષય નહીં બને.

જિ. रः पदान्ते० ૧.૩.૫૩ થી અહીં વિસર્ગ સિદ્ધ જ હતો છતાં સૂત્રની રચના શા માટે કરી ?

સમા. **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયાનુસારે અન્ય સૂત્રથી સિદ્ધ કાર્યને જણાવતું સૂત્ર વિશેષ નિયમને દર્શાવે છે. તેથી **નિયમઃ-** પદાન્ત र् થી પરમાં જો ख्याग् ધાતુ હશે તો આ સૂત્ર દ્વારા વિસર્ગ જ થશે. પરંતુ रःक-ख० ૧.૩.૫ થી ≍ થશે નહીં.

# शिट्यघोषात् ૧/૩/૫૫

**અ.અ.સૂ. : अघोषात् शिटि पदान्ते रः विसर्गः ।**

**અર્થ :** અઘોષથી પર રહેલ શિટ્ વર્ણ પર હોતે છતે પદાન્તે રહેલાં र् નો વિસર્ગ જ થાય છે.

ઉદા. : (૧) **पुरुषः त्सरुकः** → ખડ્ગની મૂઠમાં નિપુણ પુરુષ. पुरुषः+त्सरुकः

(૨) **सर्पिः प्साति** → ઘી ખાય છે. सर्पिर्+प्साति

(૩) **वासः क्षौमम्** → રેશમી વસ્ત્ર. वासर्+क्षौमम्

(૪) **अद्भिः प्सातम्** → પાણી સાથે ખાધેલું. अद्भिर्+प्सातम्

આ ઉદા.માં અનુક્રમે त्, प्, क् અને प् (અઘોષ) પછી स्, स्, ष् અને स् (શિટ્) છે. માટે અઘોષથી પૂર્વ રહેલાં र् નો આ સૂત્રથી વિસર્ગ થયો છે.

**વિ. :** (૧) પૂર્વ સૂત્રની જેમ આ સૂત્ર પણ વિશેષ નિયમ દર્શાવે છે. તેથી આ સૂત્રનાં વિષયમાં रः क-ख० ૧.૩.૫ થી પ્રાપ્ત ≍, )( ઉપધ્માનીય તેમજ, चटते० ૧.૩.૭ થી પ્રાપ્ત श्, ष्, स् નો નિષેધ થાય છે.

(૨) આ સૂત્ર કુલ પ્રાયઃ ૧૬ સ્થાને લાગે છે તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| र्+क्श् | र्+क्ष् | र्+क्स् | र्+च्श् | र्+च्ष् |
| र्+ट्श् | र्+ट्ष् | र्+त्स् | र्+प्श् | र्+प्ष् |

| | | | | |
|---|---|---|---|---|
| र्+प्स् | र्+श्श् | र्+ष्ष् | र्+स्स् | र्+शष् |
| र्+ष्श् | | | | |

ર્+ख्श्, र+च्स् વિ.સ્થાને अघोषे० ૧.૩.૫૦, तवर्गस्य० ૧.૩.૬૦ વિ. સૂત્રની પ્રવૃત્તિ થતાં આ સૂત્ર લાગતું નથી.

## व्यत्यये लुग् वा १/३/५६

**અ.અ.સૂ. : व्यत्यये पदान्ते रः लुग् वा ।**

**અર્થ :** શિટ્થી પર અઘોષ એ પ્રમાણે વ્યત્યય (સ્થાનોનો ફેરફાર) પર હોતે છતે પદાન્તે રહેલા र् નો વિકલ્પે લુક્ થાય છે.

**ઉદા. :** (૧) **चक्षु श्च्योतति** → આંખ ઝરે છે. चक्षुर्+श्च्योतति
અહીં શિટ્ श् પછી અઘોષ च् છે માટે આ સૂત્રથી र् નો વિકલ્પે લોપ થયો છે.
**વિકલ્પે: चक्षुः श्च्योतति**→र् નો લોપ ન થાય ત્યારે रः पदान्ते० ૧.૩.૫૩ થી વિસર્ગ થાય છે.

આ સૂત્ર ૨૯ સ્થાને લાગે છે, તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| र्+श्क् | र्+श्ख् | र्+श्च् | र्+श्छ् | र्+श्ट् |
| र्+श्ठ् | र्+श्त् | र्+श्थ् | र्+श्प् | र्+श्फ् |
| र्+ष्क् | र्+ष्ख् | र्+ष्च् | र्+ष्छ् | र्+ष्ट् |
| र्+ष्ठ् | र्+ष्प् | र्+ष्फ् | र्+स्क् | र्+स्ख् |
| र्+स्त् | र्+स्थ् | र्+स्प् | र्+स्फ् | र्+श्श् |
| र्+ष्ष् | र्+स्स् | र्+शष् | र्+ष्श् | |

## अरोः सुपि रः १/३/५७

**અ.અ.સૂ. : अरोः सुपि रः ।**

**અર્થ :** रु સિવાયના र् નો सुप् પ્રત્યય પર છતાં र् જ થાય છે.

**સ. :** **अरोः**→न रुः इति अरुः, तस्येति ।

**ઉદા. : (१) गीर्षु** → વાણીમાં. गृणातीति क्विप्

ઉણાદિ ९४३ થી क्विप्→गृ+०

ॠतां क्ङि० ४.४.११६ થી ॠ નો इर्→**गिर्**

હવે, गिर्+सुप्

नामसिद्य्० १.१.२१થી **गिर्** ને **પદસંજ્ઞા**

पदान्ते २.१.६४ થી દીર્ઘ→**गीर्**+सु

આ સૂત્રથી रु સિવાયનાં र् નો र्→गीर्सु

नाम्यन्तस्था० २.३.१५ થી ष्→**गीर्षु**

ॠतां० ४.४.११६ થી इर्→**गिर्**+सुप्

नामसिदय्० १.१.२१ થી गिर् ને **પદસંજ્ઞા**

તેથી पदान्ते २.१.६४ થી દીર્ઘ → **गीर्**+सुप्

આ સૂત્રથી रु સિવાયનાં र् નો र् → **गीर्सु** ।

नाम्यन्तस्था० २.३.१५ થી ष् → **गीर्षु** ।

(२) **धूर्षु** → ધુંસરીમાં धूर्वतीति क्विप्

અન્ય સાધનિકા પૂર્વની જેમ જાણવી.

અહીં रः पदान्ते०१.३.५३થી વિસર્ગ અને श-ष-से० १.३.६થી स् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

**પ્ર.ઉદા. अरोरिति किम् ? पयस्सु** → પાણીમાં.

અહીં सोरुः२.१.७२થી रु થયેલ છે તેનું આ સૂત્રમાં વર્જન થયેલ હોવાથી આ સૂત્ર ન લાગતાં शषसे०१.३.६થી स् થયો.

**શિ.** **लक्षण प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५ અથવા निरनुबन्धग्रहणे न साऽनुबन्धकस्य १/३२** ન્યાયાનુસારે र् નાં ગ્રહણથી रु નો નિષેધ થવાનો જ હતો તેમ છતાં 'अरोः' પદથી નિષેધ કેમ દર્શાવ્યો ?

**સમા.** **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે र् નાં ગ્રહણથી रु

નું પણ ગ્રહણ થવાની સંભાવના હતી તથા **न्यायाः स्थविरयष्टि प्रायाः** ૩/૧૮ એ પ્રમાણે ન્યાયોની અનિત્યતાને ધ્યાનમાં રાખીને ન્યાય વિના સૂત્રનું કાર્ય થઈ શકે તે માટે अरोः પદનું ગ્રહણ છે.

## वाऽहर्पत्यादयः ૧/૩/૫૮

**અ.અ.સૂ:- अहर्पत्यादयः ( निपात्यन्ते ) वा ।**

**અર્થ :** अहर्पति વિ. શબ્દો ક્યારેક र्નો વિસર્ગ નહીં કરાયેલા અને ક્યારેક र्નો उत्व વાળા નહીં કરાયેલા વિકલ્પે નિપાતન કરાય છે.

**સ. :** **अहर्पत्यादयः** → अहर्पतिः आदिर्येषां ते इति

**ઉદા. :** (૧) **अहर्पतिः** → સૂર્ય → अह्नां पतिरिति ।

षष्ठ्ययत्ना० ૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→अहन्+पति

अह्नः ૨.૧.૭૪ થી र् → अहर् + पति

આ સૂત્રથી रः पदान्ते० ૧.૩.૫૩ થી પ્રાપ્ત વિસર્ગનો વિકલ્પે નિષેધ → अहर्पति/**अहः पति**

પ્રથમા सि વિ. → **अहर्पतिः/अहःपतिः**

(૨) **गीर्पतिः/गीःपतिः** → બૃહસ્પતિ. गिरां पतीति।

આ સાધનિકા પૂર્વની જેમ જાણવી. પરંતુ गिर्માં पदान्ते ૨.૧.૬૪ થી गि નો इ દીર્ઘ થતાં गीर् અંગે બને છે.

(૩) **प्रचेता राजन्/प्रचेतो राजन्** → હે ઉદાર હૃદય વાળા રાજા !

प्रकृष्टं चेतः यस्य सः प्रचेताः → प्रचेतस्+सि

दीर्घङ्याब्० ૧.૪.૪૫થી सि નો લોપ → प्रचेतस्+राजन्

सोरुः ૨.૧.૭૨ થી रु → प्रचेतर् + राजन्

આ સૂત્રથી घोषवति ૧.૩.૨૧ પ્રાપ્ત उનો વિકલ્પે નિષેધ→प्रचेतर्+राजन्

रो रे लुग्० ૧.૩.૪૧ થી र् નો લોપ અને अ નો आ→**प्रचेता**

राजन् !

**विकल्पे: प्रचेतो राजन् !**→પૂર્વની જેમ प्रचेतर्+राजन्

घोषवति ૧.૩.૨૧ થી उ→**प्रचेतउ**+राजन्

अवर्णस्येवर्णादि० ૧.૨.૬થી ओ→प्रचेतो राजन् !

વિ. : (૧) **अहर्पत्यादि**[1] **ગણ:** अहर्पति, अहर्पुत्र, अहर्गण, गीर्पति, गीर्पुत्र, धूर्पति, धूर्पुत्र, प्रचेता राजन्

'**बहुचनमाकृतिगणार्थम् ।**' સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે, અને તે આકૃતિગણ દ્વારા वाचोर्हंस:, उषर्बुध: આવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્ર નિપાતન સૂત્ર હોવાથી અહીં પદાન્તનો અધિકાર અટકી ગયો.

(૩) **धातु-साधन-कालानां, प्राप्त्यर्थं नियमस्य च ।**
**अनुबन्धविकाराणां, रुढ्यर्थं च निपातनम् ।**

જે ધાતુ જે અર્થમાં ન જણાય તેનો તે અર્થમાં પ્રયોગ કરવા માટે, જે કારકમાં જે પ્રત્યય ન દેખાય તે કારકમાં તે પ્રત્યય કરવા માટે, જે કાલમાં જે પ્રત્યય ન જણાય તે કાલમાં તે પ્રત્યયની પ્રાપ્તિ માટે, જે પ્રત્યયમાં જે અનુબંધ ન દેખાય તે પ્રત્યયમાં તે અનુબંધ નિમિત્તક કાર્યની પ્રાપ્તિ માટે તથા અર્થ વિશેષમાં રૂઢ પ્રયોગની સિદ્ધિ માટે નિપાતન કરાય છે.

## शिट्याद्यस्य द्वितीयो वा १/३/५९

**અ.અ.સૂ. : आद्यस्य शिटि द्वितीय: वा ।**

**અર્થ :** વર્ગીય પ્રથમ વ્યંજનનો શિટ્ પર છતાં દ્વિતીય વ્યંજન વિકલ્પે થાય છે.

---

૧. ગણ અંતર્ગત શબ્દોનાં અર્થ માટે સં.સૌ. માં જોવું.

ઉદા. : (૧) **ख्खीरम्/क्षीरम्** → દૂધ

(૨) **अफ्सराः/अप्सराः** → દેવાંગનાઓ

ઉપરોક્ત ઉદા.માં ष् અને स् શિટ્ પર છતાં વર્ગનાં પ્રથમ વ્યંજન क् અને प् નો અનુક્રમે ख् અને फ् થયેલ છે.

**વિ. :** (૧) આ સૂત્રથી अफ्सराः થતાં फ् (દ્વિતીય વ્યંજન)થી પર રહેલ स् નું તતઃ૦ ૧.૩.૩૬ સૂત્રથી દ્વિત્વ થઈ अफ्स्सराः આવો પ્રયોગ પણ થઈ શકે છે.

(૨) આ સૂત્ર ૧૫ સ્થાને લાગે છે. તે આ રીતે,
વર્ગનો પ્રથમ વ્યંજન (૫) × શિટ્ (૩)

| | | | | |
|---|---|---|---|---|
| क्+श्=ख्श् | च्+श्=छ्श् | ट्+श्=ठ्श् | त्+श्=थ्श् | प्+श्=फ्श् |
| क्+ष्=ख्ष् | च्+ष्=छ्ष् | ट्+ष्=ठ्ष् | त्+ष्=थ्ष् | प्+ष्=फ्ष् |
| क्+स्=ख्स् | च्+स्=छ्स् | ट्+स्=ठ्स् | त्+स्=थ्स् | प्+स्=फ्स् |

## तवर्गस्य श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे च-टवर्गौ ૧/૩/૬૦

**અ.અ.સૂ. : तवर्गस्य श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे च-टवर्गौ ।**

**અર્થ :** त् વર્ગનો श् અને च्વર્ગનાં યોગમાં તથા ष् અને ट्વર્ગનાં યોગમાં અનુક્રમે च्વર્ગ અને ट्વર્ગ થાય છે.

**સ. :** (૧) **श्चवर्ग-ष्टवर्गाभ्याम्**→श् च चवर्गश्च इति श्चवर्गः ष् च टवर्गश्च इति ष्टवर्गः, श्चवर्गश्च ष्टवर्गश्च इति श्चवर्ग-ष्टवर्गौ, ताभ्यामिति ।

(૨) **च-टवर्गौ**→च् च ट् च इति चटौ, चटयोर्वर्गौ इति

ઉદા. : **श् અને च् વર્ગ :-**

(૧) **तच् शेते** → તે ઊંઘે છે → तद् + शेते
अघोषे૦૧.૩.૫૦ થી द् નો त् → तत् + शेते ।
આ સૂત્રથી श्ના યોગમાં त् નો च् → तच्शेते ।

(૨) **भवाञ् शेते** → આપ ઊંઘો છો. → भवान् + शेते ।

આ સૂત્રથી श् નાં યોગમાં न् નો ञ् → भवाञ्शेते ।

(૩) **तच्चारुः** → તે સુંદર છે → तद् + चारुः

अघोषे प्रथमो० १.३.५० થી द् નો त्→तत्+चारुः

આ સૂત્રથી च् નો યોગમાં त् નો च्→तच्चारुः ।

(૪) **तञ्जकारेण** → તે ञ्કાર વડે→तद्+ञकारेण

तृतीयस्य०१.३.१થી द् નો न्→तन्+ञकारेण

આ સૂત્રથી ञ् નાં યોગમાં न् નો ञ्→तञ्ञकारेण ।

★ **ष् અને ट् વર્ગ :-**

(૫) **पेष्टा** → દળવાવાળો. पिनष्टीति । (पिष्लृंप् संचूर्णने-१४९३)

णक-तृचौ५.१.४८થી तृच्→पिष्+**तृ**

लघोरुपा०४.३.४થી ગુણ→**पे**षु+तृ

પ્રથમા सि→पेष्+तृ+**स्**

ऋदुशनस्० १.४.८४ થી सि નો डा→पेष्+तृ+आ

डित्यन्त्य० २.१.११४ થી ऋ નો લોપ→पेष्+ता

આ સૂત્રથી ष् નાં યોગમાં त् નો ट्→**पेष्टा** ।

(૬) **पूष्णः** → સૂર્યનું → पूषन् + अस्

अनोऽस्य२.१.१०८થી अ નો લોપ → **पूष्न्** + अस्

આ સૂત્રથી ष् નાં યોગમાં ण् → पू**ष्ण**स् ।

પદસંજ્ઞા वि.पू**ष्णः** ।

(૭) **तट्टक्के**→તે ટક્કમાં→तद्+टक्के

अघोषे०१.३.५० થી द् નો त्→त**त्**+टक्के

આ સૂત્રથી ट् નાં યોગમાં त् નો ट्→**तट्टक्के** ।

(૮) **तण्णकारे**→તે ણકારમાં→तद्+णकारे

तृतीयस्य०१.३.१ થી द् નો न्→त**न्**+णकारे

આ સૂત્રથી न् નાં યોગમાં न् નો ण्→**तण्णकारे** ।

(૯) **ईट्टे**→તે સ્તુતિ કરે છે. (ईडिक् स्तुतौ-१११४)

वर्त्तमाना०३.३.६ थी ते→ईड्+ते

अघोषे०१.३.५०थी ड् नो ट्→ईट्+ते

આ સૂત્રથી ट् નાં યોગમાં त् નો ट्→ईट्टे ।

વિ. (૧) સૂત્રનાં 'योगे' પદ દ્વારા નિમિત્તો પર હોય કે પૂર્વમાં હોય તો પણ આ સૂત્રથી સંધિ થઈ શકે છે. તેથી त् વર્ગથી પૂર્વમાં श् કે च् વર્ગ હોય તથા પર श् કે च् વર્ગ હોય તો પણ च् વર્ગ થઈ શકે છે. તેજ રીતે ष् કે ट् વર્ગમાં પણ જાણવું.

આ સૂત્ર પ્રાયઃ ૫૪ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | | |
|---|---|---|---|---|
| त्+च्=च्च् | न्+च्=ञ्च् | त्+छ्=च्छ् | न्+छ्=ञ्छ् | द्+ज्=ज्ज् |
| न्+ज्=ञ्ज् | द्+झ्=ज्झ् | न्+झ्=ञ्झ् | त्+ञ्=च्ञ् | थ्+ञ्=छ्ञ् |
| द्+ञ्=ज्ञ् | ध्+ञ्=झम् | न्+ञ्=ञ्ञ् | च्+त्=च्च् | च्+न्=च्ञ् |
| छ्+न्=छ्ञ् | ज्+द्=ज्ज | ज्+ध्=ज्झ् | ज्+न्=ज्ञ् | झ्+न्=झ्ञ् |
| ञ्+त्=ञ्च् | ञ्+थ्=ञ्छ् | ञ्+द्=ञ्ज् | ञ्+ध्=ञ्झ् | ञ्+न्=ञ्ञ् |
| त्+ट्=ट्ट् | न्+ट्=ण्ट् | त्+ठ्=ट्ठ् | न्+ठ्=ण्ठ् | द्+ड्=ड्ड् |
| न्+ड्=ण्ड् | न्+ढ्=ण्ढ् | त्+ण्=ट्ण् | थ्+ण्=ठ्ण् | द्+ण्=ड्ण् |
| ध्+ण्=ढ्ण् | न्+ण्=ण्ण् | ट्+त्=ट्ट् | ट्+थ्=ट्ठ् | ट्+न्=ट्ण् |
| ठ्+न्=ठ्ण् | ड्+न्=ड्ण् | ढ्+न्=ढ्ण् | ण्+त्=ण्ट् | ण्+थ्=ण्ठ् |
| ण्+द्=ण्ड् | ण्+ध्=ण्ढ् | ण्+न्=ण्ण् | त्+श्=ञ्च् | न्+श्=ञ्श् |
| त्+ष्=ट्ष् | न्+ष्=ट्ष् | ष्+थ्=ष्ठ् | ष्+न्=ष्ण् | |

(૧) श् થી પર त्વર્ગની સાથે न शात् ૧.૩.૬૨ સૂત્રથી સંધિ થતી નથી.

(૨) थ्+च् વિ.સ્થાને अघोषे० ૧.૩.૫૦ વિ. સૂત્ર લાગવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૩) न्+ट्, न्+ठ्, न्+ड, न्+ढ् અને न्+श् સ્થાને અપદાન્તમાં म्नां

धुड्वर्गे:० ૧.૩.૩૯ વિ.ની પ્રવૃત્તિ હોવાથી આ સ્થાને આ સૂત્ર માત્ર પદાન્તમાં જ લાગે છે.

(૪) ट्+त्, ट्+थ्, ड्+द्, त्+ष् સ્થાને પદાન્તમાં पदान्ता० ૧.૩.૬૩ વિ. સૂત્રોથી સૂત્રપ્રવૃત્તિનો નિષેધ હોવાથી આ સૂત્ર માત્ર અપદાન્તમાં જ લાગે છે.

તેથી, પદાન્તે=૫૪-૪=૫૦ સ્થાન
અપદાન્તે=૫૪-૫=૪૯ સ્થાન } થાય છે.

**જિ.** तच्शेते વિ. પ્રયોગમાં च् પદાન્તે હોવા છતાં चज:० २.१.८६ થી च् નો क् કેમ ન થયો ?

**સમા.** કારણ કે આ સૂત્રથી त् નો च् થાય છે તે બીજા પદની પણ અપેક્ષા રાખતું હોવાથી બહિરંગ કાર્ય છે અને चज:० २.१.८६ સૂત્ર તે ફક્ત પદાન્તે રહેલ च् ની જ અપેક્ષા રાખતું હોવાથી અંતરંગ કાર્ય છે. **असिद्धं बहिरङ्गमन्तरङ्गे ૧/૨૦** ન્યાયાનુસારે અંતરંગ કાર્ય च् નો क् કરવાના પ્રસંગે આ સૂત્રથી થયેલ બહિરંગ કાર્ય च् અસત્ મનાય છે. માટે च् જ હાજર ન રહેતાં च् નો क् થતો નથી.

## सस्य श-षौ १/३/६१

**અ.અ.સૂ. : सस्य श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे श-षौ ।**

**અર્થ :** स् નો श् અને च्वर्ग તથા ष् અને ट् વર્ગના યોગમાં અનુક્રમે श् અને ष् થાય છે.

**સ. :** **श-षौ**→श् च ष् च इति, शषौ ।

**ઉદા. :** (૧) **श्च्योतति** → તે ચ્યવે છે. [स्च्युतृ क्षरणे-२८३]

वर्त्तमाना० ૩.૩.૬ થી तिव्→स्च्युत्+**ति**

कर्त्तर्यनद्भ्य:० ૩.૪.૭૧ થી शव्→स्च्युत्+**अ**+ति

लघो० ૪.૩.૪ થી ગુણ **स्च्योत्**+अ+ति

આ સૂત્રથી च् નાં યોગમાં स् નો श् → **श्च्योतति** ।

(૨) **वृश्चति** → તે કાપે છે. → [ओव्रस्चौत् छेदने-१३४१]

वर्त्तमाना० ३.३.६ થી तिव्→व्रस्च्+**ति**

तुदादेः शः ३.४.८१ થી श→व्रस्च्+**अ**+ति

ग्रह-व्रस्च० ४.१.८४ થી य्वृत् → **वृस्च्**+ति

આ સૂત્રથી च् નાં યોગમાં स् નો श् → वृश्चति ।

(૩) **दोष्षु** → ભુજાઓમાં → दोष् + सुप्

આ સૂત્રથી ष् નાં યોગમાં स् નો ष्→दोष्षु

(૪) **पापट्षि** → તું કુટીલ રીતે જાય છે.

कुटिलं पटसि । (पट गतौ-१९५)

गत्यर्थात्० ३.४.११ થી पट्+**य**

सन्यङश्च० ४.१.३ થી पट्**पट्**+य+स्

व्यञ्जनस्या० ४.१.४४ થી ट् નો લોપ → पपट्+य

आगुणा० ४.१.४८ થી **पा**पट्+य

बहुलं लुप् ३.४.१४ થી पापट्

वर्त्तमाना० ३.३.६ થી सिव्→पापट्+**सि**

આ સૂત્રથી ट् નાં યોગમાં स् નો ष् → पापट्**षि** ।

**વિ. :** સૂત્ર ૧૪ સ્થાને લાગે છે. તે આ રીતે,

| | | | |
|---|---|---|---|
| स्+श्=श्श् | श्+स्=श्श् | स्+ष्=ष्ष् | ष्+स्=ष्ष् |
| स्+च्=श्च् | स्+छ्=श्छ् | स्+ञ्=श्ञ् | च्+स्=च्श् |
| स्+ट्=ष्ट् | स्+ठ्=ष्ठ् | ञ्+स्=ञ्श् | स्+ण्=ष्ण् |
| ट्+स्=ट्ष् | ण्+स्=ण्ष् | | |

स्+ज् વિ.સ્થાને तृतीयस्तृ० १.३.४९ સૂત્રની પ્રવૃત્તિ થતી હોવાથી આ સૂત્ર નહીં લાગે.

## न शात् १/३/६२

**અ.અ.સૂ. : शात् तवर्गस्य चवर्गः न ।**

**અર્થ :** श्‌થી પર ત્‌વર્ગનો ચ્‌વર્ગ થતો નથી.

**ઉદા. :** (૧) **अश्नाति** → ખાય છે → [अशश् भोजने-१५५८]
वर्त्तमाना० ३.३.६थी तिव्→अश्+ति
क्र्यादेः० ३.४.७९ थी ना → अश्नाति ।

(૨) **प्रश्नः** → સવાલ → प्रच्छनमिति । [प्रछंत् ज्ञीप्सा० १३४७]
यजि-स्वपि०५.३.८५थी न → प्रच्छ् + **न**
अनुनासिके०४.१.१०८ थी → **प्रश्** + न
પ્રથમા सि વિ. થતાં → **प्रश्नः** ।
આ ઉદા. માં श् થી પર રહેલાં न् નાં तवर्गस्य० १.३.६० થી પ્રાપ્ત ञ् નો નિષેધ થયો છે.

**વિ. :** આ સૂત્ર तवर्गस्य० १.३.६० થી પ્રાપ્ત त् વર્ગ (૫) × श् આ પાંચ સ્થાનોનો નિષેધ કરે છે માટે આ સૂત્ર तवर्गस्य० १.३.६०નું અપવાદ સૂત્ર છે.

## पदान्ताट्टवर्गादनाम्-नगरी-नवतेः १/३/६३

**અ.અ.સૂ. : पदान्तात् टवर्गात् अनाम्-नगरी-नवतेः तवर्गस्य सस्य टवर्ग-षौ न ।**

**અર્થ :** પદાન્તે રહેલા ट् વર્ગથી પર नाम्, नगरी અને नवति સિવાયનાં ત્‌વર્ગ અને स् નો અનુક્રમે ट् વર્ગ અને ष् થતો નથી.

**સ. :** **अनाम्-नगरी-नवतेः**→नाम् च नगरी च नवतिश्च इति नाम्नगरीनवति, न नाम्नगरीनवति इति अनाम्नगरीनवति, तस्येति ।

**ઉદા. :** (૧) **षट्तयम्** → છ અવયવ છે જેનાં તે →
षट् अवयवा यस्य तद् इति
अवयवात्०७.१.१५१थी तयट् → षष्+**तय**

नामसिदय्०१.१.२१थी षष्ने **પદસંજ્ઞા** અને,

धुटस्तृतीयः२.१.७६थी ड् → **षड्**+तय

अघोषे०१.३.५०थी ट् → **षट्**+तय

આ સૂત્રથી ट् નાં યોગમાં त् નાં ट् નો નિષેધ → षट्तय

પ્રથમા सि વિ. થતાં → षट्**तयम्** ।

(૨) **षण्नयाः** → છ નયો → षट् च नयाश्च इति

विशेषणं०३.१.९६थी સમાસ વિ.→षष्+नया

धुटस्तृतीयः२.१.७६थी ष् નો ड् → **षड्**+नया

तृतीयस्य०१.३.१थी ण् → **षण्**नया

પ્રથમા सि વિ. → षण्नयाः ।

આ સૂત્રથી तवर्गस्य०१.३.६० થી પ્રાપ્ત न् નાં ण् નો નિષેધ.

(૩) **षट्सु** → છમાં → षष् + सुप्

धुट्स्तृतीयः२.१.७६ थी ड्→षड्सु

अघोषे० १.३.५० थी ट् → **षट्सु** ।

આ સૂત્રથી ट् નાં યોગમાં तवर्गस्य० १.३.६० થી પ્રાપ્ત स् નાં ष् નો નિષેધ.

પ્ર.ઉદા. (૧) **अनाम्-नगरी-नवतेरिति किम् ? षण्णाम्** →

છ(વ્યક્તિ)નાં. षष् + आम्,

संख्यानां०१.४.३३थी नाम् → षष् + **नाम्**

धुटस्तृतीयः२.१.७६थी ड् → **षड्** + नाम्

प्रत्यये च१.३.२थी ण् → **षण्** + नाम्

तवर्गस्य०१.३.६०थी ण् નાં યોગમાં न् નો ण्→**षण्णाम्**

(૨) **षण्णगरी** → છ (વ્યક્તિઓ)ની નગરી.

षण्णां नगरी इति ।

षष्ठ्ययत्ना० ૩.૧.૭૬ વિ. થી સમાસ વિ.→षष्+नगरी ।
બીજી સાધનિકા પૂર્વની જેમ જાણવી પરંતુ प्रत्यये० ૧.૩.૨
નાં સ્થાને तृतीयस्य० ૧.૩.૧ થી ड् નો ण् કરવો.

(૩) **षण्णवतिः** → છન્નું. षड्भिः अधिकाः नवतिरिति ।
मयूरव्यंसके० ૩.૧.૧૧૬વિ.થી સમાસવિ.→षष्+नवतिः ।
ઉપરોક્ત ઉદા.માં नाम्, नगरी અને नवति પરમાં છે. જેનું
સૂત્રમાં વર્જન છે. માટે આ સૂત્ર લાગ્યું નહીં.

**વિ. :** આ સૂત્ર ૩૦ સ્થાને નિષેધ કરે છે. તે આ રીતે,

પદાન્ત { ट् વર્ગ (૫) × त् વર્ગ (૫) = ૨૫
ट् વર્ગ (૫) × स् = +૫ }

**જિ.** સૂત્રમાં 'नाम्' પદ દ્વારા आम् પ્રત્યયસંબંધી જ नाम् નું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** **प्रत्ययाऽप्रत्यययोः प्रत्ययस्यैव** ૨/૨ ન્યાયાનુસારે અન્ય नाम् નું ગ્રહણ ન થતાં પ્રત્યય સંબંધી જ नाम् નું ગ્રહણ થાય છે.

## षि तवर्गस्य १/૩/६४

**અ.અ.સૂ. : पदान्तस्य तवर्गस्य षि टवर्गः न ।**

**અર્થ :** પદાન્તે રહેલા त्वર્ગનો ष् પર છતાં ट्वર્ગ થતો નથી.

ઉદા. : **तीर्थकृत् षोडशः शान्तिः** → તીર્થંકર સોળમા શાંતિનાથ.
અહીં ष् પર છતાં પદાન્ત त् નાં સ્થાને तवर्गस्य० ૧.૩.૬૦ થી
પ્રાપ્ત ट् નો નિષેધ થયો છે.

**વિ. :** (૧) આ સૂત્ર तवર્ગ(૫) × ष् = ૫ સ્થાનોનો નિષેધ કરે છે.

## लि लौ १/૩/६५

**અ.અ.સૂ. : पदान्तस्य तवर्गस्य लि लौ ।**

**અર્થ :** ल् પર છતાં પદાન્તે રહેલાં त् વર્ગનો लौ = સાનુનાસિક लँ અને

નિરનુનાસિક લ્ થાય છે.

**સ. :** लौ→लश्च लश्च इति (स्यादावसं०૩.૧.૧૧૯થી એકશેષ)

**ઉદા. :** (૧) **तल्लूनम्** → તે કપાયું. तद्+लुनम् ।
આ સૂત્રથી નિરનુનાસિક द् નો નિરનુનાસિક ल्

(૨) **भवाल्ँलुनाति** → આપ કાપો છો → भवान् लुनाति ।
આ સૂત્રથી સાનુનાસિક न् નો સાનુનાસિક लँ्

**વિ. :** આ સૂત્ર તવર્ગ (૫) × લ્ આમ, ૫ સ્થાને લાગે છે.

**જિ.** आसन्नः ૭.૪.૧૨૦ પરિભાષાથી નિરનુનાસિક એવા त् વિ. ૪ ના સ્થાને નિરનુનાસિક લ્ અને ન્ નાં સ્થાને સાનુનાસિક લઁ્ સિદ્ધ જ છે છતાં અહીં लौ એ પ્રમાણે દ્વિવચનનું ગ્રહણ કેમ કર્યું ?

**સમા.** 'लौ' એ પ્રમાણે દ્વિ.વ.નાં ગ્રહણથી સૂચિત થાય છે કે, સૂત્રનાં નિર્દેશ વિના માત્ર आसन्नः ૭.૪.૧૨૦ પરિભાષાથી અન્ય પણ સૂત્રમાં પ્રાપ્ત સાનુનાસિકનાં સ્થાને સાનુનાસિક આદેશ કરવો નહીં, પણ નિરનુનાસિક આદેશ જ કરવો. જેમકે, वाष्टन० ૧.૪.૫૨ સૂત્રથી अष्टन् નાં न् નો જે आ થાય છે તે નિરનુનાસિક જ થાય છે. પણ સાનુનાસિક आँ થતો નથી.

**॥ इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे**
**प्रथमेऽध्याये तृतीयः पादः समाप्तः ॥१/३॥**

**શ્લોક :** **चक्रे[1] श्रीमूलराजेन, नवः कोऽपि यशोऽर्णवः ।**
**परकीर्तिस्रवन्तीनां, न प्रवेशमदत्त यः ॥**

**નોંધ :** વ્યંજન સંધિનાં કોષ્ઠક માટે સંગ્રહ સૌરભમાં પરિશિષ્ટ-૬ માં જોવું.

---

૧. શ્લોકનાં અર્થ સમાસ વિ. માટે સંગ્રહ સૌરભ (પરિશિષ્ટ પુસ્તિકા)માં જોવું.

# અભ્યાસ - 3

## અધ્યાય-૧ પાદ-૧/૨/૩ — ૧૦૦ માર્કસ

**પ્ર.૧ નીચેનાં પદવાળાં સૂત્રોમાં સંધિનો વિગ્રહ કરી લખો. (ગમે તે - ૫)** **૧૦ માર્કસ**

(૧) प्रस्य० (૨) आक्रोशे (૩) अनुनासिकः (૪) अनुस्वारः
(૫) उञ् (૬) अन्तौ

**પ્ર.૨ નીચેનાં નિર્દેશાનુસારે સૂત્ર તથા સૂત્રનાં અર્થ લખો. (ગમે તે - ૫)** **૧૦ માર્કસ**

(૧) र् નો ઉપધ્માનીય કરતું સૂત્ર (૨) म् નો र् કરતું સૂત્ર
(૩) એકસ્વરીસૂત્ર (૪) વિજાતીય ऱ् કરતું સૂત્ર
(૫) ह् થી પર વર્ણને દ્વિત્વ કરતું સૂત્ર (૬) જીહ્વામૂલીય સંજ્ઞા બતાવતું સૂત્ર

**પ્ર.૩ નીચેનાં ન્યાયો સૂત્રમાં ઘટાવો. (ગમે તે - ૨)** **૫ માર્કસ**

(૧) चकारो यस्मात्० (૨) तन्मध्येपतित० (૩) उभयस्थाननिष्पन्न०

**પ્ર.૪ નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો. (ગમે તે - ૫)** **૧૦ માર્કસ**

(૧) સંધિ ક્યાં અને કેવી રીતે થાય ? તે જણાવતો શ્લોક લખી તેનો અર્થ લખો.

(૨) प्रोर्ण्णुनाव ની સાધનિકા જણાવી તેમાં 'अनु' અધિકારનું શું પ્રયોજન છે ?

(૩) બે સ્વરવાળા સૂત્રો કેટલા ? ક્યા-ક્યા ?

(૪) उदवोढाम् પ્રયોગમાં व નાં अ નો ओ કયા સૂત્રથી થયો તે જણાવીને સૂત્રનો અર્થ લખો.

(૫) धुटो धुटि० ૧.૩.૪૮ સૂત્ર કેટલાં સ્થાને લાગે છે ? તે સ્થાનોનો નિર્દેશ કરો.

(૬) एतदश्च० ૧.૩.૪૬ સૂત્રમાં अक् નું ગ્રહણ શા માટે કર્યું ?

**પ્ર.૫ નીચેનાં શબ્દોની વ્યાખ્યા લખો. ૫ માર્કસ**

(૧) अव्यय (२) वाक्य (३) अनियोग (४) असत्त्व (५) निपातन

**પ્ર.૬ નીચેની ખાલી જગ્યા પૂરો. ૫ માર્કસ**

(૧) तृतीयस्य० ૧.૩.૧ સૂત્રમાં ............ સૂત્રથી ............ એ પ્રમાણેનો, ............ સૂત્રથી ............ નો, ............ સૂત્રથી ............ નો અધિકાર આવે છે.

(૨) प्रशान्+शेते એ પ્રયોગની સંધિઓ ............, ............, ............ થાય છે.

(૩) स्पर्शयतीति ઉદા.માં ............ સૂત્રથી श् કારનાં દ્વિત્વની પ્રાપ્તિ છે, પણ ............ સૂત્રથી પ્રતિષેધ કરાયો છે.

(૪) ત્રણ પાદમાં આવતાં નિપાતન સૂત્રો ............ અને ............ .

(૫) धनुर्+स्फालयति એ સ્થાને ............ સૂત્રથી ............ થઈને ............ સંધિ થાય છે.

**પ્ર.૭ નીચેનાં સૂત્રમાં આવતાં બહુવચનનાં પ્રયોજનો જણાવો. ૫ માર્કસ**

(૧) ૧.૨.૧ (૨) ૧.૩.૩૯ (૩) ૧.૩.૫૮ (૪) ૧.૩.૩૦ (૫) ૧.૨.૧૨

**પ્ર.૮ નીચેનાં સ્થાનોમાં સૂત્ર જણાવી સંધિ કરો. ૨૫ માર્કસ**

(१) अश्+नित्यम्, (२) श्+तिव्, (३) भवान्+षण्ढः, (४) सोमसुत्+षडङ्गमधीते, (५) ऋक्+मन्त्रः, (६) भेद्+तुम्, (७) उद+स्थितः, (८) अस्मिन्+समये, (९) विद्वान्+समये, (१०) नृ+पालयस्व, (११) भवान्+छिनत्ति, (१२) वि+छेदः, (१३) भूपति+छाया, (१४) कृतस्+अत्र, (१५) पुनर्+हसति, (१६) चञ्चुमान्+टिट्टिभः, (१७) पुम्+खरः, (१८) यः+क्षत्रियः, (१९) सुगण्+ईशः, (२०) नमन्+शाखी, (२१) कुलम्+ह्लादते, (२२) स्याड्+ह्रस्वञ्च, (२३) विद्युद्+लेखा, (२४) स्त्री+उत्सवः, (१५) अप+ह्नुते

પ્ર.૯ નીચેની સંધિ કયા સૂત્રથી થઈ છે તે દર્શાવી સંધિનો વિગ્રહ કરો.

**૨૫ માર્કસ**

(१) समन्ताज्जिघ्रति (२) नारदश्शाप (३) स्याण्णौ (४) कृषीष्ट (५) मृन्मयम् (६) भिन्तः (७) धुक्षु (८) भूमिङ्खनति (९) निष्फलर्वैवित्तम् (१०) तिङ्ङतिङः (११) सुगण्णालयः (१२) पुंश्चली (१३) पुँस्खञ्जः (१४) यज्ञच्छागः (१५) गुच्छच्छेदः (१६) सुबोधोऽसि (१७) पण्डिता भाग्यवन्तः (१८) सोऽहमाजन्मशुद्धानाम् (१९) एषो दुःखप्रदःकालः (२०) सश्शान्तः (२१) मृग एति (२२) समुद्धर्त्ता (२३) सुद्ध्युपास्य (२४) उर्व्वी (२५) आह्व्वयः

# અભ્યાસ - ૪

પ્ર.૧ નીચેનાં વાક્યોમાં સંધિનો વિગ્રહ કરી લખો.

(૧) बाल आवान्त्वन्नगरं गच्छावो मालाया अधुनैव ।

(२) जनार्चंस्तांस्त इहागच्छन्निदानीन्त्वमप्येतन्निरीक्ष्यैतैश्चार्चेत्यवदन्मातैनम् ।

(૩) बालेदानीन्तत्रैवेक्षस इत्यस्मांश्छात्रो भणति ।

(૪) जना नयत्यस्मन्नान्नान्याचार्योऽयोध्यायास्तत् ।

(૫) वीर ! धार्मिका अर्चतोऽधुनर्षभङ्कमलैरश्वेतैस्त्वाञ्च ।

(૬) नोऽटत्वों रथ्यायान्नैवन्तुषारेणादिष्टोऽधुनोश्चर्षभेणोदितन्तदैव ।

(૭) जनकावाञ्झटित्यस्माकँव्वीरन्नमावोऽत्रागच्छावोऽधुना ।

(૮) हरेऽहन्तवोद्यानान्मित्रायैतान्यन्नान्यद्य ।

(૯) नयतस्ता इदानीङ्गृहेऽन्नान्युदराय ।

(૧૦) जनको मिलत्याचार्येणेह बहुशस्तांश्छात्रान् ।

(૧૧) वनेऽश्वा धावन्त्यावान्तांस्ताडयावश्च ।

(૧૨) नरो नाव्युपविश्याम्बुधेरतरन्नम्बु ।

(૧૩) सोऽर्चाम्यहं वीरं पद्मैश्श्वेतैरस्माँश्च दुःखाद्रक्षति ।

(૧૪) जगत्यावद्येवागच्छल्ँलोका धर्मस्य शरणम् ।

(૧૫) अस्मिन्नध्ययनेऽद्योद्यमेनावाभ्यान्तान्युत्तराण्यदीयन्तेत्यार्ये कथितवत्या एव ।

(૧૬) रामारींस्तन्नगर्या राज्यस्यर्द्धी रत्नान्यादिश्यामुयैतेऽसान्त्व्यन्त ।

(૧૭) योषिद्ध्युद्यान एकत्रोद्गताभ्यो लताभ्योऽसा एकैवोमयैक्ष्यतेदानीञ्चोद्धृतेत्यकथ्य एतयैव ।

(૧૮) बाला उद्यानेऽटतोऽन्नञ्चर्षभाद्याचतो नैवैतन्निरीक्ष्यते ।

(૧૯) प्रियो जनस्स्मर्यते कृष्णेन नाङ्गना ।

(२०) शिवो वश्शिवाय नो न भवतु ।

(२१) जगत्यात्मवन्मन्यतेऽखिलञ्जगच्छ्रमणः ।

(२२) एतस्मिन्नरण्येऽधुनैवारयो व्यहरन्नतोऽटेस्त्वन्नत्यभणंश्छात्राः ।

(२३) रमेऽस्मिन्नुपाश्रय आगताया आर्याया अष्टौषधीस्तेऽशीती रक्त-
दामान्यानेतुन्त्वाह्वयच्चाम्बा ।

(२४) पयस्यटद्धंसानिक्षित्वावदद्धरेऽत्रेम आसन्क एवन्तयासा आपृष्टः ।

(२५) मद्धनन्नेतुमादिष्टा नृपै राजनरोऽधुनैव ।

(२६) संपद्धलाहलवन्नोऽस्तीत्यचिन्तयामेदानीङ्गुरोर्वाचैव यद् ।

(२७) ककुब्भसातोऽद्यर्षभजन्मासीत् ।

(२८) नृपेक्षस्वेहाद्यागम्यागतातिथिन्नम ।

(२९) भिक्षाया आगत आत्मीयेऽङ्गने वीरे चन्दनाया वाग्घताश्रूण्यक्षर-
ल्ँलोचनाभ्याञ्च ।

(३०) द्विड्ढृतवतो धनोत्काराद्राज्ञोऽलङ्कारानालोक्यैतन्नरोऽमूंस्ताडित-
वन्तस्तत्रैव ।

(३१) युधीवायोध्यन्ताक्षिप्यानेकशो बाणान्योधास्तत्रैव ।

(३२) मुनी रमत उद्यानान्निर्गत्यागम्येहात्मनि ।

(३३) नोऽहरो रमान्तन्नो नरस्तेऽरुष्यद्ध्योऽताडयंस्त्वाञ्च ।

(३४) सदोवचसैतस्यायू रक्षन्नैष मुदितवांश्छात्रोऽत्रागतश्च ।

(३५) वणिग्घिरण्यन्दत्त्वर्णन्निपारयितुन्नृंस्तदैवादिष्टवांस्तत्र ।

(३६) क्षुधर्ध्यन्त्योच्छ्राम्यन्नस्त्वैवात्मजवन्मत्वाहूयार्पयंस्त एतत्फलानि ।

(३७) मुनी रात्रा अद्योद्यानान्निर्गत्यर्षभालय आगच्छच्छत्रून्दृष्ट्वाकथयत् ।

(३८) रम उत्कराच्छ्रावकायाष्टा अर्पयाश्वांश्चाम्बयोर्वांवाचञ्झटित्यन्व-
रुध्यस्व ।

(३९) एतस्यामटव्यां पुरा ब्रह्मविदो न्यवसन्नतोऽटाटव्याम्मा ।

(४०) जगत्यात्मानम्मन्यत इवाखिलञ्जगच्छ्रमणः ।

(४१) त्वन्नृपास्यारीञ्चाद्याशरणानुद्धर ।

(४२) नरध्ययन आचरोद्यमन्तस्माद्ध्यात्मनाऽपूर्वमुद्धूयते ।

(४३) मुनयुदारेहागच्छेष्टे चायतन उपविश्यर्णमुक्त्युपायाँस्त्वन्निपश्य ।

(४४) मातृवत्स्वसृवच्चैव, नित्यं दुहितृवच्च ये ।
परदारेषु वर्त्तन्ते, ते नराः स्वर्गगामिणः ॥

(४५) देवा नरकं गच्छति किन्तु देवा नरकं न गच्छन्ति ।

(४६) देवश्चेतो निश्चलन्त आचरेत्तदात्मगुणद्धिँल्लभस्वेत्येकार्ययोक्तो देव्रार्य आत्मीय एव ।

(४७) राजन्नत्रास्वेयन्न ।

(४८) ककुब्भसातोऽद्यर्षभजन्मासीत् ।

(ચંદ્રયશ.માંથી સાભાર)

# પરિશિષ્ટ - ૧

## આ પુસ્તિકામાં આવતાં ન્યાયોનાં સામાન્ય અર્થ

(૧) **अपेक्षातोऽधिकारः** ૧/૧૨ (**मण्डुकप्लुतिः**)→અપેક્ષા પ્રમાણે જ કોઈ પણ અધિકારની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય છે.

(૨) **अर्थवशाद् विभक्तिपरिणामः** ૧/૧૩→સૂત્રમાં અર્થનાં સામર્થ્યથી વિભક્તિનું પરિવર્તન થાય છે.

(૩) **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** ૧/૨૦→અંતરંગ કાર્ય પ્રસંગે બહિરંગ કાર્ય અસિદ્ધ (અસત્) મનાય છે.

(૪) **उत्सर्गादपवादः** ૧/૫૫→ઉત્સર્ગવિધિ કરતાં અપવાદવિધિ બળવાન હોય છે.

(૫) **उभयस्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्** ૨/૪૯→બે સ્થાનીથી ઉત્પન્ન થયેલ કાર્ય ઈચ્છામુજબ કોઈપણ એક સ્થાનીથી ઉત્પન્ન થયેલ મનાય છે.

(૬) **एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य** ૧/૩૩→સૂત્રમાં કહેલ એક અનુબંધવાળાં શબ્દમાં સૂત્રકાર્યની સંભાવના હોય તો બે વિ. અનુબંધવાળા શબ્દનું ગ્રહણ કરવું નહીં.

(૭) **कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमे** ૧/૨૩→કૃત્રિમ અને અકૃત્રિમ કાર્ય ઉપસ્થિત થયે છતે સૂત્ર પ્રવૃત્તિ કરે છે.

(૮) **क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते** ૨/૪૮→क्विप् પ્રત્યયાન્ત પ્રકૃતિ ધાતુપણાને છોડતી નથી અને શબ્દપણાને પ્રાપ્ત કરે છે.

(૯) **चकारो यस्मात् परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧→સૂત્રમાં च અવ્યય જે શબ્દની પરમાં હોય તે શબ્દનાં સજાતીય બીજા શબ્દનો સંગ્રહ કરે છે.

(૧૦) **तन्मध्यपतितस्तद् ग्रहणेन गृह्यते** ૨/૯→ધાતુ વિ.ની મધ્યમાં રહેલ

વર્ણનું ધાતુ વિ.નાં ગ્રહણથી ગ્રહણ કરાય છે.

(૧૧) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫→દ્વન્દ્વસમાસથી પર જે શબ્દ હોય તેને દ્વન્દ્વસમાસમાં ઘટક એવા તમામ શબ્દ સાથે જોડવો.

(૧૨) **नञुक्तं तत्सदृशे** ૧/૨૭→નાં યોગથી જે પદનો નિષેધ કરાય છે. તે પદની સદૃશ બીજા પદનું ગ્રહણ કરાય છે.

(૧૩) **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्** ૧/૧૬→સૂત્રમાં જ્યાં નામમાત્રનો નિર્દેશ હોય ત્યાં સ્ત્રીલિંગ વિશિષ્ટ એવા નામનું પણ ગ્રહણ થાય છે.

(૧૪) **निमित्ताभावे नैमित्तिकस्याऽप्यभावः** ૧/૨૯→નિમિત્તની નિવૃત્તિ થયે તે નિમિત્તથી નૈમિત્તિક કાર્યની પણ નિવૃત્તિ થાય છે.

(૧૫) **निरनुबन्धग्रहणे न साऽनुबन्धकस्य** ૧/૩૨→સૂત્રમાં ઉચ્ચરિત અનુબંધ રહિત શબ્દમાં સૂત્રકાર્યની સંભાવના હોય તો અનુબંધ સહિતનાં શબ્દનું ગ્રહણ ન કરવું.

(૧૬) **निरनुबन्धग्रहणे सामान्येन** ૩/૧૮→સૂત્રમાં અનુબંધરહિત શબ્દનું ગ્રહણ હોય તો નિરનુબંધ અને સાનુબંધ બન્ને શબ્દનું ગ્રહણ કરવું.

(૧૭) **न्यायाः स्थविरयष्टि प्रायाः** ૩/૧૮→ન્યાયો વૃદ્ધની લાકડી જેવા પ્રાયઃ (અનિત્ય) છે.

(૧૮) **पर्जन्यवल्लक्षणप्रवृत्तिः** ૩/૧૨→સૂત્રની પ્રવૃત્તિ વાદળની જેમ સર્વસ્થાને થાય છે.

(૧૯) **परान्नित्यम्** ૧/૫૨→પરવિધિ કરતાં નિત્યવિધિ બળવાન હોય છે.

(૨૦) **पूर्वं पूर्वोत्तरपदयोः कार्यं, कार्यं पश्चात् सन्धिकार्यम्** ૨/૨૬→પહેલાં પૂર્વપદ કે ઉત્તરપદ સંબંધી કાર્ય કરવું પછી સંધિરૂપ કાર્ય કરવું.

(૨૧) **प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते** ૩/૯→પ્રત્યયનો લોપ થવા છતાં પણ તે લુપ્ત પ્રત્યય નિમિત્તક કાર્ય થાય છે.

(૨૨) **प्रत्ययाऽप्रत्यययोः प्रत्ययस्यैव** ૨/૨→જે સૂત્રમાં કોઈક પદથી પ્રત્યય

અને અપ્રત્યય બન્નેનું ગ્રહણ સંભવતું હોય ત્યાં પ્રત્યયનું જ ગ્રહણ કરવું. અપ્રત્યયનું નહીં.

(૨૩) **भाविनि भूतवदुपचारः** ૧/૯→ભવિષ્યમાં થનારી ક્રિયા ભૂતકાળમાં થઈ ગઈ છે તેમ માનીને કાર્ય થાય છે.

(૨૪) **यत्राऽन्यत् क्रियापदं न श्रूयते तत्राऽस्तिभवन्ती परः प्रयुज्यते** ૨/૬૫→જે વાક્યમાં ક્રિયાપદનું શ્રવણ ન હોય ત્યાં અસ્ અને ભૂ ધાતુનું વર્ત્તમાનાનું રૂપ જોડાય છે.

(૨૫) **यथासङ्ख्यमनुदेशः समानाम्** ૧/૧૦→સંખ્યાથી અને વચનથી સમાન પદોનું સંખ્યા પ્રમાણે અમુક્રમ કરવો.

(૨૬) **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहण** ૧/૧૫→લાક્ષણિક અને પ્રતિપદોકત વિધિમાંથી પ્રતિપદોક્ત વિધિનું જ ગ્રહણ કરવું.

(૨૭) **वर्णग्रहणे जातिग्रहणम्** ૨/૭→જયાં એકવર્ણનું ગ્રહણ કરેલું હોય ત્યાં જાતિ=અન્યસજાતીય વર્ણનું પણ ગ્રહણ કરવું.

(૨૮) **व्याख्यातो विशेषाऽर्थप्रतिपत्तिः** ૨/૬૪→વ્યાખ્યાથી વિશેષ અર્થનો બોધ થાય છે.

(૨૯) **सकारापदिष्टं कार्यं तदादेशस्य शकारस्याऽपि** ૨/૧૫→સ્કારથી કહેલું કાર્ય તેનાં જ આદેશભૂત શ્કારનું પણ થાય છે.

(૩૦) **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य** ૨/૧૭→સંજ્ઞાસૂત્રમાં અને ઉત્તરપદવિધિનાં અધિકારમાં પ્રત્યયનું ગ્રહણ કરાય, ત્યારે પ્રત્યયમાત્રનું જ ગ્રહણ કરવું. પણ પ્રત્યયાન્ત પ્રકૃતિનું નહીં.

(૩૧) **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** ૧/૧૯→પોતાનાં નિમિત્તે થયેલ વિધિ પોતાનાં નિમિત્તનો જ નાશ ન કરે.

(૩૨) **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः** ૧/૩૦→જયાં એક સાથે બે કાર્યો કહ્યાં હોય ત્યાં એક કાર્યનાં અભાવમાં બીજું પણ કાર્ય થતું નથી.

(૩૩) **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭→જે વિશેષ્યમાં વિશેષણનો સંભવ હોય અને વ્યભિચાર હોય તો તે વિશેષ્યની માટે વિશેષણ કહેવું સાર્થક છે.

(૩૪) **सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૨/૯→સર્વત્ર સ્થાને વિશેષ વિધાનથી સામન્ય વિધાનનો બાધ કરાય છે. પણ સામાન્યવિધાનથી વિશેષ વિધાનનો નહીં.

(૩૫) **साहचर्यात् सदृशस्यैव** ૨/૬→સાથે રહેનાર પદથી તેના જેવા જ બીજા પદનું ગ્રહણ થાય છે.

(૩૬) **सिद्धे सत्यारम्भो नियमार्थः** ૧/૨૫→જયારે કોઈક કાર્યનું સામન્યથી વિધાન કર્યા પછી ફરી વિશેષથી તે જ કાર્યનું વિધાન કરેલું હોય તો તે વિધાન નિયમ માટે હોય છે.

(૩૭) **स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः** ૧/૪→હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત આદેશ સ્વરનાં જ થાય છે.

(૩૮) **ह्रस्वदीर्घापदिष्टं कार्यं न प्लुतस्य** ૨/૧૬→હ્રસ્વ અને દીર્ઘ સ્વર સંબંધી કહેલું કાર્ય પ્લુતનું ન થાય.

# નોંધ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત

# श्री सिद्धहेम शब्दानुशासनम्





**BHARAT GRAPHICS** - Ahmedabad-4
M : +91-8905851988, 9925020106